॥ ઉઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી કાર્યરત રહો. ॥

# વિવેકાનંદ એકેડમી

**September-2021**

# કરન્ટ અફેર્સ
























## વિવેકાનંદ એકેડમી

700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્કવાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.

**M:9925698721 | 8490927713**


ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી

# VIVEKANAND ACADEMY

**SECTOR-22 GANDHINAGAR**

**DAILY CURRENT AFFAIRS WITH Q & A- DATE : 01-09-2021**

## 1. સાહિત્ય ગૌરવ પુરસ્કાર : મુખ્યમંત્રીશ્રીના હસ્તે સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત




**સાહિત્ય ગૌરવ પુરસ્કાર**

- ✓ ગુજરાત સાહિત્ય અકાદમી : શ્રી મધુરાય (મધુસૂદન ઠાકર)
- ✓ હિન્દી સાહિત્ય અકાદમી : શ્રી ઉજમભાઇ પટેલ અને ડૉ. અંજના સંધી
- ✓ સિંધી સાહિત્ય અકાદમી : શ્રી છતો થધોમલ જ્ઞાનચંદાણી અને શ્રી મનોહર નિહાલાણી
- ✓ કચ્છી સાહિત્ય અકાદમી : શ્રી કાનજી મહેશ્વરી રીખિયો અને શ્રી રમેશ ભટ્ટ રશ્મિન

**યુવા ગૌરવ પુરસ્કાર :**

- ✓ ગુજરાત સાહિત્ય અકાદમી : શ્રી પ્રશાંત પટેલ અને શ્રી રિન્કુ રાઠોડ
- ✓ સંસ્કૃત સાહિત્ય અકાદમી : સુશ્રી રાજવી ઓઝા
- ✓ સિંધી સાહિત્ય અકાદમી : સુશ્રી નયના સુરેશકુમાર રાવલાણી તથા સુશ્રી નિશા ચાવલા

**વેદ- શાસ્ત્ર પંડિત સન્માન :**

- ✓ સંસ્કૃત સાહિત્ય અકાદમી : શ્રી ગોવિંદભાઇ એન ત્રિવેદી (ઋગ્વેદ) અને શ્રી જયદેવ અરુણોદય જાની (શુક્લ યજુર્વેદ).
- ✓ અધ્યક્ષ : શ્રી વિષ્ણુભાઇ પંડ્યા
- ✓ સંસ્થા : ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

## 2. મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંગે મહત્વનો નિર્ણય – ગુજરાત સરકાર




**ખાનગી સોસાયટીના કામમાં MLA, કોર્પોરેટરો 10 ટકાને બદલે હવે 20 ટકા ગ્રાન્ટ ફાળવી શકશે**

**વિવિધ વિકાસ કામો :**

- ✓ રાજ્યના મહાનગરો અને નગરોમાં ખાનગી સોસાયટીઓના લાઇટ-ગટર-પાણી સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સના કામોમાં ધારાસભ્યો તથા કોર્પોરેટરો તેમની પ્રોજેક્ટ કોસ્ટના 10 ટકા નાણા સ્થાનિક ધારાસભ્યો તથા કોર્પોરેટરો તેમની ગ્રાન્ટમાંથી ફાળવી શકતા હતા.
- ✓ હવે આ રકમ 10 ટકાથી વધારીને 20 ટકા કરી દેવાઇ છે, એટલે કે કોર્પોરેટરો-ધારાસભ્યો ખાનગી સોસાયટીઓના આંતરિક કામોમાં પ્રોજેક્ટ કોસ્ટના 20 ટકા રકમ તેમની ગ્રાન્ટમાંથી ફાળવી શકશે.
- ✓ ખાનગી સોસાયટીઓના આંતરિક કામોમાં આંતરિક ડામર-પથ્થર પેવરિંગ- સિમેન્ટ ક્રોંક્રિટના રસ્તા, સ્ટ્રીટલાઇટ. પાણી-ગટરની પાઇપલાઇનો, વોટર હોર્વેસ્ટિંગ, કોમન પ્લોટ પેવરિંગ વગેરેનો સમાવેશ થાય છે.
- ✓ અત્યારે આ કામોમાં સરકાર 70 ટકા ફાળો આપે છે, 20 ટકા ખર્ચ સોસાયટીએ ભોગવવાનો હોય છે અને 10 ટકા ખર્ચ સ્થાનિક સંસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન કે પાલિકાએ ભોગવવો પડે છે.
- ✓ હવે જો સ્થાનિક કોર્પોરેટર કે ધારાસભ્ય સંમત થાય તો સોસાયટીએ જે 20 ટકા રકમ કાઢવાની હોય તે રકમમાં ધારાસભ્ય કે કોર્પોરેટર હવે 10ને બદલે 20 ટકા રકમ પોતાની ગ્રાન્ટમાંથી આપી શકશે.

## 3. 'દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર' યોજના : ગુજરાત સરકાર

**ટોક્યો પેરાલિમ્પિક 2020માં સિલ્વર મેડલ વિજેતા ગુજરાતી ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલને પુરસ્કારરૂપે રૂ. 3 કરોડ આપવાની ગુજરાત સરકાર દ્વારા જાહેરાત**




## 4. ઇન્ટરએક્ટિવ વેબ પોર્ટલ : જમ્મુ કાશ્મીરમાં રૂ. 50,000 કરોડથી વધુ રોકાણ આકર્ષવા ભારત સરકાર દ્વારા યોજના જાહેર

**વેબ પોર્ટલ વિશે :**

- ✓ કેન્દ્રીય ગૃહ અને સહકાર પ્રધાન અમિત શાહે નવી દિલ્હીમાં વીડિયો કોન્ફરન્સિંગની મદદથી જમ્મુ કાશ્મીરના ઔદ્યોગિક વિકાસ માટેની નવી કેન્દ્રીય પ્રાંતીય યોજના હેઠળ એકમો નોંધણી કરાવી શકે તે માટે વેબ પોર્ટલ લોન્ચ.
- ✓ પોર્ટલ લોન્ચ થતાં જ જમ્મુ કાશ્મીરમાં રોકાણ અને ઔદ્યોગિક વિકાસની એક નવી સવાર પડશે. રાજ્યના વિકાસના એક નવા યુગનો આરંભ થશે..
- ✓ લોન્ચ થયેલા ઇન્ટરએક્ટિવ વેબ પોર્ટલને પગલે જમ્મુકાશ્મીરમાં રૂપિયા 50,000 કરોડ કરતાં વધુ રોકાણ આવશે. તે રોકાણ થકી જમ્મુ કાશ્મીરનો સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસ થશે.

**યોજના વિશે :**

- ✓ સાહસિકો સ્પર્ધામાં ટકી શકે તે હેતુસર એક નીતિની જરૂર હતી. નવી યોજનામાં પ્લાન્ટ અને મશીનરી પર 10 વર્ષ સુધી 300 ટકા

જેટલું રિફંડ આપવાની યોજના છે. વ્યાજ સબસિડી અને રિવાઇઝ્ડ પેકેજની પણ યોજના છે.

- ✓ પીએમ મોદી દ્વારા 2015માં જમ્મુ-કાશ્મીરના વિકાસ માટે 80,000 કરોડથી વધુની રકમના પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. તેના ભાગરૂપે માર્ચ 2021 સુધીમાં રાજ્યને 30,000 કરોડની ફાળવણી પણ કરી દેવામાં આવી છે.
- ✓ આગામી સમયમાં આ દિશામાં અન્ય મહત્વના નિર્ણયો પણ લેવામાં આવશે.

## 5. ઈસ્કોનના સ્થાપક શ્રીલ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની 125મી જન્મજયંતી નિમિતે PM મોદીના હસ્તે શ્રી પ્રભુપાદની યાદમાં રૂ. 125નો સ્મારક સિક્કો લોન્ચ




### શ્રીલ ભક્તિવેદાંત સ્વામી વિશે :

- ✓ પ્રભુપાદ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા કોન્શિયસનેસ (ઈસ્કોન)ના સ્થાપક હતા, જેમણે 'હરે કૃષ્ણા આંદોલન' ચલાવ્યું હતું.
- ✓ ઈસ્કોને શ્રીમદ્ ભગવદ્ ગીતા અને અન્ય વૈદિક સાહિત્યનો 89 ભાષામાં અનુવાદ કર્યો છે.

## 6. UNO : વર્લ્ડ મિટિરિયોલોજિકલ ઓર્ગેનાઝેશનની 'એટલાસ' નામની સમીક્ષાનો અહેવાલ

### અહેવાલના મુખ્ય તારણો :

- ✓ **છેલ્લાં 50 વર્ષમાં હોનારતોથી વિશ્વને 3 લાખ કરોડ ડોલરનું નુકસાન**
- ✓ 1983માં ઇથિયોપિયામાં પડેલા ભીષણ દુષ્કાળમાં 3 લાખ લોકો મોતને ભેટ્યા હતા
- ✓ છેલ્લાં 50 વર્ષમાં જેની સંખ્યામાં પાંચ ગણો વધારો નોંધાયો છે એવી પૂર અને હિટવેવ જેવી ક્લાઇમેટ ચેન્જને લગતી કુદરતી હોનારતોના કારણે સમગ્ર વિશ્વમાં કુલ 3.64 લાખ કરોડ ડોલરનું તોતિંગ નુકસાન થયું હતું અને જુદા જુદા દેશોમાં કુલ 20 લાખ લોકો આ હોનારતોમાં માર્યા ગયા હતા.
- ✓ હવામાન, પાણી અને વાતાવરણ દ્વારા લોકોના મોત અને આર્થિક નુકસાન સંબંધી છેલ્લા 50 વર્ષોમાં જે નુકસાન થયું હતું એવું નુકસાન અગાઉ ક્યારે થયું નહોતું અને એજન્સી દ્વારા હાથ ધરાયેલી એટલાસ નામની જે સમીક્ષા છે તે સૌથી વધુ સર્વ ગ્રાહી છે એટલે કે તેમાં કુદરતી આફતોનો આફતોનો ભોગ બનેલા વિશ્વના વિવિધ દેશોની તમામ પ્રકારની વિગતોને સમાવી લેવામાં આવી છે.
- ✓ એજન્સી દ્વારા 1979થી 2019 દરમ્યાન વિશ્વના જુદા જુદા દેશોમાં ત્રાટકેલી વિવિધ પ્રકારની કુલ કુલ 11,000 જેટલી હોનારતોમાં થયેલા નુકસાનની સમીક્ષા સમાવી લેવામાં આવી હતી જેમાં 1983ની સાલમાં ઇથિયોપિયામાં પડેલા અભૂતપૂર્વ દુષ્કાળની સમીક્ષાને પણ સ્થાન આપવામાં આવ્યું હતું.
- ✓ ઇથિયોપિયાના તે ભિષણ દુષ્કાળને વિશ્વની સૌથી મોટી કુદરતી આફત ગણવામાં આવે છે કેમ કે તેમાં અંદાજે 3 લાખ લોકોએ ભૂખે મરી જઈને પોતાનો જીવ ગુમાવ્યો હતો
- ✓ ઉપરાંત 2005ની સાલમાં અમેરિકામાં ત્રાટકેલા કેટરિના નામના દરિયાઇ વાવાઝોડાએ પણ અમેરિકાના અનેક રાજ્યોમાં ભારે વિનાશ વેર્યો હતો જેમાં હજારો લોકો માર્યા ગયા હતા અને અને 163.61 અબજ ડોલરની સંપત્તિ નાશ પામી હતી.
- ✓ આ અહેવાલમાં એ વાતની વિશેષ નોંધ લેવામાં આવી હતી કે 1970થી લઇને આજના દાયકા સુધીમાં કુદરતી હોનારતોની સંખ્યામાં પાંચ ગણો વધારો નોંધાયો છે જે સ્પષ્ટ સંકેત કરે છે કે ગ્લોબલ વોર્મિંગના પગલે દરિયાઇ વાવાઝોડા, પૂર અને દુષ્કાળ જેની કુદરતી આફતો અવાર-નવાર વિશ્વના જુદા જુદા દેશોમાં ત્રાટકી રહી છે.
- ✓ 1970ની સાલ સુધીમાં કુદરતી હોનારતોના કારણે થયેલા આર્થિક નુકસાનનો આંક 175 અબજ ડોલર જેટલો હતો પરંતુ ત્યારપછીના 40 વર્ષ એટલે કે 2010 સુધીના સમયગાળા દરમ્યાન અમેરિકામાં ત્રાટકેલા હાર્વે, મારિયા અને ઇરમા જેવા વાવાઝોડાના કારણે થયેલા આર્થિક નુકસાનનો આંક 1.38 લાખ કરોડ ઉપર પહોંચી ગયો હતો.
- ✓ જેમ જે કુદરતી હોનારતની સંખ્યા વધતી જાય છે તેમ તેમ વિવિધ દેશોમાં અર્થતંત્રને વ્યાપક નુકસાન થતું જાય છે.
- ✓ 1970ની સાલમાં કુદરતી આફતોના કારણે માર્યા ગયેલા લોકોના આંક 50 હજાર નોંધાયો હતો પરંતુ જેમ જેમ કુદરતી હોનારતો વારંવાર ત્રાટકતી થઇ અને જેમ જેમ તેના દ્વારા આર્થિક નુકસાન વધતું ગયું તેમ તેમ માનવ ખુવારી ખુબ જ ઓછી થઇ હતી કેમ કે 2010 સુધીના સમયગાળા વચ્ચે માર્યા ગયેલા લોકોની સંખ્યા 18,000 નોંધાઇ હતી જે સ્પષ્ટ સૂચવે છે કે કુદરતી હોનારતો સામે યોગ્ય આયોજન કરવામાં આવે તો તેના સારા પરિણામો મળે છે.
- ✓ **WMO મુખ્યમથક : જિનિવા**

## 7. WHO : કોરોનાનો નવો વેરિઅન્ટ 'મ્યૂ' પ્રથમવાર જાન્યુઆરીમાં કોલંબિયામાં મળી આવ્યો હતો

- ✓ **વૈજ્ઞાનિક નામ : B.1.621**
- ✓ ખાસ : વેક્સિન પણ અસર કરતી નથી.
- ✓ WHO મુખ્યમથક : જિનિવા

## 8. જન્મ દિન વિશેષ : 01 સપ્ટેમ્બર

### વેડછીનો વડલો : જુગતરામ દવે

**જન્મ : 1 સપ્ટેમ્બર 1888 અવસાન :14 માર્ચ 1985**

- ✓ કાકા સાહેબ કાલેલકરે જેઓને 'આપણી ભોળી જનતાના દરબારમાં પહોંચી ગયેલા સંસ્કારી એલચી' કહ્યા છે તેવા અને આદિવાસીઓમાં જુ. દાદા તરીકે પ્રસિદ્ધ થયેલા જુગતરામ દવેનો આજે જન્મદિવસ.



- ✓ લખતરમાં જન્મેલા જુગતરામે શિક્ષણ વઢવાણ, ધાંગધ્રા અને મુંબઈમાં લીધું હતું.

✓ જુગતરામના વ્યક્તિત્વના લેખક, આદિવાસી કર્મશીલ, સ્વતંત્રતા સૈનિક એમ અનેક પાસાઓ.

**સર્જન :**

✓ ગાંધીજી, જુગતરામના પાઠો, ચાલણગાડી, આંધળાનું ગાડું, આશ્રમ કેળવણી, કૌશિકાખ્યાન, મારી જીવનકથા જેવા કાવ્યો, નાટકો, નિબંધો અને આત્મકથનાત્મક પુસ્તકો લખ્યા.

✓ તેમના આંધળાનું ગાડું પુસ્તક તો અનેક ગ્રંથો અને સેંકડો ભાષણો કરતા વધુ પ્રભાવશાળી નીવડ્યું.

✓ વીસમી સદી, નવજીવન, યંગ ઇન્ડિયા, બારડોલી સત્યાગ્રહ પત્રિકા અને વટવૃક્ષ સામયિકો દ્વારા જુગતરામે પત્રકારત્વ પણ ખેડ્યું છે.

✓ સ્વતંત્રતા સૈનિક તરીકે જુદા જુદા સત્યાગ્રહોમાં નવ કરતા વધુ વર્ષ જેલવાસ ભોગવ્યો.

✓ ગાંધી મેળાનો પ્રારંભ અને મહાન રચનાત્મક કાર્યકર અને કાર્યકર તૈયાર કરવાની પ્રયોગશાળા તરીકે પણ તેઓનું સ્મરણ થાય.

✓ **જુગતરામ દવેનો જન્મદિવસ સેવાદિન તરીકે ઊજવાય છે.**

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (01-09-2021)

**1.** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ઓગસ્ટ 2021માં અપાયેલા સાહિત્ય ગૌરવ પુરસ્કાર બાબતે નીચેના પૈકી કયા વિધાન ખરા/ખરું છે

1. ગુજરાત સાહિત્ય અકાદમી : શ્રી મધુરાય (મધુસૂદન ઠાકર)
2. હિન્દી સાહિત્ય અકાદમી : શ્રી ઉજમભાઇ પટેલ અને ડૉ. અંજના સંધી
3. સિંધી સાહિત્ય અકાદમી : શ્રી છતો થધોમલ જ્ઞાનચંદાણી અને શ્રી મનોહર નિહાલાણી
4. કચ્છી સાહિત્ય અકાદમી : શ્રી કાનજી મહેશ્વરી રીખિયો અને શ્રી રમેશ ભટ્ટ રશ્મિન

(A) 1 (B) 1 અને 2
(C) 1, 2 અને 3 **(D) ઉપરોક્ત પૈકી તમામ**

**2.** ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ઓગસ્ટ 2021માં અપાયેલા યુવા ગૌરવ પુરસ્કાર બાબતે નીચેના પૈકી કયા વિધાન ખરા/ખરું છે

1. ગુજરાત સાહિત્ય અકાદમી : શ્રી પ્રશાંત પટેલ અને શ્રી રિન્કુ રાઠોડ
2. સંસ્કૃત સાહિત્ય અકાદમી : સુશ્રી રાજવી ઓઝા
3. સિંધી સાહિત્ય અકાદમી : સુશ્રી નયના સુરેશકુમાર રાવલાણી તથા સુશ્રી નિશા ચાવલા
4. હિન્દી સાહિત્ય અકાદમી : સુશ્રી નયના સુરેશકુમાર રાવલાણી તથા શ્રી અશોક કાલરિયા

(A) 1 (B) 1 અને 2
**(C) 1, 2 અને 3** (D) માત્ર 3

**3.** મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઓગસ્ટ 2021માં લેવાયેલા નિર્ણય બાબતે નીચેના પૈકી કઇ બાબત સાચી છે

1. ખાનગી સોસાયટીના કામમાં MLA, કોર્પોરેટરો 10 ટકાને બદલે હવે 20 ટકા ગ્રાન્ટ ફાળવી શકશે
2. રાજ્યના મહાનગરો અને નગરોમાં ખાનગી સોસાયટીઓના લાઇટ-ગટર-પાણી સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર્સના કામોમાં ધારાસભ્યો તથા કોર્પોરેટરો તેમની ગ્રાન્ટમાંથી ફાળવી શકશે
3. અગાઉ ખાનગી સોસાયટીના કામમાં MLA, કોર્પોરેટરો 5 ટકા ગ્રાન્ટ ફાળવી શકતા હતા

(A) 1 (B) 2
(C) 3 **(D) માત્ર 1 અને 2**

**4.** ટોક્યો પેરાલિમ્પિક 2020માં સિલ્વર મેડલ વિજેતા ગુજરાતી ખેલાડી ભાવિના પટેલ વિશે કઇ બાબતો સાચી છે

1. ગુજરાત સરકાર દ્વારા 'દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર' યોજના અંતર્ગત સહાય
2. પ્રોત્સાહન પુરસ્કારરૂપે રૂ. 3 કરોડની સહાય
3. રમત – ટેબલ ટેનિસ
4. વતન – સુંઢીયા

(A) 1 (B) 1 અને 2
(C) 1, 2 અને 3 **(D) ઉપરોક્ત પૈકી તમામ**

**5.** ઇસ્કોનના સ્થાપક શ્રીલ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે

1. 125મી જન્મજયંતીની ઊજવણી
2. PM મોદીના હસ્તે શ્રી પ્રભુપાદની યાદમાં રૂ. 125નો સ્મારક સિક્કો લૉન્ચ
3. પ્રભુપાદ ઇન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણા કોન્શિયસનેસ

(A) માત્ર 1 (B) 1 અને 2
**(C) 1, 2 અને 3** (D) માત્ર 2

**6.** ઓગસ્ટ 2021માં પ્રસિદ્ધ થયેલ વર્લ્ડ મિટિરિયોલોજિકલ ઓર્ગેનાઝેશનની 'એટલાસ' નામની સમીક્ષાનો અહેવાલ અંતર્ગત નીચેની પૈકી કયા તારણો સાચા છે

1. છેલ્લાં 50 વર્ષમાં હોનારતોથી વિશ્વને 3 લાખ કરોડ ડોલરનું નુકસાન
2. 1979થી 2019 દરમ્યાન વિશ્વના જુદા જુદા દેશોમાં ત્રાટકેલી વિવિધ પ્રકારની કુલ 11,000 જેટલી હોનારતોમાં થયેલા નુકસાનની સમીક્ષા
3. WMO UNની એજન્સી તરીકે કાર્યરત

**(A) 1, 2 અને 3** (B) 1 અને 3
(C) 1 અને 2 (D) માત્ર 2

**7.** કોરોનાના નવો વેરિઅન્ટ 'મ્યૂ' અંગે નીચેની કઇ બાબતો સાચી છે

1. પ્રથમવાર જાન્યુઆરી 2021માં કોલંબિયામાં મળી આવ્યો
2. વૈજ્ઞાનિક નામ : B.1.621
3. WHO દ્વારા નવા વેરિઅન્ટની જાહેરાત

(A) માત્ર 1 (B) 1 અને 2
**(C) 1, 2 અને 3** (D) માત્ર 2

## DATE : 02-09-2021

**1. નિમણૂક : ગુજરાત સરકાર**

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ :**

✓ **અધ્યક્ષ : બી.એચ. ઘોડાસરા**

✓ **ઉપાધ્યક્ષ :વિમલ દિનેશચંદ્ર ઉપાધ્યાય**

**ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ :**

✓ **અધ્યક્ષ :** હંસરાજભાઇ ઘુસાભાઇ ગજેરા

✓ **ઉપાધ્યક્ષ :** રશ્મિભાઇ પંડયા

✓ **મુદત : ત્રણ વર્ષ**

✓ **વિભાગ : સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

## 2. સૂર્ય ઊર્જાથી પ્રકાશિત સૂર્યમંદિર - મોઢેરા

**સોલા ઊર્જા વાપરતું દેશનું પ્રથમ ગામ મોઢેરા (મહેસાણા)**



**પ્રોજેક્ટ વિશે :**

- ✓ રૂ. 69 કરોડના ખર્ચે સોલાર પ્રોજેક્ટ તૈયાર કરાયો
- ✓ મોઢેરા ગામ પણ સોલાર ઊર્જા વાપરતું દેશનું પ્રથમ ગામ બની ગયું છે, આ માટે મોઢેરાથી 6 કિલોમીટર દૂર 69 કરોડના ખર્ચે સોલાર પ્રોજેક્ટ ઉભો કરાયો.

**સૂર્યમંદિરનું મહત્વ :**

મોઢેરાનું સૂર્યમંદિર પાટણના રાજવી ભીમદેવ સોલંકીએ ઈ.સ. 1026 - 27માં બંધાવ્યું હતું, જે કર્કવૃત રેખા પર આવેલું છે.

- ✓ **ભારતમાં આવેલા ત્રણ ઐતિહાસિક સૂર્યમંદિરોમાં ઓડિશાનું કોણાર્ક, કાશ્મીરનું માર્તંડ સૂર્યમંદિર અને મોઢેરા સૂર્ય મંદિર**

## 3. ડિફેન્સ એક્સ્પો 2022 : ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં યોજાશે

- ✓ સમયગાળો : તા. 10થી 13 માર્ચ 2022
- ✓ ડિફેન્સ એક્સ્પો ગત વર્ષે ઉત્તરપ્રદેશના લખનઉમાં યોજાયો હતો જેમાં 70 દેશોની કંપનીઓએ ભાગ લીધો હતો.




**એક્સ્પો 2022 અંગે :**

- ✓ SOU કેવડિયા ખાતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને મુખ્યમંત્રી વિજય રૂપાણી ની ઉપસ્થિતિમાં કરાર

## 4. દેશની પ્રથમ સ્વદેશી નેવલ એન્ટી ડ્રોન સિસ્ટમ

**ડ્રોન હુમલાના જોખમને ટાળવા નેવીએ દેશની પ્રથમ સંપૂર્ણ સ્વદેશી એન્ટી ડ્રોન સિસ્ટમ વિકસાવવા BEL સાથે કરાર કર્યો**



**ડ્રોન સિસ્ટમ વિશે :**

- ✓ હાર્ડ-કિલ અને સોફ્ટ-કિલ પ્રહાર શક્તિ ધરાવતી આ ડ્રોન વિરોધી પ્રણાલીને નેવલ એન્ટી-ડ્રોન સિસ્ટમ (NADS) નામ આપવામાં આવ્યું છે.
- ✓ નેવી ઉપરાંત આર્મી અને એરફોર્સ સાથે પણ ભારત ઇલેક્ટ્રોનિક્સ આ જ પ્રકારના કરાર કરશે. ડ્રોનથી થતા હુમલાના પ્રતિકાર માટે આ પ્રણાલી રક્ષણ આપશે..
- ✓ **કરાર : ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL)**

## 5. આસામ સરકાર : મહત્વનો નિર્ણય

**નવું નામ: ઓરંગ ટાઈગર રિઝર્વ (નેશનલ પાર્ક)**

**રાજીવ ગાંધી નેશનલ પાર્કના નામથી ઓળખાતા ટાઇગર રિઝર્વનું નામ બદલી 'ઓરંગ ટાઈગર રિઝર્વ ' કરાયું**




**ઇતિહાસ :**

- ✓ અગાઉ વર્ષ 2005માં આસામમાં તત્કાલીન મુખ્યમંત્રી તરૂણ ગોગોઈની કોંગ્રેસ સરકારે સ્થાનિક આદિવાસીઓના વિરોધ છતાં પણ ઓરંગ નેશનલ પાર્કનું નામ બદલીને રાજીવ ગાંધી પાર્ક કર્યું હતું આસામમાં કુલ સાત નેશનલ પાર્ક આવેલા છે

## 6. ભારત-બ્રિટન વચ્ચે યોજાયો 11મો આર્થિક અને નાણાકીય સંવાદ કાર્યક્રમ (વૈશ્વિક સબંધો)



**મહત્વની જાહેરાત :**

- ✓ બ્રિટન સરકાર ભારતના ગ્રીન એન્ડ રિન્યૂએબલ એનર્જી પ્રોજેક્ટમાં 1.2 અબજ ડોલરનું રોકાણ કરશે
- ✓ **ખાસ :** બ્રિટનના નાણાપ્રધાન ઋષિ સુનાક અને ભારતના નાણામંત્રી શ્રી નિર્મલા સીતારામનની ઈ-ઉપસ્થિતિ

## 7. ઉત્તર ધ્રુવ : નવો નાનો ટાપુ શોધાયો



**ટાપુ વિશે :**

- ✓ વૈજ્ઞાનિકોએ હાલમાં જ અજાણતા જ ઉત્તર ધ્રુવ પાસે એક જમીનનો ટુકડો શોધ્યો.
- ✓ આ જમીની વિસ્તાર નાના એવા ટાપુ ઉડાકથી 2560 ફૂટ ઉત્તરમાં આવેલો છે. વૈજ્ઞાનિકોએ નકશો જોયો તો તેમાં આ ટાપુનો કોઇ ઉલ્લેખ નહોતો.
- ✓ <u>98 ફૂટ પહોળા અને 197 ફૂટ લાંબા આ ટાપુનું નામ દુનિયામાં ઉત્તરના છેડે આવેલા જમીનના ટુકડા તરીકે રજિસ્ટર કરવામાં</u> આવ્યું છે. પથ્થર, માટી અને રેતીથી બનેલો આ ટાપુ સમુદ્ર સપાટીથી 10થી 13 ફૂટની ઊંચાઇ પર આવેલો છે.
- ✓ <u>આ ટાપુ ગ્રીનલેન્ડ અને ડેનમાર્કની સરહદમાં છે.</u>

## 8. પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો પ્રારંભ (જૈન ધર્મ)

**મહત્વ :**

- ✓ પર્વો તો અનેક આવે છે. પરંતુ તેમાં આત્મિક પર્વો જૂજ હોય છે. પર્યુષણ એ અધ્યાત્મનું પર્વ છે. આત્માનું પર્વ છે.

- ✓ તહેવારો અને ઉત્સવ બહારની દુનિયા સાથે આપણને જોડે છે. પર્યુષણ બાહ્ય પદાર્થો સાથેનો સંબંધ તોડીને આપણને ભીતરની સાથે જોડે છે.
- ✓ આજે માનવી ભૌતિક પદાર્થો પાછળ પાગલ બન્યો છે. ઘરમાં ટી.વી. સેટ છે, રેડિયો સેટ છે, ડિનર સેટ છે પણ માનવી અપસેટ છે.
- ✓ બાહ્ય દુનિયા સાથે સરસંધાન કરતા ભીતરનું અનુસંધાન જાણે કે તૂટી ગયું છે. અનેકવિધ સાધનોના ખડકલા વચ્ચે પણ માનવી અતૃપ્ત છે.
- ✓ ભીતરનો ખાલીપો, એને કોરી ખાય છે. દુનિયામાંથી અંદરની તરફ લઇ જાય છે અને આપણા આત્મા સાથે સંપર્ક કરાવે છે.

**9. જન્મ દિન વિશેષ : 02 સપ્ટેમ્બર**

**ગાંધીવાદી : ચુનીભાઈ વૈધ (ચુનીકાકા)**

**જન્મ : 2 સપ્ટેમ્બર 1918 અવસાન : 19 ડિસેમ્બર 2014**

- ✓ જન્મ સ્થળ – સંડેર, પાટણ
- ✓ ચુનીભાઇ વૈધે મેટ્રિકની પરીક્ષા નવસારીથી પાસ કરી સુરત વગેરે જગ્યાએ નોકરી અને વેપાર કર્યો
- ✓ 1930ની દાંડીકૂચ દરમિયાન મહાત્મા ચુનીભાઇ ગાંધીથી પ્રભાવિત થયા હતા. સ્વતંત્રતા આંદોલન દરમિયાન ભુગર્ભ પ્રવૃત્તિઓ દ્વારા ચુનીભાઇએ યોગદાન આપ્યું હતું.



- ✓ તેમની વિશેષ ઓળખ ગાંધીવાદી - સર્વોદય કાર્યકર તરીકે રહી છે.
- ✓ કોમી એકતા, ખેડૂતના જમીનના હક્કો કે પાણીના પ્રશ્નો હોય તે માટે ચીનુકાકા જીવનભર લડતા રહ્યા હતા.
- ✓ 1975માં ચીનુભાઇ વૈધે કટોકટીનો વિરોધ કરી અત્યંત વિકટ સંજોગોમાં ભૂમિપુત્ર' સામયિકનું સંપાદન સંભાળ્યું હતું.
- ✓ તેઓના " સૂરજ સામે ધૂળ સાચું શું ? ખોટું શું ? પુસ્તકનો ભારતની 12 ભાષામાં અનુવાદ થયો છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (02-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ મોઢેરા સૂર્યમંદિર વિશે કઇ બાબતો ખરી છે

1. સોલાર ઊર્જાનો ઉપયોગ કરનાર પ્રથમ ગામ મોઢેરા
2. રૂ. 69 કરોડના ખર્ચે સોલાર પ્રોજેક્ટ
3. પાટણના રાજવી ભીમદેવ સોલંકીએ ઈ.સ. 102-27માં બંધાવ્યું હતું

(A) 1 (B) 1 અને 2 **(C) 1, 2 અને 3** (D) માત્ર 2

**2.** ભારતમાં આવેલા ત્રણ ઐતિહાસિક સૂર્યમંદિરો પૈકી કઇ જોડ સાચી છે

1. ગુજરાત કોણાર્ક સૂર્યમંદિર-ઓડિશા
2. કાશ્મીર-માર્તંડ સૂર્યમંદિર 3. મોઢેરા સૂર્ય મંદિર મહેસાણા

(A) 1 (B) 1 અને 2 **(C) 1, 2 અને 3** (D) માત્ર 3

**3.** ડિફેન્સ એક્સ્પો 2022 અંગે નીચેનામાંથી કઇ બાબતો સાચી છે

1. ગાંધીનગરમાં યોજાશે
2. સમયગાળો - તા. 10થી 13 માર્ચ 2022
3. SOU કેવડિયા ખાતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં કરાર

(A) 1 (B) 2 (C) 3 **(D) 1, 2 અને 3**

**4.** દેશની પ્રથમ સ્વદેશી નેવલ એન્ટી ડ્રોન સિસ્ટમ વિશે નીચેનામાંથી કયુ વિધાન ખોટુ છે

1. એન્ટી ડ્રોન સિસ્ટમ વિકસાવવા BEL સાથે કરાર
2. હાર્ડ-કિલ અને સોફ્ટ-કિલ પ્રહાર શક્તિ ધરાવતી ડ્રોન વિરોધી પ્રણાલી
3. સિસ્ટમ વિકસાવવા નેવી ઉપરાંત આર્મી અને એરફોર્સ સાથે પણ BEL કરાર કરશે
4. ડ્રોન સિસ્ટમ વિકસાવનાર કંપની - ભારત એનર્જી લિમિટેડ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) માત્ર 4**

**5.** સપ્ટેમ્બર 2021માં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના અધ્યક્ષ–ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઇ

**(A) બી.એચ. ઘોડાસરા તથા વિમલ દિનેશચંદ્ર ઉપાધ્યાય**
(B) હંસરાજભાઇ ઘુસાભાઇ ગજેરા તથા રશ્મિભાઇ પંડયા
(C) હંસરાજભાઇ ઘુસાભાઇ ગજેરા તથા બી.એચ. ઘોડાસરા
(D) બી.એચ. ઘોડાસરા તથા રશ્મિભાઇ પંડયા

**6.** સપ્ટેમ્બર 2021માં ગુજરાત રાજય બિન અનામત વર્ગોનું આયોગના અધ્યક્ષ–ઉપાધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરાઇ

(A) હંસરાજભાઇ ઘુસાભાઇ ગજેરા તથા રશ્મિભાઇ પંડયા
(B) હંસરાજભાઇ ઘુસાભાઇ ગજેરા તથા રશ્મિભાઇ પંડયા
(C) હંસરાજભાઇ ઘુસાભાઇ ગજેરા તથા બી.એચ. ઘોડાસરા
(D) બી.એચ. ઘોડાસરા તથા રશ્મિભાઇ પંડયા

**7.** ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ તથા ગુજરાત રાજય બિન અનામત વર્ગોનું આયોગના અધ્યક્ષ–ઉપાધ્યક્ષની મુદ્દત જણાવો

(A) એક વર્ષ (B) બે વર્ષ (C) ચાર વર્ષ **(D) ત્રણ વર્ષ**

**8.** સપ્ટેમ્બર 2021માં આસામ સરકાર દ્વારા રાજીવ ગાંધી નેશનલ પાર્કના નામથી ઓળખાતા ટાઇગર રિઝર્વને કયુ નવું નામ અપાયું

(A) નિસર્ગ ટાઇગર રિઝર્વ **(B) ઓરંગ ટાઇગર રિઝર્વ**
(C) ઓરસંગ ટાઇગર રિઝર્વ (D) ઔરંગા ટાઇગર રિઝર્વ

**9.** સપ્ટેમ્બર 2021માં ભારત અનેબ્રિટન વચ્ચે કેટલામો આર્થિક અને નાણાકીય સંવાદ કાર્યક્રમ યોજાયો

(A) 10 **(B) 11** (C) 12 (D) 14

**10.** વૈજ્ઞાનિકો દ્વારા કયા વિસ્તારમાં નવો નાનો ટાપુ શોધાયો

(A) પૂર્વ ધ્રુવ (B) પશ્ચિમ ધ્રુવ
**(C) ઉત્તર ધ્રુવ** (D) દક્ષિણ ધ્રુવ

**11.** પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ કયા ધર્મ સાથે જોડાયેલું છે

(A) બૌદ્ધ ધર્મ (B) હિંદુ ધર્મ **(C) જૈન ધર્મ** (D) શિખ ધર્મ

## DATE : 03-09-2021

**1. સપ્ટેમ્બર – ભારતભરમાં પોષણ માસ તરીકે ઉજવાશે**

**રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાન વિશે :**

- ✓ પોષણ અભિયાન એ ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે જે બાળકો, કિશોરો, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓ માટે પોષણના પરિણામો સુધારવા માટે છે.

✓ પોષણ અભિયાન એક "જન આંદોલન" છે જેમાં સ્થાનિક સંસ્થાઓ, રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના સરકારી વિભાગો, સામાજિક સંસ્થાઓ અને જાહેર અને ખાનગી ક્ષેત્રના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

✓ સમુદાયની ગતિવિધિને સુનિશ્ચિત કરવા અને લોકોની ભાગીદારી વધારવા માટે, દર વર્ષે સપ્ટેમ્બર મહિનો દેશભરમાં પોષણ માસ તરીકે ઉજવાય છે.

✓ રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત સપ્ટેમ્બર 2021માં ગુજરાતભરમાં પોષણ માસની સાપ્તાહિક થીમ આધારિત કાર્યક્રમોનું આયોજન

**સપ્તાહ અને થીમ : પ્રથમ સપ્તાહ-પોષણ વાટિકા**

✓ **પ્રથમ અઠવાડિયા દરમિયાન પોષણ વાટિકા** સંદર્ભે આંગણવાડી કેન્દ્રો, શાળાઓ, પંચાયત અને જાહેર સ્થળોએ વૃક્ષારોપણના કાર્યક્રમોનું આયોજન.

✓ રાજ્યના 33 જિલ્લાની 11,000 આંગણવાડી કેન્દ્રોમાં જ્યાં કંપાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને જમીન ઉપલબ્ધ છે તેવી જગ્યાઓમાં વન વિભાગ, બાગાયત વિભાગ તથા જનભાગીદારી દ્વારા 35 લાખથી વધુ રોપાઓનું વનીકરણ કરાશે

✓ આ માટે રાજ્યના વન વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત લાઇવલી હુડ પ્રમોશન કંપનીના સહયોગથી પોષણ માસ દરમિયાન મહત્તમ ન્યુટ્રી ગાર્ડનનું નિર્માણ કરવાનું વ્યાપક સ્તરે આયોજન કરવામાં આવ્યું છે.

**બીજા સપ્તાહ- સામૂહિક યોગ**

✓ સગર્ભા માતાઓ, બાળકો અને કિશોરીઓમાં પોષણ માટે જાગૃતિ આવે તે હેતુથી બીજા સપ્તાહમાં યોગ અને આયુષ વિભાગ દ્વારા સામૂહિક યોગના કાર્યક્રમો થકી કુપોષિત થતા અટકાવવાનો સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

**ત્રીજા સપ્તાહ-ન્યુટ્રીશન કીટ**

✓ ત્રીજા સપ્તાહમાં રાજ્યના અતિકુપોષિત જિલ્લાઓમાં આંગણવાડી કેન્દ્રોના લાભાર્થીઓમાં ન્યુટ્રીશન કીટનું વિતરણ કરાશે.

**ચોથા સપ્તાહ-ન્યુટ્રીશન ખોરાક**

✓ ચોથા સપ્તાહમાં વિવિધ જિલ્લાઓમાં અતિ કુપોષિત બાળકોને શોધીને ન્યુટ્રીશન ખોરાક પૂરો પાડવામાં આવશે

**2. પૂર્વીય આર્થિક મંચ-6th ઓનલાઇન શિખર બેઠક**

**યજમાન : વ્લાદિવોત્સક**

**ભારતના PM મોદી દ્વારા સંબોધનના મહત્વના અંશો**

✓ ભારત રશિયાના ઊર્જા સહિતના સંબંધો સમયની એરણ પર ખરા ઉતર્યા છે

✓ વ્લાદિવોત્સક સાચે જ યુરેશિયા અને પ્રશાંત સાગર પ્રદેશનું સંગમ સ્થાન છે

✓ વર્ષ 2019માં PM મોદી પૂર્વીય આર્થિક મંચ શિખર બેઠકના મુખ્ય અતિથિ હતા

**અન્ય બાબતો :**

✓ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 3 સપ્ટેમ્બર, 2021ના રોજ વ્લાદિવોસ્તોકમાં આયોજિત છઠ્ઠા ઇસ્ટર્ન ઇકોનોમિક ફોરમ (EEF) ના પૂર્ણ સત્ર દરમિયાન વિડીયો-સંબોધન આપ્યું. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી 2019માં 5મા ઇઇએફના મુખ્ય મહેમાન હતા, જે કોઈ ભારતીય પ્રધાનમંત્રી દ્વારા પ્રથમ વખત કરવામાં આવ્યું હતું.

✓ રશિયન ફાર ઇસ્ટના વિકાસ માટે રાષ્ટ્રપતિ પુતિનના દ્રષ્ટિકોણને બિરદાવતા પ્રધાનમંત્રીએ આ બાબતે રશિયાના વિશ્વસનીય ભાગીદાર તરીકેની તેની "એક્ટ ઈસ્ટ નીતિ" ના ભાગરૂપે ભારતની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી. તેમણે રશિયન પૂર્વીય દૂરસ્થ પ્રદેશોના (રશિયન ફાર ઇસ્ટ)ના વિકાસમાં ભારત અને રશિયાની પ્રાકૃતિક પૂરકતાઓને રેખાંકિત કરી.

✓ પ્રધાનમંત્રીએ 'વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી' અનુસાર બંને પક્ષો વચ્ચે વધુ આર્થિક અને વ્યાપારી જોડાણના મહત્વ પર ભાર મૂક્યો.

✓ EEF-2019માં ભારતીય રાજ્યોના મુખ્યમંત્રીઓની મુલાકાતને યાદ કરીને પ્રધાનમંત્રીએ રશિયન પૂર્વીય દૂરસ્થના 11 પ્રદેશોના રાજ્યપાલોને ભારતની મુલાકાત માટે આમંત્રણ આપ્યું.

✓ EEFના માળખામાં ભારત-રશિયા વ્યાપાર સંવાદમાં ભાગ લઈ રહ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને રશિયાના સાખા-યાકુતિયા પ્રાંતના રાજ્યપાલ વચ્ચે ઓનલાઇન બેઠક 2 સપ્ટેમ્બરના રોજ EEFના ભાગરૂપે SOU-કેવડિયા ખાતે યોજાઈ.




✓ વિવિધ ક્ષેત્રની નામાંકિત ભારતીય કંપનીઓના 50થી વધુ પ્રતિનિધિઓ પણ ઓનલાઈન ફોર્મેટમાં ભાગ લેશે.

**3. ટોક્યો પેરાલિમ્પિક 2020**




**તા.3-9-2020ના રોજ ગેમ્સમાં ભારતનું પ્રદર્શન**

**વિજેતાનું નામ, રમત અને મેડલ** :

**(1) પ્રવિણકુમાર :** હાઇ જમ્પ : સિલ્વર મેડલ (જમ્પ 2.07 મીટર)

**(2) અવની લેખરા :** 50 મીટર એર રાઇફલ શૂટિંગ : બ્રોન્ઝ મેડલ

✓ અગાઉ 10 મીટર એર રાઇફલમાં ગોલ્ડ વિજેતા

✓ વતન : જયપુર (રાજસ્થાન)

✓ પેરાલિમ્પિકમાં બે મેડલ વિજેતા પ્રથમ ભારતીય મહિલા

**(3) હરવિન્દર સિંહ :** તીરંદાજ : બ્રોન્ઝ મેડલ વિજેતા

**4. અહેવાલ : આલ્પ્સ પર્વતના સૌથી મોટા ગ્લેશિયરની પહોળાઇ દર વર્ષે દોઢ મીટર ઘટી રહી છે**



**અહેવાલના મુખ્ય તારણો :**

✓ આલ્પ્સ પર્વતમાળાના સૌથી મોટા ગ્લેશિયર અલેપ્શોની છે, તે છેલ્લા 10 વર્ષમાં એક ક્યુબિક કિ.મી. જેટલો પીગળી ગયો છે.

- ✓ સ્વિટ્ઝરલેન્ડના અંદાજે 1,800 ગ્લેશિયરના કુલ બરફના પાંચમા ભાગનો બરફ એકલા અલેપ્શોમાં છે પણ ગ્લોબલ વોર્મિંગને કારણે અલેપ્શો ઝડપથી પીગળી રહ્યું છે.
- ✓ અંદાજે 80 ચો. કિ.મી. બરફની ભેખડીવાળા આ ગ્લેશિયરની પહોળાઇ વર્ષે દોઢ મીટર ઘટી રહી છે. આ પ્રક્રિયા એક દાયકાથી જારી છે.
- ✓ 2010 પછી અલેપ્શોનો એક ક્યુબિક કિ.મી.થી વધુ બરફ પીગળી ચૂક્યો છે. ચિંતાની વાત એ છે કે આ ઝડપ વધી રહી છે.
- ✓ ગ્લેશિયર ધરતીના વિશાળ થર્મોમીટર હુસ્સો અને તેમની સંસ્થા ગ્લેમૉસ 20 સ્વિસ ગ્લેશિયર પર નજર રાખે છે. આ ગ્લેશિયર ધરતીના વિશાળ થર્મોમીટર છે, જેમનું પીગળવું એ દર્શાવે છે કે તાપમાન ઝડપથી વધી રહ્યું છે.

**ગ્લોબલ વોર્મિંગના કારણો :**

- ✓ અશ્મિલ ઇંધણ બળવાથી ગ્લોબલ વોર્મિંગ વધી રહ્યું છે. તેના કારણે 19મી સદીની સરખામણીમાં ધરતીનું તાપમાન 1.1 ડિગ્રી સે. સુધી વધ્યુ છે.
- ✓ આ જ ઝડપ જારી રહી તો 20 વર્ષમાં વિશ્વના ઘણાં ગ્લેશિયર ગાયબ થઈ જશે.

**5. જન્મ દિન વિશેષ : 03 સપ્ટેમ્બર**

**સ્મરણ મુકુર : નરસિંહરાવ દિવેટિયા**

**જન્મ : 03 સપ્ટેમ્બર 1859 અવસાન : 14 જાન્યુઆરી 1937**

- ✓ જન્મ સ્થળ : અમદાવાદ
- ✓ 1880માં મુંબઈની પ્રસિદ્ધ એલ્ફીન્સ્ટન કોલેજથી નરસિંહરાવ સંસ્કૃત સાથે સ્નાતક થયા હતા.
- ✓ 1921-1935 દરમિયાન તેઓ એલ્ફીન્સ્ટન કોલેજમાં ગુજરાતીના અધ્યાપક પણ રહ્યા હતા.




**સાહિત્ય સર્જન :**

- ✓ નરસિંહરાવ દિવેટિયાએ કુસુમમાળા, હૃદયવીણા, નૂપુર ઝંકાર, સ્મરણ મુકુર, સ્મરણ સંહિતા, મનોમુકુર, બુદ્ધ ચરિત, અભિનય કલા, નરસિંહરાવની રોજનીશી જેવા પુસ્તકો દ્વારા ગુજરાતી સાહિત્યને નવો આયામ આપ્યો છે.
- ✓ તેમનું સ્મરણ મુકુર પુસ્તક ગુજરાતી સ્મૃતિચિત્રોનું પહેલું પુસ્તક અને ગુજરાતી રેખાચિત્રો સ્વરૂપમાં ગુજરાતના 1850થી 1900 દરમિયાનની અડધી સદીનું સાંસ્કૃતિક આલેખન છે.
- ✓ કવિ-વિવેચક નરસિંહરાવ દિવેટિયાએ અર્વાચીન ગુજરાતી કવિતાને સંસ્કારશુદ્ધ કરી હતી

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (03-09-2021)**

**1.** રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી અંતર્ગત ગુજરાતભરમાં પોષણ માસની સાપ્તાહિક થીમમાં નીચેનામાંથી કયુ યોગ્ય નથી

1. પ્રથમ સપ્તાહ-પોષણ વાટિકા 2. બીજુ સપ્તાહ-સામૂહિક યોગ
3. ત્રીજુ સપ્તાહ-ન્યુટ્રીશન કીટ 4. ચોથુ સપ્તાહ-ન્યુટ્રીશન ખોરાક

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) તમામ**

**2.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલ પૂર્વીય આર્થિક મંચની ઓનલાઇન શિખર બેઠકમાં નીચે પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે

1. છઠ્ઠી શિખર બેઠક 2. યજમાન શહેર-વ્લાદિવોસ્તક
3. વર્ષ 2019માં પ્રથમવાર ભારતના PM મોદી પૂર્વીય આર્થિક મંચ શિખર બેઠકના મુખ્ય અતિથિ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) 2 અને 3 **(D) તમામ**

**3.** ટોક્યો પેરાલિમ્પિક 2020માં તા.3-9-2020ના રોજ ભારતના વિજેતા ખેલાડીના નામ, રમત અને મેડલ જણાવો

1. પ્રવિણકુમાર : હાઈ જમ્પ : સિલ્વર મેડલ
2. અવની લેખરા : 50 મીટર એર રાઈફલ શૂટિંગ : બ્રોન્ઝ મેડલ
3. હરવિન્દર સિંહ : તીરંદાજ : બ્રોન્ઝ મેડલ વિજેતા

(A) 2 અને 3 (B) 1, 2 અને 3
(C) 1 અને 3 **(D) એક પણ નહીં**

**4.** ભારતભરમાં કયો મહિનો રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવાય છે

**(A) સપ્ટેમ્બર** (B) ઓક્ટોબર (C) નવેમ્બર (D) ડિસેમ્બર

**5.** સપ્ટેમ્બર 2021ના સંશોધન મુજબ આલ્પ્સ પર્વતના સૌથી મોટા ગ્લેશિયરની પહોળાઈ દર વર્ષે કેટલા મીટર ઘટી રહી છે

(A) એક મીટર **(B) દોઢ મીટર**
(C) બે મીટર (D) અઢી મીટર

**6.** આલ્પ્સ પર્વતમાળાના સૌથી મોટા ગ્લેશિયર કયા નામે ઓળખાય છે

**(A) અલેપ્શોની** (B) નાયોમી
(C) નાયરા (D) વૉટરલૂ

**7.** ગુજરાતી સાહિત્યકાર નરસિંહરાવ દિવેટિયાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 03 સપ્ટેમ્બર 1859 તથા ગાંધીનગર
(B) 03 સપ્ટેમ્બર 1859 તથા મહેમદાબાદ
(C) 03 સપ્ટેમ્બર 1859 તથા ભરૂચ
**(D) 03 સપ્ટેમ્બર 1859 તથા અમદાવાદ**

**8.** ગુજરાતી સ્મૃતિચિત્રોનું પહેલા પુસ્તકનું નામ જેમાં ગુજરાતી રેખાચિત્રો સ્વરૂપમાં ગુજરાતના 1850થી 1900 દરમિયાનની અડધી સદીનું સાંસ્કૃતિક આલેખન થયેલું છે

**(A) સ્મરણ મુકુર** (B) આત્મમુકુર
(C) મનોમુકુર (D) રત્નમુકુર

**DATE : 04-09-2021**

**1. વતન પ્રેમ યોજના : ગુજરાતના ગામોમાં NRI સહિત દાતાશ્રીઓની મદદથી ડિસેમ્બર 2022 સુધીમાં રૂ. 1,000 કરોડના વિકાસ કામો કરવાનું લક્ષ્યાંક**




**વતન પ્રેમ યોજના વિશે :**

- ✓ દેશ-વિદેશના ગુજરાતીઓ હવે વતન પ્રેમ યોજના અંતર્ગત પોતાની પસંદગીના ગામમા પોતાની પસંદગીનુ કામ પોતાની પસંદગીની એજન્સી મારફતે પોતાના 60 ટકા દાન અને બાકીના 40 ટકા સરકારના અનુદાનથી કરાવી શકશે.
- ✓ વતન પ્રેમ યોજના હેઠળ સ્કૂલોના ઓરડા ઉપરાંત સ્માર્ટ ક્લાસ, કોમ્યુનિટી હોલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, મધ્યાહ ભોજનનું રસોડું, સ્ટોર રૂમ, લાયબ્રેરી, વ્યાયામ શાળાનું મકાન અને સાધનો, સીસીટીવી કેમેરા સર્વેલન્સ સિસ્ટમ, સ્મશાનગૃહ, વોટર રિસાયકલિંગ, ગટર, તળાવ બ્યુટીફિકેશન, એસટી સ્ટેન્ડ, સોલાર સ્ટ્રીટ લાઇટ અને પાણીના ટ્યુબવેલ જેવા કામો કરી શકાશે.
- ✓ આ યોજના માટે અલાયદું વેબ પોર્ટલ શરૂ કરી તેના દ્વારા પેમેન્ટની વ્યવસ્થા પણ કરાશે. જે કામ પૂર્ણ થાય ત્યાં દાતાના નામની તકતી મૂકાશે. યોજના માટે 24 કલાક કાર્યરત કોલ સેન્ટર શરૂ કરાશે
- ✓ વિભાગ : પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગ

## 2. બીલીમોરા-વઘઇ ઐતિહાસિક નેરોગેજ ટ્રેન પુનઃ શરૂ કરાઇ




- ✓ 114 વર્ષ જૂની ટ્રેનમાં પ્રથમવાર AC કોચ લગાવવામાં આવ્યો

**મુખ્ય હેતુ :**

- ✓ સયાજીરાવ ગાયકવાડે 1892માં વનબંધુઓના આર્થિક ઉત્થાન હેતુથી શરૂ કરેલી ટ્રેનને સાંસદ સીઆર પાટીલે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.

**ટ્રેનના ઇતિહાસનો સારાંશ**

- ✓ સયાજીરાવ ગાયક્વાડે ઇ.સ.1892માં બીલીમોરા-વઘઇ નેરોગેજ ટ્રેન શરૂ કરાવી હતી. તેઓનો મુખ્ય ઉદ્દેશ ગરીબ આદિવાસી પ્રજા શહેરી વિસ્તારોના સંપર્કમાં આવે, રીત રિવાજો જાણે અને નાના મોટા કામધંધા કરી શકે તેવો હતો.
- ✓ આઝાદી પૂર્વે તે GBSR હેઠળ આવતી હતી, બાદમાં પશ્ચિમ રેલવેમાં સમાવી લેવાઇ હતી.

## 3. ભારતનો સૌથી વિશાળ ચરખો તૈયાર કરાયો - કોનોટ પ્લેસ, નવી દિલ્હી



**ચરખા વિશેષતાઓ :**

- ✓ ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન દ્વારા 2.5 ટનનો ચરખો બનાવવામાં આવ્યો.
- ✓ ચંપારણ સત્યાગ્રહના 100 વર્ષ નિમિત્તે ઉચ્ચ ગુણવત્તાવાળા ક્રોમિયમ નિકલ સ્ટીલમાંથી આ ચરખો બનાવવામાં આવ્યો.
- ✓ ઊંચાઇ : 12 ફૂટ, પહોળાઇ : 25 ફૂટ

## 4. કાર્બી-આંગલોંગ ત્રિપક્ષીય શાંતિ કરાર સંપન્ન : આસામ સરકાર

- ✓ કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને બળવાખોર જૂથો વચ્ચે ત્રિપક્ષીય કરાર



**કરાર વિશે :**

- ✓ આસામ સરકારે નવી દિલ્હી ખાતે રાજ્યના છ વિદ્રોહી સંગઠનોની સાથે કાર્બી-આંગલોંગ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા.
- ✓ આ સશસ્ત્ર વિદ્રોહી જૂથો પાછલા 30 વર્ષથી રાજ્યમાં હિંસક ઘટનાઓમાં સંડોવણી ધરાવે છે.
- ✓ આ જૂથોના એક હજાર વિદ્રોહીઓએ હથિયાર હેઠા મુકીને મુખ્ય પ્રવાહમાં પરત આવ્યા છે.
- ✓ આસામના ઇનિહાસમાં આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાશે. આજે પાંચથી વધુ સંગઠનના લગભગ 1000 કાર્યકર્તા હથિયાર છોડીને પરત ફર્યા છે. આસામ સરકાર અને કેન્દ્ર તેમના પુનર્વસન માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે.
- ✓ આગામી પાંચ વર્ષમાં કાર્બી પ્રદેશના વિકાસ માટે અંદાજે રૂ. 1,000 કરોડનો ખર્ચ કરાશે.

**કાર્બી - આંગલોંગ વિશે :**

- ✓ કાર્બી આસામનો એક મુખ્ય એથનિક કોમ્યુનિટી છે જે ઘણા વર્ષોથી આંગલોંગ સ્વાયત્ત પરિષદ(KAAC)ની માંગ કરતી રહી છે.
- ✓ આ વિદ્રોહી સમૂહ આસામમાં હિંસાનો લાંબો ઈતિહાસ ધરાવે છે. આ જૂથ 1980ના દાયકાથી જાતીય હિંસા, હત્યાઓ, અપહરણ અને લોકો પાસેથી પ્રોટેક્શન ટેક્સ ઉઘરાવવા માટે કુખ્યાત હતું.

**કરારમાં સહી કરનાર જૂથો :**

- ✓ બળવાખોર જૂથોમાં પીપલ્સ ડેમોક્રેટિક કાઉન્સિલ ઓફ કાર્બિ લોંગ્રિ, કાર્બિ લોંગ્રિ એનસી હિલ્સ લિબરેશન ફ્રન્ટ, કાર્બિ પીપલ્સ લિબરેશન ટાઇગર, કુકિ લિબરેશન ફ્રન્ટ અને યુનાઇટેડ પીપલ્સ લિબરેશન આર્મીનો સમાવેશ થાય છે.
- ✓ વિશેષ ઉપસ્થિતિ : ગૃહમંત્રી અમિત શાહ, આસામના મુખ્યમંત્રી શ્રી હેમંત બિસ્વા સરમા

## 5. ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગ : ભારતના વડાપ્રધાન શ્રી મોદી 70 ટકા રેટિંગ સાથે વિશ્વમાં પ્રથમ સ્થાને

**વિવિધ દેશના વડા અને રેટિંગ :**




**સર્વે કરનાર સંસ્થા :**

- ✓ **મોર્નિંગ કન્સલ્ટ US ડેટા ઇન્ટેલિજન્સ કંપની**
- ✓ મોર્નિંગ કન્સલ્ટ 13 દેશોમાં સરકારી નેતા માટેના એપ્રૂવલ રેટિંગને ટ્રેક કરે છે. તેનું રેટિંગ દરેક દેશના એડલ્ટ રેસિડેન્ટની સાત દિવસની મૂવિંગ એવરેજ પર આધારિત હોય છે.

**6. ટોક્યો પેરાલિમ્પિક 2020**

**તારીખ : 4-9-2020ના રોજ ગેમ્સમાં ભારતનું પ્રદર્શન :**

**વિજેતા ખેલાડી, રમત, મેડલ અને રાજ્ય :**

**(1) પ્રમોદ ભગત : બેડમિન્ટન : ગોલ્ડ મેડલ**, રાજ્ય : ઓડીશા

✓ પેરાલિમ્પિકમાં આ વર્ષે પ્રથમવાર બેડમિન્ટન ગેમ સામેલ

**(2) મનીષ નરવાલ : શૂટિંગ : ગોલ્ડ મેડલ**, રાજ્ય : હરિયાણા

**(3) સિંહરાજ અધાના : શૂટિંગ : સિલ્વર મેડલ**, રાજ્ય : હરિયાણા

**(4) મનોજ સરકાર : બેડમિન્ટન : બ્રોન્ઝ મેડલ**, રાજ્ય : ઉત્તરાખંડ

**7. જન્મ દિન વિશેષ : 04 સપ્ટેમ્બર**

**હિંદના દાદા : દાદાભાઈ નવરોજી**



**જન્મ : 04 સપ્ટેમ્બર 1825 અવસાન : 30 જૂન 1917**

✓ મુંબઈમાં જન્મેલા દાદાભાઈના પિતા પાલનજીનું નાનપણમાં જ અવસાન થયું હોવાથી તેઓનો ઉછેર માતા માણેકબાઈ દ્વારા થયો હતો.

✓ 11મા વર્ષે દાદાભાઈના લગ્ન થયા અને જીવનના 15મા વર્ષે અપશબ્દો નહિ બોલવાની અને મધપાન ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

✓ 27મા વર્ષે એલ્ફિન્સ્ટન કોલેજમાં ગણિત-ભૌતિકશાસ્ત્રના પહેલા ભારતીય પ્રોફેસર તરીકે જોડાયા હતા

✓ વિદ્યાર્થીઓ અને સ્ત્રીઓની પ્રવૃત્તિઓમાં આગેવાની લેનાર પણ દાદાભાઈ સૌપ્રથમ હતા.

✓ દાદાભાઈ વડોદરા રાજ્યના દીવાન (1874), હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના ત્રણવાર પ્રમુખ બન્યા હતા.

✓ દાદાભાઈ નવરોજીએ તેમના "Poverty and unbritish rule in india" પુસ્તકમાં રજૂ કરેલો ડ્રેઈન થિયરીનો ખ્યાલ ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદના ઉદય માટે ઘણો ઉપકારક નીવડ્યો.

✓ દાદાભાઈ નવરોજીનું 30 જૂન 1917ના રોજ 93 વર્ષની પૌઢ વયે મુંબઈમાં અવસાન થયું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (04-09-2021)

**1.** ગુજરાત સરકારની વતન પ્રેમ યોજના વિશે નીચેના પૈકી કયુ વિધાન લાગુ પડતુ નથી

1. ગુજરાતના ગામોમાં NRI સહિત દાતાશ્રીઓની મદદથી ડિસેમ્બર 2022 સુધીમાં રૂ. 1,000 કરોડના વિકાસ કામો કરવાનું લક્ષ્યાંક
2. દાતા દ્વારા 60 ટકા દાન અને 40 ટકા સરકારનું અનુદાન
3. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગ
4. વતન પ્રેમ યોજનાનું જૂનુ નામ–મદદે વતન યોજના

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 1, 2 અને 3 **(D) તમામ**

**2.** તા.4 સપ્ટેમ્બર 2021ના રોજ થયેલા કાર્બી-આંગલોંગ શાંતિ કરાર વિશે નીચેની કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. કેન્દ્ર સરકાર, આસામ સરકાર અને બળવાખોર જૂથો વચ્ચે નવી દિલ્હીમાં ત્રિપક્ષીય કરાર
2. આગામી પાંચ વર્ષમાં કાર્બી પ્રદેશના વિકાસ માટે અંદાજે રૂ. 1,000 કરોડનો ખર્ચ કરાશે
3. આ જૂથોના એક હજાર વિદ્રોહીઓએ હથિયાર મુકીને મુખ્ય પ્રવાહમાં પરત
4. કાર્બી આસામનો એક મુખ્ય એથનિક કોમ્યુનિટી છે જે ઘણા વર્ષોથી આંગલોંગ સ્વાયત્ત પરિષદ(KAAC)ની માંગ કરી રહી છે

(A) 1 અને 4 (B) 2 અને 3

(C) 1, 2 અને 3 **(D) ઉપરોક્ત તમામ**

**3.** ટોક્યો પેરાલિમ્પિક 2020માં તા. 4 સપ્ટેમ્બર-2020ના રોજ ભારતના વિજેતા ખેલાડી, રમત, મેડલ અને રાજ્યમાંથી નીચેની કઈ બાબત યોગ્ય નથી

1. પ્રમોદ ભગત : બેડમિન્ટન : ગોલ્ડ મેડલ, રાજ્ય : ઓડીશા
2. મનીષ નરવાલ : શૂટિંગ : ગોલ્ડ મેડલ, રાજ્ય : હરિયાણા
3. સિંહરાજ અધાના : શૂટિંગ : સિલ્વર મેડલ, રાજ્ય : હરિયાણા
4. મનોજ સરકાર : બેડમિન્ટન : બ્રોન્ઝ મેડલ, રાજ્ય : ઉત્તરાખંડ

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 2 અને 3 **(D) તમામ**

**4.** તા. 4 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાત 114 વર્ષ જૂની કઈ ઐતિહાસિક નેરોગેજ ટ્રેન પુનઃ શરૂ કરાઈ

(A) બીલીમોરા-વાંસદા (B) નવસારી-વાંસદા

**(C) બીલીમોરા-વઘઈ** (D) સુરત-બીલીમોરા

**5.** બીલીમોરા-વઘઈ ઐતિહાસિક નેરોગેજ ટ્રેન ક્યા રાજાએ 1892માં વનબંધુઓના આર્થિક ઉત્થાન હેતુથી શરૂ કરી હતી

(A) ગાયકવાડ શુંભાગીની દેવી (B) બાજીરાવ ગાયકવાડ

(C) ગાયકવાડ બીજા **(D) સયાજીરાવ ગાયકવાડ**

**6.** તાજેતરમાં ચંપારણ સત્યાગ્રહના 100 વર્ષ નિમિત્તે ભારતનો સૌથી વિશાળ ચરખો ક્યાં તૈયાર કરાયો

(A) રાજઘાટ, નવી દિલ્હી **(B) કોનોટ પ્લેસ, નવી દિલ્હી**

(C) પોરબંદર (D) મહાત્મા મંદિર, ગાંધીનગર

**7.** સપ્ટેમ્બર 2021માં ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગ અંતર્ગત ભારતના વડાપ્રધાન શ્રી મોદીને કેટલા ટકા રેટિંગ સાથે વિશ્વમાં પ્રથમ સ્થાન મળ્યુ

(A) 75 ટકા **(B) 70 ટકા** (C) 65 ટક (D) 50 ટકા

**8.** ટોક્યો પેરાલિમ્પિક 2020માં પ્રથમવાર કઈ ગેમ સામેલ કરાઈ

(A) શૂટિંગ (B) તિરંદાજી **(C) બેડમિન્ટન** (D) ભાલફેંક

**9.** દાદાભાઈ નવરોજીએ તેમના કયા પુસ્તકમાં રજૂ કરેલો ડ્રેઈન થિયરીનો ખ્યાલ ભારતમાં આર્થિક રાષ્ટ્રવાદના ઉદય માટે ઘણો ઉપકારક નીવડ્યો હતો

**(A) Poverty and unbritish rule in india**

(B) Poverty and poor british rule in india

(C) Poverty and british rule in india

(D) Poverty and unindian rule in british

**10.** હિંદના દાદા તરીકે ઓળખાતા દાદાભાઈ નવરોજી જન્મ દિવસ જણાવો

(A) 04 સપ્ટેમ્બર 1811 (B) 04 સપ્ટેમ્બર 1821

**(C) 04 સપ્ટેમ્બર 1825** (D) 04 સપ્ટેમ્બર 1831

**11.** દાદાભાઈ નવરોજી હિન્દી રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના કેટલી વાર પ્રમુખ બન્યા હતા

(A) બે **(B) ત્રણ** (C) ચાર (D) પાંચ

## 1. ગુજરાતમાં રાજ્યકક્ષાના ‘શિક્ષક દિવસ’ની અમદાવાદ ખાતે ઉજવણી



- ✓ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અને શ્રેષ્ઠ વિદ્યાર્થીને એવોર્ડ એનાયત કરાયા

## 2. શિક્ષક દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ભારતભરના 44 શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરાયા

- ✓ ગુજરાતના બે શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત

**(1) આચાર્ય શ્રી વનિતા રાઠોડ, વિનોબા ભાવે સ્કૂલ, રાજકોટ**

**(2) શ્રી અશોક પરમાર, શિક્ષક, હિતેન ધોળકિયા વિદ્યાલય, ભુજ**




## 3. નિપાહ વાઈરસ : ભારતમાં સૌપ્રથમ કેરળના કોઝિકોડમાં નિપાહ વાઈરસથી 12 વર્ષના કિશોરનું મૃત્યુ

- ✓ બે વર્ષ બાદ કેરળમાં ફરીથી નિપાહ વાઇરસ જોવા મળ્યો

**નિપાહ વાઈરસ વિશે :**

- ✓ ચામાચિડ્યાની લાળમાંથી નિપાહ વાઇરસ પ્રસરે છે. ચામાચિડ્યા દ્વારા ખવાયેલું ફળ માનવીમાં નિપાહ વાઇરસના પ્રસાર માટેનો મોટો સ્ત્રોત માનય છે. ત્યારબાદ શરીરમાંથી વહેતા પ્રવાહી દ્વારા માનવીમાંથી માનવીમાં આ વાઇરસ ફેલાય છે.




**રોગના લક્ષણો :**

- ✓ નિપાહના સંક્રમણથી વ્યક્તિને તાવ આવે છે, માથું દુ:ખે છે અને ઉલ્ટીઓ થતી હોય છે. જો સંક્રમણ ગંભીર બને તો દર્દી મગજના તાવનો શિકાર બને છે અને મોત પણ થઇ શકે છે.

## 4. નિર્ણય - નાણામંત્રાલય : 75 વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધોને IT રિટર્નમાંથી મુક્તિ

- ✓ જે વૃદ્ધોને માત્ર પેન્શન અને વ્યાજની આવક હોય તેમણે IT રિટર્ન ફાઇલ કરવાની છૂટ.
- ✓ ફેબ્રુઆરીમાં બજેટમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આ અંગે જાહેરાત કરી હતી.

## 5. CBDT : PFના વ્યાજ પર ટેકસની ગણતરી માટેના નવા નિયમો જાહેર

- ✓ PFમાં વાર્ષિક રૂ. 2.5 લાખથી વધુના ફાળા પરના વ્યાજ પર ટેક્સ લાગશે
- ✓ સંસ્થા : સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ

## 6. ટોક્યો પેરાલિમ્પિક 2020 : સમાપન : તા. 5 સપ્ટેમ્બર 2021 : ગોલ્ડન ગર્લ અવની લેખરા ભારતીય દળની ધ્વજવાહક રહી






**ટોક્યો પેરાલિમ્પિક્સમાં મેડલ્સના વિજેતાઓ**

| | | |
|---|---|---|
| ગોલ્ડ મેડલ | અવનિ લેખરા | મહિલાઓની ૧૦ મીટર એર રાઇફલ સ્ટેન્ડિંગ |
| | પ્રમોદ ભગત | પુરુષ સિંગલ્સ બેડમિન્ટન |
| | કૃષ્ણા નાગર | પુરુષ સિંગલ્સ- બેડમિન્ટન |
| | સુમિત અંટિલ | પુરુષોની ભાલાફેંક |
| | મનીષ નરવાલ | મિક્સ ૫૦ મીટર પિસ્તોલ |
| સિલ્વર મેડલ | ભાવિકા પટેલ | મહિલા સિંગલ્સ કક્ષા-૪ ટેબલ ટેનિસ |
| | સિંહરાજ | મિક્સ ૫૦ મીટર પિસ્તોલ |
| | યોગેશ કથુરિયા | ડિસ્ક થ્રો |
| | નિષાદકુમાર | ઊંચી કૂદ T૪૭ |
| | મરિયપ્પન થંગાવેલુ | ઊંચી કૂદ T૬૩ |
| | પ્રવીણકુમાર | ઊંચી કૂદ T૬૪ |
| | દેવેન્દ્ર ઝાઝરિયા | ભાલાફેંક F૪૬ |
| | સુહાસ યતિરાજ | પુરુષ સિંગલ બેડમિન્ટન SL૪ |
| બ્રોન્ઝ મેડલ | અવનિ લેખરા | મહિલાઓની ૫૦ મીટર રાઇફલ |
| | હરવિંદરસિંહ | પુરુષોની વ્યક્તિગત તીરંદાજી |
| | શરદકુમાર | ઊંચી કૂદ T૬૩ |
| | સુંદરસિંહ ગુર્જર | ભાલાફેંક F૪૬ |
| | મનોજ સરકાર | પુરુષ સિંગલ બેડમિન્ટન SL3 |
| | સિંહરાજ | પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ |

**ભારતનું પ્રદર્શન :**

- ✓ ગોલ્ડ મેડલ : 05     સિલ્વર મેડલ : 08
- ✓ બ્રોન્ઝ મેડલ : 06     કુલ : 19



**ટોક્યો પેરાલિમ્પિક મેડલ કાઉન્ટ**

| રેન્ક | દેશ | ગોલ્ડ | સિલ્વર | કાંસ્ય | કુલ |
|---|---|---|---|---|---|
| 1. | ચીન | 96 | 60 | 51 | 207 |
| 2. | બ્રિટન | 41 | 38 | 45 | 124 |
| 3. | અમેરિકા | 37 | 36 | 31 | 104 |
| 4. | રશિયા | 36 | 33 | 49 | 118 |
| 5. | નેધરલેન્ડ | 25 | 17 | 17 | 59 |
| 6. | યુક્રેન | 24 | 47 | 27 | 98 |
| 7. | બ્રાઝિલ | 22 | 20 | 30 | 72 |
| 8. | ઓસ્ટ્રેલિયા | 21 | 29 | 30 | 80 |
| 9. | ઇટાલી | 14 | 29 | 26 | 69 |
| 24. | ભારત | 5 | 8 | 6 | 19 |

- ✓ કુલ 19 મેડલ સાથે પેરાલિમ્પિકના ઇતિહાસમાં ભારતનો અત્યાર સુધીનું સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન
- ✓ ભારતનું સ્થાન 24મું

**રમત અને મેડલ :**

- ✓ એથ્લેટિક્સ : 08     શૂટિંગ : 05
- ✓ બેડમિન્ટન : 04     તીરંદાજી : 01
- ✓ કુલ : 19

**સુમિત અંટિલે વિશ્વવિક્રમ સાથે જીત્યો ગોલ્ડ :**

- ✓ ભારતના સ્ટાર એથ્લીટ સુમિત અંટિલે પુરુષોની ભાલફેંક સ્પર્ધા F64માં વિશ્વ વિક્રમ સાથે ગોલ્ડ મેડલ જીત્યો.
- ✓ તેણે 68.55 મીટરનો થ્રો કરીને ઇતિહાસ રચી દીધો હતો. તે ભારતનો બીજો ગોલ્ડ હતો.

**સુહાસ યતિરાજ પેરાલિમ્પિક્સમાં મેડલ મેળવનાર પ્રથમ IAS અધિકારી બન્યો :**

- ✓ ટોક્યો પેરાલિમ્પિક્સમાં બેટમિન્ટનમાં સુહાસે ભારતને ત્રીજો મેડલ અપાવ્યો હતો.
- ✓ ગૌતમ બુદ્ધ નગર(નોઇડા)ના 38 વર્ષીય (જિલ્લાધિકારી-DM) સુહાસ પેરાલિમ્પિકગેમ્સમાં મેડલ જીતવાવાળો પ્રથમ IAS અધિકારી પણ બની ચૂક્યો.
- ✓ સુહાસે સિલ્વર મેડલ જીતીને ભારતના મેડલના ટોટલને 18 ઉપર પહોંચાડ્યું હતું.

**ખેલાડીઓના ઐતિહાસિક પ્રદર્શનનું કારણ :**

- ✓ 5 ગણો વધુ ખર્ચ, મેડલ 5 ગણા
- ✓ ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતની અત્યાર સુધીની સૌથી મોટી ટુકડી ગઈ હતી. 9 રમતમાં 54 ખેલાડીઓ ગયા હતા.
- ✓ તૈયારી પર 16.81 કરોડથી વધુ ખર્ચ્યા હતા. આ રકમ ગત વખતથી 5 ગણી વધુ છે.
- ✓ રિયો પેરાલિમ્પિકમાં 16 ખેલાડીએ ભાગ લીધો અને તૈયારી પાછળ રૂ. 3.56 કરોડ ખર્ચ્યાં હતા.

**7. દિન વિશેષ : 5 સપ્ટેમ્બર શિક્ષક દિવસ**




**ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં પ્રતિ વર્ષ 5 સપ્ટેમ્બરે ઉજવણી**

**8. જન્મ દિન વિશેષ : 5 સપ્ટેમ્બર**

**દાર્શનિક રાષ્ટ્રપતિ :ડો .રાધાકૃષ્ણન**




**જન્મ : 05 સપ્ટેમ્બર 1888 અવસાન : 17 એપ્રિલ 1975**

- ✓ શિક્ષક અને કર્મકાંડી પિતાના આ પુત્રએ શિક્ષણ ગામ તીરુતાની, વેલ્લોર અને મદ્રાસથી લીધુ હતું.
- ✓ 1908માં પ્રેસિડેન્સી કોલેજ કોલકાતામાં તત્વજ્ઞાનના સહાયક અધ્યાપક બન્યા.
- ✓ વિદ્યાર્થીપ્રિય રાધાકૃષ્ણન કોલકતા યુનિ.માં ફિલોસોફીના પ્રોફેસર અને 1926માં આંધ્ર યુનિ.ના પહેલા કુલપતિ રહ્યા હતા તથા બનારસ હિંદુ યુનિ.ના કુલપતિપદે પણ નિમાયા હતા.
- ✓ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા રાધાક્રિષ્નન 1938માં મહાત્મા ગાંધીને મળી આઝાદીના સંગ્રામમાં જોડાયા હતા. 1942ના આંદોલનમાં ભાગ લઇ જેલવાસ પણ ભોગવ્યો હતો.
- ✓ આઝાદી પછી રશિયાના રાજદૂત, ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ બન્યા. ઉપરાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોય છે તેમના અધ્યક્ષકાળ દરમિયાન તેમના નૈતિકતાના પાઠ સામે રાજનીતિ દબાઈ જતી.
- ✓ 'હું પહેલા શિક્ષક છું અને પછી રાષ્ટ્રપતિ' તેમ કહેનાર, ડો. રાધાકૃષ્ણન ભારતના સાંસ્કૃતિક દૂત, દાર્શનિક અને મહાન રાજનીતિજ્ઞ હતા.

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (05-09-2021)**

**1.** સપ્ટેમ્બર 2021માં ભારતમાં સૌપ્રથમ જોવા મળેલા નિપાહ વાઇરસ અંગે નીચેનામાંથી કઇ બાબત યોગ્ય છે

1. ભારતમાં સૌપ્રથમ કોઝિકોડ,કેરળમાં નિપાહ વાઇરસ જોવા મળ્યો
2.ચામાચિડ્યાની લાળમાંથી નિપાહ વાઇરસ પ્રસરે છે
3. મગજનો તાવ, માથાનો દુ:ખાવો અને ઉલ્ટીઓ થવીએ નિપાહ વાઇરસના લક્ષણો

(A) 2 અને 3 (B) 1 અને 2
**(C) 1, 2, અને 3** (D) એક પણ નહીં

**2.** ટોક્યો પેરાલિમ્પિક 2020 અંગે નીચેના પૈકી કઇ બાબત યોગ્ય છે

1. સમાપન : તા. 5 સપ્ટેમ્બર 2021
2.ભારતીય દળની ધ્વજવાહક - ગોલ્ડન ગર્લ અવની લેખરા
3. 05 ગોલ્ડ, 08 સિલ્વર તથા 06 બ્રોન્ઝ મળી કુલ 19 મેડલ સાથે વિશ્વમાં 24માં ક્રમે
4. ચીન 96 ગોલ્ડ સાથે પ્રથમ ક્રમે

**(A) 1, 2, 3 અને 4** (B) 1 અને 2
(C) 2 અને 3 (D) 1, 2 અને 3

**3.** ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતે કઇ રમતમાં કેટલા મેડલ જીત્યા

1. એથ્લેટિક્સ : 08 2. શૂટિંગ : 05 3. બેડમિન્ટન : 04 4. તીરંદાજી : 01

(A) 1 અને 4 **(B) 1, 2, 3 અને 4** (C) 3 અને 4 (D) 2 અને 3

**4.** સપ્ટેમ્બર 2021ના નાણામંત્રાલયના જાહેરનામા મુજબ કેટલા વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધોને IT રિટર્નમાંથી મુક્તિ અપાઇ

(A) 80 **(B) 75** (C) 71 (D) 65

**5.** સપ્ટેમ્બર 2021ના CBDTના નવા નિયમ મુજબ PFમાં વાર્ષિક કેટલા લાખથી વધુના ફાળા પરના વ્યાજ પર ટેક્સ લાગશે

(A) રૂ. 1 લાખ (B) રૂ. 2 લાખ **(C) રૂ. 2.5 લાખ** (D) રૂ. 3 લાખ

**6.** CBDTનું વિસ્તૃત નામ જણાવો

(A) સેન્ટર બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ
**(B)સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ**
(C) સેન્સર બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

**7.** ગુજરાતમાં 5મી સપ્ટેમ્બરે રાજ્યપાલશ્રી દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી રૂપાણીની ઉપસ્થિતિમાં રાજ્યકક્ષાના 'શિક્ષક દિવસ' ક્યાં ઊજવાયો

(A) ગાંધીનગર (B) રાજકોટ **(C) અમદાવાદ** (D) વડોદરા

**8.** શિક્ષક દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ભારતભરના કેટલા શિક્ષકોને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરાયા

(A) 25 (B) 35 **(C) 44** (D) 51

**9.** શિક્ષક દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા ગુજરાતના કયા શિક્ષકને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરાયો

(A) આચાર્ય શ્રી વનિતા રાઠોડ, વિનોબા ભાવે સ્કૂલ, રાજકોટ
(B) શ્રી અશોક પરમાર, શિક્ષક, હિતેન ધોળકિયા વિધાલય, ભુજ
**(C) A અને B બંને**

(D) આપેલ પૈકી એક પણ નહીં

**10.** ટોક્યો પેરાલિમ્પિક 2020માં ભારતીય ભાલાફેંક ખેલાડી સુમિત અંટિલે પુરુષોની F64 કેટેગરીમાં કેટલા મીટરનો થ્રો કરી ગોલ્ડમેડલ જીત્યો

(A) 65.85 મીટર (B) 55.68 મીટર **(C) 68.55 મીટર** (D) 69.11 મીટર

**11.** પેરાલિમ્પિક્સમાં મેડલ મેળવનાર પ્રથમ IAS અધિકારી તેનો જિલ્લો અને રમત જણાવો

(A) જિલ્લાધિકારી-DM સુહાસ યતિરાજ, ગૌતમ બુદ્ધ નગર(નોઇડા) તથા શૂટિંગ

**(B) જિલ્લાધિકારી-DM સુહાસ યતિરાજ, ગૌતમ બુદ્ધ નગર(નોઇડા) તથા બેડમિન્ટન**

(C) DM સુહાસ યતિરાજ, ગૌતમ બુદ્ધ નગર(નોઇડા) તથા ભાલાફેંક

(D) જિલ્લાધિકારી સુહાસ યતિરાજ, ગૌતમ બુદ્ધ નગર(નોઇડા) તથા તિરંદાજી

**12.** ભારતમાં શિક્ષક દિવસ ક્યારે-કોની યાદમાં મનાવવામાં આવે છે

(A) 3 સપ્ટેમ્બર તથા ડૉ. એ.પી.જે અબ્દૂલ કલામ

(B) 4 સપ્ટેમ્બર તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર

**(C) 5 સપ્ટેમ્બર તથા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**

(D) 1 સપ્ટેમ્બર તથા ડૉ. સર્વપલ્લી રાધામોહન

**13.** દાર્શનિક રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ જણાવો

**(A) 05 સપ્ટેમ્બર 1888** (B) 05 સપ્ટેમ્બર 1889

(C) 05 સપ્ટેમ્બર 1890 (D) 05 સપ્ટેમ્બર 1891

**14.** આંધ્રપ્રદેશ યુનિવર્સિટીના પહેલા કુલપતિ ક્યા વર્ષે-કોણ બન્યુ હતું

(A) વર્ષ 1925 તથા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

**(B) વર્ષ 1926 તથા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન**

(C) વર્ષ 1927 તથા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

(D) વર્ષ 1928 તથા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

**15.** ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન આઝાદી પછી કયા દેશના રાજદૂત બન્યા

(A) ફ્રાંસ (B) ચીન (C) અમેરિકા **(D) રશિયા**

## DATE : 06-09-2021

### 1. ગુજરાત સરકાર : રાજયના 9 લાખથી વધુ કર્મચારી-પેન્શનરોનું DA 17 ટકાથી વધારીને 28 ટકા કરાયું




- ✓ મોંઘવારી ભથ્થું-DAમાં કુલ 11 ટકાનો વધારો
- ✓ અમલ : 01 જુલાઈથી
- ✓ સરકાર ઉપર માસિક રૂ. 37.8 કરોડનો આર્થિક બોજો પડશે
- ✓ નાણામંત્રી : શ્રી નીતિનભાઈ પટેલ

### 2. રાજ્ય ચૂંટણી આયોગ - ગુજરાત : ગુજરાતમાં ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ વિવિધ પેટા ચૂંટણી જાહેર

**કયા કયા શહેરમાં ચૂંટણી યોજાશે :**

- ✓ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી ત્રીજી ઓક્ટોબરે યોજાશે.
- ✓ રાજ્ય ચૂંટણી આયોગે ઓખા અને થરા નગરપાલિકા તેમજ ભાણવડ પાલિકાની મધ્યસત્ર ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો.
- ✓ બે મ્યુનિસિપલ કોર્પોરેશન, 29 પાલિકા, 7 જિલ્લા પંચાયત, 41 તાલુકા પંચાયતોમાં કુલ 103 બેઠકો ઉપર પણ ત્રીજી ઓક્ટોબરે મતદાન થશે અને પાંચમી ઓક્ટોબરે પરીણામો જાહેર થશે.




**કાર્યક્રમ :**

- ✓ મતદાન : તા. 3 ઓક્ટોબર 2021
- ✓ પરિણામ : તા. 5 ઓક્ટોબર 2021
- ✓ **રાજ્ય ચૂંટણી કમિશનર : શ્રી સંજય પ્રસાદ**

### 3. ભારતીય રેલવે : ધાર્મિક પ્રવાસનને ઉત્તેજન આપવા "શ્રી રામાયણ યાત્રા"ની ખાસ ટ્રેન શરૂ કરાશે

- ✓ આગામી તા. 7 નવેમ્બર 2021થી પ્રારંભ
- ✓ દેખો અપના દેશ
- ✓ કેન્દ્ર સરકારે શરૂ કરેલી પહેલ 'દેખો અપના દેશ' અન્વયે ભારતીય રેલવેએ 'શ્રી રામાયણ યાત્રા' નામની ખાસ ટ્રેન સેવા શરૂ કરી દેશમાં ધાર્મિક પ્રવાસનને ઉત્તેજન આપવાનું નિર્ધાર્યું.
- ✓ 7,500 કિ.મી. તથા 17 દિવસની "શ્રી રામાયણ યાત્રા"નો વ્યક્તિ દીઠ પ્રવાસ ખર્ચ રૂ. 82,950
- ✓ પ્રવાસ સાતમી નવેમ્બરે સફદરજંગ રેલવે સ્ટેશનથી શરૂ થશે.




- ✓ આ ટુર હેઠળ ભગવાન રામ સાથે સંકળાયેલા તમામ અગ્રણી સ્થળોને આવરી લેવામાં આવશે.
- ✓ ઈન્ડિયન રેલવે કેટરિંગ ટુરિઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી), ઈન્ડિયન રેલ્વેસ કેટરિંગ એન્ડ ટુરિઝમ સબસિડિયરીએ ભેગા મળીને આ યાત્રાનું ભાડું અને સ્પેશિયલ ટ્રેનના રૂટ નક્કી કર્યાં છે.

### 4. ISRO : ચંદ્રયાન-2ના ચંદ્રની કક્ષામાં પહોંચવાના બે વર્ષ પૂર્ણ




**ચંદ્રયાન 2 વિશે :**

- ✓ 9,000થી વધુ પરિક્રમા પૂર્ણ કરવાની ખાસ સિદ્ધિ
- ✓ ચંદ્રની સપાટીથી 100 કિલોમીટર ઊંચે પરિભ્રમણ
- ✓ હજુ બીજા અનેક વર્ષો સુધી કાર્યરત રહેશે
- ✓ ISRO પ્રમુખ : કે. સિવાન
- ✓ મુખ્યમથક : બેંગલુરુ

## 5. ખેલકૂદ : ભારતીય ક્રિકેટ ટીમે 50 વર્ષ બાદ ઇંગ્લેન્ડના ઓવલમાં ઇંગ્લેન્ડને ટેસ્ટ મેચમાં હરાવ્યું




- ✓ અગાઉ વર્ષ 1971માં અજીત વાડેકરના નેતૃત્વમાં ભારતે ઇંગ્લેન્ડને ચાર વિકેટે હરાવ્યું હતું

## 6. 4th ઓસીઈન્ડેક્સ યુદ્ધાભ્યાસ : ભારત અને ઓસ્ટ્રેલિયન નેવી વચ્ચે પાંચ દિવસીય યુદ્ધાભ્યાસનો પ્રારંભ

- ✓ સમયગાળો : તા. 06 થી 10 સપ્ટેમ્બર 2021
- ✓ **યજમાન : ઉત્તર ક્ષેત્ર, ઓસ્ટ્રેલિયા**




**ઉદ્દેશ :**

- ✓ સ્થિર તથા સુરક્ષિત હિન્દ પેસિફિક ક્ષેત્ર માટે સંયુક્ત ક્ષમતાને વધુ મજબૂત બનાવવી.

**યુદ્ધાભ્યાસ વિશે :**

- ✓ ભારત અને ઓસ્ટ્રેલિયાની નેવી વચ્ચે પાંચ દિવસના યુદ્ધાભ્યાસનો પ્રારંભ
- ✓ ઓસીઈન્ડેક્સ અભ્યાસમાં બંને દેશોની નેવીના જહાજ, સબમરીન, હેલિકોપ્ટર અને લાંબા અંતરનું સમુદ્રી પેટ્રોલિંગ વિમાન ભાગ લેશે.

**ભારતીય નેવીની ભૂમિકા :**

- ✓ **ભારતીય નેવીના સમૂહમાં શિવાલિક અને કદમાત્ત જહાજ સામેલ** થયા.

**ઓસ્ટ્રેલિયન નેવીની ભૂમિકા :**

- ✓ રોયલ ઓસ્ટ્રેલિયન નેવીએ એન્ઝાક શ્રેણીના જહાજ એચએમએએસ વાર્રામુંગા તહેનાત કર્યું
- ✓ આ જહાજની સાથે ઓસ્ટ્રેલિયાની સબમરીન, રોયલ ઓસ્ટ્રેલિયન વાયુસેનાનું પી-8 એક સમુદ્રી પેટ્રોલિંગ વિમાન, આરએએએફનું ફાઈટર જેટ અને હેલિકોપ્ટર સામેલ થયા.

**અભ્યાસના ફાયદા :**

- ✓ અભ્યાસથી બંને દેશોની નેવી પાસે સ્થિર તથા સુરક્ષિત હિન્દ-પેસિફિક ક્ષેત્રમાં સહયોગ માટે સંયુક્ત રક્ષા ક્ષમતાને મજબૂત કરવાની તક હશે.

## 7. 13મુ BRICS-2021 : ઓનલાઈન સંમેલન : તા. 9 સપ્ટેમ્બર 2021




- ✓ **યજમાન દેશ : ભારત**

**સંયુક્ત સંમેલન વિશે :**

- ✓ **મુખ્ય એજન્ડા :** અફઘાનની વર્તમાન સ્થિતિ
- ✓ **દેશ:** ભારત, ચીન, રશિયા, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકાનું સંયુક્ત સંમેલન બ્રિક્સ 9 સપ્ટેમ્બરે ઓનલાઇન યોજાશે. આ 13મા શિખર સંમેલનનું નેતૃત્વ ભારત કરશે.
- ✓ બ્રિક્સ ઉભરતાં બજારો અને વિકાસશીલ દેશો વચ્ચે સહયોગનું એક મહત્ત્વપૂર્ણ મંચ છે.

## 8. બંગબંધુ મિડીયા સેન્ટર : નવી દિલ્હી




**વિગત :** બાંગ્લાદેશના માહિતી-પ્રસારણ મંત્રી ડૉ. હસન મહેમૂદ દ્વારા પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયામાં બનેલા બંગબંધુ મીડિયા સેન્ટરનું ઉદ્ઘાટન.

- ✓ **આ ભારત- બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી સંબંધોનું 50મું વર્ષ.**

**બંગબંધુનું યોગદાન :**

- ✓ શેખ મુજીબુર રહેમાન-બંગબંધુએ બાંગ્લાદેશની આઝાદી અને લોકો માટે પ્રાણોની આહુતિ આપી.

## 9. જન્મ દિન વિશેષ : 6 સપ્ટેમ્બર :ગ્રામમાતા : અનુબેન ઠક્કર

**જન્મ : 6 સપ્ટેમ્બર 1944, અવસાન : 18 ડિસેમ્બર 2001**

- ✓ જન્મ કચ્છના અંજારમાં પણ ઉછેર થયો સાણંદમાં થયો.
- ✓ અનુબેન બચપણમાં વિવેકાનંદથી પ્રભાવિત થયા
- ✓ મુનિશ્રી સંતબાલજી અને મૌની મહારાજના પ્રભાવે તેઓને સમાજસેવાની પ્રેરણા આપી હતી.




- ✓ આઝાદી પછી રાજકારણમાં જોડાવાની અને શહેરોમાં વસવાની હોડ મચી હતી ત્યારે અનુબેને 1978માં સમાજ સેવા અર્થે વડોદરાના વાઘોડિયાના ગોરજ ગામે ધૂણી ધખાવી.
- ✓ તેમણે ગરીબ બાળકોને દત્તક લીધા શારદા મંદિર સંસ્થા દ્વારા બાળ મંદિર, પ્રાથમિક, માધ્યમિક અને ઘોડિયા ઘરો ચાલુ કર્યા ગ્રામીણ મહિલાઓને ભરત-ગુંથણ-સીવણની તાલીમ આપી સ્વાશ્રયનો ખ્યાલ આપ્યો.
- ✓ 1981મા આરોગ્ય મંદિર શરુ કરી ખુબ જ ઓછા દરે દર્દીઓની સારવાર શરુ કરાવી સાથે અન્નપૂર્ણા મંદિરમાં દર્દીઓના સગાઓને વિનામુલ્યે ભોજનની સુવિધા ઉભી કરી
- ✓ અમદાવાદ સિવાય ક્યાય કેન્સર હોસ્પિટલ ન હતી ત્યારે કૈલાશ કેન્સર હોસ્પિટલ ઉભી કરી વાનપ્રસ્થ મંદિર દ્વારા ભજન-કીર્તન, સત્સંગ,ધ્યાન અને વાંચનની વ્યવસ્થા ઉભી કરી તો ગૌશાળા દ્વારા બાયોગેસ અને પશુપાલનની તાલીમ આપી
- ✓ આ સંસ્થાનો ઉદ્દેશ "અમને રોટલો ન આપશો, પણ રોટલો કેમ કમાવવો તે બતાવો "સાર્થક કર્યું.
- ✓ અનુબેનના સેવાયજ્ઞની અશોક ગોંધિયા (1996), જાનકીદેવી બજાજ એવોર્ડ અને મેવાડ ફાઉન્ડેશન દ્વારા કદર થઇ.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (06-09-2021)

**1.** ભારતીય રેલવેની ધાર્મિક પ્રવાસનને ઉત્તેજન આપવા "શ્રી રામાયણ યાત્રા" ખાસ ટ્રેન સંદર્ભે કઈ બાબત ખરી છે

1. કેન્દ્ર સરકારે શરૂ કરેલી પહેલ 'દેખો અપના દેશ'
2. તા. 7 નવેમ્બર 2021થી સફદરજંગ રેલવે સ્ટેશનથી પ્રારંભ
3. 17 દિવસમાં 7,500 કિ.મી.ની યાત્રા
4. "શ્રી રામાયણ યાત્રા"નો વ્યક્તિ દીઠ પ્રવાસ ખર્ચ રૂ. 82,950

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**2.** સપ્ટેમ્બર 2021માં 4th ઓસીઈન્ડેક્સ યુદ્ધાભ્યાસ સંદર્ભે નીચે પૈકી ક્યા તથ્યો યોગ્ય છે

1. ભારત અને ઓસ્ટ્રેલિયન નેવી વચ્ચે પાંચ દિવસીય યુદ્ધાભ્યાસ
2. સમયગાળો : તા. 06 થી 10 સપ્ટેમ્બર 2021
3. યજમાન : ઉત્તર ક્ષેત્ર, ઓસ્ટ્રેલિયા
4. ભારતીય નેવીના સમૂહમાં શિવાલિક અને કદમાત્ત જહાજ સામેલ તથા ઓસ્ટ્રેલિયામાં રોયલ નેવીના એન્ઝાક શ્રેણીના જહાજ એચએમએએસ વાર્રામુંગા તહેનાત કર્યું

(A) 1 અને 3 (B) 2 અને (C) 2, 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**3.** તા. 9 સપ્ટેમ્બર 2021ના રોજ ઓનલાઈન યોજાનાર BRICS સંમેલનમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. 13મુ BRICS સંમેલન
2. યજમાન દેશ : ભારત
3. મુખ્ય એજન્ડા : અફઘાનની વર્તમાન સ્થિતિ
4. દેશ : ભારત, ચીન, રશિયા, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા

**(A) 1, 2, 3 અને 4** (B) 4 અને 1
(C) 2, 3 અને 4 (D) 1, 2 અને 3

**4.** સપ્ટેમ્બર 2021માં ગુજરાત સરકારે રાજયના 9 લાખથી વધુ કર્મચારી-પેન્શનરોનું DA કેટલા ટકાથી વધારીને કેટલા ટકા કરાયું

(A) 11 તથા 18 (B) 14 તથા 25
**(C) 17 તથા 28** (D) 19 તથા 31

**5.** સપ્ટેમ્બર 2021માં ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા સહિત કુલ 103 બેઠકો માટે જાહેર કરાયેલી પેટાચૂંટણીનું મતદાન-મતગણતરી ક્યારે થશે

(A) તા. 1 ઓક્ટોબર તથા તા. 3 ઓક્ટોબર
(B) તા. 2 ઓક્ટોબર તથા તા. 4 ઓક્ટોબર
(C) તા. 3 ઓક્ટોબર તથા તા. 5 ઓક્ટોબર
(D) તા. 5 ઓક્ટોબર તથા તા. 10 ઓક્ટોબર

**6.** ગુજરાતના વર્તમાન રાજ્ય ચૂંટણી કમિશનર કોણ છે

**(A) શ્રી સંજય પ્રસાદ** (B) રાજીવકુમાર
(C) એસ. મુરલીક્રિષ્ના (D) વરેશસિંહ

**7.** સપ્ટેમ્બર 2021માં ચંદ્રયાન-2ના ચંદ્રની કક્ષામાં પહોંચવાના કેટલા વર્ષ પૂર્ણ થવાની ISRO દ્વારા ઉજવણી કરાઈ

(A) 1 વર્ષ **(B) 2 વર્ષ**
(C) 3 વર્ષ (D) 4 વર્ષ

**8.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ચંદ્રયાન-2એ ચંદ્રની કેટલી પરિક્રમા પૂર્ણ કરવાની ખાસ સિદ્ધિ મેળવી

**(A) 9,000થી વધુ** (B) 7,000થી વધુ
(C) 5,000થી વધુ (D) 4,000થી વધુ

**9.** ISROના વર્તમાન પ્રમુખનું નામ જણાવો

(A) કે.ક્રિષ્નામૂર્તિ (B) કિશન રેડ્ડી
**(C) કે સિવાન** (D) ડૉ. વિક્રમ સારાભાઈ

**10.** સપ્ટેમ્બર 2021માં ભારતીય ક્રિકેટ ટીમે કેટલા વર્ષ બાદ ઇંગ્લેન્ડના ઓવલમાં ઇંગ્લેન્ડને ટેસ્ટ મેચમાં હરાવ્યું

(A) 55 **(B) 50** (C) 47 (D) 41

**11.** ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી સંબંધોના 50 વર્ષ નિમિત્તે સપ્ટેમ્બર 2021માં પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયામાં બનેલા બંગબંધુ મિડીયા સેન્ટરનો પ્રારંભ ક્યાં કરાયો

**(A) નવી દિલ્હી** (B) ઢાકા
(C) મુંબઈ (D) કોલકત્તા

**12.** સમાજસેવિકા અનુબેન ઠક્કરનું હુલામણુ નામ જણાવો

(A) અનુપ્રિયા દેવી (B) ભગીની દેવી
**(C) ગ્રામમાતા** (D) પાલક માતા

**13.** અનુબેન ઠક્કરનો જન્મ ક્યારે-કયાં થયો હતો તથા ઉછેર કયાં થયો હતો

(A) 5 સપ્ટેમ્બર 1944, અંજાર (કચ્છ) તથા સાણંદ
**(B) 6 સપ્ટેમ્બર 1944, અંજાર (કચ્છ) તથા સાણંદ**
(C) 7 સપ્ટેમ્બર 1944, અંજાર (કચ્છ) તથા સુરત
(D) 8 સપ્ટેમ્બર 1944, ગાંધીધામ(કચ્છ) તથા સાણંદ

## DATE : 07-09-2021

### 1. ગુજરાત સરકાર : MSME કમિશનરેટ એમેઝોન વચ્ચે ઈ-કોમર્સ માટે ગાંધીનગર ખાતે MOU- સમજૂતી કરાર

✓ **લક્ષ્યાંક :** એમેઝોનના ઈ-કોમર્સ પ્લેટફોર્મ ઉપર રાજ્યની MSME ઉત્પાદિત ચીજો મુકાશે




**MOU વિશે :**

✓ એમેઝોન અને રાજ્યના એમએસએમઇ કમિશનરેટ વચ્ચે સમજૂતી કરાર.

✓ રાજ્યની ટેક્સ્ટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરી, હસ્તકળા કારીગરી, હેલ્થકેર, હર્બલ-ઓર્ગેનિક જેવી ચીજવસ્તુઓ એમેઝોન દ્વારા વૈશ્વિક ગ્રાહકો સુધી પહોંચી શકશે.

✓ રાજ્યમાં MSME ક્લસ્ટર્સ ધરાવતા અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, રાજકોટ સહિત શહેરોમાં બિઝનેસ-ટુ-કોમર્સ, ઇ-કોમર્સ અંગે ટ્રેનિંગ સેશન-વર્કશોપ-સેમિનાર યોજી એમેઝોન રાજ્યના MSME સેક્ટરને તેમનું ઉત્પાદન ઓનલાઇન વેચવા માટે મદદરૂપ થશે.

✓ ઉપરાંત યુએસ, કેનેડા, બ્રાઝિલ, ફ્રાન્સ, જર્મની, યુકે, ઓસ્ટ્રેલિયા, જાપાન, સિંગાપોર, તુર્કી તેમજ યુએઇ જેવા 17 દેશોમાં કાર્યરત એમેઝોનના ડિજિટલ માર્કેટ પ્લેટફોર્મ્સ ઉપર રાજ્યના MSMEના ઉત્પાદનો મુકાશે, જેથી ગ્રાહકો તેના સીધા વેચાણનો લાભ લઈ શકશે.

✓ એમેઝોનના ઇ-કોમર્સ પ્લેટફોર્મથી <u>200થી વધુ દેશોમાં રાજ્યના MSME ઉધોગો તેમની પ્રોડક્ટ્સ નિકાસ કરી શકશે.</u>

✓ વર્ષ 2020-21માં દેશની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો 21 % હતો.

✓ એમેઝોન દ્વારા MSME માટે ચાર ઝોનમાં ઈ-કોમર્સ તાલીમ યોજાશે

**2. મેરીટાઇમ એક્સરસાઇઝ 2021 :**
**ભારત અને ઇજિપ્તના નૌકાદળ વચ્ચે કવાયત**

✓ સ્થાન : ભૂમધ્ય સમુદ્ર-ઇજિપ્ત

**ભાગ લેનાર જહાજ :**

✓ ઇજિપ્ત ફ્રન્ટલાઈન ફ્રિગેટ ENS એલેક્ઝાન્ડ્રિયા

✓ ભારત : ફ્રિગેટ INS તરબાર

**3. શિક્ષક પર્વ 2021 : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સ દ્વારા શિક્ષક પર્વનો પ્રારંભ કરાવ્યો**




✓ નવી દિલ્હી ખાતે શિક્ષક દિન નિમિત્તે તા. 5 થી 17 સપ્ટેમ્બર 2021 શિક્ષક પર્વનુ આયોજન :

✓ **થીમ : ક્વોલિટિ એન્ડ સસ્ટેનેબલ સ્કૂલ્સ : લર્નિંગ ફ્રોમ સ્કૂલ્સ ઈન ઈન્ડિયા**

**PM મોદી દ્વારા શિક્ષણને વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બનાવવા પાંચ મુદ્દા રજુ કરાયા**

1. **ઈન્ડિયન સાઈન લેન્ગવેજ ડિક્શનરી** (બહેરા લોકો માટે ઓડિયો અને ટેક્સ્ટ સાથે સાઈન લેન્વેજ વીડિયો જે યુનિવર્સલ ડિઝાઈન ઓફ લર્નિંગ સાથે તૈયાર કરાયો છે).
2. **ટોકિંગ બૂક** (દૃષ્ટિની ખામી ધરાવતા લોકો માટે ઓડિયો બૂક).
3. CBSE માટે **સ્કૂલ ક્વૉલિટી એશ્યોરન્સ અને એસેસમેન્ટ ફ્રેમવર્ક**
4. **NISHTHA ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ** જે NIPUN ભારત માટે તૈયાર કરાયો છે. તે ઝડપથી બદલાતા યુગમાં નવી સિસ્ટમ અને ટેકનિક શીખવા શિક્ષકોને મદદરૂપ થશે.
5. **વિધાંજલિ પોર્ટલ** જે સ્કૂલના વિકાસ માટે શિક્ષણ વોલ્યુન્ટિયર્સ, દાતાઓ અને CSR કોન્ટ્રિબ્યુટર્સને મદદરૂપ થશે.

**4. ક્યુબા : બે વર્ષના બાળકોને કોરોના વેક્સિન આપનાર વિશ્વનો પ્રથમ દેશ**

✓ **વેક્સિનનું નામ :** અબ્દાલા અને સોબરા




✓ ક્યૂબાએ કોરોનાકાળમાં અમેરિકા, ચીન અને રશિયા જેવી મહાસત્તાઓને પાછળ રાખીને એક મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી.

✓ 1.12 કરોડની વસતી ધરાવતાં ટચૂકડા સામ્યવાદી દેશ ક્યુબામાં ઘરઆંગણે વિકસિત કરવામાં આવેલી વેક્સિનને મંજૂરી આપવામાં આવી છે.

✓ આ <u>વેક્સિનને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને મંજૂરી મળવાની બાકી</u> છે. ઘણા દેશોમાં 12 વર્ષથી ઉપરના બાળકોને વેક્સિન આપવાની શરૂઆત થઇ હતી તેમાં હવે ક્યૂબાએ બે વર્ષનાં બાળકોને પણ આવરી લીધા છે.

✓ ક્યૂબામાં કોરોના વેક્સિન અબ્દાલા અને સોબરાનાની ટ્રાયલ પૂરી થયા બાદ 03 સપ્ટેમ્બરથી 12 વર્ષથી ઉપરના બાળકોને વેક્સિન આપવાની શરૂઆત થઇ ગઇ હતી. તે પછી છ સપ્ટેમ્બરથી 2થી 11 વર્ષની વયના બાળકોને વેક્સિન આપવાની શરૂઆત કરી

**5. અલ સાલ્વાડોર : બીટકોઈનને સત્તાવાર ચલણ અથવા લીગલ ટેન્ડર તરીકે માન્યતા આપનાર વિશ્વનો પ્રથમ દેશ**




✓ વિશ્વની સૌથી લોકપ્રિય, સૌથી જૂની અને સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઇનના 12 વર્ષના ઇતિહાસની સૌથી મોટી કસોટી શરૂ થઈ.

✓ <u>મધ્ય અમેરિકાના દેશ અલ સાલ્વાડોરે તા. 7 સપ્ટેમ્બર 2021થી દેશના કાયદેસરના ચલણ અથવા તો લીગલ ટેન્ડર તરીકે બિટકોઇનને મંજૂરી આપી.</u> આવું પગલું ભરનારો અલ સાલ્વાડોર પ્રથમ દેશ બન્યો.

✓ શરૂઆતના 200 બિટકોઇનની ખરીદી કર્યા બાદ દેશના **પ્રેસિડેન્ટ નાવિબ બુકેલેએ** પોતાની યોજના અંગેની માહિતી ટ્વિટ કરી હતી.

**6. અફઘાનિસ્તાન : તાલિબાનની કાર્યકારી સરકારની જાહેરાત**

✓ 15 ઓગસ્ટે કાબુલ પર કબજો જમાવ્યાને બે સપ્તાહ કરતાં વધુ સમય વીતી ગયાં બાદ તાલિબાને તા. 7 સપ્ટેમ્બર-2021ના રોજ અફઘાનિસ્તાનમાં કાર્યકારી સરકારની રચનાની જાહેરાત કરી.



અબ્દુલ હનાફી | મુલ્લા અખુંદ | મુલ્લા બરાદર

✓ તાલિબાને યુએન દ્વારા આતંકવાદી ઘોષિત કરાયેલા મુલ્લા હસન અખુંદની નવી સરકારના વડા તરીકે પસંદગી કરી.

**નવી કાર્યકારી તાલિબાન સરકાર :**

✓ **વડા પ્રધાન : મુલ્લા હસત અખુંદ**
✓ **નાયબ વડાપ્રધાન : મુલ્લા બરાદર**
✓ **નાયબ વડાપ્રધાન : અબ્દુલ સલામ હનાફી**
✓ **સંરક્ષણ મંત્રી : મુલ્લા યાકુબ**
✓ **વિદેશ મંત્રી : મુલ્લા આમીરખાન મુત્તાકી**
✓ **નાયબ વિદેશ મંત્રી : અબ્બાસ સ્ટેનીકઝાઇ**
✓ **ગૃહ મંત્રી : સિરાજુદ્દીન હક્કાની**
✓ **નાણાંમંત્રી : મુલ્લા હિદાયતુલ્લા બદરી**
✓ **શિક્ષણ મંત્રી : મૌલવી નુરુલ્લા મુનિર**
✓ **ન્યાય મંત્રી : મૌલવી અબ્દુલ હકીમ શરીયા**

✓ **શરણાર્થી મંત્રી : ખલીલ રહેમાન હક્કાની**

કોણ છે વડાપ્રધાન વૈશ્વિક આતંકી મુલ્લા મોહમ્મદ હસન અખુંદ :

- ✓ મુલ્લા અખુંદ તાલિબાનની શક્તિશાળી નિર્ણાયક સમિતિ રેહબરી શૂરાનો વડો છે.
- ✓ તાલિબાનના જન્મસ્થળ કંદહારમાં જન્મેલો મુલ્લા અખુંદ તાલિબાનના સ્થાપકો પૈકીનો એક.
- ✓ તે છેલ્લા 20 વર્ષથી રેહબરી શૂરાનો વડો છે.
- ✓ અગાઉની તાલિબાન સરકારમાં મુલ્લા અખુંદ વિદેશ મંત્રી અને ત્યારબાદ નાયબ વડાપ્રધાન તરીકે કામગીરી કરી ચૂક્યો
- ✓ **રાજધાની : કાબુલ**

**7. દિન વિશેષ : 7 સપ્ટેમ્બર જનનીની જોડ : કવિ બોટાદકર**

**જન્મ : 27 નવેમ્બર 1870 અવસાન : 7 સપ્ટેમ્બર 1924**

✓ **મૂળ નામ : દામોદર ખુશાલદાસ શાહ**



**અગત્યની પંક્તિઓ :**

- ✓ જનનીની જોડ સખી નહિ મળે રે લોલ,
- ✓ ભાભીના ભાવ મને ભીંજવે
- ✓ મીઠલડી માવલડીએ આણાં મોકલ્યા
- ✓ મૂળ અટક શાહ પણ વતન પરસ્તીથી બોટાદકર કરી.
- ✓ અત્યંત ગરીબાઈમાં જન્મેલા બોટાદકરે નાની ઉંમરમાં પિતા ગુમાવ્યા જીવનનિર્વાહ માટે વૈદું કર્યું. પછી શિક્ષક થયા મુંબઈ કમાવા ગયા પણ દમનું દર્દ લઇ પાછા આવ્યા.
- ✓ સ્વભાવે શરમાળ, એકાંતપ્રિય, છતાં સ્વમાની આ કવિ ગામઠી ધોતિયું, અંગરખું, ખભે ખેસ અને આટયાણી પાઘડી ધારણ કરતા.
- ✓ કલ્લોલિની, સ્ત્રોતસ્વિની, નિર્ઝરિણી, રાસતરંગિણી જેવા કાવ્ય સંગ્રહો આપ્યા છે. બોટાદકર ગામડાના કવિ છે તેથી સ્વભાવિક પણે તેમની કવિતામાં પ્રકૃતિ, પ્રણય અને ગૃહસંસાર વગેરે જેવા ગ્રામીણ તત્વો પ્રધાનસ્થાને રહ્યા છે.
- ✓ અવળના ફૂલને તેમની યશસ્વી કાવ્યરચના છે.
- ✓ બોટાદમાં તેમની સ્મૃતિમાં બોટાદકર કોલેજ.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (07-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલી મેરીટાઇમ એક્સરસાઇઝ વિશે નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે

1. ભારત અને ઇજિપ્તના નૌકાદળ વચ્ચે કવાયત
2. સ્થાન : ભૂમધ્ય સમુદ્ર-ઇજિપ્ત
3. ઇજિપ્ત તરફથી ફ્રન્ટલાઈન ફ્રિગેટ ENS એલેક્ઝાન્ડ્રિયા જહાજે ભાગ લીધો
4. ભારત તરફથી ફ્રિગેટ INS તરબાર જહાજે ભાગ લીધો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 2, 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**2.** રાષ્ટ્રીયસ્તરે યોજાયેલા શિક્ષક પર્વ 2021 સંદર્ભે કયુ વિધાન સાચું/સાચાં નથી

1. રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં વિડિયો કોન્ફરન્સ દ્વારા ઉદઘાટન
2. સમયગાળો - તા. 5 થી 17 સપ્ટેમ્બર 2021
3. સ્થાન : નવી દિલ્હી
4. થીમ : ક્વોલિટી એન્ડ સસ્ટેનેબલ સ્કૂલ્સ : લર્નિંગ ફ્રોમ સ્કૂલ્સ ઈન ઇન્ડિયા

(A) માત્ર 2 અને 3 (B) માત્ર 2 અને 4
(C) માત્ર 3 અને 4 **(D) માત્ર 1**

**3.** રાષ્ટ્રીયસ્તરે યોજાયેલા શિક્ષક પર્વ 2021માં શિક્ષણને વિશ્વ સ્તરે સ્પર્ધાત્મક બનાવવા પીએમ મોદી દ્વારા રજૂ કરાયેલા મુદ્દામાંથી નીચેના પૈકી કયો મુદ્દો/મુદ્દા યોગ્ય છે

1. ઈન્ડિયન સાઈન લેન્ગવેજ ડિક્શનરી-બહેરા લોકો માટે ઓડિયો અને ટેક્સ્ટ સાથે સાઈન લેન્ગ્વેજ વીડિયો જે યુનિવર્સલ ડિઝાઈન ઓફ લર્નિંગ સાથે તૈયાર કરાયો છે અને ટોકિંગ બૂક (દૃષ્ટિની ખામી ધરાવતા લોકો માટે ઓડિયો બૂક
2. CBSE માટે સ્કૂલ ક્વૉલિટી એશ્યોરન્સ અને એસેસમેન્ટ ફ્રેમવર્ક
3. NISHTHA ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ જે NIPUN ભારત માટે તૈયાર કરાયો છે. તે ઝડપથી બદલાતા યુગમાં નવી સિસ્ટમ અને ટેકનિક શીખવા શિક્ષકોને મદદરૂપ થશે
4. વિદ્યાંજલિ પોર્ટલ જે સ્કૂલના વિકાસ માટે શિક્ષણ વોલ્યુન્ટિયર્સ, દાતાઓ અને CSR કોન્ટ્રિબ્યુટર્સને મદદરૂપ થશે

(A) 1 અને 2 (B) 3 (C) 4 **(D) ઉપરોક્ત પૈકી તમામ**

**4.** અફઘાનિસ્તાનમાં તા. 7 સપ્ટેમ્બર 2021માં રચાયેલી તાલિબાનની કાર્યકારી સરકારમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. વડા પ્રધાન : મુલ્લા હસત અખુંદ
2. નાયબ વડાપ્રધાન : મુલ્લા બરાદર
3. નાયબ વડાપ્રધાન : અબ્દુલ સલામ હનાફી
4. કંદહારમાં જન્મેલો મુલ્લા અખુંદ તાલિબાનની શક્તિશાળી નિર્ણાયક સમિતિ રેહબરી શૂરાનો વડો

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 2, 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**5.** સપ્ટેમ્બર 2021માં ગુજરાતના MSME કમિશનરેટ અને એમેઝોન વચ્ચે ક્યા હેતુ માટે માટે ગાંધીનગર ખાતે MOU કરાયા

(A) રિટેઈલ **(B) ઈ-કોમર્સ** (C) ઈમ્પોર્ટ (D) એક્સપોર્ટ

**6.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ બે વર્ષના બાળકોને કોરોના વેક્સિન આપનાર વિશ્વનો પ્રથમ દેશનું નામ જણાવો

(A) ઘાના **(B) ક્યુબા** (C) અલ સાલ્વાડોર (D) રશિયા

**7.** વિશ્વમાં સૌપ્રથમ બે વર્ષના બાળકોને કોરોના વેક્સિન આપવા ક્યુબા દ્વારા કઈ વેક્સિન લોન્ચ કરાઈ

(A) અબ્દાલા (B) સોબરા
**(C) A અને B બંને** (D) એક પણ નહીં

**8.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ બીટકોઈનને સત્તાવાર ચલણ અથવા લીગલ ટેન્ડર તરીકે માન્યતા આપનાર વિશ્વનો પ્રથમ દેશનું નામ જણાવો

(A) ઘાના (B) ક્યુબા
**(C) અલ સાલ્વાડોર** (D) રશિયા

**9.** પ્રસિદ્ધ ગુજરાતી પંક્તિ 'જનનીની જોડ સખી નહિ મળે રે લોલ'ના સર્જક કોણ છે

(A) કવિ ઉમાશંકર જોષી **(B) કવિ બોટાદકર**
(C) કવિ કલાપી (D) કવિ ન્હાનાલાલ

**10.** કવિ બોટાદકરનું મૂળ નામ જણાવો

(A) ત્રિભૂવનદાસ લુહાર (B) સુરસિંહ તખ્તસિંહ ગોહિલ
**(C) દામોદર ખુશાલદાસ** (D) રવિશંકર ગોહિલ

**11.** કવિ બોટાદકરના મુખ્ય કાવ્યસંગ્રહોના નામ જણાવો

(A) નિર્ઝરિણી તથા રાસતરંગિણી
(B) કલ્લોલિની તથા સ્ત્રોતસ્વિની
**(C) A અને B બંને**
(D) આપેલ પૈકી એક પણ નહીં

**DATE : 08-09-2021**

## 1. સન્માન : ફ્લોરેન્સ નાઈટિંગલ એવોર્ડ

**વડોદરાની SSG હોસ્પિટલમાં કોવિડ પોઝિટિવ 450થી વધુ સગર્ભાની ઉમદા સારસંભાળ કરનાર નર્સ ભાનુમતિ ઘીવાલાની રાષ્ટ્રીય કક્ષાના 'ફ્લોરેન્સ નાઈટિંગલ એવોર્ડ' માટે પસંદગી**



**વિગત :**

- ✓ શ્રી ભાનુમતિ સપ્તાહના 6 દિવસ ફરજ બજાવ્યા બાદ રામકૃષ્ણ મિશનની બાળ સેવા પ્રવૃત્તિમાં યોગદાન આપે છે.

**કોને અપાય છે ફ્લોરેન્સ નાઈટિંગલ એવોર્ડ?**

- ✓ નર્સિંગ પ્રોફેશનનાં આધ સ્થપાક ગણાય તેવા અને જેમને આખી દુનિયા દયાની દેવી કે લેડી વિથ ધી લેમ્પના નામે ઓળખે છે તેવા ફ્લોરેન્સ નાઈટિંગલનું નામ જેની સાથે જોડાયેલું છે તેવો આ એવોર્ડ કરુણા અને માનવતા, સહૃદયતા-સંવેદનાથી સમર્પિત દર્દી સેવા માટે અપાય છે.

## 2. કેન્દ્રીય કેબિનેટ - ભારત સરકાર : મહત્વના નિર્ણયો

### (1) વિવિધ 6 રવીપાકની MSPમાં રૂ.400 સુધીનો વધારો :




- ✓ વર્ષ 2021-22ની રવી પાક સિઝન (વર્ષ 2022-23ની રવી માર્કેટિંગ સિઝન માટે મિનિમમ સપોર્ટ પ્રાઇઝ (MSP)

**વિવિધ રવી કૃષિ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ**

| કૃષિ પાકો | જૂની MSP | નવી MSP | વધારો |
|---|---|---|---|
| મસૂર | ૫૧૦૦ | ૫૫૦૦ | ૪૦૦ |
| સરસવ | ૪૬૫૦ | ૫૦૫૦ | ૪૦૦ |
| ચણા | ૫૧૦૦ | ૫૨૩૦ | ૧૩૦ |
| સેફ્લાવર(કુસુમ) | ૫૩૨૭ | ૫૪૪૧ | ૧૧૪ |
| ઘઉં | ૧૯૭૫ | ૨૦૧૫ | ૪૦ |
| જવ | ૧૬૦૦ | ૧૬૩૫ | ૩૫ |

(રૂપિયામાં પ્રતિ ક્વિન્ટલ)

**ખાસ :**

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય આર્થિક બાબતોની સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો.
- ✓ લઘુતમ ટેકાના ભાવમાં રૂ.400નો વધારો કરી રૂ. 5,050 કરાયો.
- ✓ સરકાર રવી અને ખરીફ સિઝનમાં 23 કૃષિ ઉત્પાદનો માટે લઘુતમ ટેકાના ભાવ જાહેર કરી ખેડૂતો પાસેથી ખરીદી કરે છે.
- ✓ **રવી પાક ઓક્ટોબરથી શરૂ થાય છે જ્યારે ખરીફ પાક ઉનાળામાં વવાય છે.**
- ✓ ઘઉં અને સરસિયા સૌથી મહત્વના રવી પાક છે.
- ✓ વર્ષ 2020-21માં ઘઉંના ટેકાના ભાવ રૂ.1975 પ્રતિ ક્વિન્ટલ હતા.
- ✓ સરકારના અંદાજ પ્રમાણે એક ક્વિન્ટલ ઘઉંના ઉત્પાદન પાછળ રૂ. 1008નો ખર્ચ થાય છે.
- ✓ વર્ષ 2020-21માં સરકારે 43 મિલિયન ટન કરતાં વધુ ઘઉંની ખરીદી કરી હતી.

### (2) ટેક્સ્ટાઇલ સેક્ટર માટે ઉત્પાદન આધારિત રૂ. 10,683 કરોડની PLI યોજનાને મંજૂરી :

- ✓ **મુખ્ય હેતુ :** ટેક્સ્ટાઇલ સેક્ટરમાં વિકાસ અને ઘરેલુ ઉત્પાદનને વેગ આપવા
- ✓ **સમયગાળો :** 5 વર્ષ




**વિવિધ લાભ :**

- ✓ સ્કીમ અંતર્ગત પાંચ વર્ષ દરમિયાન ટેક્સ્ટાઇલ સેક્ટરને રૂ. 10,683 કરોડના લાભ અપાશે.
- ✓ મેનમેડ ફાઇબર, મેન મેડ ફેબ્રિક્સ અને ટેકનિકલ ટેક્સ્ટાઇલની 10 પ્રોડક્ટ અથવા સેગમેન્ટમાં આ લાભ આપવાની મંજૂરી અપાઇ.
- ✓ કેન્દ્ર સરકારે દેશના 13 સેક્ટર કુલ માટે વર્ષ 2021-22ના બજેટમાં રૂ.1.97 લાખ કરોડની PLI સ્કીમની જોગવાઈ કરી હતી.
- ✓ ટેક્સ્ટાઇલ સેક્ટર માટેની PLI સ્કીમ તેનો જ હિસ્સો છે. સત્તાવાર અંદાજ પ્રમાણે PLI સ્કીમ અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ભારતમાં થનારું લઘુતમ ઉત્પાદન 500 બિલિયન અમેરિકન ડોલરને પાર કરી જશે.

**રોજગારી :**

- ✓ આ યોજનાના કારણે 7.5 લાખ લોકોને રોજગાર મળશે. યોજના શરૂ થતા ટેક્સ્ટાઇલ સેક્ટરનું ઉત્પાદન રૂપિયા 3.5 લાખ કરોડને પાર કરી જશે.
- ✓ ગુજરાત સહિત આઠ રાજ્યોના કાપડ ઉદ્યોગને ફાયદો
- ✓ **PLI : પ્રોડક્શન લિન્કડ ઈન્સેન્ટીવ**

### (3) ભારતીય વાયુદળ : એરફોર્સ માટે 56 ટ્વિન ટર્બોપ્રોપ સી-295 ટ્રાન્સપોર્ટ વિમાન ખરીદશે :

- ✓ આ વિમાનો એરબસ સ્પેન ખાતેથી ખરીદાશે, કરાર થયાના 48 મહિનામાં પહેલા 16 વિમાન ભારતીય એરફોર્સને ડિલિવર કરાશે.
- ✓ 10 વર્ષના સમયગાળા માટે 40 વિમાનનું નિર્માણ ભારતમાં એરોસ્પેસ અગ્રણી ટાટાની સાથે કોન્સોર્ટીયમ દ્વારા કરાશે.

✓ કેન્દ્ર સરકારે એરફોર્સના જૂના વિમાનોની જગ્યાએ નવા ટ્રાન્સપોર્ટેશન વિમાનો ખરીદવાનો નિર્ણય કર્યો. સરકાર સ્પેનની કંપની એરબસ પાસેથી 56 ટ્વિન ટર્બોપ્રોપ સી-295 વિમાન ખરીદશે.

✓ સુરક્ષા બાબતોની કેબિનેટ કમિટિએ વિમાનોની ખરીદીને મંજૂરી આપી.

**3. SEBI : મહત્વનો નિર્ણય**

**શેરના વેચાણ બાદ ફક્ત એક જ દિવસમાં નાણા મળી જશે :**

**જાન્યુઆરી 2022થી T+1 સેટલમેન્ટ સાઇકલનો અમલ થશે**

**નવી T+1 સેટલમેન્ટ સાઇકલ વિશે :**

✓ માર્કેટ રેગ્યુલેટર સેબીએ શેરબજારમાં શેરનાં વેચાણ પર નાણાં ચૂકવવાની સાઇકલના નિયમોમાં સુધારો કરતા નવી T+1 સેટલમેન્ટ સાઇકલનો વિકલ્પ આપવાનો નિર્ણય કર્યો.

✓ માર્કેટ લિક્વિડિટી વધારવા માટે સેબીએ શેર ટ્રાન્ઝેક્શન પૂરું કરવા માટે T+1 સેટલમેન્ટ સાઇકલ રજૂ કરી.

**હાલમાં T+2 સાઇકલ અમલ :**

✓ હાલ ભારતીય સ્ટોક એક્સચેન્જ T+2 સાઇકલ પર કામ કરી રહ્યાં છે જેમાં ટ્રાન્ઝેક્શનની પ્રક્રિયા બે વર્કિંગ દિવસમાં પૂરી થાય છે.

✓ આ સાઇકલ એપ્રિલ 2003માં લાગુ કરાઇ હતી.

✓ આ પહેલાં દેશમાં તમામ સ્ટોક એક્સચેન્જ T+3 સેટલમેન્ટ સાઇકલ પર કામ કરી રહ્યાં હતાં.

✓ સેબીના સરક્યુલર અનુસાર સ્ટોક એક્સચેન્જને T+1 અથવા T+2 સેટલમેન્ટ સાઇકલમાંથી કોઇપણ એકની પસંદગી કરવાનો વિકલ્પ અપાયો છે.

✓ નવા નિયમ અંતર્ગત સ્ટોક એક્સચેન્જ કોઇપણ શેર પર T+1 સેટલમેન્ટ સાઇકલ લાગુ કરી શકશે.

✓ **SEBI : સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા**

✓ **વડુમથક : મુંબઇ**

**4. ખેલકૂદ : T-20 વર્લ્ડ કપ-2021 : ભારતીય ટીમ જાહેર**

**મહેન્દ્ર સિંહ ધોની ટીમ ઇન્ડીયાનો નવો મેન્ટર**

✓ ટી20 વર્લ્ડ કપ માટે ભારતની 15 સભ્યોની ટીમ જાહેર.




✓ ટી-20 વર્લ્ડ કપ 17 ઓક્ટોબરથી 14 નવેમ્બર સુધી યુએઇ અને ઓમાનમાં રમાશે.

✓ ભારતના પૂર્વ સુકાની મહેન્દ્ર સિંહ ધોની ઇન્ડિયન ટીમના મેન્ટર તરીકે જોડાશે.

✓ ઇન્ડિયન ટીમના ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની T20 વર્લ્ડ કપ માટે ટીમનું માર્ગદર્શન કરશે.

✓ વિરાટ કોહલીની કેપ્ટનશિપ હેઠળ ટીમ ઇન્ડિયાને આ ટૂર્નામેન્ટને જીતવાની પ્રબળ દાવેદાર પણ માનવામાં આવે છે.

✓ ટીમ ઇન્ડિયામાં પહેલીવાર ગુજરાતના 4 ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો. જસપ્રીત બુમરાહ, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ અને રવિન્દ્ર જાડેજાની ટીમમાં પસંદગી.

**ટી20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ :**

✓ વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા (ઉપસુકાની), લોકેશ રાહુલ, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, જસપ્રિત બુમરાહ, ભુવનેશ્વરકુમાર, મોહમ્મદ શમી, રાહુલ ચાહર, અક્ષર પટેલ, રવિચંદ્રન અશ્વિન, વરુણ ચક્રવર્તી, લોકેશ રાહુલ, રિષભ પંત, ઇશાન કિશન.

✓ સ્ટેન્ડ બાય ખેલાડી: શ્રેયસ ઐયર, શાર્દૂલ ઠાકુર, દીપક ચાહર.

**5. ઉત્તર પ્રદેશ સરકાર : વર્ષ 2032ની ઓલિમ્પિક સુધી ભારતીય કુસ્તીને દત્તક લીધી**

**6. ઝારખંડ ખાનગી ક્ષેત્રમાં સ્થાનિકો માટે 75 ટકા અનામતનું બિલ પસાર**

✓ **ખાસ:** આંધ્ર પ્રદેશ અને હરિયાણાના બાદ ઝારખંડ ત્રીજું રાજ્ય બન્યું

✓ માસિક રૂ. 40,000 સુધીના પગારવાળી નોકરીઓના 75 ટકા જગ્યાઓ પર સ્થાનિકોની નિમણૂક કરવી પડશે

✓ **બિલનું નામ :** ઝારખંડ સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ઓફ લોકલ કેન્ડિડેટ સી ઈન પ્રાઇવેટ સેક્ટર બિલ-2021

✓ **રાજધાની : રાંચી**

**7. ફતહ-1 : પાકિસ્તાન દ્વારા સ્વદેશી રોકેટ સિસ્ટમ ફતહ-1નું સફળ પરીક્ષણ કરાયું**

**8. દિન વિશેષ : 8 સપ્ટેમ્બર :વિશ્વ સાક્ષરતા દિવસ**




✓ **થીમ : "Literacy for a human-centered recovery : Narrowing the digital divide"**

✓ દર વર્ષે 8મી સપ્ટેમ્બરના રોજ વિશ્વ સાક્ષરતા દિવસ ઉજવણી.

✓ યુનેસ્કો દ્વારા જાહેરાત : તા. 17 નવેમ્બર 1965

**9. જન્મદિન વિશેષ : 8 સપ્ટેમ્બર**

**બર્ડ ઓફ બ્રહ્મપુત્રા ગીતકાર ભુપેન હજારિકા**

**જન્મ : 08/09/1926, અવસાન : 05/11/2011**



**ભુપેન હજારિકાની વિશેષતાઓ-પરિચય :**

✓ **બર્ડ (કવિ) ઑફ બ્રહ્મપુત્રા અને ઝુદા કોંઠો (વિશિષ્ટ સ્વર) તરીકેની ઓળખ**

✓ મોટેભાગે આસામી ભાષામાં ગીતો રચ્યાને ગાયા તથા બંગાળી અને આસામી પ્રજાના આદર્શ નાયક

✓ તેમની રચનાઓ વૈશ્વિક બંધુત્વ અને માનવતાનો સાદ દે છે.

✓ ભારતીય પાર્શ્વગાયક, ગીતકાર, સંગીતકાર કવિ, ફિલ્મ નિર્માતા

- ✓ **સન્માન :** ભારતરત્ન પદ્મશ્રી, પદ્મભૂષણ અને દાદાસાહેબ ફાળકે એવોર્ડ
- ✓ પૂર્વોત્તર રાજ્યો,પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશમાં અતિ લોકપ્રિય હજારિકાનાં ગીતોનું દેશ વિદેશની ઘણી ભાષાઓમાં ભાષાંતર થયું.
- ✓ તેમણે પૂર્વોત્તરની સંસ્કૃતિ અને કળાને સમગ્ર વિશ્વમાં ફેલાવી છે. કેટલીક હિંદી ફિલ્મો પણ તેમણે કરી છે. રૂદાલી, દરમિયાં, ગજગામિની દમન અને ઇન્દ્રમાલતી વગેરે.
- ✓ સ્નાતક અનુસ્નાતક તેઓ બીએચયુમાંથી થયાં છે. તેઓ ઇપ્ટા સાથે જોડાયેલા હતા. થોડો સમય ઓલઇન્ડિયા રેડિયો સાથે જોડાઇ કોલકત્તા આવી તેમણે કેટલીક બાંગ્લા ફિલ્મો બનાવી અને તેમના તાજા સંગીતને બાંગ્લા સંગીતમાં નવી કેડી કંડારનાર તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ તેઓ આસામ વિધાનસભાના સભ્ય રહી ચુક્યા છે.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (08-09-2021)

**1.** તા. 8 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા જાહેર કરવામાં આવેલા વિવિધ રવીપાકની MSPમાં કઇ બાબતનો સમાવેશ થાય છે

1. વિવિધ 6 રવીપાકની MSP જાહેર
2. લઘુતમ ટેકાના ભાવમાં રૂ.400નો વધારો કરી રૂ. 5,050 કરાયો
3. સરકારે રવી-ખરીફ સિઝનમાં 23 કૃષિ ઉત્પાદનો માટે MSPજાહેર
4. MSP જાહેર કરેલ રવિપાક - મસૂર, સરસવ, ચણા, સેફલાવર(કુસુમ),ઘઉ અને જવ

(A) 1 અને 2 (B) 2 અને 4 (C) 1, 2 અને 3 **(D) 1, 2, 3 અને 4**

**2.** તા. 8 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય આર્થિક બાબતોની સમિતિમાં ટેક્સ્ટાઇલ સેક્ટર ઉત્પાદન માટે જાહેર કરાયેલા નિર્ણયમાં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. સ્કીમ અંતર્ગત પાંચ વર્ષ દરમિયાન ટેક્સ્ટાઇલ સેક્ટરને રૂ. 10,683 કરોડના લાભ અપાશે
2. મેનમેડ ફાઇબર, મેન મેડ ફેબ્રિક્સ અને ટેકનિકલ ટેક્સ્ટાઇલની 10 પ્રોડક્ટ અથવા સેગમેન્ટમાં આ લાભ આપવાની મંજૂરી
3. PLI : પ્રોડક્શન લિન્કડ ઇન્સેન્ટીવ
4. 7.5 લાખ લોકોને રોજગાર મળશે

(A) 1 અને 2 (B) 1 અને 4 (C) 2 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**3.** તા. 8 સપ્ટેમ્બર 2021ના રોજ સુરક્ષા બાબતોની કેબિનેટ કમિટિએ ભારતીય વાયુદળ માટે ટ્રાન્સપોર્ટ વિમાનો ખરીદવાના નિર્ણયમાં નીચે પૈકી કઇ બાબતનો સમાવેશ થતો નથી

1. એરફોર્સ માટે 56 ટ્વિન ટર્બોપ્રોપ સી-295 ટ્રાન્સપોર્ટ વિમાન ખરીદશે
2. આ વિમાનો સ્પેનની એરબસ કંપની પાસેથી ખરીદાશે
3. 10 વર્ષના સમયગાળા માટે 40 વિમાનનું નિર્માણ ભારતમાં એરોસ્પેસ અગ્રણી ટાટાની સાથે કોન્સોર્ટીયમ દ્વારા કરાશે
4. કરાર થયાના 38 મહિના પહેલાં 16 વિમાન ભારતીય એરફોર્સને અપાશે

(A) 1, 2 અને 3 (B) 2 અને 4 (C) 1, 2 અને 3 **(D) 4**

**4.** સપ્ટેમ્બર 2021માં SEBI દ્વારા સેટલમેન્ટ સાઇકલ વિશે લેવાયેલા નિર્ણયમાં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. T+1 સેટલમેન્ટ સાઇકલ મુજબ શેરના વેચાણ બાદ ફક્ત એક જ દિવસમાં નાણા મળી જશે
2. T+1 સેટલમેન્ટ સાઇકલનો જાન્યુઆરી 2022થી થશે
3. હાલમાં ભારતીય સ્ટોક એક્સચેન્જ T+2 સાઇકલ પર કામ કરી રહ્યું છે
4. T+2 સાઇકલ મુજબ ટ્રાન્ઝેક્શનની પ્રક્રિયા બે વર્કિંગ દિવસમાં પૂરી થાય છે

**(A) 1, 2 3 અને 4** (B) 1, 2 અને 3 (C) 2 (D) 4

**5.** સપ્ટેમ્બર 2021માં રાષ્ટ્રીય કક્ષાના ફ્લોરેન્સ નાઇટિંગલ એવોર્ડ માટે ગુજરાતમાંથી કયા નર્સની પસંદગી કરાઇ

(A) ભાનુમતિ ત્રિવેદી (SSG હોસ્પિટલ-સુરત)
**(B) ભાનુમતિ ઘીવાલા (SSG હોસ્પિટલ-વડોદરા)**
(C) ભાનુશ્રરી દવે (સોલા સિવિલ-અમદાવાદ)
(D) રિમ્પલ ઘીવાલા (સોલા સિવિલ-અમદાવાદ)

**6.** નર્સિંગમાં શ્રેષ્ઠ સેવાકીય કામગીરી કરનાર નર્સને ક્યા રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડથી સન્માનિત કરાઇ છે

(A) લેડી વિથ ધી લેમ્પ એવોર્ડ (B) નર્સ નાઇટિંગલ એવોર્ડ
**(C) ફ્લોરેન્સ નાઇટિંગલ એવોર્ડ** (D) ડૉ. બી.સી.રોય એવોર્ડ

**7.** T-20 વર્લ્ડ કપ-2021 માટે ભારતીય ટીમના મેન્ટર માટે પ્રથમવાર કોની પસંદગી કરાઇ

**(A) મહેન્દ્રસિંહ ધોની** (B) રવિ શાસ્ત્રી
(C) સુનિલ ગ્રાવસ્કર (D) રાહુલ દ્રવિડ

**8.** સપ્ટેમ્બર 2021માં ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા વર્ષ 2032ની ઓલિમ્પિક સુધી કઇ ભારતીય રમતને દત્તક લીધી

(A) કબડ્ડી (B) ખો-ખો (C) તિરંદાજી **(D) કુસ્તી**

**9.** સપ્ટેમ્બર 2021માં કયા રાજ્યમાં ખાનગી ક્ષેત્રમાં સ્થાનિકો માટે 75 ટકા અનામતનું બિલ પસાર

**(A) ઝારખંડ** (B) ઉત્તરપ્રદેશ (C) આંધ્રપ્રદેશ (D) હરિયાણા

**10.**સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ખાનગી ક્ષેત્રમાં સ્થાનિકો માટે અનામત અંગેનું બિલ પાસ કરનાર રાજ્યના નામ જણાવો

(A) આંધ્રપ્રદેશ (B)હરિયાણા (C)ઝારખંડ **(D) તમામ**

**11.** સપ્ટેમ્બર 2021માં પાકિસ્તાન દ્વારા કઇ સ્વદેશી રોકેટ સિસ્ટમનું સફળ પરીક્ષણ કરાયું

(A) ઘોરી-1 **(B) ફતહ-1** (C) ગઝની-1 (D) શાહિન-1

**12.** વિશ્વ સાક્ષરતા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે

(A) 5 સપ્ટેમ્બર **(B) 8 સપ્ટેમ્બર**
(C) 15 નવેમ્બર (D) 17 નવેમ્બર

**13.** યુનેસ્કોએ વિશ્વ સાક્ષરતા દિવસ ઉજવવાની જાહેરાત કયારે કરી હતી

(A) 5 સપ્ટેમ્બર 1965 (B) 8 સપ્ટેમ્બર 1965
(C) 15 નવેમ્બર 1965 **(D) 17 નવેમ્બર 1965**

**14.** વિશ્વ સાક્ષરતા દિવસ 2021ની થીમ જણાવો

(A) human-centered recovery : Narrowing the digital divide
**(B) Literacy for a human-centered recovery : Narrowing the digital divide**
(C) Literacy for a digital divide
(D) human-centered recovery

**15.** બર્ડ ઓફ બ્રહ્મપુત્રા ગીતકાર ભુપેન હજારિકાને ક્યો એવોર્ડ મળ્યો છે

(A) પદ્મશ્રી (B) પદ્મભૂષણ
(C) દાદાસાહેબ ફાળકે એવોર્ડ **(D)તમામ**

**1. સુરત : ઇચ્છાપોર જ્વેલરી પાર્કમાં બનશે ગુજરાતનું પ્રથમ મેગા CFC સેન્ટર :**

**કેન્દ્ર સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી**

**વિગત :** શહેરના ઇચ્છાપોર જ્વેલરી પાર્કમાં મેગા કોમન ફેસિલિટી સેન્ટર-CFC બનાવવા કેન્દ્ર સરકારે GJEPC (જેમ એન્ડ જ્વેલરી પ્રમોશન કાઉન્સિલ)ને સૈદ્ધાંતિક મંજૂરી આપી. આ પ્રકારનું CFC સેન્ટર ગુજરાતનું પ્રથમ હશે.



- ✓ સુરત અને મુંબઇ સેન્ટર તૈયાર કરવા કેન્દ્ર સરકાર 50-50 કરોડની ફાળવણી કરશે.
- ✓ આ સેન્ટરથી જ્વેલર્સ વધારે એક્સપોર્ટ કરી શકશે. હાલ સુરતના જ્વેલર્સ યુએસ, મલેશિયા, થાઇલેન્ડ સહિતના દેશોમાં જ્વેલરી એક્સપોર્ટ કરી રહ્યા છે. GJEPCએ DPR બનાવવા તૈયારી શરૂ કરી છે. આ સેન્ટર એક વર્ષમાં તૈયાર થશે.

**2.ઉડાન યોજના : ઉડ્ડયન મંત્રાલય-ભારત સરકાર**

**ગુજરાતના કેશોદ સહિત ભારતના પાંચ શહેરોમાં એરપોર્ટ શરૂ કરવાની જાહેરાત**

**પાંચ શહેરો અને રાજ્ય :**

- ✓ **કેશોદ : ગુજરાત**    **દેવઘર : ઝારખંડ**
- ✓ **ગોંદીયા : મહારાષ્ટ્ર**    **સિંધુદુર્ગ : મહારાષ્ટ્ર**
- ✓ **કુશીનગર : ઉત્તરપ્રદેશ**
- ✓ **કેશોદ ખાતે આવેલુ નવાબીકાળનું એરપોર્ટ**
- ✓ આઝાદી વખતે જૂનાગઢના નવાબ આ એરપોર્ટથી હવામાં પાકિસ્તાન ઉડી ગયા હતા
- ✓ જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતેથી દેશભરમાં ફ્લાઇટ ઉડશે, જેનાથી પ્રવાસનક્ષેત્રે સારો એવો લાભ મળશે.
- ✓ સાસણ, સોમનાથ, ગિરનાર, દેવભૂમિ દ્વારકા સહિતના પર્યટન સ્થળે આવતા યાત્રિકોને ફાયદો થશે. રાજ્ય બહારથી આવતા પ્રવાસીને દીવ-પોરબંદર એરપોર્ટનો સહારો લેવો પડતો હતો.
- ✓ **કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી : જ્યોતિરાદિત્ય સિંધિયા**

**3. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા NIRF રેન્કિંગ 2021 જાહેર**

**IIT મદ્રાસ સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ સંસ્થા જાહેર**

**રેન્કિંગ પ્રાપ્ત સંસ્થાઓ :**

- ✓ સતત ત્રીજા વર્ષે IIT મદ્રાસને ભારતની શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થા તરીકે પહેલા ક્રમનું રેન્કિંગ.
- ✓ દેશની ટોચની 3 ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં **ઓવરઓલ રેન્કિંગમાં IIT-મદ્રાસ, IISC-બેંગલોર, IIT-બોમ્બેને સ્થાન**
- ✓ ટોચની મેનેજમેન્ટ ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં આખા ભારતમાં અમદાવાદની IIM-Aને પહેલો રેન્ક.

**ભારતની શ્રેષ્ઠ સંસ્થાઓ :**

**શ્રેષ્ઠ યુનિવર્સિટી :**

- ✓ IISC, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU), અને બનારસ હિન્દુ યુનિવર્સિટીને (BHU).

**એન્જિનિયરિંગ કેટેગરી :**

- ✓ IIT મદ્રાસ, IIT -દિલ્હી, અને IIT – બોમ્બે
- ✓ IIT ઉપરાંત જામિયા મિલિયા ઇસ્લામિયા (JMI) તેમજ હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટી (HCU) એ પણ યુનિવર્સિટીનાં રેન્કિંગમાં ટોપ 10મા સ્થાન મેળવ્યું.
- ✓ JMIનું રેન્કિંગ 10માં સ્થાનથી વધીને 6ઠ્ઠા પર આવ્યું.
- ✓ HCU અગાઉનાં છઠ્ઠા ક્રમથી 9માં ક્રમે હતી.

**ગુજરાતની શિક્ષણ સંસ્થાઓ અને શ્રેણી**

**વિવિધ શ્રેણીમાં ટોપ-100માં સ્થાન મેળવનાર ગુજરાતની મુખ્ય સંસ્થાઓ**

| સંસ્થા | રેન્ક | શ્રેણી |
|---|---|---|
| IIM, અમદાવાદ | 01 | મેનેજમેન્ટ |
| ગુજરાત યુનિવર્સિટી | 43 | યુનિવર્સિટી |
| એમએસ યુનિવર્સિટી | 90 | યુનિવર્સિટી |
| IIT ગાંધીનગર | 22 | એન્જિનિયરિંગ |
| પીડીપીયુ ગાંધીનગર | 68 | મેનેજમેન્ટ |
| ઇરમા | 55 | મેનેજમેન્ટ |
| નિરમા યુનિવર્સિટી | 20 | ફાર્મસી |
| બીકે મોદી ફાર્મસી કોલેજ, રાજકોટ | 78 | ફાર્મસી |
| એલએમ ફાર્મસી, અમદાવાદ | 47 | ફાર્મસી |
| સેપ્ટ, અમદાવાદ | 05 | આર્કિટેક્ચર |
| ગુજરાત નેશનલ લો યુનિ. | 06 | લો |

**NIRFની વિશેષતાઓ :**

- ✓ મેનેજમેન્ટમાં IIM અમદાવાદ ટોપ, ઑવરઓલ રેન્કિંગમાં IIT મદ્રાસ ટોપ
- ✓ કુલ 11 શ્રેણીમાં પહેલીવાર 'રિસર્ચ'નો પણ સમાવેશ, દિલ્હીની JNU અને જામિયા મિલિયા ઇસ્લામિયા ટોપ-10 યુનિવર્સિટીઓમાં સામેલ
- ✓ કોલેજની શ્રેણીમાં ટોપ 15માંથી 9 કોલેજ દિલ્હીની છે. ટોચની બે કોલેજ મિરાંડા કોલેજ અને લેડી શ્રીરામ કોલેજ એમ દિલ્હીની બન્ને મહિલા કોલેજ છે.
- ✓ દિલ્હીની જામિયા હમદર્દ દેશની નંબર 1ફાર્મસી કોલેજ, મેડિકલ કોલેજોમાં દિલ્હીની એઇમ્સ ટોચના ક્રમે
- ✓ **પ્રથમવાર રિસર્ચ શ્રેણીમાં IISC, બેંગલુરુને પ્રથમ ક્રમ**

**આ વર્ષે 11 શ્રેણીમાં રેન્કિંગ :**

- ✓ મેનેજમેન્ટ, યુનિવર્સિટી, ઇજનેરી, કોલેજ, ફાર્મસી, આર્કિટેક્ચર,લો,ઓવરઓલ, મેડિકલ, ડેન્ટલ, રિસર્ચ(નવી શ્રેણી)

**NIRFના અત્યારસુધીના કુલ રેન્કિંગ :**

- ✓ વર્ષ 2016 : પ્રથમ પ્રારંભ, વર્ષ 2017, વર્ષ 2018, વર્ષ 2019, વર્ષ 2020 અને વર્ષ 2021
- ✓ **કેન્દ્રીય શિક્ષણ મંત્રી : ધર્મેન્દ્ર પ્રધાન**
- ✓ **NIRF : નેશનલ ઇન્સ્ટિટ્યૂશન રેન્કિંગ ફ્રેમવર્ક**

**4. ગુજરાતના કચ્છ સહિત દેશના 25 સ્થળે ફાઇટર પ્લેન માટે હાઇવે ઉપર એર સ્ટ્રીપ બનશે**

- ✓ **13 સ્થળે ગુપ્ત એર સ્ટ્રીપ પ્લાન તૈયાર**



**પ્રથમ સફળ પરીક્ષણ :**

- ✓ રાજસ્થાનના બાડમેરમાં NH-925 ઉપર IAFના વિમાનોના લેન્ડિંગ માટે એર સ્ટ્રીપ દેશને સમર્પિત

**એર સ્ટ્રીપની વિશેષતાઓ :**

- ✓ 3 કિલોમીટર લાંબી અને 33 મીટર પહોળી
- ✓ બંને છેડે પાર્કિંગ ઇમરજન્સી માટે એર ટ્રાફિક કંટ્રોલની ઓફિસ ઉપલબ્ધ

**યોજનાનો હેતુ**

- ✓ યુદ્ધ અને રાહત તથા બચાવ કાર્યો માટે એરફોર્સનાં વિમાનો દેશના ધોરીમાર્ગો પર લેન્ડિંગ કરી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી યોજના
- ✓ કેન્દ્રીય મંત્રીઓ રાજનાથસિંહ અને નીતિન ગડકરીએ રાજસ્થાનના બાડમેર ખાતે નેશનલ હાઇવે 925 ઉપર સત્તા-ગાંધવ વચ્ચે નિર્માણ કરાયેલી એરસ્ટ્રીપ દેશને સમર્પિત કરી.
- ✓ રાજનાથસિંહ, નીતિન ગડકરી, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતને લઇને પહોંચેલા એરફોર્સના હરક્યુલસ C-130J વિમાને એરસ્ટ્રીપ પર ઇમર્જન્સી લેન્ડિંગની મોક ડ્રીલ કરી
- ✓ NH-925 દેશનો પ્રથમ રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે જેનો ઉપયોગ એરફોર્સનાં વિમાનોના ઇમર્જન્સી લેન્ડિંગ માટે કરાશે.
- ✓ આ પ્રસંગે એરફોર્સના સુખોઇ-30, મિગ-21, જગુઆર સહિતના યુદ્ધવિમાનો અને N32 મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાન, MI-17V5 હેલિકોપ્ટરે પણ લેન્ડિંગની મોક ડીલ કરી હતી.

**સૂચિત એરસ્ટ્રીપના હાઇવે-રાજ્ય**

- ✓ રાજસ્થાનમાં ફલોદી-જેસલમેર રોડ અને બાડમેર -જેસલમેર રોડ, પશ્ચિમ બંગાળમાં ખડગપુર- બાલાસોર રોડ, તમિલનાડુમાં ખડગપુર- ક્યોન્ઝર રોડ અને પાનાગઢ/કેકેડી ચેન્નઈ નજીક, આંધ્ર પ્રદેશમાં પુડુચેરી રોડ પર, હરિયાણામાં નેલ્લોર- ઓંગોલ રોડ અને ઓંગોલ - ચિલકાલુરીપેટ રોડ પર, પંજાબમાં સંગરૂર નજીક મંડી ડબવાલીથી ઓધણ રોડ પર, **ગુજરાતમાં ભુજ-નલિયા રોડ પર અને સુરત-બરોડા રોડ પર**, જમ્મુ અને કાશ્મીરમાં બનિહાલ-શ્રીનગર રોડ, આસામમાં લેહ/ન્યોમા વિસ્તારમાં અને આસામમાં જોરહાટ-બારાઘાટ રોડ પર, શિવસાગર પાસે, બાગડોગરા-હાશિમારા રોડ, હાશીમારા-તેજપુર માર્ગ અને હાશિમારા-ગુવાહાટી રોડ પર ઇમરજન્સી લેન્ડિંગ સુવિધાઓ વિકસાવાશે.

## 5. ઉતરાખંડ : ગરતાંગ ગલી માર્ગ

**ઉત્તરકાશીમાં 11 હજાર ફૂટની ઊંચાઈએ નિર્માણ પામેલ લાકડાનો ફ્લાયઓવર ગરતાંગ ગલી માર્ગ 59 વર્ષે પુનઃ ચાલુ કરાયો**



**વિગત :** ગરતાંગ ગલી માર્ગ ભારત-ચીન સરહદે આવેલ છે, તેને 150 વર્ષ પહેલાં બનાવાયો હતો.

- ✓ તેને ભારત-તિબેટના વ્યાપારિક માર્ગ તરીકે બનાવાયો પણ 1962માં ભારત અને ચીન વચ્ચે યુદ્ધ થયા બાદ તેને બંધ કરી દેવાયું હતું.
- ✓ આ ખડકોને કાપીને લાકડાનું પગથિયાવાળું ફ્લાયઓવર બનાવાયો. તેનાથી ઉત્તરકાશીના પર્યટનને મજબૂતી મળશે.
- ✓ ભારત-તિબેટનો ટ્રેડ ઉત્તરાખંડમાં અનેક જગ્યાઓ પર થતો હતો.

**ગરતાંગ ગલી માર્ગ વિશે :**

- ✓ 3.64 લાખના ખર્ચે તૈયાર થયું
- ✓ ગરતાંગ ગલી માર્ગ ઉત્તરકાશીથી 90 કિ.મી. દૂર છે. લાકડાનું આ ફ્લાયઓવર 446 ફૂટ(136 મીટર) લાંબુ અને 5.9 ફૂટ(1.8 મીટર) પહોળું છે.
- ✓ ગરતાંગ ગલીમાં નિર્માણ કાર્ય પડકારજનક હતું કેમ કે જગ્યા ઓછી હોવાથી ખતરો વધારે હતો. એટલા માટે સંપૂર્ણ સેફ્ટી સાથે તેનું નિર્માણ કરાયું.

## 6. 13મું ઓનલાઇન BRICS શિખર સંમેલન 2021 : તા. 9 સપ્ટેમ્બર 2021

- ✓ અધ્યક્ષ : ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી




- ✓ **ભારતે પસંદ કરેલી થીમ : BRICS@15: Intra-BRICS cooperation for continuity, consolidation and consensus' તેની પ્રાથમિકતા દર્શાવે છે.**
- ✓ બેઠકની ચર્ચાનો મુખ્ય વિષય સાતત્ય, એકત્રીકરણ અને સર્વસંમતિ માટે સહકાર.
- ✓ **ઠરાવ :** બ્રિક્સ સંગઠને આતંકવાદ વિરોધી યોજનાને સ્વીકારવાનો ઠરાવ પસાર કર્યો
- ✓ **બ્રિક્સની સ્થાપનના 15 વર્ષ પૂરા થશે**

**વડાપ્રધાન મોદીએ બ્રિક્સને આપેલા ચાર C**

**1. Cooperation - સહકાર** **2. Continuity - સાતત્યતા**
**3. Consolidation - એકજૂથતા** **4. Consensus - સહમતી**

**બ્રિક્સના વડાઓની ઇ-ઉપસ્થિતિ :**

- ✓ રશિયન પ્રમુખ : વ્લાદિમીર પુતિન
- ✓ ચીનના રાષ્ટ્રપતિ : શી જિનપિંગ
- ✓ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ : સિરિલ રામાફોસા
- ✓ બ્રાઝિલના રાષ્ટ્રપતિ : જાયર બોલસોનારો

**BRICS પાંચ વિકાસશીલ અર્થવ્યવસ્થાઓનો સમૂહ**

- ✓ બ્રિક્સ (BRICS) એ દુનિયાની પાંચ વિકસી રહેલી અર્થવ્યવસ્થાઓનો સમૂહ છે. **જેમાં B - બ્રાઝિલ, R - રશિયા, I - ઇન્ડિયા, C - ચાઇના અને S - સાઉથ આફ્રિકા**નો સમાવેશ થાય છે.
- ✓ આ પાંચ દેશોમાં વિશ્વની કુલ વસતીનો 40 ટકા હિસ્સો વસવાટ કરે છે અને વૈશ્વિક ફલક પર પશ્ચિમી દેશોના વર્ચસ્વને જવાબ આપવા આ ફોરમ રચવામાં આવ્યું છે.

- ✓ 2006ના જુલાઇમાં G-8 આઉટરીચ શિખર સંમેલન દરમિયાન રશિયા, ભારત અને ચીનના નેતાઓ વચ્ચેની બેઠકમાં આ ગ્રુપ બનાવવાની પ્રક્રિયા શરૂ થઇ. એ પછી પહેલું બ્રિક્સ સંમેલનનું આયોજન રશિયાના યેકાટેરીબર્ગ શહેરમાં 16 જૂન, 2009ના દિવસે યોજાયું.
- ✓ અગાઉ બ્રિક્સને બ્રિક નામે ઓળખવામાં આવતું હતું. એ સમયે આ ગ્રુપમાં બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન સામેલ હતાં.
- ✓ 2001માં સાઉથ આફ્રિકા આ ગ્રુપમાં જોડાતા તેને બ્રિક્સ નામ મળ્યું. બ્રિક્સ સંમેલન દર વર્ષે તેના સભ્ય દેશોમાંથી કોઇ એક દેશમાં યોજાય છે.
- ✓ **ભારત આ સંમેલનની યજમાની 2012 અને 2016માં કરી ચૂક્યું છે.**
- ✓ બ્રિક્સની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ પોતાના સભ્ય દેશોની સહાયતા કરવાનો છે. બ્રિક્સના સભ્ય દેશો એકબીજાના વિકાસ માટે આર્થિક, ટેકનિકલ અને વ્યાપાર ક્ષેત્રમાં પરસ્પર સહયોગ કરે છે.
- ✓ **બ્રિક્સ દેશો પાસે પોતાની એક બેંક પણ છે. ન્યૂ ડેવલપમેન્ટ બેંક નામે ઓળખાતી આ બેંકની સ્થાપના 2014માં કરવામાં આવી છે.**
- ✓ આ બેંકનું કાર્ય બ્રિક્સના સભ્ય દેશો તેમજ અન્ય દેશોને લોનના રૂપમાં આર્થિક સહાયતા પ્રદાન કરવાનું છે.
- ✓ વડાપ્રધાન મોદીએ કાયમ બ્રિક્સના મંચને આતંકવાદ વિરુદ્ધ લડવા માટે અસરકારક રાષ્ટ્રીય ફલક તરીકે બનાવવાની રણનીતિ ઉપર જોર આપ્યું છે.
- ✓ ભારત ઇચ્છે છે કે બ્રિક્સના તમામ સભ્ય દેશો એક અવાજે મની લોન્ડરિંગ, આતંકવાદીઓને આર્થિક સહાય, સાઇબર સ્પેસ અને કટ્ટરતા વિરુદ્ધ કાર્યવાહી કરે.

**GDPમાં BRICSનો હિસ્સો :**

- ✓ બ્રિક્સ દેશો વૈશ્વિક જીડીપીનો લગભગ 23 ટકા હિસ્સો ધરાવે છે. એટલું જ નહીં, સમગ્ર વિશ્વનો 18 ટકા વેપાર આ સમૂહના પાંચ દેશો કરે છે.
- ✓ બ્રિક્સ ગ્રુપની વિશેષતા એ છે કે તેના સભ્ય દેશો વચ્ચે ભારે આંતર્વિરોધ હોવા છતાં તે અત્યાર સુધી સરળ રીતે કામ કરી રહ્યું છે.
- ✓ ચીન અને રશિયામાં સરમુખત્યારશાહી ધરાવતી સરકારો છે તો બાકીના ત્રણ દેશોમાં લોકશાહી સરકારો છે તેમ છતાં આ રાજકીય વિરોધાભાસ આ સંમેલનની સંગઠિતતાને અસર કરી શક્યો નથી.
- ✓ **BRICSનો મુખ્ય એજન્ડા આર્થિક વિકાસ**
- ✓ **આગામી 14માં BRICS સંમેલન 2022નો યજમાન દેશ તથા અધ્યક્ષ-ચીન**

**7. જન્મ દિન વિશેષ : 9 સપ્ટેમ્બર**

**દરિયાલાલ : ગુણવંતરાય આચાર્ય**

**જન્મ : 9 સપ્ટેમ્બર 1900 અવસાન : 25 નવેમ્બર 1965**

- ✓ જામનગર જિલ્લાના જેતલસર ગામે જન્મેલા ગુણવંતરાય પોપટભાઇ આચાર્ય એ કૉલેજ સુધીનું શિક્ષણ પણ લીધું ન હતું.



- ✓ કચ્છના માંડવીમાં પ્રાથમિક શિક્ષણ દરમિયાન તેઓમાં સ્થાનિક વાતાવરણના સહવાસથી દરિયાઇ કથાઓ લખવાનું બીજ વવાયું હતું.
- ✓ સૌરાષ્ટ્ર મિત્ર, સૌરાષ્ટ્ર, ફૂલછાબ, પ્રજાબંધુ જેવાં સામયિકો તેમનાં સર્જનોની પૃષ્ઠભૂમિ હતી. ફૂલછાબ અને ફિલ્મી સામયિક મોજ મજાહનાં તો તેઓ તંત્રી પણ હતાં.

**સાહિત્ય સર્જન :**

- ✓ દરિયા સારંગ, હાથીદાંતનો સોદાગર, દરિયાપીર, હાજી કાસમ તારી વીજળી, દરિયાલાલ, કાળ વૈભવ, જળ સમાધિ, બંડખોર, રાય બુકકારાય, વતનનો સાદ, અલ્લા બેલી, સુભાષચંદ્ર બોઝ, સોરઠની સંધ્યા, હુ બાવો અને મંગળદાસ જેવાં નવલકથા ,નાટક, નવલિકા, નિબંધને લગતાં 100થી વધુ પુસ્તકો લખ્યાં છે. તેમનું સર્જન મુખ્યત્વે સાગર કથાઓ, ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ ક્ષેત્રે રહ્યુ છે.
- ✓ દરિયાલાલ નવલકથાથી વ્યાપક પ્રસિદ્ધિ પામેલાં ગુણવંતરાય આચાર્યનું 1945માં ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માન થયું હતું.
- ✓ અત્યંત આધુનિક વિચારો ધરાવતા ગુણવંતરાય આચાર્યનો સાહિત્યિક વારસો તેમની પુત્રીઓ ઈલા આરબ મહેતા અને વર્ષા અડાલજા સાચવી રહાં છે.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (09-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગ 2021માં કઇ-કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. રેન્કિંગમાં IIT મદ્રાસ સતત ત્રીજા વર્ષે શ્રેષ્ઠ સંસ્થા જાહેર
2. દેશની ટોચની ત્રણ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ઓવરઓલ રેન્કિંગમાં IIT-મદ્રાસ, IISC-બેંગલોર, IIT-બોમ્બેને સ્થાન
3. ટોચની મેનેજમેન્ટ ઉચ્ચ શિક્ષણ સંસ્થામાં આખા ભારતમાં અમદાવાદની IIM-Aને પહેલો રેન્ક

(A) 1 (B) 2 (C) 3 **(D) આપેલ પૈકી તમામ**

**2.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગ 2021માં ભારતની કઇ શ્રેષ્ઠ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે

1. IISC-બેંગ્લુરૂ 2. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JUN
3. બનારસ હિન્દુ યુનિવર્સિટીને (BHU)

(A) 1 (B) 2 (C) 3 **(D) આપેલ પૈકી તમામ**

**3.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગ 2021માં નીચેના પૈકી કઇ શ્રેણીઓનો સમાવેશ થાય છે

1. મેનેજમેન્ટ, યુનિવર્સિટી અને ઇજનેરી
2. કોલેજ, ફાર્મસી અને આર્કિટેક્ચર
3. લૉ, ઓવર ઓલ અને મેડિકલ
4. ડેન્ટલ તથા રિસર્ચ (નવી શ્રેણી)

**(A) 1, 2, 3 અને 4** (B) 2 અને 4 (C) 1 અને 3 (D) 1 અને 4

**4.** ભારત સરકાર દ્વારા સપ્ટેમ્બર 2021માં ફાઈટર પ્લેન માટે હાઈ વે પર એરસ્ટ્રીપ યોજના અંગે નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. રાજસ્થાનના બાડમેરમાં NH-925 ઉપર સત્તા-ગાંધવ વચ્ચે IAFના વિમાનોના લેન્ડિંગ માટે 3 કિ.મી.ની પ્રથમ એર સ્ટ્રીપ દેશને સમર્પિત
2. રાજનાથસિંહ, નીતિન ગડકરી, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતને લઇને પહોંચેલા એરફોર્સના હરક્યુલસ C-130J વિમાને એરસ્ટ્રીપ પર ઇમર્જન્સી લેન્ડિંગની મોક ડ્રીલ કરી
3. એરફોર્સના સુખોઇ-30, મિગ-21, જગુઆર સહિતના યુદ્ધવિમાનો અને N32 મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાન, MI-17V5 હેલિકોપ્ટરે પણ લેન્ડિંગની મોક ડીલમાં સામેલ
4. ગુજરાતમાં ભુજ-નલિયા રોડ પર અને સુરત-બરોડા રોડ પર એર સ્ટ્રીપ તૈયાર કરાશે

(A) 1 અને 3 (B) 2 અને 4 **(C) 1, 2, 3 અને 4** (D) 2, 3 અને 4

**5.** તા. 9 સપ્ટેમ્બર 2021ના રોજ યોજાયેલા ઓનલાઇન BRICS શિખર સંમેલનમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. 13મું BRICS શિખર સંમેલન
2. અધ્યક્ષસ્થાને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી
3. ભારતે પસંદ કરેલી થીમ : બેઠકની ચર્ચાનો મુખ્ય વિષય સાતત્ય, એકત્રીકરણ અને સર્વસંમતિ માટે સહકાર
4. બ્રિક્સ સંગઠને આતંકવાદ વિરોધી યોજનાને સ્વીકારવાનો ઠરાવ પસાર કર્યો

(A) 2 અને 4 **(B) 1, 2, 3 અને 4** (C) 1 અને 3 (D) 1 અને 4

**6.** તા. 9 સપ્ટેમ્બર 2021ના રોજ યોજાયેલા ઓનલાઇન BRICS શિખર સંમેલનમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. આગામી સમયમાં બ્રિક્સની સ્થાપનના 15 વર્ષ પૂરા થશે
2. વડાપ્રધાન મોદીએ બ્રિક્સને Cooperation – સહકાર, Continuity – સાતત્યતા, Consolidation – એકજૂથતા અને Consensus – સહમતી એમ કુલ ચાર C આપ્યા
3. રશિયન પ્રમુખ : વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ : શી જિનપિંગ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ : સિરિલ રામાફોસા અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ : જાયર બોલસોનારોની ઇ-ઉપસ્થિતિ

(A) 1 (B) 2 (C) 3 **(D) આપેલ પૈકી તમામ**

**7.** ગુજરાતનું પ્રથમ મેગા CFC સેન્ટર ક્યાં આકાર પામશે

(A) કારેલીબાગ જવેલરી પાર્ક-વડોદરા
**(B) ઇચ્છાપોર જ્વેલરી પાર્ક-સુરત**
(C) મહાત્મા મંદિર જ્વેલરી પાર્ક-ગાંધીનગર
(D) શ્રીજી જ્વેલરી-અમદાવાદ

**8.** સુરત અને મુંબઈના જ્વેલરી પાર્કમાં મેગા કોમન ફેસિલિટી સેન્ટર તૈયાર કરવા કેન્દ્ર સરકાર કેટલા રૂપિયાની ફાળવણી કરશે

(A) 25-25 કરોડ (B) 35-35 કરોડ
**(C) 50-50 કરોડ** (D) 75-75 કરોડ

**9.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા ઉડાન યોજના હેઠળ ભારતના ક્યા શહેરોમાં એરપોર્ટ શરૂ કરવાની જાહેરાત કરી

(A) કેશોદ:ગુજરાત તથા દેવધર:ઝારખંડ
(B) કુશીનગર : ઉત્તરપ્રદેશ
(C) ગોંદીયા:મહારાષ્ટ્ર તથા સિંધુદુર્ગ:મહારાષ્ટ્ર
**(D)આપેલ પૈકી તમામ**

**10.** UDAN યોજનાનું વિસ્તૃત નામ જણાવો

**(A) ઉડે દેશ કા આમ નાગરિક** (B) ઉડે દરેક આમ નાગરિક
(C) ઉઠે દેશ કા આમ નાગરિક (D) ઉપડે દેશ કા આમ નાગરિક

**11.** ભારતના વર્તમાન કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીનું નામ જણાવો -

**(A) જ્યોતિરાદિત્ય સિંધિયા** (B) રાજનાથસિંહ
(C) નીતિન ગડકરી (D) અનુરાગ ઠાકુર

**12.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગ 2021માં એન્જિનિયરિંગ કેટેગરીમાં કઈ પ્રથમ ત્રણ IITનો સમાવેશ થાય

(A) IIT મદ્રાસ, IIT-દિલ્હી, અને IIT–કોલકત્તા
(B) IIT મદ્રાસ, IIT-દિલ્હી, અને IIT–ગાંધીનગર
(C) IIT મદ્રાસ, IIT-દિલ્હી, અને IIT–અમદાવાદ
**(D) IIT મદ્રાસ, IIT-દિલ્હી, અને IIT–બોમ્બે**

**13.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગ 2021માં કુલ 11 શ્રેણી પૈકી કઈ કેટેગરીનો પહેલીવાર સમાવેશ કરાયો છે

(A) મેનેજમેન્ટ (B) યુનિવર્સિટી **(C) રિસર્ચ** (D) આર્કિટેક્ચર

**14.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા NIRF રેન્કિંગ 2021માં પ્રથમવાર સમાવિષ્ટ કરાયેલી રિસર્ચ શ્રેણીમાં પ્રથમ ક્રમ મેળવનાર સંસ્થાનું નામ જણાવો

(A) જવાહરલાલ નહેરુ યુનિર્વિસટી (JNU)-દિલ્હી
(B) બનારસ હિન્દુ યુનિર્વિસટી (BHU)
(C) જામિયા મિલિયા ઈસ્લામિયા (JMI) **(D) IISC, બેંગલુરુ**

**15.** ભારત સરકારના તત્કાલીન MHRD દ્વારા શિક્ષણ સંસ્થાઓ માટે NIRF રેન્કિંગનો સૌપ્રથમ પ્રારંભ ક્યારે કરવામાં આવ્યો હતો

(A) વર્ષ 2014 (B) વર્ષ 2015 **(C) વર્ષ 2016** (D) વર્ષ 2017

**16.** NIRFનું વિસ્તૃત નામ જણાવો

**(A) નેશનલ ઇન્સ્ટિટ્યૂશન રેન્કિંગ ફ્રેમવર્ક**
(B) ન્યૂ ઇન્સ્ટિટ્યૂશન રેન્કિંગ ફ્રેમવર્ક
(C) નેશનલ ઇન્ડસ્ટ્રીઝ રેન્કિંગ ફ્રેમવર્ક
(D) નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ઓફ રેન્જ ફોર્મ્યુલા

**17.** ગુજરાતના કચ્છ સહિત દેશના કેટલા સ્થળોએ ફાઈટર પ્લેન માટે હાઈવે ઉપર એર સ્ટ્રીપ બનશે

(A) 21 **(B) 25** (C) 31 (D) 51

**18.** સપ્ટેમ્બર 2021માં ઉતરાખંડમાં ક્યા સ્થળે 11 હજાર ફૂટની ઊંચાઇએ નિર્માણ પામેલ 446 ફૂટ લાંબો લાકડાનો ફ્લાયઓવર ગરતાંગ ગલી માર્ગ 59 વર્ષે પુનઃ ચાલુ કરાયો

(A) કેદારનાથ (B) હરિદ્વાર (C) બદ્રીનાથ **(D) ઉત્તરકાશી**

**19.** BRICSના પાંચ દેશોમાં વિશ્વની કુલ વસતીનો કુલ કેટલા ટકા હિસ્સો વસવાટ કરે છે તેમજ વૈશ્વિક GDPનો કેટલા ટકા હિસ્સો ધરાવે છે

(A) 22 તથા 13 (B) 32 તથા 32 **(C) 40 તથા 23** (D) 40 તથા 33

**20.** આગામી 14મું BRICS સંમેલન-2022નો અધ્યક્ષ-યજમાન દેશનું નામ જણાવો

**(A) ચીન** (B) રશિયા (C) દક્ષિણ આફ્રિકા (D) બ્રાઝિલ

**21.** પહેલું બ્રિક્સ સંમેલનનું આયોજન રશિયાના કયા શહેરમાં ક્યારે થયુ હતુ

(A) યેકાટેરીબર્ગ તથા 16 જૂન, 2008
**(B) યેકાટેરીબર્ગ તથા 16 જૂન, 2009**

(C) યેકાટેરીબર્ગ તથા 16 જૂન, 2010

(D) યેકાટેરીબર્ગ તથા 16 જૂન, 2011

**22.** ગુજરાતી સાહિત્યકાર ગુણવંતરાય આચાર્યનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 9 સપ્ટેમ્બર 1903 તથા જેતલસર જિ.રાજકોટ

(B) 8 સપ્ટેમ્બર 1902 તથા જેતલસર જિ.વડોદરા

**(C) 9 સપ્ટેમ્બર 1900 તથા જેતલસર જિ.જામનગર**

(D) 5 સપ્ટેમ્બર 1905 તથા જેતલસર જિ.મહેસાણા

**23.** ગુણવંતરાય આચાર્ય તેમની કઇ નવલકથાથી વ્યાપક પ્રસિદ્ધિ મેળવી હતી

(A) દરિયાપીર **(B) દરિયાલાલ**

(C) દરિયા સારંગ (D) હાજી કાસમ તારી વીજળી

**24.** ક્યા વર્ષે ગુણવંતરાય આચાર્યનું ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માન કરાયું હતું

(A) 1934 (B) 1941 **(C) 1945** (D) 1954

**25.** ગુજરાતી લેખિકા ઈલા આરબ મહેતા અને વર્ષા અડાલજાના પિતાનું નામ જણાવો

(A) ર. વ. દેસાઇ (B) રા. વિ. પાઠક

(C) સુરેશ જોશી **(D) ગુણવંતરાય આચાર્ય**

**DATE : 10-09-2021**

## 1. AESA રડાર - DRDO : ભારત સરકાર : રૂ. 10,990 કરોડના ખર્ચે સ્વદેશી 6 AESA ઉડતા રડાર એરક્રાફ્ટ નિર્માણ કરવા સુરક્ષા સમિતિ દ્વારા મંજૂરી




**પ્રોજેક્ટ વિશે :**

- ✓ એર ઇન્ડિયાના 6 વિમાન DRDOના સ્વદેશી AESA રડારથી સજ્જ કરાશે
- ✓ આધુનિક યુદ્ધમાં અત્યંત મહત્ત્વના ગણાતા આકાશમાં ઊડતા રડારના દેશમાં જ ઉત્પાદન માટેના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને કેન્દ્ર સરકારે મંજૂરી આપી.
- ✓ DRDO દ્વારા તૈયાર કરાયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત એર ઇન્ડિયાના હાલના વિમાનોમાંથી 6 વિમાન ખરીદવા કેન્દ્રીય કેબિનેટની સુરક્ષા મામલાની સમિતિએ મંજૂરી આપી.
- ✓ આ વિમાનોને DRDO દ્વારા દેશમાં જ વિકસાવાયેલા AESA-એક્ટિવ ઇલેક્ટ્રોનિકલી સેકન્ડ એરે રડારથી સજ્જ કરાશે.
- ✓ આ પ્રોજેક્ટ અંતર્ગત AEW&C વિમાનની પ્રથમ ટ્રાયલ આગામી ચાર વર્ષમાં યોજાશે. સમગ્ર પ્રોજેક્ટ પૂરો થતાં સાત વર્ષ લાગશે.
- ✓ AEW&C: એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ

## 2. INS ધ્રુવ : ભારતીય નેવી : પ્રથમ મિસાઇલ ટ્રેકિંગ શીપ INS ધ્રુવ ભારતીય નૌકાદળમાં સામેલ



- ✓ આંધ્રપદેશના વિશાખાપટ્ટનમ ખાતે દેશનું સૌપ્રથમ સેટેલાઇટ એન્ડ બેલિસ્ટિક મિસાઇલ ટ્રેકિંગ શિપ INS ધ્રુવ ભારતીય નૌકાદળમાં સામેલ
- ✓ **ભૂમિકા :** ઇન્ડો-પેસિફિક રિજિયનમાં INS ધ્રુવની હાજરી મહત્ત્વની ભૂમિકા ભજવશે.

**INS ધ્રુવની વિશેષતાઓ :**

- ✓ 10,000 કિલો વજન ધરાવતું ભારતનું સૌપ્રથમ સ્વદેશી સેટેલાઇટ એન્ડ બેલિસ્ટિક મિસાઇલ ટ્રેકિંગ શીપ. ભારતીય શહેરો અને લશ્કરી સંસ્થાનો તરફ આગળ વધતા દુશ્મન મિસાઇલોની આગોતરી જાણ કરશે
- ✓ DRDO દ્વારા તૈયાર કરાયેલ AESA રડારથી સજ્જ, જાસૂસી ઉપગ્રહો પર નજર રાખવામાં સક્ષમ.
- ✓ લાંબી રેન્જ ધરાવતા દુશ્મન દેશના ન્યુક્લિયર મિસાઇલ ટ્રેક કરવામાં સક્ષમ
- ✓ દુશ્મન સબમરિન અને સી બેડ પર ચાંપતી નજર રાખવાની ક્ષમતા

## 3. નિમણૂક : રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા વિવિધ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિયુક્તિ




- ✓ તામિલનાડુ : શ્રી આર.એન. રવિ
- ✓ પંજાબ : શ્રી બનવારી લાલ પુરોહિત
- ✓ ઉતરાખંડ : શ્રી ગુરમિત સિંહ
- ✓ નાગાલેન્ડ : આસામના રાજ્યપાલ શ્રી જગદીશ મુખીને નાગાલેન્ડનો વધારાનો ચાર્જ

## 4. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય : મોબાઇલ એપ કોવિન પર KYC-VS નામની નવી સુવિધાનો પ્રારંભ

**મુખ્ય હેતુ :**

- ✓ **ગ્રાહક કે મુલાકાતીઓએ કોરોનાની રસી લીધી છે કે નહીં એ કોવિન એપ પર જાણી શકાશે**

**વિગત :** દેશમાં રસીકરણ માટેની કેન્દ્ર સરકારની મોબાઇલ ઍપ કોવિન (Cowin) પર KYC-VS (નૉ યોર કસ્ટમર/ક્લાયન્ટ્સ વેક્સિનેશન સ્ટેટસ) નામની નવી સુવિધા શરૂ કરવામાં આવી.

- ✓ જેની મદદથી ઑફિસ, શોપિંગ મૉલ, એરપોર્ટ, હોટેલ જેવા સ્થળોએ મુલાકાતીઓએ વેક્સિન લીધી છે કે નહીં એ વેરીફાઇ કરી શકાશે.
- ✓ રસી લીધા બાદ દરેક વ્યક્તિને કોવિન દ્વારા ડિજીટલ સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવે છે. આ સર્ટીફીકેટને મોબાઇલ ફોન, ટેબલેટ કે લેપટોપમાં રાખી શકાય છે.

**કેવી રીતે ઉપયોગી :**

- ✓ રેલવે કે એરલાઇન્સ ટિકિટ બુક કરાવનાર પોતાના પ્રવાસીનું વેક્સિનેશન સ્ટેટસ KYC-VS દ્વારા જાણી શકશે.
- ✓ એરપોર્ટ પ્રવાસીને પ્રવેશ આપતા પહેલા વેક્સિનેશન સ્ટેટસ આ સુવિધા દ્વારા જાણી શકશે. કોરોના સંક્રમણને રોકવા માટેની તકેદારાના ભાગરૂપ હોટેલો પણ આ સુવિધા દ્વારા પોતાના ગેસ્ટનું વેક્સિનેશન સ્ટેટસ જાણી શકશે.

## 5. ISRO : ચંદ્રયાન-2ને ચંદ્રની સપાટી ઉપર બરફના સ્વરૂપમાં પાણી અને મેંગેનિઝના પુરાવા મળી આવ્યા




**પાણીના પુરાવા**

- ✓ ચંદ્રાયાનના વિવિધ ઉપકરણો દ્વારા કરાયેલી કેટલીક મહત્વની શોધ વિશે સંપૂર્ણ માહિતી રજૂ કરી હતી તદઅનુસાર ડ્યુઅલ ફ્રિકવન્સી સિન્થેટિક અપેર્ચર રડારની મદદથી ચંદ્રની જમીનની અંદરની માટીનો અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં બરફના સ્વરુપમાં પાણી હોવાના સંકેત મળ્યા હતા.

**મેંગેનિઝના પુરાવા**

- ✓ ચંદ્રાસ એટમોસ્ફેરિક કોમ્પોઝીશનલ એક્સપ્લોરરે ચંદ્રના સૌથી ઉપરના અને મધ્યમાં આવેલા અક્ષાંશની આસપાસના વિસ્તારમાં આર્ગન વાયુને શોધી કાઢ્યો હતો અને તેનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કર્યો હતો.
- ✓ અભ્યાસમાં જાણવા મળ્યું કે ચંદ્રના સૌથી ઉંચા અને મધ્યમાં આવેલાં અક્ષાંશના વિસ્તારોમાં રેડિયો એક્ટિવ પ્રવૃત્તિઓ થઇ રહી છે.
- ✓ લાર્જ એરિયા સોફ્ટ એક્સ-રે સ્પેક્ટ્રોમિટરની મદદથી ચંદ્રની સપાટી ઉપર ક્રોમિયમ અને મેંગેનિઝ ધાતુ હોવાનું જાણી શકાયું હતું.
- ✓ ISRO ચેરમેન : શ્રી કે સિવાન
- ✓ વડુમથક : બેંગલુરૂ

## 6. દિન વિશેષ:10 સપ્ટેમ્બર : વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ




- ✓ **થીમ 2021 : Creating hope through action**
- ✓ પ્રથમ પ્રારંભ વર્ષ 2003થી
- ✓ WHOના અહેવાલ મુજબ વિશ્વમાં દર 40 સેકન્ડે એક વ્યક્તિ આત્મહત્યા કરે છે

**ગુજરાતમાં આત્મહત્યા અટકાવવા હેલ્પલાઇન નં.**

- ✓ રાજ્યમાં આત્મહત્યાની ઘટના અટકાવવા માટે હેલ્પલાઈન ઉપલબ્ધ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા 104 અને 1100 ટેલિમેડિસિન જેવી હેલ્પલાઇન અને ઈ-સંજીવની જેવી માનસિક હેલ્થની સેવા કાર્યરત કરી છે.
- ✓ વર્ષ 2017 સુધીમાં આત્મહત્યાના પ્રમાણમાં ગુજરાત 7મા ક્રમે હતું પરંતુ વિવિધ કાર્યક્રમો બાદ વર્ષ 2021માં ગુજરાત 12મા ક્રમાંકે પહોચ્યું છે.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (10-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં ભારત સરકારની સુરક્ષા સમિતિએ સ્વદેશી AESA રડાર માટે આપેલી મંજૂરીમાં કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. રૂ. 10,990 કરોડના ખર્ચે સ્વદેશી 6 AESA રડાર
2. DRDO દ્વારા સ્વદેશી AESA-એક્ટિવ ઇલેક્ટ્રોનિકલી સ્કેન્ડ એરે રડાર ઉડતા રડાર નિર્માણ કરાશે
3. AEW&C-એરબોર્ન અર્લી વોર્નિંગ એન્ડ કંટ્રોલ
4. આ પ્રોજેક્ટ અંતર્ગત AEW&C વિમાનની પ્રથમ ટ્રાયલ આગામી ચાર વર્ષમાં યોજાશે. સમગ્ર પ્રોજેક્ટ પૂરો થતાં સાત વર્ષ લાગશે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 1 અને 3 **(D) 1, 2, 3 અને 4**

**2.** સપ્ટેમ્બર 2021માં ભારતીય નેવીમાં સામેલ કરાયેલ INS ધ્રુવ વિશે નીચેનામાંથી કયા વિધાનો ખરુ/ખરા છે

1. દેશનું સૌપ્રથમ સેટેલાઇટ એન્ડ બેલિસ્ટિક મિસાઇલ ટ્રેકિંગ શિપ
2. આંધ્રપદેશના વિશાખાપટ્ટનમ ખાતેથી ભારતીય નેવીમાં સામેલ કરાયું
3. ઇન્ડો-પેસિફિક રિજિયનમાં INS ધ્રુવની હાજરી મહત્વની ભૂમિકા ભજવશે
4. DRDO દ્વારા તૈયાર કરાયેલ AESA રડારથી સજ્જ, જાસૂસી ઉપગ્રહો પર નજર રાખવામાં સક્ષમ
5. દુશ્મન સબમરિન અને સી બેડ પર ચાંપતી નજર રાખવાની ક્ષમતા

(A) 1 થી 3 (B) 4 અને 5 **(C) 1 થી 5** (D) 1, 2 અને 4

**5.** તા. 10 સપ્ટેમ્બર 2021ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કયા રાજ્યપાલોની નિમણૂક કરાઇ

(A)તામિલનાડુ:શ્રી આર.એન.રવિ

(B)પંજાબ:શ્રી બનવારીલાલ પુરોહિત

(C) ઉતરાખંડ : શ્રી ગુરમિત સિંહ

**(D) ઉપરોક્ત પૈકી તમામ**

**6.** ગ્રાહક કે મુલાકાતીઓએ કોરોનાની રસી લીધી છે કે નહીં એ કોવિન એપ પર જાણવા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા કઇ નવી સુવિધાનો પ્રારંભ કરાયો

(A) KYC-VK (B) KVC-VM **(C) KYC-VS** (D) KYC-US

**7.** ચંદ્રયાન-2 દ્વારા સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ચંદ્રની સપાટી ઉપર કયા બે મહત્વના તત્વો હોવાના પુરાવા મળી આવ્યા છે

(A) બરફના સ્વરૂપમાં પાણી (B) મેંગેનિઝ

**(C) A અને B બંને** (D) ઉપરમાંથી એક પણ નહીં

**8.** ગુજરાતમાં આત્મહત્યા અટકાવવા કઇ હેલ્પલાઇન નંબર કાર્યરત છે

(A) 104 (B) 1100**(C) AઅનેB બંને** (D)ઉપરમાંથી એક પણ નહીં

**9.** વર્ષ 2017 સુધીમાં આત્મહત્યાના પ્રમાણમાં ગુજરાત 7મા ક્રમે હતું પરંતુ વિવિધ જાગૃતિના કાર્યક્રમો બાદ વર્ષ 2021માં ગુજરાત કયા સ્થાને પહોચ્યું છે

(A) 9 (B) 11 **(C) 12** (D) 13

**10.** વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસનો પ્રથમ પ્રારંભ ક્યારે થયો

**(A) વર્ષ 2003**(B) વર્ષ 2002(C) વર્ષ 2001(D) વર્ષ 2000

**11.** વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ ક્યારે મનાવાય છે

(A) 5 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર **(C) 10 સપ્ટેમ્બર** (D) 12 સપ્ટેમ્બર

**12.** વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ 2021ની થીમ જણાવો

(A) action and Creating hope through

(B) hope through and Creating action

**(C) Creating hope through action** | (D) આપેલ પૈકી એખ પણ નહીં

**DATE : 11-09-2021**

## 1. ગુજરાત : 16માં મુખ્યમંત્રી તરીકે શ્રી વિજય રૂપાણી સહિત સમગ્ર મંત્રીમંડળનું રાજીનામું



**ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રી**

| ક્રમ | મુખ્યમંત્રી | કાર્યકાળ |
|---|---|---|
| ૦૧ | ડો. જીવરાજ મહેતા | તા.૧-૫-૧૯૬૦થી તા.૧૯-૯-૬૩ |
| ૦૨ | બળવંત મહેતા | તા.૧૯-૯-૬૩થી તા.૧૯-૯-૬૫ |
| ૦૩ | હિતેન્દ્રભાઇ દેસાઇ | તા.૧૯-૯-૬૫થી તા.૧૩-૫-૭૧ |
| ૦૪ | ઘનશ્યામભાઈ ઓઝા | તા.૧૭-૩-૭૨થી તા.૧૭-૭-૭૩ |
| ૦૫ | ચીમનભાઇ પટેલ | તા.૧૭-૭-૭૩થી તા.૯-૨-૭૪ |
| ૦૬ | બાબુભાઇ જ. પટેલ | તા.૧૮-૬-૭૫થી તા.૧૨-૩-૭૬ |
| ૦૭ | માધવસિંહ સોલંકી | તા.૨૪-૧૨-૭૬થી તા.૧૧-૪-૭૭ |
| ૦૮ | બાબુભાઈ જ. પટેલ | તા.૧૧-૪-૭૭થી તા.૧૭-૨-૮૦ |
| ૦૯ | માધવસિંહ સોલંકી | તા.૬-૬-૮૦થી તા.૬-૭-૮૫ |
| ૧૦ | અમરસિંહ ચૌધરી | તા.૬-૭-૮૫થી તા.૯-૧૨-૮૯ |
| ૧૧ | માધવસિંહ સોલંકી | તા.૧૦-૧૨-૮૯થી તા.૩-૩-૯૦ |
| ૧૨ | ચીમનભાઈ પટેલ | તા.૪-૩-૯૦થી ૧૭-૨-૯૪ |
| ૧૩ | છબીલદાસ મહેતા | તા.૧૭-૨-૯૪થી તા.૧૩-૩-૯૫ |
| ૧૪ | કેશુભાઇ પટેલ | તા.૧૩-૩-૯૫થી તા.૨૧-૧૦-૯૫ |
| ૧૫ | સુરેશચંદ્ર મહેતા | તા.૨૧-૧૦-૯૫થી તા. ૧૯-૯-૯૬ |
| ૧૬ | શંકરસિંહ વાઘેલા | તા.૨૩-૧૦-૯૬થી તા.૨૮-૧૦-૯૭ |
| ૧૭ | દિલીપ પરીખ | તા.૨૮-૧૦-૯૭થી તા. ૪-૩-૯૮ |
| ૧૮ | કેશુભાઈ પટેલ | તા.૪-૩-૯૮થી તા.૭-૧૦-૨૦૦૧ |
| ૧૯ | નરેન્દ્ર મોદી | તા.૭-૧૦-૨૦૦૧થી તા.૨૨-૪-૨૦૧૪ |
| ૨૦ | આનંદીબહેન પટેલ | તા.૨૨-૪-૨૦૧૪થી તા.૬-૮-૨૦૧૬ |
| ૨૧ | વિજય રૂપાણી | તા.૦૭-૦૮-૨૦૧૬થી તા.૧૧-૯-૨૦૨૧ |

✓ **કાર્યકાળ : તા. 07 ઓગસ્ટ 2016થી તા. 11 સપ્ટેમ્બર 2021**

**સત્તાના પાંચ વર્ષ પૂર્ણ કરનાર મુખ્યમંત્રીઓ**

**1. હિતેન્દ્ર દેસાઈ**    **2. માધવસિંહ સોલંકી**

**3. નરેન્દ્ર મોદી**    **4. વિજય રૂપાણી**



## 2. સરદાર ધામ-વૈષ્ણવદેવી સર્કલ : અમદાવાદ



**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રૂ. 200 કરોડના ખર્ચે સરદારધામનું નવી દિલ્હીથી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન**

✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં તમિલ અભ્યાસ માટે સુબ્રહ્મણ્યમ સ્વામીની 100મી પુણ્યતિથિ નિમિત્તે ખાસ ચેરની સ્થાપના કરાઈ

## 3. મેડિસિન ફ્રોમ ધી સ્કાય પ્રોજેક્ટ : ઉડ્ડયન મંત્રાલય દ્વારા ભારતમાં સૌપ્રથમ તેલંગાણાથી પ્રોજેક્ટનો પ્રારંભ

**પ્રોજેક્ટ વિશે :**

✓ આ યોજના હેઠળ નાગરિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો પુરવઠો ડ્રોન દ્વારા પહોંચાડવાનું ધ્યેય રાખવામાં આવ્યું છે જેથી ઝડપભેર દવાઓનું વિતરણ થઈ શકે.

✓ સ્કાય એર મોબિલિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા ડ્રોનની મદદથી બ્લ્યૂ ડાર્ટ એક્સપ્રેસ દ્વારા દવાઓની પહેલી ખેપ સફળતાપૂર્વક પહોંચાડવામાં આવી હતી.

**પ્રથમ સફળ પ્રયોગ :**

✓ કોરોના વૅક્સિનનું પાંચ કિલોગ્રામ વજનનું બોક્સ લઈને ડ્રોન 3 કિલોમીટર દૂર આવેલા આરોગ્ય કેન્દ્ર સુધી માત્ર 10 મિનિટમાં પહોંચી ગયું હતું.

✓ વૅક્સિન અને જીવનરક્ષક દવાઓ તથા લોહી આજના ટ્રાફિકના કારણે જરૂરના સ્થાને પહાચાડવામાં બિનજરૂરી વિલંબ ભોગવવો પડે છે. તે આકાશમાર્ગે જતા ડ્રોનની મદદથી દૂર કરી શકાયો છે.

✓ હવેથી 10 કિલોમીટર સુધીના અંતરે દવાઓ, મૅડિકલ સેમ્પલ્સ અને વૅક્સિન ડ્રોન દ્વારા ડિલિવર કરવામાં આવશે.

✓ **કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન પ્રધાન : જ્યોતિરાદિત્ય સિંધિયા**

## 4. દિન વિશેષ : 11 સપ્ટેમ્બર

### (1) દિગ્વિજય દિવસ




✓ **વિશેષતા :** તા. 11 સપ્ટેમ્બર-1893ના રોજ સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મ પરિષદને સંબોધી હતી.

### (2) 9/11 : USના ટ્વીન ટાવર-વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર અલકાયદાના આતંકી હુમલાના 20 વર્ષ

✓ 11 સપ્ટેમ્બર 2001ના રોજ ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બંને ટાવર, વોશિંગ્ટનમાં પેન્ટાગોન બિલ્ડિંગ, શાન્ક્સ વિલેના ખેતરમાં મુસાફર વિમાનો અથડાવીને આતંકી હુમલો થયો.

✓ હુમલામાં લગભગ 2,753 મૃત્યુ થયાં. તેમાં 400 પોલીસ કર્મચારી અને ફ્રાયરફાઈટર્સ હતા.

### (3) દિન વિશેષ : ભાદરવા સુદ ચોથ :

### ગણેશ ચતુર્થી : ભારતભરમાં ધામધૂમથી ગણેશોત્સવનો પ્રારંભ




### (4) દિન વિશેષ : જૈન સમુદાયનો પર્વ : સંવત્સરી




## 5. જન્મ દિન વિશેષ : 11 સપ્ટેમ્બર

### ભૂદાન યાત્રી : વિનોબા ભાવેની 126મી જન્મજયંતિ




**જન્મ : 11 સપ્ટેમ્બર 1895**    **અવસાન : 15 નવેમ્બર 1982**

✓ વિનોબા ભાવેનો જન્મ મહારાષ્ટ્રના ગગોદામાં ભક્તિભાવવાળા અને રાષ્ટ્રવાદી પરિવારમાં થયો.

- ✓ 1916માં વિનોબાએ હિમાલયમાં તપ કરવાનું નક્કી કર્યું હતું પરંતુ બનારસમાં મહાત્મા ગાંધીના ક્રાંતિકારી ભાષણને સાંભળ્યા પછી હિમાલયમાં વિનોબ જવાનું માંડી વળ્યું હતું.
- ✓ 21 વર્ષની વયે અમદાવાદમાં પહેલીવાર ગાંધીજીને મળ્યાને આજીવન ગાંધીવાદી બની રહ્યા.
- ✓ ગાંધીજી તેમના માટે કહેતા કે, વિનોબા આશ્રમના દુર્લભ રત્નો પૈકી એક છે અને તેઓ અહીં કશું મેળવવા નહિ પણ અર્પણ કરવા આવ્યા છે.
- ✓ સ્વરાજ્ય યાત્રી, <u>પહેલા વ્યક્તિગત સત્યાગ્રહી (1940),</u> રાષ્ટ્રીય અધ્યાપક, ગાંધીજીના આધ્યાત્મિક ઉત્તરાધિકારી, ભૂદાનયાત્રી એમ અનેક રીતે ભાવેનું સ્મરણ થાય છે.
- ✓ <u>વિનોબાએ 18 એપ્રિલ 1951 એ તેલંગાણાના પોચમપલ્લીથી ભૂમિહીનો માટે ભૂમિની માંગણી કરી તેમના પ્રસિદ્ધ ભૂદાન યજ્ઞનો પ્રારંભ</u> કર્યો.
- ✓ વિનોબા ગાંધીજીના હાર્ડકોર અનુયાયી છતાં 1975માં ઇન્દિરા ગાંધી શાસનમાં નંખાયેલી કટોકટીને "અનુશાસન પર્વ તરીકે ઓળખાવી વિવાદમાં આવ્યા.
- ✓ <u>ગીતા પ્રવચનો-સ્વરાજ્ય શાસ્ત્ર વિનોબાજીના જાણીતા ગ્રંથો.</u>

## <u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (11-09-2021)</u>

**1.** ગુજરાતમાં સત્તાના પાંચ વર્ષ પૂર્ણ કરનાર મુખ્યમંત્રી પૈકી નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે

1. હિતેન્દ્ર દેસાઈ 2. માધવસિંહ સોલંકી
3. નરેન્દ્ર મોદી 4. વિજય રૂપાણી

(A) 1 અને 2(B) 2 અને 3 (C) 1, 2 અને 3 **<u>(D) 1, 2, 3 અને 4</u>**

**2.** તા. 11 સપ્ટેમ્બર 2021ના રોજ ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા નાગરિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો પુરવઠો ડ્રોન દ્વારા પહોંચાડવાના ધ્યેય સાથે પ્રથમવાર શરૂ કરાયેલ પ્રોજેક્ટમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે

1. મેડિસિન ફ્રોમ ધી સ્કાય પ્રોજેક્ટ
2. ભારતમાં સૌપ્રથમ તેલંગાણાથી પ્રોજેક્ટનો પ્રારંભ
3. ડ્રોનની મદદથી બ્લ્યૂ ડાર્ટ એક્સપ્રેસ દ્વારા 3 કિ.મી. દૂર દવાઓની પહેલી ખેપ સફળતાપૂર્વક પહોંચાડવામાં આવી
4. હવેથી 10 કિલોમીટર સુધીના અંતરે દવાઓ, મૅડિકલ સેમ્પલ્સ અને વૅક્સિન ડ્રોન દ્વારા પહોચાડવાનું લક્ષ્યાંક ડિલિવર કરવામાં આવશે

(A) 1 અને 3 (B) 2 અને 4 **<u>(C) 1, 2, 3 અને 4</u>** (D) 1, 2 અને 3

**3.** ગુજરાતના 16માં મુખ્યમંત્રી તરીકે કાર્યરત શ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રીના પદ પરથી ક્યારે રાજીનામું આપ્યું

(A) તા. 3 સપ્ટેમ્બર 2021 (B) તા. 5 સપ્ટેમ્બર 2021
(C) તા. 8 સપ્ટેમ્બર 2021 **<u>(D) તા. 11 સપ્ટેમ્બર 2021</u>**

**4.** ગુજરાતના 16માં મુખ્યમંત્રી તરીકે શ્રી વિજયભાઇ રૂપાણીનો કાર્યકાળ જણાવો

(A) તા. 10 સપ્ટેમ્બર 2016થી તા. 11 સપ્ટેમ્બર 2021
**<u>(B) તા.07 ઓગસ્ટ 2016થી તા.11 સપ્ટેમ્બર 2021</u>**
(C) તા. 12 સપ્ટેમ્બર 2016થી તા. 11 સપ્ટેમ્બર 2021
(D) તા. 10 સપ્ટેમ્બર 2017થી તા. 11 સપ્ટેમ્બર 2021

**5.** તા. 11 સપ્ટેમ્બર 2021ના રોજ અમદાવાદ ખાતે રૂ. 200 કરેડના ખર્ચે તૈયાર થયેલ સરદારધામનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું

**<u>(A) વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી</u>** (B) ગૃહમંત્રી શ્રી અમીત શાહ
(C) મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી (D) રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ

**6.** તા. 11 સપ્ટેમ્બર 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ભારતની કઇ યુનિવર્સિટીમાં તમિલ અભ્યાસ માટે સુબ્રહ્મણ્યમ સ્વામીની 100મી પુણ્યતિથિ નિમિત્તે ખાસ ચેરની સ્થાપના કરાઇ

(A) ગૂજરાત વિદ્યાપીઠ **<u>(B) બનારસ હિન્દુ યુનિવર્સિટી</u>**
(C) કોલકત્તા યુનિવર્સિટી (D) જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી

**7.** ભારતમાં ભાદરવા સુદ ચોથના ક્યો ઉત્સવ મનાવવામાં આવે છે

(A) બોળચોથ (B) કારર્તિકય ચોથ
**<u>(C) ગણેશ ચતુર્થી</u>** (D) દેવદિવાળી

**8.** દિગ્વિજય દિવસ કયારે મનાવવામાં આવે છે

(A) 12 સપ્ટેમ્બર **<u>(B) 11 સપ્ટેમ્બર</u>**
(C) 10 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર

**9.** સ્વામી વિવેકાનંદે શિકાગો ધર્મ પરિષદને કયારે સંબોધી હતી

**<u>(A) 11 સપ્ટેમ્બર 1893</u>** (B) 11 સપ્ટેમ્બર 1885
(C) 11 સપ્ટેમ્બર 1875 (D) 11 સપ્ટેમ્બર 1862

**10.** અલકાયદાના આતંકવાદીઓ દ્વારા 20 વર્ષ અગાઉ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર કયારે હુમલો કરાયો હતો

(A) તા. 11મી સપ્ટેમ્બર-1999 (B) તા. 11મી સપ્ટેમ્બર-2000
**<u>(C) તા. 11મી સપ્ટેમ્બર-2001</u>** (D) તા. 11મી સપ્ટેમ્બર-2002

**11.** ભૂદાન યાત્રી વિનોબા ભાવેનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો

**<u>(A) ગગોદા (મહારાષ્ટ્ર) તથા 11 સપ્ટેમ્બર-1895</u>**
(B) ગગોદા (મહારાષ્ટ્ર) તથા 11 સપ્ટેમ્બર 1885
(C) ગગોદા (મહારાષ્ટ્ર) તથા 11 સપ્ટેમ્બર 1875

**12.** વિનોબા ભાવેએ ક્યારે-કયા સ્થળેથી ભૂદાન યજ્ઞનો પ્રારંભ કર્યો

(A) 18 એપ્રિલ 1931 તથા તેલંગાણાના પોચમપલ્લી
(B) 18 એપ્રિલ 1935 તથા તેલંગાણાના પોચમપલ્લી
(C) 18 એપ્રિલ 1945 તથા તેલંગાણાના પોચમપલ્લી
**<u>(D) 18 એપ્રિલ 1951 તથા તેલંગાણાના પોચમપલ્લી</u>**

## DATE : 12-09-2021

### <u>1. ગુજરાતના નવા 17માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો પરિચય</u>




- ✓ નામ : ભૂપેન્દ્ર રજનીકાંત પટેલ
- ✓ જન્મ તારીખ : 15 જુલાઇ,1962
- ✓ **<u>જન્મસ્થળ : અમદાવાદ</u>**
- ✓ એજ્યુકેશન : અંડર ગ્રેજ્યુએટ-ડિપ્લોમાં સિવિલ એન્જિનિયરિંગ બિલ્ડર
- ✓ **<u>વ્યવસાય પ્રવૃત્તિઓ : ટ્રસ્ટી સરદાર ધામ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન</u>**
- ✓ શોખ : આધ્યાત્મિક પ્રવૃત્તિઓ, ક્રિકેટ-બેડમિન્ટન
- ✓ વિદેશપ્રવાસ : અમેરિકા, યુરોપ, સિંગાપોર, દુબઇ, ઓસ્ટ્રેલિયા

**રાજકીય કારકિર્દી :**

- ✓ વર્ષ 1995-96 : પ્રમુખ મેમનગર નગરપાલિકા
- ✓ વર્ષ 1999-2000, 2004-06 : વાઇસ ચેરમેન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બોર્ડ
- ✓ વર્ષ 2008-10 : કાઉન્સિલર થલતેજ વોર્ડ
- ✓ વર્ષ 2010-15 : સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, અમદાવાદ મ્યુ.કોર્પોરેશન
- ✓ વર્ષ 2015-17 : ચેરમેન ઔડા

**2.મહત્વનો નિર્ણય : કેન્દ્ર સરકાર : કોરોના પોઝિટિવ આવ્યાના 30 દિવસમાં થયેલા મૃત્યુને કોવિડના મૃત્યુ તરીકે ગણાશે**

**નવી માર્ગદર્શિકા :**

- ✓ કોરોના સંક્રમિતના આત્મહત્યાને કારણે થયેલા મોતને કોવિડ મૃત્યુ ગણાશે

**કયા સંજોગોમાં થયેલું મોત કોવિડ મોત ગણાશે**

- ✓ કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાના 30 દિવસમાં જેમનાં મોત ઘર અથવા હોસ્પિટલમાં થયાં છે
- ✓ દર્દીની હોસ્પિટલમાં સારવાર 30 દિવસ કરતાં વધુ ચાલી હોય અને મોત થયું હોય
- ✓ આરટી-પીસીઆર ટેસ્ટ, મોલિક્યુલર ટેસ્ટ, આરએટી અથવા હોસ્પિટલ અથવા ઇન પેશન્ટ ફેસિલિટી ધરાવતા ફિઝિશિયન દ્વારા કરાવાયેલી તપાસ દ્વારા ક્લિનિકલી કોરોના સંક્રમિત જાહેર થયેલાનાં મોત
- ✓ 30 દિવસ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ આડઅસરોના કારણે મોત થયું હોય

**3. ભારતનો પ્રથમ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે**

**દિલ્હીથી મુંબઇ વચ્ચે 1,350 કિ.મી.નો ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થશે**



**વિશેષતાઓ :**

- ✓ દિલ્હીથી મુંબઇ વચ્ચે નિર્માણાધીન 1350 કિ.મી. લાંબા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે સમય તો બચાવશે જ સાથે જ પ્રદૂષણ પણ ઘટાડશે.
- ✓ 1 લાખ કરોડના ખર્ચે તૈયાર થઇ રહેલા આ એક્સપ્રેસ-વે પર 350 કિ.મી. સુધીનું કામ થઇ ગયું છે.
- ✓ હાલ 8 લેન બનાવાઇ રહી છે. હજુ 4 લેન વધારાશે. 2 જવા માટે અને 2 આવવા માટે.
- ✓ આ 4 લેન ફક્ત ઇલેક્ટ્રિક વ્હિકલ માટે હશે. આ દેશનો પ્રથમ એક્સપ્રેસ-વે હશે જેના પર ડેડિકેટેડ ઇલેક્ટ્રિક વ્હિકલ ફોરલેન હશે.
- ✓ એક્સપ્રેસ વેના કિનારે નવી ઔદ્યોગિક ટાઉનશિપ અને સ્માર્ટ સિટી બનાવવાનો પણ પ્રસ્તાવ છે. તેનો સરવે ચાલુ છે.
- ✓ સંપૂર્ણ રુટ પર 92 સ્થળોએ ઇન્ટરવલ સ્પૉટ ડેવલપ કરાશે. એક્સપ્રેસ-વેનું કામ જાન્યુઆરી 2023 સુધી પૂરું થઇ જશે.
- ✓ એક્સપ્રેસ-વે બનતા દિલ્હી-મુંબઇ વચ્ચેનું અંતર 150 કિ.મી. સુધી ઘટી જશે. ફક્ત 13 કલાકમાં અંતર કપાઇ જશે. હાલ બાય રોડ દિલ્હીથી મુંબઇ પહોંચવામાં 25 કલાક લાગે છે.
- ✓ દિલ્હીથી મુંબઇને જોડનાર NH-8 પર હાલ વાહનોનું વધારે પડતું દબાણ છે. તેના પર રોજ 1 લાખ વાહન અવર-જવર કરે છે. આ વાહનો એક્સપ્રેસ-વે પર શિફ્ટ થશે.

**ઇંધણની બચત અને પર્યાવરણનું જતન :**

- ✓ સુરક્ષા માટે રોડના બંને છેડે 1.5 મીટર ઊંચી દીવાલ બનાવાશે.
- ✓ ટોલ પ્લાઝા હાઇવેની જગ્યાએ સ્લિપ લેનમાં બનશે જેથી જે શહેરમાં જશો, એટલું જ ટોલ લાગશે.
- ✓ દર 2.5 કિ.મી. બાદ પશુઓ માટે ઓવર પાસ બનાવાશે. દર 500 મીટર પર એક અંડરપાસ હશે.
- ✓ દર 50 કિ.મી.એ બંને તરફ ફેસિલિટી સેન્ટર હશે. ત્યાં રેસ્ટોરાં, ફૂડ કોર્ટ, સુવિધા સ્ટોર, ઇંધણ સ્ટેશન, ઇવી ચાર્જિંગ પોઇન્ટ અને શૌચાલય વગેરે રહેશે.
- ✓ એક્સપ્રેસ વે પર ગાડીઓ માટે 120 કિ.મી. કલાકની સ્પીડ નક્કી કરાશે.
- ✓ લાઇટો સોલર પાવરથી ચાલશે. વરસાદનું પાણી એકત્રિત કરવા હાર્વેસ્ટિંગ સિસ્ટમ બની રહી છે.
- ✓ આ હાઇવેથી દર વર્ષે 32 કરોડ લીટર ઇંધણ બચશે, વાર્ષિક 85 કરોડ કિલો કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ઘટશે.

**રણથંભોર ટાઇગર રિઝર્વમાં વિશેષ કોરિડોર બનશે**

- ✓ રણથંભૌર ટાઇગર રિઝર્વમાં વાઘની અવર-જવરમાં ખલેલ ન પહોંચે તેના માટે 53.4 કિ.મી. લાંબો કોરિડોર બનશે.
- ✓ આવું પહેલીવાર થઇ રહ્યું છે કે ટાઇગર રિઝર્વ પાસે 3 મીટર ઊંચી દીવાલવાળું કોરિડોર બનાવાઇ રહ્યું છે. તે સાઉન્ડપ્રૂફ તો હશે જ સાથે વન્યજીવોને રોડ પર આવતા અટકાવશે.

**પાંચ રાજ્યો અને કિલોમીટર મુજબ ક્રમ:**

- ✓ ગુજરાત : 423 કિલોમીટર રાજસ્થાન : 374 કિલોમીટર
- ✓ મધ્યપ્રદેશ : 245 કિલોમીટર મહારાષ્ટ્ર : 171 કિલોમીટર
- ✓ DNCR-હરિયાણા : 137 કિલોમીટર
- ✓ માર્ગ તથા પરિવહન મંત્રી : નીતિન ગડકરી

**4. તાલછાપર કૃષ્ણમૃગ અભ્યારણ્ય :**

**કાળીયારનું એશિયાનું સૌથી મોટું અભ્યારણ્ય – રાજસ્થાન**



**અભ્યારણ્ય વિશે :**

- ✓ 719 હેક્ટરમાં ફેલાયેલા આ અભયારણ્યમાં હાલ 3,500થી વધુ કાળિયાર છે.
- ✓ તાજેતરમાં થયેલી વન્યજીવ વસતી ગણતરી મુજબ અહીં કાળિયારની વસતીમાં 317નો વધારો થયો છે.
- ✓ મોનસૂનમાં સારા વરસાદ (અંદાજે 200 મિ.મી.)ને કારણે અહીં ગ્રાસલેન્ડ વિકસ્યું છે, જેથી ચારેય તરફ લીલોતરીની ચાદર છવાતા કાળિયાર માટે આખા વરસના ઘાસની પણ વ્યવસ્થા થઇ ગઇ
- ✓ અહીં બે ડઝનથી વધુ પ્રજાતિના ઘાસ થાય છે, જેમાં મૌથિયા, ધામણ, કંટીલ, ઝેરના, લાંપલા, ડૂબ, કરડ, સેવણ, ઘોડા ડૂબ અને ગઠિલ ઘાસ સામેલ છે.

✓ મોથિયા ઘાસ કાળિયાર અને કરકરો નામનું બગલાની પ્રજાતિનું એક પક્ષી બહુ ખાય છે.

✓ અભયારણ્યમાં 300થી વધુ પ્રજાતિના પક્ષીઓ પણ રહે છે, જેમાં મુખ્ય એશિયામાંથી આવતા પક્ષીઓ પણ સામેલ છે.

**અભયારણ્યમાં 5 ગણા કાળિયાર**

✓ રાજસ્થાનના ચુરુ સ્થિત તાલછાપ અભયારણ્યમાં ક્ષેત્રફળના પ્રમાણમાં 5 ગણા હરણ છે.

✓ માપદંડ મુજબ, એક કાળિયારને ફરવા માટે એક હેક્ટરની જરૂર હોય છે વન વિભાગ કાળિયારોને અંદાજે 30 કિ.મી. દૂર સ્થિત નાગૌર જસવંતગઢ ક્ષેત્રમાં શિફ્ટ કરવાની યોજના પર કામ કરી રહ્યો છે. જસવંતગઢમાં અગાઉ ગ્રાસલેન્ડ વિકસાવવાનું કામ પણ થયું હતું.

**5. પ્રાચીન સંસ્કૃતિ : તામિલનાડુમા ખોદકામ દરમિયાન 3200 વર્ષ પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળ્યા**



✓ **મુખ્યમંત્રી શ્રી એમ કે સ્ટાલીન દ્વારા જાહેરાત :**

✓ **થામીરાપારામાં નદીકાંઠેથી મળેલાં ચોખાનું કાર્બન ડેટિંગ પદ્ધતિથી એનાલિસિસ થયું** તો એમાં જણાયું હતું એ **સભ્યતા 3200 વર્ષ જૂની. એ અવશેષો ઈ.સ. પૂર્વે 1155 આસપાસના છે.**

✓ તમિલનાડુમાં અલગ અલગ સ્થળોએથી પુરાતત્વીય અવશેષો મળ્યા હતા. એનું વિવિધ રીતે વિશ્લેષણ કરાયું હતું. અમેરિકાના મિઆમીની પુરાતત્વીય લેબોરેટરીમાં એ અવશેષો મોકલાયા હતા. જેના તારણો આવ્યા હતા. એ તારણો તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને વિધાનસભામાં રજૂ કર્યા હતા.

✓ પ્રાચીન તમિલ સભ્યતા સિંધુ ખીણની સંસ્કૃતિ જેટલી જ પ્રાચીન હોય એવી શક્યતા નકારી શકાતી નથી.

✓ ભારતીય ઉપખંડનો પ્રાચીન ઈતિહાસ નવેસરથી લખવાની જરૂર વર્તાય છે. થામીરાપારાની નજીકથી ખોદકામ દરમિયાન માટીના એક ઘડામાં એરટાઈટ બંધ થયેલા ચોખા સચવાયેલા મળ્યા હતા. તેનું એનાલિસિસ થયું તો એ 3200 વર્ષ જૂના હોવાનું જણાયું હતું.

**6. ખેલકૂદ : US ઓપન ટેનિસ 2021**



**મહિલા સિંગલ્સ વિજેતા અને દેશ :**

✓ **એમા રાદુકા-બ્રિટન**

✓ **સતત 20 સેટ જીતવાનો રેકોર્ડ પણ બનાવ્યો**

✓ પ્રથમ વાર US ઓપન વિજેતા એમા

✓ ઇનામી રકમ : 18.3 કરોડ

✓ ઉપવિજેતા અને દેશ : લીલહ ફર્નાન્ડીઝ-કેનેડા

✓ કુલ 4માંથી વર્ષનું અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ

✓ યજમાન : ન્યૂયોર્ક-USA

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (12-09-2021)**

**1.** ભારતમાં તૈયાર થઇ રહેલા પ્રથમ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે સંદર્ભે નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. દિલ્હીથી મુંબઇ વચ્ચે 2. લંબાઈ 1,350 કિ.મી.

3. ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી પસાર થશે

4. સૌથી વધુ 423 કિ.મી.નો હાઇ-વે ગુજરાતમાંથી પસાર થશે

(A) 1 અને 3 (B) 2 અને 4 (C) 2, 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**2.** US ઓપન ટેનિસ 2021માં મહિલા સિંગલ્સ વિજેતા અને ઉપવિજેતા અંગે કઈ-કઈ બાબતો યોગ્ય છે

1. વિજેતા : બ્રિટનની ખેલાડી એમા રાદુક

2. એમા રાદુકા પ્રથમવાર US ઓપન વિજેતા

3. એમા રાદુકાએ સતત 20 સેટ જીતવાનો રેકોર્ડ પણ બનાવ્યો

4. ઉપવિજેતા : કેનેડાની ખેલાડી લીલહ ફર્નાન્ડીઝ

(A) માત્ર 1 યોગ્ય છે(B) માત્ર 1 અને 4 જ યોગ્ય છે

(C) માત્ર 2 અને 3 જ યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**3.** કેન્દ્ર સરકારે સપ્ટેમ્બર 2021માં ભારતમાં કોરોના પોઝિટિવ આવ્યાના કેટલા દિવસમાં થયેલા મૃત્યુને કોવિડના મૃત્યુ તરીકે ગણાવાની માર્ગદર્શિકા જાહેર કરી

(A) 15 **(B) 30** (C) 45 (D) 60

**4.** રૂ.1 લાખ કરોડના ખર્ચે તૈયાર થઇ રહેલા ભારતના પ્રથમ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે ઉપર ઈલેક્ટ્રિક વ્હિકલ માટે કયો ફોરલેન તૈયાર થશે

**(A) ડેડિકેટેડ ઈલેક્ટ્રિક વ્હિકલ ફોરલેન**

(B) ઈલેક્ટ્રિક વ્હિકલ ફોરલેન

(C) હાઇટેક ઈલેક્ટ્રિક વ્હિકલ ફોરલેન

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

**5.** ભારતનો પ્રથમ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે દેશના ક્યા રાજ્યના ક્યા અભ્યારણ્યમાંથી પસાર થશે

(A) મધ્યપ્રદેશનું રણથંભોર ટાઈગર રિઝર્વ

(B) પશ્ચિમબંગાળનું રણથંભોર ટાઈગર રિઝર્વ

**(C) રાજસ્થાનનું રણથંભોર ટાઈગર રિઝર્વ**

(D) ઉત્તરપ્રદેશનું રણથંભોર ટાઈગર રિઝર્વ

**6.** કાળીયારનું એશિયાનું સૌથી મોટું અભ્યારણ્ય ક્યાં આવેલું છે

(A) તાલછાપર કૃષ્ણમૃગ અભ્યારણ્ય-હરિયાણા

(B) તાલછાપર કૃષ્ણમૃગ અભ્યારણ્ય-મધ્યપ્રદેશ

(C) તાલછાપર કૃષ્ણમૃગ અભ્યારણ્ય-કર્ણાટક

**(D) તાલછાપર કૃષ્ણમૃગ અભ્યારણ્ય-રાજસ્થાન**

**7.** સપ્ટેમ્બર 2021માં તામિલનાડુમા ખોદકામ દરમિયાન કેટલા વર્ષ પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા

(A) 1155 (B) 2100 **(C) 3200** (D) 3500

**8.** સપ્ટેમ્બર 2021માં ચોખાનું કાર્બન ડેટિંગ પદ્ધતિથી થયેલા એનાલિસિસમાં તામિલનાડુમા કઇ નદીના કાંઠેથી ઈ.સ. પૂર્વે 1155 આસપાસના પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા

(A) ગોદાવરી **(B) થામીરાપારા**

(C) કૃષ્ણસાગર (D) રામીયાનાગરા

**DATE :13-09-2021**

## 1. ગુજરાત : ગુજરાતના નવા 17માં મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્ર પટેલના શપથ

**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન ખાતે નવા CMને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા**



**અગાઉ 22 વર્ષ પહેલા સૌપ્રથમ કેશુભાઇ પટેલે મંત્રીમંડળ વિના માત્ર મુખ્યમંત્રી તરીકે એકલાએ જ શપથ લીધા હતા.**

**ખાસ ઉપસ્થિતિ :**

- ✓ ગૃહ-સહકાર મંત્રી અમિત શાહ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર. ગોવાના પ્રમોદ સાવંત, કર્ણાટકના બસવરાજ બોમ્માઇ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી તથા રાજ્યના પૂર્વ મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો ઉપસ્થિત રહ્યાં હતાં.

## 2. અવસાન : ગુજરાતી ભાષાના કવિ, નવલકથાકાર, વાર્તાકર વિવેચક અને સંપાદક રાધેશ્યામ શર્માનું 85 વર્ષની ઉંમરે નિધન



- ✓ તેમનો જન્મ ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે તા. પાંચમી જાન્યુઆરી, 1936માં થયો હતો.

**સાહિત્ય સર્જન :**

- ✓ ફેરો(1968)અને સ્વપ્નતીર્થ(1979) તેમની જાણીતી નવલકથા.
- ✓ તેઓ 'સાક્ષરનો સાક્ષાત્કાર' શ્રેણીના સંપાદન માટે ખ્યાત છે.
- ✓ 1969માં તેમનો પ્રથમ ટૂંકી વાર્તાનો સંગ્રહ બિચારા પ્રકાશિત થયો હતો. જે પછી પવનપાવડી (1977), રાધેશ્યામ શર્માની શ્રેષ્ઠ વાર્તાઓ (1984), વાર્તાવરણ(1986) અને પહેલા પથ્થર કોન મારેગા (1981) પ્રકાશિત થયા હતા.
- ✓ તેમણે 1965થી 1983 સુધી ધાર્મિક સામયિક ધર્મલોકના સંપાદક તરીકે, અક્રમ વિજ્ઞાન ધાર્મિક માસિકના સંપાદક તરીકે પણ સેવા આપી હતી.
- ✓ તેમની પ્રથમ પ્રકાશિત ટૂંકી વાર્તા બદસૂરત તથા પ્રથમ કાવ્યસંગ્રહ આંસુ અને ચંદરણું (1969).
- ✓ નેગેટિવ્સ ઑફ ઇટર્નિટી(1974), સંચેતના (1983) અને નિષ્કરણ (1991) કાવ્યસંગ્રહો પ્રકાશિત થયા છે. જ્યારે પ્રાસની રાસલીલા (2019) તેમનો છેલ્લો કાવ્યસંગ્રહ

**સાહિત્યિક સન્માનો :**

- ✓ રણજિતરામ સુવર્ણચંદ્રક : 2004
- ✓ ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક : 1995
- ✓ કુમાર સુવર્ણ ચંદ્રક : 2012
- ✓ પ્રિયદર્શિની એવૉર્ડ : 2015.

## 3. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમ 2+2 ડાયલોગ-2021

- ✓ ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાન મારિસ પાયને અને સંરક્ષણ પ્રધાન પીટર ટંડન તેમજ ભારતીય વિદેશપ્રધાન એસ. જયશંકર અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ વચ્ચે 2+2 સંવાદ યોજાયો



- ✓ **યજમાન : નવી દિલ્હી**

**2+2 ડાયલોગ વિશે :**

- ✓ ભારત અને ઓસ્ટ્રેલિયાએ પહેલી વખત ટુ પ્લસ ટુ ડાયલોગ યોજીને સંબંધોને નવી ઊંચાઇ આપી છે. **ટુ પ્લસ ટુ ડાયલોગમાં બે દેશના સંરક્ષણ પ્રધાન અને વિદેશપ્રધાન સાથે મુલાકાત કરે છે.**
- ✓ નવાં રાષ્ટ્રીય સમીકરણોમાં હવે દુનિયાના દેશો એકબીજા સાથે વેપાર અને સૈન્ય ભાગીદારી કરી રહ્યા છે. એ હિસાબે વિદેશ જરૂરી બન્યું છે.
- ✓ ટુ પ્લસ ટુ ડાયલોગનો આઇડિયા જાપાને દુનિયાને આપ્યો છે. સૌથી પહેલાં જાપાને આ પદ્ધતિથી સંવાદ કર્યા બાદ દુનિયાના ઘણા દેશોએ આ નવી સિસ્ટમ અપનાવી છે.
- ✓ ભારત અને અમેરિકાએ અત્યાર સુધીમાં ત્રણ વખત ટુ પ્લસ ટુ ડાયલોગ કર્યા છે.
- ✓ વર્ષ 2017માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના તત્કાલીન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાત યોજાઇ ત્યારે બંને દેશોએ ટુ પ્લસ ટુ ડાયલોગ શરૂ કરવાનો નિર્ણય લીધો.
- ✓ છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ત્રણ વખત 2018, 2019 અને 2020માં અમેરિકા અને ભારત વચ્ચે ટુ પ્લસ ટુ ડાયલોગ યોજાયો હતો.
- ✓ ઓસ્ટ્રેલિયા સાથે આ પ્રથમ 2+2 મુલાકાત હતી અને હવેથી દર વર્ષે આવી બેઠકો કરવાનો પણ બંને દેશોએ નિર્ણય લીધો છે.

**ભારત-ઓસ્ટ્રેલિયા સબંધો :**

- ✓ આ ડાયલોગ દરમિયાન ઓસ્ટ્રેલિયન મંત્રીઓએ કહ્યું કે ભારત ઇન્ડો પેસિફિક રણનીતિનું નેતૃત્વ કરે એવું અમે ઇચ્છીએ છીએ. બંને દેશોએ રક્ષા સહયોગ અને મિલિટરી એન્ગેજમેન્ટ વધારવાનું નક્કી કર્યું છે.
- ✓ આપણા દેશે ઓસ્ટ્રેલિયન કંપનીઓને ભારતમાં મૂડીરોકાણ કરવાનું પણ આમંત્રણ આપ્યું છે.
- ✓ ભારતના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઓસ્ટ્રેલિયા ભણવા જાય છે. બંને દેશો વચ્ચે શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ સતત વધી રહી છે.
- ✓ ભારત અને ઓસ્ટ્રેલિયા ક્વાડ એટલે કે ક્વાડ્રીલેટરલ સિક્યોરિટી ડાયલોગમાં પણ સાથે છે. ક્વાડના બીજા બે સભ્યો અમેરિકા અને જાપાન છે. ચારેય દેશ સાથે મળીને ચીન સામે કૂટનીતિક પગલાંઓ લઇ રહ્યાં છે.
- ✓ ભારત અને ઓસ્ટ્રેલિયાના વિદેશપ્રધાનો સાથે મળીને ઇન્ડોનેશિયા અને દક્ષિણ કોરિયાની સંયુક્ત મુલાકાત લેવાના છે. એ બંને દેશો પણ ક્વાડમાં જોડાય એવી શક્યતાઓ છે.
- ✓ ગયા વર્ષે તારીખ 4 જૂન, 2020ના રોજ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસન વચ્ચે વર્ચ્યુઅલ શિખર મંત્રણા યોજાઇ હતી.

## 4. ખેલકૂદ : US ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2021

**મેન સિંગલ્સ વિજેતા અને દેશ : ડેનિયલ મેડવેડેવ- રશિયા**



- ✓ ડેનિયલ મેડવેડેવએ કારકિર્દીનું પ્રથમ ગ્રાન્ડસ્લેમ જીત્યુ
- ✓ **ઉપવિજેતા અને દેશ : નોવાક જોકોવિચ, સર્બિયા**
- ✓ **યજમાન :** ન્યૂયોર્ક-USA

**5. ખેલકૂદ : US ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2021**

**વિમેન્સ ડબલ્સ ગ્રાન્ડસ્લેમ વિજેતા અને દેશ : સમાન્થા સ્ટોસુર-ઓસ્ટ્રેલિયા અને ઝાંગ શૂઆઇએ-ચીન**



- ✓ **ઉપવિજેતા અને દેશ : કોકો ગોફ અને કેટી મેક્નેલી-USA**

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (13-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે યોજાયેલા 2+2 ડાયલોગ-2021 સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન/વિધાનો ખરુ/ખરાં છે

1. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમવાર 2+2 ડાયલોગ
2. ઓસ્ટ્રેલિયાના વિદેશ પ્રધાન મારિસ પાયને અને સંરક્ષણ પ્રધાન પીટર ટંડન તેમજ ભારતીય વિદેશપ્રધાન એસ. જયશંકર અને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ વચ્ચે 2+2 ડાયલોગ
3. ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે પ્રથમવાર 2+2 ડાયલોગ નવી દિલ્હી ખાતે યોજાયો
4. બંને દેશોએ હવેથી દર વર્ષે આવી બેઠકો કરવાનો નિર્ણય લીધો

(A) 1 અને 2 બંને ખરા છે (B) 2 અને 3 બંને ખરા છે
(C) 1, 2 અને 3 ખરા છે **(D) આપેલ પૈકી તમામ ખરા છે**

**2.** 2+2 ડાયલોગ વિશે નીચેના પૈકી ક્યા વિધાન/વિધાનો ખરુ/ખરાં છે

1. ટુ પ્લસ ટુ ડાયલોગનો આઇડિયા આપનાર દેશ-જાપાન
2. ટુ પ્લસ ટુ ડાયલોગમાં બે દેશના સંરક્ષણ પ્રધાન અને વિદેશપ્રધાન સાથે મુલાકાત કરે છે
3. ભારત અને અમેરિકાએ અત્યાર સુધીમાં ત્રણ વખત ટુ પ્લસ ટુ ડાયલોગ કર્યા છે
4. ભારત અને અમેરિકા વચ્ચે વર્ષ 2018, 2019 અને 2020માં ટુ પ્લસ ટુ ડાયલોગ યોજાયો હતો

(A) માત્ર 1 ખરુ છે (B) માત્ર 2 ખરુ છે
(C) માત્ર 3 અને 4 ખરા છે **(D) આપેલ પૈકી તમામ ખરા છે**

**3.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલી વર્ષની છેલ્લી US ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2021માં મેન સિંગલસ સંદર્ભે નીચેના પૈકી કઇ બાબત યોગ્ય છે

1. મેન સિંગલ્સ વિજેતા અને દેશ : ડેનિયલ મેડવેડેવ- રશિયા
2. ડેનિયલ મેડવેડેવએ કારકિર્દીનું પ્રથમ ગ્રાન્ડસ્લેમ જીત્યુ
3. ઉપવિજેતા અને દેશ : નોવાક જોકોવિચ, સર્બિયા
4. યજમાન : ન્યૂયોર્ક-USA

(A) માત્ર 1 અને 4 યોગ્ય છે (B) માત્ર 2 અને 3 યોગ્ય છે
(C) માત્ર 4 યોગ્ય છે **(D) તમામ યોગ્ય છે**

**4.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલી વર્ષની છેલ્લી US ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ-2021માં વિમેન્સ ડબલ્સ સંદર્ભે નીચેના પૈકી કઇ બાબત યોગ્ય છે

1. વિજેતા અને દેશ : સમાન્થા સ્ટોસુર-ઓસ્ટ્રેલિયા અને ઝાંગ શૂઆઇએ-ચીન
2. ઉપવિજેતા અને દેશ : કોકો ગોફ અને કેટી મેક્નેલી-USA

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે
**(C) 1અને 2 બંને યોગ્ય છે** (D) એક પણ યોગ્ય નથી

**5.** તા. 13 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાતના 17માં મુખ્યમંત્રી તરીકે કોણે શપથ ગ્રહણ કર્યા

(A) શ્રી વિજય રૂપાણી (B) શ્રી સી.આર. પાટિલ
**(C) શ્રી ભૂપેન્દ્ર પટેલ** (D) શ્રી નીતિન પટેલ

**6.** રાજ્યપાલ દ્વારા નવનિયુક્ત મુખ્યમંત્રીને કયા શપથ લેવડાવામાં આવે છે

**(A) પદ અને ગોપનીયતાના** (B) ગોપનિયતા અને વિશ્વાસના
(C) પદ અને સત્તાના (D) પદ, ગોપનિયતા અને બંધારણના

**7.** ગુજરાતના નવ નિયુક્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના શપથ સમારોહમાં ક્યા રાજ્યના ક્યા મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા

(A) મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ તથા હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર
(B) ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત તથા કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઇ
**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**8.** સપ્ટેમ્બર 2021માં ગુજરાતી ભાષાના ક્યા કવિ, નવલકથાકાર, વાર્તાકાર વિવેચક અને સંપાદકનું 85 વર્ષની ઉંમરે નિધન થયુ હતુ

(A)સુમન શાહ **(B)રાધેશ્યામ શર્મા**
(C)સુરેશ જોષી (D)ચંદ્રકાંત બક્ષી

**9.** ગુજરાતી સાહિત્યની જાણીતી નવલક્થા ફેરો અને સ્વપ્નતીર્થના સર્જકનું નામ જણાવો

(A)પ્રવિણ દરજી (B) સુરેશ જોષી
(C)સુમનશાહ **(D)રાધેશ્યામશર્મા**

**DATE : 14-09-2021**

**1. ગુજરાતના 1960થી 2021 સુધીના મુખ્યમંત્રીઓ : એક ઝલક : લેખાં-જોખાં**



## ગુજરાતના મુખ્યમંત્રી અને કાર્યકાળ

**01 ડો. જીવરાજ મહેતા : તા.1-5-1960થી તા.19-9-63**
**02 બળવંત મહેતા : તા.19-9-63થી તા.19-9-65**
**03 હિતેન્દ્રભાઇ દેસાઇ : તા.19-9-65થી તા.13-5-71**
**04 ઘનશ્યામભાઇ ઓઝા : તા.17-3-72થી તા.17-7-73**
**05 ચીમનભાઇ પટેલ : તા.17-7-73થી તા.9-2-74**
**06 બાબુભાઇ જ. પટેલ : તા.18-6-75થી તા.12-3-76**
**07 માધવસિંહ સોલંકી : તા.24-12-76થી તા.11-4-77**
**08 બાબુભાઈ જ. પટેલ : તા.11-4-77થી તા.17-2-80**
**09 માધવસિંહ સોલંકી : તા.6-6-80થી તા.6-7-85**
**10 અમરસિંહ ચૌધરી : તા.6-7-85થી તા.9-12-89**
**11 માધવસિંહ સોલંકી : તા.10-12-89થી તા.3-3-90**
**12 ચીમનભાઈપટેલ : તા.4-3-90થી તા. 17-2-94**
**13 છબીલદાસ મહેતા : તા.17-2-94થી તા.13-3-95**
**14 કેશુભાઇ પટેલ : તા.13-3-95થી તા.21-10-95**
**15 સુરેશચંદ્ર મહેતા : તા.21-10-95થી તા. 19-9-96**
**16 શંકરસિંહ વાઘેલા : તા.23-10-96થી તા.28-10-97**
**17 દિલીપભાઇ પરીખ : તા.28-10-97થી તા. 4-3-98**
**18 કેશુભાઇ પટેલ : તા.4-3-98થી તા.7-10-2001**
**19 નરેન્દ્રભાઇ મોદી :તા.7-10-2001થી તા.૨૨-4-2014**
**20 આનંદીબહેન પટેલ : તા.22-4-2014થી તા.6-8-2016**
**21 વિજયભાઇ રૂપાણી : તા.7-8-2016થી તા.11-9-2021**
**22 ભૂપેન્દ્રભાઇ પટેલ : તા. 13-9-2021 થી**

- ✓ 1960માં મુંબઇ રાજયમાંથી અલગ થયા પછી શાસનમાં કોંગ્રેસનો અને 1998થી ભાજપનો દબદબો રહ્યો : 61 વર્ષમાં થોડો સમય પ્રાદેશિક પક્ષો અને રાષ્ટ્રપતિ શાસનનો પણ ગુજરાતને અનુભવ રહ્યો છે
- ✓ **ગુજરાતના મુખ્યમંત્રીપદે આરૂઢ થનારા શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ હોદ્દાની મુદતની રીતે ગુજરાતના 24માં મુખ્યમંત્રી છે. તો વ્યકિતની રીતે 17 (સત્તર)મા મુખ્યમંત્રી છે.**

### (1) શ્રી ડો. જીવરાજ મહેતા

**(1-5-60 થી 8-3-62, 8-3-62 થી 19-9-63) 3 વર્ષ, 141 દિવસ (કુલ 677 દિવસ)**

- ✓ સ્વતંત્ર ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી માટે ખંડુભાઇ દેસાઇ ને બળવંતરાય મહેતાનાં નામો વિચારાયાં હતાં, પરંતુ છેવટે મુંબઇ રાજયના મંત્રીમંડળમાં ગુજરાતના મંત્રીઓમાંથી સૌથી વરિષ્ઠ એવા 73 વર્ષીય નાણામંત્રી ડો. જીવરાજ મહેતા પર પસંદગીનો કળશ ઢોળાયો.
- ✓ અમરેલીના વતની જીવરાજભાઇએ મુંબઇ અને લંડનમાં તબીબી શિક્ષણ મેળવ્યું હતું. સ્વાતંત્ર્યની લડતમાં સક્રિય હતા. નવરચિત રાજયના મુખ્યમંત્રી તરીકે તેમણે ખાધવાળા રાજયના વહીવટનો ભાર ઉપાડ્યો. મુંબઇ રાજયનું વિભાજન થતાં તેમણે રાજયના વહીવટનો પાયો સુદૃઢ કર્યો. ગુજરાતમાં ખેતી, સિંચાઇ, વીજળી, રસ્તાઓની ઊણપ વગેરે ક્ષેત્ર તેમણે ઝડપથી કામ કર્યું.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ તેમણે ગુજરાતમાં દારૂબંધી દાખલ કરી. કાયદો કરી રાજયમાં ગૌહત્યા બંધ કરાવી. તેમણે વિધાનસભામાં પંચાયતધારો પસાર કરાવ્યો. તેમણે ગુજરાત રાજય ખાદી અને ગ્રામોધોગ બોર્ડની રચના કરી.

### (2) શ્રી બળવંત મહેતા

**(19-9-63 થી 19-9-65) બે વર્ષ, કુલ 730 દિવસ**

- ✓ 1899માં ભાવનગરમાં જન્મેલા બળવંતરાય મહેતા ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા હતા. તેઓ ઠક્કરબાપાએ ઉપાડેલા હરિજન સેવાકાર્યમાં પણ જોડાયા હતા. 1952માં ચૂંટણી જીતી તેઓ લોકસભામાં પણ ગયા હતા. તેમણે પંચાયતી રાજ સુદૃઢ કર્યું. તેમની વહીવટ પર પકડ હતી.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ તેમના શાસન દરમિયાન વલસાડ અને ગાંધીનગર બે નવા જિલ્લા થયા. કંડલા ફ્રી ટ્રેડ ઝોન તેમના સમયમાં સ્થપાયો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રચના માટે તેમણે સમિતિ નીમી.
- ✓ 1965માં ભારત-પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન, યુદ્ધિવરામ સમયે તેઓ વિમાનમાં બેસી કચ્છ સરહદ જોવા ગયા. પાકિસ્તાનના રડારમાં તેમનું વિમાન ઝડપાતાં પાકિસ્તાનનાં યુદ્ધવિમાનોએ તેમના વિમાનને તોડી પાડ્યું, જેમાં તેમનું અને તેમનાં પત્ની સરોજબહેનનું અવસાન થયું.

### (3) શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ

**(19-9-65 થી 4-3-67, 4-3-67 થી 13-5-71) 5 વર્ષ અને 245 દિવસ, કુલ 1970 દિવસ**

- ✓ સુરતમાં 1915માં જન્મેલા હિતેન્દ્રભાઇ દેસાઇએ 19મી સપ્ટેમ્બર, 1965 ના રોજ મુખ્યમંત્રીપદ સંભાળ્યું હતું. હિતેન્દ્રભાઇએ વકીલાતના ક્ષેત્રે ઘણી નામના મેળવી હતી. 50 વર્ષની વયે તેઓ મુખ્યમંત્રી બન્યા.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ 1965 થી 1971 દરમિયાન તેમણે વલસાડ જિલ્લાનો પારડી ઘાસિયા જમીનનો પ્રશ્નો ઉકેલ્યો. 1968 - 69 ના દુષ્કાળમાં તેમણે સફળ રાહતકામ કર્યું. પાટનગર ગાંધીનગરમાં તેમણે વસાહતોનાં મંડાણ કરાવ્યાં. વહીવટી તંત્રને સુદૃઢ બનાવવા તેમણે વિજિલન્સ કમિશનની રચના કરી. નવેમ્બર 1969માં કોંગ્રેસનું વિભાજન થતાં તેઓ સંસ્થા કોંગ્રેસમાં જોડાયા.

### (4) શ્રી ઘનશ્યામભાઇ ઓઝા

**(17-3-72 થી 17-7-73) 1 વર્ષ, 122 દિવસ**
**કુલ 487 દિવસ**

- ✓ ભારત પાકિસ્તાનના 1971 ના યુદ્ધ પછી માર્ચ, 1972માં યોજાયેલી ચૂંટણીમાં ઇન્દિરા કોંગ્રેસને 168માંથી 139 બેઠકો મળી. 61 વર્ષના ઘનશ્યામભાઇ ઓઝાને ઇન્દિરા ગાંધીએ મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યાં. 1911માં ભાવનગરના ઉમરાળા ગામે જન્મેલા ઘનશ્યામભાઇ વકીલાત કરતા હતા.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ તેના સમયકાળમાં સમગ્ર રાજયમાં માધ્યમિક શિક્ષણ તદ્દ મફત કર્યું. નાના ખેડૂતોને મહેસૂલમાંથી મુકિત આપી. શહેરી જમીન ટોચમર્યાદા ધારો ઘડીને તેમણે જમીનની સટ્ટાખોરી અટકાવી. જૂન, 1973માં ઘનશ્યામભાઇ સામે અવિશ્વાસનો મત રજૂ થયો એટલે તેમણે મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપી દીધું.

### (5) શ્રી ચીમનભાઇ પટેલ

**17-7-73 થી 9-2-74 અને 4-3-90 થી 17-2-94**

**પહેલી વખત 207 દિવસ, બીજી વખત 3 વર્ષ અને 350 દિવસ, કુલ ચાર વર્ષ અને 192 દિવસ..**

- ✓ ઘનશ્યામભાઇના રાજીનામા પછી ચીમનભાઇ પટેલે ઇન્દિરા ગાંધીની વિરૂદ્ધમાં જઇને મુખ્યમંત્રીપદ હાંસલ કર્યુ. જોકે 1974 માં થયેલા નવનિર્માણ આંદોલને ચીમનભાઇ પટેલ માટે સમગ્ર ગુજરાતમાં તિરસ્કાર ઊભો કર્યો. છેવટે ચીમનભાઇએ રાજીનામું આપ્યું. 1929 માં ત્રીજી જૂને વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના ચિખોદ્રા ગામે જન્મેલા ચીમનભાઇ અર્થશા સ્ત્ર વિષયના પ્રાધ્યાપક હતા.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ તેમણે જુન, 1975 માં કિસાન નેતાઓના ટેકાથી ગુજરાત કિસાન મજદૂર લોક પક્ષ (કિમલોપ) નામનો પ્રાદેશિક પક્ષ રચ્યો. આ પક્ષને 12 બેઠકો મળી હતી. 1977 માં ચીમનભાઇ જનતા પક્ષમાં જોડાયા. 1990માં ગુજરાતની આઠમી વિધાનસભાની ચૂંટણીમાં તેમણે ભાજપ સાથે મળીને મિશ્ર સરકાર રચી. ચીમનભાઇના સમયકાળમાં ગુજરાતની જીવાદોરીસમાન નર્મદા યોજનાનું કામ ગતિમાં ચાલ્યું.

**(6) શ્રી બાબુભાઇ પટેલ**

**18-6-75 થી 12-3-76, 11-4-77 થી 17-2-80 268 દિવસ**

- ✓ જનતા મોરચાને એપ્રિલ, 1975 માં થયેલી ચૂંટણીમાં 86 બેઠકો મળી.
- ✓ અન્ય પક્ષોના ટેકાથી જનતા મોરચાએ સરકાર રચી અને બાબુભાઇ જશભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા. 1911 માં નડિયાદમાં જન્મેલા બાબુભાઇએ વિદ્યાર્થીકાળથી જ રાજકીય જીવનમાં ઝંપલાવ્યું હતું. દેશમાં કટોકટી લદાયા પછી ઇન્દિરા ગાંધીએ 'કિમલોપ'ના ચીમનભાઇ પટેલનો સહકાર મેળવી બાબુભાઇની સરકાર તોડી. 1977, માર્ચમાં તેઓ જોકે પુનઃ મુખ્યમંત્રી થયા. તેમના બીજા શાસનકાળ દરમિયાન કેન્દ્રે નર્મદા જળવિવાદનો ચુકાદો જાહેર કર્યો હતો. કટોકટીનો તેમણે મક્કમ વિરોધ કરેલો. બાબુભાઇએ પૂરહોનારતથી અસર પામેલા મોરબીને પુનઃ સ્થાપિત કર્યું.

**(7) શ્રી માધવસિંહ સોલંકી**

**24-12-76થી 11-4-77,6-6-80થી 6-7-85,પહેલી વખત 107 દિવસ**

**11-3-85 થી 6-7-85, બીજી વખત પાંચ વર્ષ અને 29 દિવસ કુલ પાંચ વર્ષ અને 136 દિવસ**

**10-12-89 થી 3-3-90, ત્રીજી વખત 83 દિવસ કુલ પાંચ વર્ષ અને 219 દિવસ**

- ✓ માર્ચ, 1976માં બાબુભાઇ પટેલની સરકારના પતન પછી માધવસિંહ સોલંકીએ પોતાનું મંત્રીમંડળ રચ્યું. 1927માં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના પીલુદર ગામે જન્મેલા માધવસિંહે પત્રકાર તરીકે પણ કામ કર્યું છે. 1977માં વિધાનસભામાં બહુમતી ઘટતાં તેમણે રાજીનામું આપી દીધું હતું, પરંતુ 1980માં 139 બેઠકોના વિજય સાથે તેમણે પુનઃ મુખ્યમંત્રીપદ સંભાળ્યું અને મંત્રીમંડળની 5 વર્ષની મુદત પૂરી કરનાર તેઓ ગુજરાતના પ્રથમ અને અત્યાર સુધીના એકમાત્ર મુખ્યમંત્રી બન્યા.
- ✓ 1985ની ચૂંટણીમાં જીતી તેઓ ત્રીજી વખત મુખ્યમંત્રી બન્યા પછી અનામત વરોધી આંદોલને તેમનો ભોગ લીધો. માધવસિંહ સોલંકી ખામ (ક્ષત્રિય, હરિજન, આદિવાસી, આદિવાસી અને મુસ્લિમ) થિયરીને ગુજરાતમાં પ્રચિલત કરી એવું કહેવાય છે.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ સાહિત્યપ્રેમી માધવસિંહે ઉદ્યોગોના વિકાસ માટે પગલાં લીધાં. તેમણે સરદાર સરોવર બાંધકામનો પ્રારંભ કર્યો. તેમણે પ્રાથમિક શાળામાં મફત મધ્યાહ્ન ભોજન યોજના અમલી કરી. 1989 માં તેઓ ચોથીવાર મુખ્યમંત્રી બન્યા હતાં.

**(8) શ્રી અમરસિંહ ચૌધરી**

**6-7-85 થી 9-12-89, 4 વર્ષ અને 156 દિવસ કુલ 1616 દિવસ**

- ✓ જુલાઇ, 1985માં માધવસિંહ સોલંકીના અનુગામી તરીકે અમરસિંહ ચૌધરી રાજયના મુખ્યમંત્રી બન્યા. 44 વર્ષની સૌથી નાની વયે રાજયના મુખ્યમંત્રી બનનાર અમરસિંહ ચૌધરીનો જન્મ સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ડોલવણ ગામે થયો હતો.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ તેમણે રાજયમાં શાંતિ સ્થાપી. 1988 માં તેમણે નર્મદા કોર્પોરેશન રચ્યું. તેમના કાળમાં ત્રણ વર્ષ દુષ્કાળ પડ્યો તેનો તેમણે કુનેહપૂર્વક સામનો કર્યો. તેમણે નર્મદામાંથી પીવાના પાણીની પાઇપલાઇન યોજનાને મંજૂરી આપી.

**(9) શ્રી છબીલદાસ મહેતા**

**17-2-94 થી 13-3-95,1 વર્ષ અને 24 દિવસ**

- ✓ ચીમનભાઇ પટેલના આકસ્મિક અવસાન પછી 1994માં છબીલદાસ મહેતા મુખ્યમંત્રી બન્યા.
- ✓ ભાવનગરના મહુવા ગામે 1925માં જન્મેલા છબીલદાસ મહેતાએ સ્વાતંત્રયની લડતમાં તેમણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામાન્ય બનાવવા પ્રયત્નો કર્યાં.

**(10) શ્રી કેશુભાઇ પટેલ**

**13-3-95 થી 21-10-95, (પહેલી વખત 221 દિવસ)**

**4-3-98 થી 7-10-2001 (બીજી વખત 3 વર્ષ અને 216 દિવસ)**

**કુલ 1532 દિવસ**

- ✓ ભાજપે 1995માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં 182માંથી 122 બેઠકો મેળવી અને કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા.
- ✓ 1930માં રાજકોટમાં જન્મેલા કેશુભાઇએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે નોંધપાત્ર કામ કર્યું હતું. શંકરશિંહ વાઘેલાએ બળવો કરતાં તેમણે મુખ્યમંત્રીપદ છોડવું પડ્યું.
- ✓ 1998ની ચૂંટણીમાં ભાજપની જીત થઇ અને માર્ચ, 1998માં તેઓ પુનઃ મુખ્યમંત્રી બન્યા. કેન્દ્રીય મોવડીમંડળે તેમના સ્થાને નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રી બનાવ્યાં.
- ✓ કેશુભાઇએ ગોકુળગ્રામ યોજના, ઇન્ફર્મેશન ટેકનોલોજીનો વિકાસ વગેરે ક્ષેત્રે કાર્ય કર્યું. તેમના શાસનમાં નર્મદા યોજનાનું સ્થગિત કામ પુનઃ શરૂ થયું.

**(11) શ્રી સુરેશચંદ્ર મહેતા : 21-10-95 થી 19-9-96 (334 દિવસ)**

- ✓ શંકરસિંહ વાઘેલાના બળવા પછી સુરેશચંદ્ર મહેતા રાજયના મુખ્યમંત્રી બન્યા. કચ્છમાંથી પ્રથમ મુખ્યમંત્રી બનનાર સુરેશભાઇનો જન્મ 1936માં માંડવીમાં થયો હતો. જોકે તેઓ લાંબો સમય સત્તા પર રહી શકયા નહિ અને ઓકટોબર 1996માં તેમની સરકારનું પતન થયું.
- ✓ તેઓ ભલે લો પ્રોફાઇલ વ્યકિત ગણાતા હોય, પણ તેમનામાં કાર્યદક્ષતા ઘણી ઓછી છે. તેમણે મુખ્યમંત્રી તરીકે ખાસ કોઇ છાપ છોડી નહીં. તેઓ 2002માં ગુજરાત વિધાનસભામાંની ચૂંટણી હારી જતાં તેમની કારકિર્દીને મોટો ફટકો પડ્યો.

**(12) શ્રી શંકરસિંહ વાઘેલા : 23-10-96 થી 28-10-97 (એક વર્ષ અને ચાર દિવસ) કુલ 369 દિવસ**

- ✓ ભાજપમાંથી મુખ્યમંત્રી તરીકેના પ્રબળ દાવેદાર શંકરસિંહ વાઘેલા 1996માં રાષ્ટ્રીય જનતા પક્ષ સ્થાપીને કોંગ્રેસની મદદથી મુખ્યમંત્રી બન્યા. આશરે એક વર્ષ મુખ્યમંત્રી તરીકે કામ કર્યું. પણ તાત્કાલિક નિર્ણયો લઇને તેમણે રાજયની પ્રજાને પ્રજાને પ્રભાવિત કરી અને એક મજબૂત અને મક્કમ નેતા તરીકેની પોતાની ઓળખને સુદ્દઢ કરી.

**(13) શ્રી દિલીપભાઇ પરીખ : 28-10-97 થી 4-3-98(188 દિવસ)**

- ✓ માત્ર ચારેક મહિના માટે મુખ્યમંત્રીપદે રહેનાર દિલીપભાઇ પરીખ અત્યંત પ્રવાહી અને અનિશ્ચિત રાજકીય પરિસ્થિતમાં ખાસ કશું કરી શકયા નથી. ગુજરાતના રાજકીય ઇતિહાસમાં સૌથી ઓછો સમય મુખ્યમંત્રીપદે રહેવાનો વિક્રમ તેમના નામે છે. તેઓ શંકરસિંહ વાઘેલાની ઘણી નજીક હતા. અને અકસ્માતે મુખ્યમંત્રી બન્યા.

**(14) શ્રી નરેન્દ્રભાઈ મોદી**

**7-10-2001 થી 22-12-2002**

**22-12-2002 થી 22-4-2014 12 વર્ષ અને 227 દિવસ (સૌથી વધુ 4465 દિવસનું શાસન)**

- ✓ 'નમો'તરીકે જાણીતા મોદીનો જન્મ ઉત્તર ગુજરાતના વડનગરમાં 17-9-1949 ના રોજ થયો છે. 'વાઇબ્રન્ટ ગુજરાત'ના સૂત્ર તળે તેમણે ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટનું આયોજન કરીને ગુજરાતમાં કરોડો રૂપિયાનું મૂડી રોકાણ આકર્ષિત કરવામાં સફળતા મેળવી. કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ, આઇટી, વગેરે ક્ષેત્રે તેમણે નવી નવી પહેલ કરી. માર્કેટિંગમાં માહેર. પ્રજા અને પક્ષ બન્ને પર એકસરખી પકડ. જે માને તે કરે અને જે કરે તે લોકોને મનાવીને જ રહે.

**(15) શ્રી આનંદીબહેન પટેલ : 22-4-2014 થી 6-8-2016 2 વર્ષ અને 77 દિવસ, કુલ 836 દિવસ**

- ✓ 'બહેન'ના હુલામણા નામથી ઓળખાતાં આનંદીબહેન પટેલને ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બનવાની તક મળી.ગુજરાત સરકારમાં સૌથી અનુભવી મંત્રી. મહેસાણાના વિજાપુર તાલુકાના ખરોડ ગામે 21-11-1941ના રોજ આનંદીબહેનનો જન્મ થયો હતો. 1986માં રાજકીય ક્ષેત્રે પ્રવેશેલાં બહેન મૂળે તો શિક્ષિકાનો જીવ. પોતે સ્ત્રી હોવાથી સ્ત્રીની પીડા, દુઃખ કે અન્ય લાગણીઓ યોગ્ય રીતે જાણી-સમજી અને અનુભવતાં.

**મહત્વના કાર્યો-નિર્ણયો :**

- ✓ આનંદીબહેને રાજયનાં દરેક ગામના દરેક ઘરમાં શૌચાલય બનાવવાની નેમ કરી. એના અસરકારક અમલ માટે રાજ્ય સરકારની ઘર શૌચાલય યોજનાનોનું નેતૃત્વ ગામની આગેવાન મહિલાઓને સોપ્યું. રાજયને કુપોષણ મુકત બનાવવાના અભિયાનને પ્રોત્સાહન વેગ મળે તે માટે કૃષિ મહોત્સવના સમાપન પ્રસંગે તેમને મળેલી ખાધ ચીજવસ્તુઓની ભેટ જિલ્લાની આંગણવાડીઓમાં બાળકો-સગર્ભા માતાઓને અપાતી હતી. મહિલા સુરક્ષા અને મહિલા સશકિતકરણ અંતર્ગત અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

**(16) શ્રી વિજયભાઇ રૂપાણી**

**07-08-2016થી 11મી સપ્ટેમ્બર, 2021 સુધી , પાંચ વર્ષ અને 37 દિવસ (કુલ 2007 દિવસ)**

- ✓ આનંદીબહેનના રાજીનામા પછી વિજયભાઈ રૂપાણીને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. તેઓ ભાજપ ગુજરાતના પ્રમુખ તથા આનંદીબહેન સરકારમાં મંત્રી પણ હતા.
- ✓ રાજકોટના આ ધારાસભ્ય કુશળ સંગઠક ગણાય છે. તેમણે ખૂબ જ નાજુક સ્થિતિમાં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેમણે પાટીદાર આંદોલનને વધારે ઉગ્ર બનવા ના દીધું.
- ✓ તેમની સાથે નીતિનભાઈ પટેલને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તેમનું નામ મુખ્યમંત્રી તરીકે બોલાતું હતું. તેઓ અનુભવી મંત્રી હતા. વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં 2017ની ચૂંટણી ભાજપ લડ્યું અને 99 બેઠકો સાથે જીત્યું હતું. જોકે તેની બેઠકો ઘટી હતી. વિજયભાઇ સાલસ, સૌમ્ય અને સૌને સાથે રાખીને કામ કરનારા હતા.
- ✓ તેમના કાર્યકાળમાં કોઇ મોટી સમસ્યા ના આવી. તેમણે શાંતિથી શાસન કર્યું હતું. કોરોનાની બીજી લહેરમાં તેમને તકલીફ પડી. હાઇકોર્ટે ઠપકો આપ્યો. તેમનો વહીવટી તંત્ર પર અંકુશ નહોતો તેવી ફરિયાદ થઈ. પાંચ વર્ષમાં તેમના પર એક પણ વ્યકિતગત આક્ષેપ થયો નહોતો કે એકપણ આંદોલન થયું નહોતું.
- ✓ કોરોના જેવી મહામારીની કામગીરીની સર્વોચ્ચ અદાલત અને વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને નોંધ લીધી હતી. જોકે સંગઠન અને શાસન વચ્ચેના સંઘર્ષ અને ખાસ તો ડિસેમ્બર, 2022ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ તેમને બદલવામાં આવ્યા હતા. તેઓ એક શાંત, સરળ, સહિષ્ણુ મુખ્યમંત્રી તરીકે યાદ રહેશે.

**(17) શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ :**

**(13મી સપ્ટેમ્બર, 2021થી...) સત્તરમા મુખ્યમંત્રી**

- ✓ અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા વિસ્તારના શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની મુખ્યમંત્રી તરીકે પસંદગી.
- ✓ તેઓ અમદાવાદ મહાનગરપાલિકામાં બે ટર્મ સ્ટેડિંગ કમિટીના ચેરમેન હતા તો ઔડાના પણ એક ટર્મ ચેરમેન હતા. તેઓ સૌમ્ય, સાલસ અને સ્વચ્છ પ્રતિભા ધરાવે છે.

## 2. મિશન યુથ : મિશન જમ્મુ-કાશ્મીરના 75 ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

**માપદંડ અને સહાય :**

- ✓ ઐતિહાસિક મહત્વ કે કુદરતી સૌંદર્ય ધરાવતા ગામો પસંદ કરાયા છે. ત્યાં ફિલ્મો-ગીતોના શૂટિંગ માટે રૂ. 8-10 લાખની વિશેષ સહાય કરાશે.
- ✓ ટ્રેકિંગ અને પેરા-ગ્લાઇડિંગ જેવા એડવેન્ચર ટૂરિઝમને પણ પ્રોત્સાહન અપાશે.




- ✓ સ્થાનિક કલાકારો, પરંપરાગત કલાઓને પ્રોત્સાહન પૂરું પાડવા રૂ. 2-2 લાખની સહાય કરાશે.
- ✓ **લેફ્ટનન્ટ ગવર્નર : મનોજ સિંહા**

## 3. ઉત્તર પ્રદેશ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા UPમાં ડિફેન્સ કોરિડોર અને રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટીનું શિલારોપણ



**(1) ડિફેન્સ કોરિડોર વિશે :**

- ✓ સ્થાન : અલીગઢ
- ✓ ભારતે ડિફેન્સ એક્સ્પોર્ટર્સ તરીકે ઓળખ બનાવી છે. અલીગઢમાં ડિફેન્સ કોરિડોરમાં 19 કંપનીઓ રૂ, 1245 કરોડનું રોકાણ કરવાની છે. આ કોરિડોરમાં કુલ રૂ. 6000 કરોડનું રોકાણ કરાશે.

**(2) મહેન્દ્ર પ્રતાપ સિંહ યુનિવર્સિટી અલીગઢ :**

- ✓ જાટ રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ મહાન દ્રષ્ટા હતા. દેશના સ્વતંત્રતા સંગ્રામમા તેમણે મહત્વની ભૂમિકા નિભાવી હતી, રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ સ્વતંત્રતા સેનાની ઉપરાત મહાન શિક્ષણવિદ્ અને સામાજિક સુધારક હતા.

**4. PM શ્રી નરેન્દ્ર મોદી તા. 23 થી 25 સપ્ટેમ્બર USAના પ્રવાસે**

**PM મોદી ક્વાડ બેઠક-USAમાં ભાગ લેશે**




- ✓ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તા. 23મી સપ્ટેમ્બરે વ્હાઈટ હાઉસમાં મોદી-બાઈડેન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાશે.
- ✓ તેઓ તા.24 સપ્ટેમ્બરે ક્વાડની બેઠકમાં હાજરી આપશે
- ✓ તા.25 સપ્ટેમ્બરે મોદી UNની સામાન્ય સભાના 76માં સત્રને સંબોધિત કરશે
- ✓ અમેરિકાના આ પ્રવાસમાં વડાપ્રધાન મોદી ચીન સામે રચાયેલા ક્વાડ જૂથની બેઠકમાં સૌપ્રથમ વખત વ્યક્તિગત હાજરી આપશે અને 24મી સપ્ટેમ્બરે આ બેઠકને સંબોધન કરશે.

**5. નિકોલસ વાવાઝોડું - USA**

**પ્રભાવિત વિસ્તાર : ટેક્સાસ**

- ✓ પવનની અંદાજે ઝડપ : 110 કિલોમીટર

**6. દિન વિશેષ : 14 સપ્ટેમ્બર**

**રાષ્ટ્રીય હિન્દી ભાષા દિવસ**




- ✓ 14 સપ્ટેમ્બર 1949ના રોજ બંધારણ સભાએ હિન્દીને અનુચ્છેદ 343 હેઠળ ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી
- ✓ સૌપ્રથમ હિન્દી દિવસ 14 સપ્ટેમ્બર 1953ના રોજ ઉજવાયો
- ✓ હિન્દી ભાષાને દેવનાગરી લિપિમાં લખાઈ છે. બંધારણમાં કુલ 22 અનુસૂચિત ભાષાઓ છે.
- ✓ ભારતમાં સત્તાવાર રીતે હિન્દી તથા અંગ્રેજીને રાજકીય કાર્ય માટે ઉપયોગમાં લેવામાં આવે છે.
- ✓ ભારતના 70 ટકા લોકો હિન્દી લખી, વાંચી, બોલી અને સમજી શકે છે.
- ✓ હિન્દી ભાષા વિશ્વમાં સૌથી વધુ બોલાનારી ભાષાઓમાં ત્રીજા ક્રમાંકની ભાષા છે.
- ✓ 2011ની વસ્તી ગણતરી અનુસાર 43.63 ટકા ભારતીયો હિન્દી ભાષાનો ઉપયોગ માતૃભાષાના રૂપે કરે છે.
- ✓ હિંદી પ્રતિ લોકોને પ્રોત્સાહિત કરવા માટે હિન્દી દિવસના અવસરે પુરસ્કાર સમારોહ આયોજિત કરવામાં આવે છે.
- ✓ રાષ્ટ્રપતિ દ્વારા પસંદ કરાયેલા વ્યક્તિઓને "રાજભાષા કીર્તિ પુરસ્કાર" અને "રાજભાષા ગૌરવ પુરસ્કાર" પ્રદાન કરવામાં આવે છે.

**રાજભાષા ગૌરવ પુરસ્કાર**

- ✓ આ પુરસ્કાર ટેકનિકલ અથવા વિજ્ઞાન વિષય પર હિન્દી ભાષામાં લખનાર કોઈપણ ભારતીય નાગરિકને પ્રદાન કરવામાં આવે છે.
- ✓ આમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત કરનારને 2 લાખ રૂપિયા, દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત કરનારને 1 લાખ 50 હજાર રૂપિયા અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરનારને 75 હજાર રૂપિયા આપવામાં આવે છે.
- ✓ ઉપરાંત 10 લોકોને પ્રોત્સાહિત પુરસ્કારના રૂપે 10,000 રૂપિયા આપવામાં આવે છે.

**રાજભાષા કીર્તિ પુરસ્કાર**

- ✓ આ પુરસ્કાર યોજના દ્વારા કુલ 39 પુરસ્કાર આપવામાં આવે છે.
- ✓ આ પુરસ્કાર કોઈ સમિતિ, વિભાગ, મંડળ વગેરે દ્વારા હિન્દીમાં કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યો બદલ પ્રદાન કરવામાં આવે છે.
- ✓ ભારતમાં હિન્દી ભાષા ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને છત્તીસગઢમાં મોટાપાયા પર બોલાય છે.
- ✓ ભારત સિવાય વિશ્વના કેટલાક દેશો જેવા કે પાકિસ્તાન, મોરિશિયસ, ત્રીનીદાદ અને સુરીનામમાં પણ હિન્દી ભાષા બોલાય છે.
- ✓ અંગ્રેજી અને ફિજીયન સાથે હિન્દી પણ ફિજીની રાષ્ટ્રીય ભાષા ફિજીમાં "ફિજી હિન્દી" બોલાય છે.

**જન્મ દિવસ : હિન્દીના કવિ મુન્શી પ્રેમચંદ**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (14-09-2021)

**1.** વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના તા. 23 થી 25 સપ્ટેમ્બર USAના પ્રવાસ સંદર્ભે નીચેના પૈકી ક્યા વિધાન/વિધાનો ખરું/ખરા છે

1. તા. 23મી સપ્ટેમ્બરે વ્હાઈટ હાઉસમાં મોદી-બાઈડેન વચ્ચે દ્વિપક્ષીય બેઠક

2. તા.24 સપ્ટેમ્બરે PM મોદી ક્વાડ જૂથની બેઠકમાં સૌપ્રથમ વખત વ્યક્તિગત હાજરી આપશે

3. તા.25 સપ્ટેમ્બરે PM મોદી UNની સામાન્ય સભાના 76માં સત્રને સંબોધિત કરશે

4. ક્વાડમાં ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન એમ કુલ ચાર દેશોનો સમાવેશ

(A) માત્ર 1 ખરુ છે　　(B) માત્ર 3 ખરુ છે

(C) 1, 2 અને 3 ખરા છે　　**(D) 1, 2, 3 અને 4 ખરા છે**

**2.** ક્યા મિશન અંતર્ગત જમ્મુ કાશ્મીરના 75 ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

**(A) મિશન યુથ**　　(B) મિશન એમ્પલોયમેન્ટ

(C) મિશન કાશ્મીર (D) મિશન પ્રવાસન

**3.** જમ્મુ-કાશ્મીરના વર્તમાન લેફ્ટનન્ટ ગવર્નરનું નામ જણાવો

(A) કિરણ બેદી (B) જી.સી. મૂર્મુ **(C) મનોજ સિંહ** (D) જીતેન્દ્રસિંહ

**4.** તા.14 સપ્ટેમ્બરે ઉત્તર પ્રદેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ક્યા કોરિડોર અને કઇ યુનિવર્સિટીનું શિલારોપણ કરાયું

(A) એક્સ્પો કોરિડોર અને રાજા વિરેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટી

(B) ડિફેન્સ કોરિડોર અને રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટી

**(C) ડિફેન્સ કોરિડોર અને રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટી**

(D) ડિફેન્સ કોરિડોર અને રાજા નરેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટી

**5.** ઉત્તર પ્રદેશમાં ક્ષેત્રે રૂ. 6000 કરોડના રોકાણ સાથેનો ડિફેન્સ કોરિડોર કયા શહેરમાં શરૂ કરાશે

(A) લખનઉ (B) વારાણસી (C) આગ્રા **(D) અલીગઢ**

**6.** ઉત્તરપ્રદેશમાં મહેન્દ્ર પ્રતાપ સિંહ યુનિવર્સિટી કયા સ્થળે સ્થપાશે

(A) લખનઉ (B) વારાણસી (C) આગ્રા **(D) અલીગઢ**

**7.** તા.14 સપ્ટેમ્બરે 2021ના રોજ નિકોલસ વાવાઝોડું કયા દેશમાં ફૂંકાયુ હતુ

(A) જાપાન (B) ઓસ્ટ્રેલિયા **(C) USA** (D) UK

**8.** રાષ્ટ્રીય હિન્દી ભાષા દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A)15 સપ્ટેમ્બર **(B) 14 સપ્ટેમ્બર** (C) 13 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર

**9.** બંધારણ સભાએ ક્યારે હિન્દીને ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી

(A) 14 સપ્ટેમ્બર 1947 **(B) 14 સપ્ટેમ્બર 1949**

(C) 14 સપ્ટેમ્બર 1950 (D) 14 સપ્ટેમ્બર 1951

**10.** બંધારણ સભાએ કયા અનુચ્છેદ હેઠળ હિન્દીને ભારતની સત્તાવાર ભાષા પસંદ કરી હતી

(A) 243 (B) 307 **(C) 343** (D) 433

**11.** સૌપ્રથમ હિન્દી દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો

(A) 14 સપ્ટેમ્બર 1948 (B) 14 સપ્ટેમ્બર 1950

(C) 14 સપ્ટેમ્બર 1951 **(D) 14 સપ્ટેમ્બર 1953**

**12.** બંધારણમાં કુલ અનુસૂચિત ભાષાઓ કેટલી છે

(A) 24 (B) 23 **(C) 22** (D) 20

**13.** હિંદી પ્રતિ લોકોને પ્રોત્સાહિત કરવા માટે હિન્દી દિવસના અવસરે રાષ્ટ્રપતિ દ્વારા કયા પુરસ્કાર આપવામાં આવે છે

(A) રાજભાષા કીર્તિ પુરસ્કાર (B) રાજભાષા ગૌરવ પુરસ્કાર

**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**14.** હિન્દી સાહિત્ય સર્જક મુન્શી પ્રેમચંદનો જન્મ દિવસ જણાવો

(A)15 સપ્ટેમ્બર **(B) 14 સપ્ટેમ્બર** (C)13 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર

**DATE : 15-09-2021**

## 1. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના નિર્ણયો

## આત્મનિર્ભર ભારતને વધુ બળ આપવા ટેલિકોમ, ઓટોમોબાઇલ અને ડ્રોન સેક્ટરમાં વિવિધ રાહતો




### (1) ટેલિકોમ સેક્ટર :

- ✓ ટેલિકોમ સેક્ટરને રાહત આપવા ટેલિકોમ કંપનીઓ પાસે લેણા નીકળતા સ્પેક્ટ્રમના બાકી લેણાની ચુકવણી માટે ચાર વર્ષની રાહત આપી.
- ✓ ઉપરાંત ટેલિકોમ સેક્ટરમાં 100 ટકા એફડીઆઇને પરવાનગી આપી દેવાઇ છે. ઓટોમેટિક રૂટથી આવનારા આ એફડીઆઇ માટે કેન્દ્ર સરકાર કે ભારતીય રિઝર્વ બેન્કની પરવાનગી લેવાની રહેશે નહીં.
- ✓ ટેલિકોમ સેક્ટરમાં અન્ય આઠ જેટલા મહત્ત્વના સુધારામાં એજીઆરનું રેશનલાઇઝેશન અને ભાવિ સ્પેક્ટ્રમની હરાજીઓમાં હાંસલ કરેલા સ્પેક્ટ્રમ માટે સ્પેક્ટ્રમ યૂઝેસ ચાર્જ માફ કરવાના મહત્ત્વના નિર્ણયને મંજૂરી અપાઇ.
- ✓ સરકારે ભવિષ્યના સ્પેક્ટ્રમની સમયમર્યાદા 20 વર્ષથી લંબાવીને 30 વર્ષ કરી દીધી છે. જોકે 10 વર્ષ પછી ટેલિકોમ કંપની સ્પેક્ટ્રમ સરેન્ડર કરી શકે છે.
- ✓ ઉપરાંત હવે નવા સીમકાર્ડ માટે ફિઝિકલ કેવાયસીની આવશ્યકતાને રદ કરી દેવાઇ છે.
- ✓ હવે નવા જોડાણ માટે ફિઝિકલ દસ્તાવેજોને સ્થાને ડિજિટલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.
- ✓ પ્રીપેઇડ-પોસ્ટપેઇડ ટ્રાન્સફર માટે દર વખતે દસ્તાવેજો આપવાના રહેતા હતા તે જોગવાઇ પણ નાબૂદ કરી દેવાઇ.

### ટેલિકોમ સેક્ટર માટે 9 માળખાકીય અને 5 પ્રક્રિયાગત સુધારા :

1. AGRની વ્યાખ્યા સરળ બનાવાઇ, નોન ટેલિકોમ રેવન્યૂની બાદબાકી કરાઇ
2. ટેલિકોમ કંપનીઓ પાસે બાકી એજીઆર માટે 4 વર્ષ સુધી રાહત, 1 ઓક્ટોબરથી પ્રારંભ
3. ટેલિકોમ સેક્ટરમાં ઓટોમેટિક રૂટથી 100 ટકા FDIને મંજૂરી
4. 4 સ્પેક્ટ્રમ યૂઝર્સ ચાર્જિસનું સરળીકરણ, હવે દરોની વાર્ષિક ચક્રવૃદ્ધિ ગણતરી, કંપની સ્પેક્ટ્રમ સરેન્ડર, વિના મૂલ્યે સ્પેક્ટ્રમમાં ભાગીદારી કરી શકશે, સ્પેક્ટ્રમ ઓક્શન કેલેન્ડર તૈયાર કરાશે, છેલ્લા ત્રિમાસિકમાં સ્પેક્ટ્રમની હરાજી કરાશે.
5. મોબાઇલ ફોન કનેક્શન માટેના KYC ડિજિટલાઇઝ્ડ કરાશે, હાર્ડ કોપી આપવાની રહેશે નહીં, પ્રિપેઇડ-પોસ્ટપેઇડ ફેરબદલ માટે અલગ કેવાયસી આપવાની જરૂર રહેશે નહીં.
6. ટાવર ઊભા કરવાની પ્રક્રિયા સરળ બનાવાઇ, હવે કંપની સેલ્ફ એપ્રૂવલના આધારે ટાવર ઊભા કરી શકશે
7. ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ માટે તમામ પોર્ટલને ડીઓટીના પોર્ટલ સાથે સાંકળી લેવાશે
8. વ્યાજ અને પેનલ્ટીની વાર્ષિક ચક્રવૃદ્ધિ ગણતરી રદ કરાઇ
9. સ્પેક્ટ્રમની સમયમર્યાદા 20 વર્ષથી લંબાવીને 30 વર્ષ, ઓક્શન ફી 30 વર્ષ માટે રહેશે
10. 1953ના કસ્ટમ નોટિફિકેશનમાં સુધારાને મંજૂરી, કંપનીઓ સરળતાથી ઇક્વિપમેન્ટની આયાત કરી શકાશે.

11. 4G અને 5G કોર નેટવર્ક ટેકનોલોજી ભારતમાં જ ડિઝાઇન અને મેન્યુફેક્ચર કરાશે

**(2) ઓટોમોબાઇલ અને ઓટો કોમ્પોનન્ટ :**

✓ કેન્દ્ર સરકારે ઓટોમોબાઇલ, ઓટો કોમ્પોનન્ટ અને ડ્રોન ઇન્ડસ્ટ્રી માટેની રૂ. 26,058 કરોડની પીએલઆઇ સ્કીમને મંજૂરી આપી. આ પૈકી રૂ.25,938 કરોડ ઓટો સેક્ટરને અને રૂ.120 કરોડ ડ્રોન સેક્ટરને ફાળવાશે.

**ઓટોમોબાઇલ PLI સ્કીમ પર એક નજર :**

✓ ઓટોમોબાઇલ અને ઓટો કોમ્પોનન્ટ સેક્ટર માટે રૂ. 25,938ની ફાળવણી
✓ પાંચ વર્ષમાં અગ્રણી ઓટો કંપનીઓએ રૂ.2,000 કરોડનું નવું રોકાણ કરવાનું રહેશે
✓ 2-W & 3-W સ્તરની કંપનીઓએ પાંચ વર્ષમાં રૂ.1,000 કરોડનું નવું રોકાણ કરવું પડશે
✓ ઓટોમોબાઇલ કોમ્પોનન્ટ ઉત્પાદક કંપનીઓએ રૂ.500 કરોડનું રોકાણ કરવું પડશે
✓ ટાયર વન કંપનીઓ ઓટો પીએલઆઇ સ્કીમ માટે ક્વોલિફાય ગણાશે
✓ રૂ. 1,000 કરોડની નેટ વર્થ ધરાવતા નવા નોન ઓટોમોટિવ ઇન્વેસ્ટરો ક્વોલિફાય થશે
✓ પાંચ વર્ષમાં રૂ. 10,000 કરોડથી વધુના ટર્ન ઓવર માટે વધારાના બે ટકાના લાભ અપાશે
✓ ઓટો પીએલઆઇ સ્કીમ અંતર્ગત 8થી13 ટકાના લાભ અપાશે
✓ ઇલેક્ટ્રિક અને હાઇડ્રોજન ફ્યૂઅલ સેલ વ્હિકલ્સ માટે પાંચ ટકા વધારાના લાભ

**(3) ડ્રોન ઇન્ડસ્ટ્રીઝ :**

✓ ડ્રોન સેક્ટરને રૂ.120 કરોડ ફાળવાશે એરફ્રેમ, પ્રોપલ્શન સિસ્ટમ (એન્જિન અને ઇલેક્ટ્રિક), પાવર સિસ્ટમ, બેટરી અને સંલગ્ન પાર્ટ, લોન્ચ અને રિકવરી સિસ્ટમ
✓ ઇનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ, ઇનર્શિયલ નેવિગેશન સિસ્ટમ, ફ્લાઇટ કન્ટ્રોલ મોડ્યૂલ, ગ્રાઉન્ડ કન્ટ્રોલ સ્ટેશન અને સંલગ્ન પાર્ટ
✓ કોમ્યુનિકેશન સિસ્ટમ (રેડિયો ફ્રિકવન્સી, ટ્રાન્સપોન્ડર્સ, સેટેલાઇટ આધારિત વગેરે)
✓ કેમેરા, સેન્સર, સ્પ્રેયિંગ સિસ્ટમ, રિલેટેડ પે લોડ
✓ **ટેલિકોમમંત્રી : અશ્વિની વૈષ્ણવ**
✓ **માહિતી અને પ્રસારણ મંત્રી : અનુરાગ ઠાકુર**

**2. સંસદ TV ચેનલ : વડાપ્રધાન શ્રી મોદી સહિત મહાનુભાવો દ્વારા સંસદ TV ચેનલ લોન્ચ કરાઇ**

**વિગત :** લોકસભા ટીવી અને રાજ્યસભા ટીવીની જગ્યાએ એક જ ટીવી ચેનલ સંસદ ટીવી હવે લાઇવ ટીવી ચેનલ.




✓ હવેથી સંસદ ટીવી લોકસભા અને રાજ્યસભાના સમાચારો ઉપરાંતના સમાચારો અને માહિતી પણ લાઇવ બતાવશે.

**3. પુસ્તક વિમોચન**

**નામ : હ્યુમન રાઇટ્સ એન્ડ ટેરરિઝમ ઇન ઇંડિયા**

✓ લેખક : સાંસદ સુબ્રમણ્યમ સ્વામી




**4. સ્વામી બ્રહ્માનંદ પુરસ્કાર 2021 વિજેતા : IIT પાસ શ્રી આનંદકુમાર**



**વિશેષ પરિચય :**

✓ કાર્યક્ષેત્ર : પટના-બિહાર
✓ બિહારના આર્થિક રીતે ગરીબ વિદ્યાર્થીઓને IITમાં પ્રવેશ માટે વિનામૂલ્યે કોચિંગ આપીને દર વર્ષે સુપરથર્ટી એટલે કે 30 વિદ્યાર્થીઓ તૈયાર કરીને પ્રવેશ અપાવવો.
✓ તેમના આ બહુમૂલ્ય યોગદાન આધારિત તેમની ભૂમિકા દર્શાવતી હિન્દી ફિલ્મ સુપર-30 બની છે.

**5. તામિલનાડુ સરકાર : સરકારી નોકરીમાં મહિલા આરક્ષણ 30 ટકાથી વધારી 40 ટકા કરાયું**

**6. આસામ : ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે આસામે NDDB સાથે સંયુક્ત કંપની બનાવવાની ઘોષણા કરાઇ**

✓ NDDB : નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ

**7. રાજા મહેન્દ્ર પ્રતાપસિંઘનો પરિચય-ઉત્તરપ્રદેશ**

**ઉત્તરપ્રદેશના અલીગઢ શહેરમાં રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટીનો વડાપ્રધાન મોદીના હસ્તે શીલાન્યાસ કરાયો**

✓ રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ ઉત્તરપ્રદેશના હાથરસ જિલ્લાની મોરસાન રિયાસતના રાજા હતા. તેઓ જાટ પરિવારમાંથી આવતા હતા પણ જાતિ કે સમુદાયની ભાવનાથી બિલકુલ ઉપર ઊઠી ચૂક્યા હતા. તેમની ગણના ઉત્તરપ્રદેશના કેટલાક સુશિક્ષિત લોકોમાં થતી હતી.




✓ લગ્ન જીંદ રિયાસતની રાજકુમારી બલબીર કૌર સાથે થયા હતા. એ જમાનામાં હાથરસથી સંગરુર બે ટ્રેન ભરીને જાન લઇ જવામાં આવી હતી.

✓ અંગ્રેજો સામેની લડાઇમાં જબરદસ્ત સક્રિય રહ્યા. લેખક અને પત્રકારની ભૂમિકા નિભાવી. 50થી વધુ દેશની યાત્રા કરી. જો કે તેમની પાસે ભારતીય પાસપોર્ટ નહોતો.

✓ પ્રથમ વિશ્વ યુદ્ધ ચાલુ હતુ ત્યારે અફઘાનિસ્તાન પહોંચીને 1 ડિસેમ્બર 1915ના રોજ પ્રથમ નિર્વાસિત સરકારની રચના કરી.

✓ નિર્વાસિત સરકારનો મતલબ અંગ્રેજોના શાસન દરમિયાન સ્વતંત્ર ભારત સરકારની ઘોષણા. એજ કામ પાછળથી સુભાષચંદ્ર બોઝે કર્યું.

✓ સુભાષ બાબુએ 21મી ઑક્ટોબર 1943માં સિંગાપોરમાં આઝાદ હિંદ સરકારની રચના કરી હતી. અર્થાત બંનેના વિચારમાં સમાનતા હતી. જો કે સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસી હતા. રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ કોંગ્રેસના નેતાઓના સંપર્કમાં હતા પણ ક્યારેય કોંગ્રેસમાં જોડાયા નહીં.

✓ મહાત્મા ગાંધીએ તેમના વિશે કહેલું, રાજા મહેન્દ્ર પ્રતાપ માટે સાલ 1915માં જ મારા હ્રદયમાં આદર પેદા થઇ ગયો હતો. એ પહેલાં હું આફ્રિકામાં હતો ત્યારે પણ તેમની ખ્યાતિની સુવાસ મારા સુધી પહોંચી ચૂકી હતી. મારે તેમની સાથે પત્રવ્યવહાર થતો રહ્યો છે જેથી હું તેમને વધારે સારી રીતે ઓળખી શક્યો છું. તેમનો ત્યાગ અને દેશભક્તિ સરાહનીય છે.

✓ 1915માં નિર્વાસિત સરકાર રચ્યા પછી તેમને 31 વર્ષ અને 8 મહિના સુધી દેશવટો ભોગવવો પડયો. 1946માં અંગ્રેજો સાથે શરતી સમાધાન પછી જ ભારત આવી શક્યા. ત્યાં સુધી સ્વિત્ઝર્લેન્ડ, જર્મની, સોવિયેત સંઘ, જાપાન, ચીન, ઈરાન, તુર્કી વગેરે દેશોમાં ફરતા રહ્યા.

✓ ભારત છોડયું એ પહેલાં બ્રિટિશ ઇંડિયાનો પાસપોર્ટ મેળવવા પ્રયાસ કરેલો પરંતુ એક અખબારમાં જર્મનીના સમર્થનમાં લેખ લખ્યો હોવાથી અંગ્રેજોએ તેમને પાસપોર્ટ આપવાનો ઈનકાર કરી દીધો.

✓ સુભાષચંદ્ર બોઝ નિર્વાસિત સરકારની રચના પછી ક્યારેય ભારત પાછા ન આવી શક્યા. રાજા મહેન્દ્ર પ્રતાપ આવી શક્યા. તેમણે પણ સુભાષબાબુની જેમ જર્મની, રશિયા અને જાપાન જેવા દેશોની મદદ માગેલી. આ જ મુદ્દો કોંગ્રેસ સાથે તેમના અંતરનું કારણ બન્યો.

✓ 1946માં ભારત આવ્યા પછી તેઓ મહાત્મા ગાંધીને મળ્યા, કિંતુ જર્મની અને જાપાનની સહાય માગી હોવાથી કોંગ્રેસે તેમાં ખાસ રસ લીધો નહીં.

✓ વર્ષ 1957માં તેઓ મથુરાથી અપક્ષ ઉમેદવાર તરીકે સંસદની ચૂંટણી લડયા અને કોંગ્રેસના ચૌધરી દિગંબરસિંહને 30,000 મતથી હરાવ્યા. અટલ બિહારી વાજપેઇ પણ એ જ બેઠક પરથી ચૂંટણી લડેલા, તેમની જમાનત જપ્ત થઇ ગયેલી.

✓ સન 1945માં સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના પહેલાં જ તેમણે સંસાર સંઘની પરિકલ્પના પ્રસ્તુત કરી હતી. તેઓ પ્રેમ ધર્મ અને સંસાર સંઘની પરિકલ્પના મારફતે ભારતીય સંસ્કૃતિના પ્રાણતત્ત્વ વસુધૈવ કુટુંબકમ્‌ને સાકાર કરવા માગતા હતા. 1916-17માં તેમણે આ વિચાર રજૂ કરેલો.

✓ તેમના પિતા રાજા ઘનશ્યામસિંહ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સ્થાપક સરસૈયદ અહેમદ ખાનના મિત્ર હતા.

✓ તેમને યુનિવર્સિટીની સ્થાપના માટે મદદ કરેલી. એ સમયે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી મોહમ્મદન એંગ્લો ઓરિએન્ટલ કોલેજ તરીકે ઓળખાતી. 1977માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના શતાબ્દિ સમારોહમાં તેમને મુખ્ય અતિથિ તરીકે બોલાવવામાં આવ્યા હતા.

## 8. સોશિયલ મીડિયામાં કોરોનાની ખોટી માહિતી ફેલાવવામાં ભારતીયો નંબર વન

✓ વિશ્વના 138 દેશોની સોશિયલ મીડિયામાં મુકાયેલી તમામ પોસ્ટની ચકાસણી કરતા 84.94 ટકા પોસ્ટ ખોટી જણાય અને ઈન્ટરનેટ ઉપર મુકાયેલી માહિતી તપાસતા 90.5 ટકા માહિતી ખોટી હોવાનું જણાયું.

### સોશિયલ મીડિયામાં 84.94 ટકા માહિતી ખોટી પુરવાર :

✓ કોરોના વિશે સોશિયલ મીડિયામાં ખોટી માહિતી પ્રસરાવવા અંગેના 138 દેશોના તાજેતરના અભ્યાસમાં આખા વિશ્વમાં 18.07 ટકા ખોટી માહિતી સાથે ભારત નંબર વન સાબિત થયું.

✓ તેનું કારણ ભારતના લોકો ઈન્ટરનેટ ઉપર સૌથી વધુ સક્રિય રહેતા હોવાનું, સોશિયલ મીડિયા પર વધારે પડતો આધાર રાખતા હોવાનું અને ઈન્ટરનેટ વિશે પૂરી જાણકારી ન હોવાનું જાણવા મળ્યું છે.

✓ અભ્યાસમાં 138 દેશોના ખોટી માહિતી આપતા 9,657 નમૂનાના અભ્યાસ અને પૃથક્કરણ કરવામાં આવ્યાં છે. દરેક નમૂનાની ખરી હકીકતની વિવિધ દેશોના 94 સંગઠનો દ્વારા તપાસ કરવામાં આવી હતી.

✓ જેથી સમજી શકાય કે સોશિયલ મીડિયા પર કેટલી ખોટી માહિતી પ્રવર્તી રહી છે અને તે માહિતી કયા કયા સોર્સથી મૂકવામાં આવી છે.

✓ ખોટી માહિતીનો પ્રસાર અટકાવવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન 'સ્ટોપ ધી સ્પ્રેડ' (પ્રસાર અટકાવો) અભિયાન ચલાવી જ રહ્યું છે.

## 9. 'સ્ટોપ ધી સ્પ્રેડ' અભિયાન- WHO




### WHOએ શરૂ કરેલ સ્ટોપ ધી સ્પ્રેડ અભિયાન વિશે

✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયામાં પ્રસાર કરવામાં આવતી ખોટી માહિતી અંગે ચિંતા વ્યક્ત કરતાં વિશ્વના દરેક નાગરિકને અપીલ કરી છે કે દરેક માહિતીને બરાબર ચકાસ્યા પછી જ તેની ઉપર વિશ્વાસ મૂકો.

✓ ખોટી માહિતીનો પ્રસાર અટકાવવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન 'સ્ટોપ ધી સ્પ્રેડ' (પ્રસાર અટકાવો) અભિયાન ચલાવી જ રહ્યું છે.

## 10. ટાઇમ મેગેઝિન 2021 : વિશ્વના સૌથી વધુ 100 પ્રભાવશાળી વ્યક્તિઓની યાદી જાહેર



### યાદી વિશે :

- ✓ ટાઇમની 2021ની પ્રભાવશાળી લોકોની યાદીમાં પીએમ મોદી તથા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનું નામ
- ✓ **આ યાદીને 6 કેટગરી- આઇકન્સ, પાયોનિયર્સ, ટાઇટન્સ, આર્ટિસ્ટ, લીડર્સ તથા ઇનોવેટર્સમાં વહેંચાઇ** છે. અલગ અલગ કેટેગરીમાં ભારત સાથે સંકળાયેલા 5 લોકોના નામ સામેલ છે.
- ✓ સૌથી પ્રભાવશાળી નેતાઓમાં અમેરિકાના ભારતીય મૂળના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસનું નામ છે, જ્યારે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ છે.

**(1) કમલા હેરિસ :**

- ✓ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને મેગેઝિને સૌથી સશક્ત મહિલા રાજનેતાઓમાંથી એક ગણાવ્યા છે.

**(2) નરેન્દ્ર મોદી :**

- ✓ પીએમ મોદીને નહેરુ તથા ઇન્દિરા પછી ત્રીજો સૌથી પ્રભાવળશાળી ચહેરો ગણાવ્યા છે.

**(3) મમતા બેનરજી :**

- ✓ પ.બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિશે મેગેઝિને લખ્યું કે તે રાજકારણમાં લડાયક મિજાજના પર્યાય બન્યા છે.

**(4) અદાર પૂનાવાલ** :

- ✓ સિરમના પ્રમુખ વિશે લખ્યું છે કે તે દુનિયાની વેક્સિન ડ્રાઇવની આશા બની શકે છે.

**(5) મૂળ ભારતીય અમેરિકી એક્ટિવિસ્ટ મંજૂષા પી. કુલકર્ણી :**

- ✓ અમેરિકામાં વંશીય હિંસા વિરુદ્ધના આંદોલન માટે મંજૂષા પી.કુલકર્ણીને આઇકન મનાયા છે.

**બાઇડન સાથે મુલ્લા બરાદરનું પણ નામ :**

- ✓ પ્રભાવશાળી લીડર્સમાં અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડનનું નામ તો સામેલ છે પણ અફઘાનની તાલિબાન સરકારમાં ડેપ્યુટી પીએમ અબ્દુલ ગની મુલ્લા બરાદરનું નામ પણ સામેલ છે.
- ✓ યાદીમાં આઇકન્સની કેટેગરીમાં રશિયાના વિપક્ષના નેતા એલેક્સઇ નવેલનીનું નામ પણ સામેલ કરાયું છે.

**યાદીમાં 54 મહિલાઓ :**

- ✓ આ યાદીમાં 100 પ્રભાવશાળી લોકોમાં 54 મહિલાઓ છે. તેમાં પ્રિન્સ હેરીના પત્ની મેગન મર્કેલ અને અભિનેત્રી સ્કારલેટ જ્હોન્સન પણ સામેલ છે.

**PM મોદીએ અત્યાર સુધીમાં પાંચ વખત સ્થાન મેળવ્યું :**

- ✓ મહત્ત્વની વાત એ છે કે, પીએમ મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારથી અત્યાર સુધીમાં પાંચ વખત ટાઇમ મેગેઝિનના સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં સ્થાન મેળવ્યું છે.
- ✓ મોદીએ 2014માં સત્તા ઉપર આવ્યા બાદ તરત જ પહેલી વખત આ યાદીમાં સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ 2015, 2017, 2020 અને હવે 2021માં સ્થાન આપવામાં આવ્યું છે.
- ✓ તેમને પહેલાં લોકસભા ચૂંટણી વિજય બાદ ટાઇમ મેગેઝિનના કવર પેજ ઉપર પણ સ્થાન આપવામાં આવ્યું હતું.

## 11. દિન વિશેષ : 15 સપ્ટેમ્બર

**(1) મહાન ભારતીય એન્જિનિયર ભારતરત્ન સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાની યાદમાં એન્જિનિયર દિવસ**




- ✓ **થીમ-2021 : 'Engineering for A Healthy Planet- Celebrating the UNESCO Engineering Report'.**

**કોની યાદમાં :**

- ✓ મહાન ભારતીય એન્જિનિયર ભારતરત્ન સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાની યાદમાં ભારતમાં દર વર્ષે 15 સપ્ટેમ્બરને વર્ષ 1968થી એન્જિનિયર દિવસ ઉજવવામાં આવે છે.
- ✓ જન્મ-15 સપ્ટેમ્બર 1860 મૈસૂર (વર્તમાન કર્ણાટકના ચિક્કબલ્લાપુર જિલ્લાના મુદ્દેનાહલ્લી ગામમાં)
- ✓ અવસાન- 14 એપ્રિલ 1962 બેંગ્લોર

**કારકિર્દી :**

- ✓ 1912થી 1918 સુધી મૈસુરના દીવાન તરીકે સેવાઓ આપી હતી.
- ✓ કૃષ્ણરાજ સાગરબંધ, ભદ્રાવતી આયર્ન એન્ડ સ્ટીલ વર્કસ, મૈસૂર સંદલ ઓઇલ એન્ડ સોપ ફેક્ટરી, મૈસુર વિશ્વ વિદ્યાલય, બેંક ઓફ મૈસુર –આબધાનું નિર્માણ તેમનાં અથાગ પ્રયત્નોને કારણે જ શક્ય બન્યું છે.
- ✓ લંડનની સિવિલ એન્જિનિયર સોસાયટીમાં માનદ સભ્ય હતા.
- ✓ બ્રિટિશ સરકારે તેમના યોગદાન બદલ તેમને KCIE (નાઇટ કમાન્ડર ઓફ ધ બ્રિટિશ ઇન્ડિયન એમ્પાયર)થી સન્માનિત
- ✓ તેમનાં કામોને જોતા ઇ.સ. 1955માં તેમને સર્વોચ્ચ ભારતીય સમ્માન ભારતરત્નથી સમ્માનિત કરવામાં આવ્યાં.

**(2) રાષ્ટ્રીય લોકશાહી દિવસ : 15 સપ્ટેમ્બર**

- ✓ **થીમ 2021 : "Strengthening democratic resilience in the face of future crises"**

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (15-09-2021)

**1.** તા. 15 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ટેલિકોમ સેક્ટર માટે આપવામાં આવેલી મહત્વની રાહતોમાં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1.ટેલિકોમ કંપનીઓ પાસે લેણા નીકળતા સ્પેક્ટ્રમના બાકી લેણાની ચુકવણી માટે ચાર વર્ષની રાહત

2. ટેલિકોમ સેક્ટરમાં ઓટોમેટિક રૂટથી 100 ટકા FDIને મંજૂરી

3. સરકારે ભવિષ્યના સ્પેક્ટ્રમની સમયમર્યાદા 20 વર્ષથી લંબાવીને 30 વર્ષ કરી

4. 4G અને 5G કોર નેટવર્ક ટેકનોલોજી ભારતમાં જ ડિઝાઇન અને મેન્યુફેક્ચર કરાશે

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 અને 4 **(D) 1, 2, 3 અને 4**

**2.** તા. 15 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઓટોમોબાઇલ અને ઓટો કોમ્પોનન્ટ સેક્ટરમાં આપવામાં આવેલી મહત્વની રાહતોમાં નીચેના પૈકી કઇ બાબત/બાબતોનો સમાવેશ થતો નથી

1. કેન્દ્ર સરકાર દ્વારા ઓટોમોબાઇલ, ઓટો કોમ્પોનન્ટ અને ડ્રોન ઇન્ડસ્ટ્રી માટેની રૂ. 26,058 કરોડની પીએલઆઇ સ્કીમને મંજૂરી

2. આ પૈકી રૂ.25,938 કરોડ ઓટો સેક્ટરને અને રૂ.120 કરોડ ડ્રોન સેક્ટરને ફાળવાશે

3. પાંચ વર્ષમાં અગ્રણી ઓટો કંપનીઓએ રૂ.2,000 કરોડનું નવું રોકાણ કરવાનું રહેશે

4. ઇલેક્ટ્રિક અને હાઇડ્રોજન ફ્યૂઅલ સેલ વ્હિકલ્સ માટે 10 ટકા વધારાના લાભ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) માત્ર 4**

**3.** તા. 14 સપ્ટેમ્બર 2021ના રોજ વડાપ્રધાન મોદી દ્વારા રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ યુનિવર્સિટીનો શીલાન્યાસ કરાયો તે રાજા મહેન્દ્ર પ્રતાપસિંઘ અંગે નીચેના પૈકી કયુ વિધાન સાચુ છે

1. જાટ પરિવારમાંથી આવતા રાજા મહેન્દ્ર પ્રતાપસિંહ ઉત્તરપ્રદેશના હાથરસ જિલ્લાની મોરસાન રિયાસતના રાજા હતા

2. અંગ્રેજો સામેની લડાઈમાં લેખક અને પત્રકારની ભૂમિકા નિભાવી

3. પ્રથમ વિશ્વ યુદ્ધ વખતે અફઘાનિસ્તાન પહોંચીને 1 ડિસેમ્બર 1915ના રોજ પ્રથમ નિર્વાસિત સરકારની રચના કરી

4. 1915માં નિર્વાસિત સરકાર રચ્યા પછી તેમણે 31 વર્ષ અને 8 મહિના સુધી દેશવટો ભોગવવો પડયો

5. વર્ષ 1945માં સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના પહેલાં જ તેમણે સંસાર સંઘની પરિકલ્પના પ્રસ્તુત કરી હતી

(A) માત્ર 3 અને 5 (B) માત્ર 2 અને 4

(C) માત્ર 1 **(D) 1, 2, 3, 4, અને 5**

**4.** તા. 15 સપ્ટેમ્બર 2021ના રોજ ટાઇમ મેગેઝિન દ્વારા જાહેર કરાયેલ વિશ્વના સૌથી વધુ 100 પ્રભાવશાળી વ્યક્તિઓની યાદીમાં નીચેના પૈકી કયા ભારતીયનો સમાવેશ થાય છે

1. નરેન્દ્ર મોદી તથા મમતા બેનરજી 2. આદર પૂનાવાલા

3. કમલા હેરિસ તથા મૂળ ભારતીય અમેરિકી એક્ટિવિસ્ટ મંજૂષા પી. કુલકર્ણી

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) 1, 2 અને 3**

**5.** તા.15 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા ક્યા સેક્ટરમાં આત્મનિર્ભર ભારતને વધુ બળ આપવા વિવિધ રાહતો અપાઈ

(A) ટેલિકોમ સેક્ટર (B) ઓટોમોબાઇલ સેક્ટર

(C) ડ્રોન સેક્ટર **(D) આપેલ પૈકી તમામ**

**6.** તા. 15 સપ્ટેમ્બર 2021ના રોજ વિશ્વ લોકશાહી દિવસ નિમિતે વડાપ્રધાન શ્રી મોદી સહિત મહાનુભાવો દ્વારા લોકસભા-રાજ્યસભા TVને મર્જ કરી કઇ નવી TV ચેનલ લોન્ચ કરી

(A) લોકશાહી TV **(B) સંસદ TV**

(C) લોકપ્રતિનિધિ TV (D) આપેલ પૈકી એક પણ નહીં

**7.** સપ્ટેમ્બર 2021માં પ્રકાશિત થયેલ 'હ્યુમન રાઇટ્સ એન્ડ ટેરરિઝ્મ ઈન ઇંડિયા' પુસ્તકના લેખક જણાવો

(A) સાંસદ ડૉ. મનમોહનસિંઘ (B) સાંસદ પી. ચિદમ્બરમ

(C) સાંસદ શશિ થરૂર **(D) સાંસદ સુબ્રમણ્યમ સ્વામી**

**8.** સપ્ટેમ્બર 2021માં સ્વામી બ્રહ્માનંદ પુરસ્કાર 2021 કયા શિક્ષણવિદને અપાયો

(A) IIT પાસ શ્રી કુમાર મંગલમ **(B)IIT પાસ શ્રી આનંદકુમાર**

(C) IIT પાસ શ્રી ચેતન (D) ભગત IIT પાસ શ્રી આર.કે.બંસલ

**9.** સપ્ટેમ્બર 2021માં કઇ રાજ્ય સરકાર દ્વારા સરકારી નોકરીમાં મહિલા આરક્ષણ 30 ટકાથી વધારી 40 ટકા કરાયું

**(A) તામિલનાડુ**(B) ઉત્તરાખંડ (C) ઉત્તરપ્રદેશ (D) પશ્ચિમ બંગાળ

**10.** ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે કઇ રાજ્ય સરકારે NDDB સાથે સંયુક્ત કંપની બનાવવાની ઘોષણા કરી

(A) ઉત્તરાખંડ (B) ઉત્તરપ્રદેશ **(C) આસામ** (D) પશ્ચિમ બંગાળ

**11.** ખોટી માહિતીનો પ્રસાર અટકાવવા માટે કઇ વૈશ્વિક સંસ્થા દ્વારા 'સ્ટોપ ધી સ્પ્રેડ' (પ્રસાર અટકાવો) અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે

(A) ઈન્ટરપોલ **(B) WHO**(C) UNHRC (D) UN

**12.** ભારતના PM નરેન્દ્ર મોદીને વર્ષ 2021 ઉપરાંત કયા-ક્યા વર્ષે ટાઇમ મેગેઝિનના સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં સ્થાન અપાયુ છે

(A) 2014 તથા 2015 (B) 2017 તથા 2020

**(C) A અને B બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**13.** એન્જિનિયર દિવસ કયારે-કોની યાદમાં ઉજવાય છે

**(A) 15 સપ્ટેમ્બર તથા સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા**

(B) 14 સપ્ટેમ્બર તથા સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા

(C) 12 સપ્ટેમ્બર તથા સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા

(D) 10 સપ્ટેમ્બર તથા સર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા

**14.** ભારતમાં કયા વર્ષથી 15 સપ્ટેમ્બરને એન્જિનિયર દિવસ તરીકે ઉજવવામાં આવે છે

(A) વર્ષ 1947(B) વર્ષ 1951 (C) વર્ષ 1959 **(D) વર્ષ 1968**

**15.** એન્જિનિયર દિવસ 2021ની થીમ જણાવો

(A) Engineering for A Healthy Planet- Celebrating the UNO Engineering Report

(B) Employment for A Healthy Planet- Celebrating the UNESCO Engineering Report

**(C) Engineering for A Healthy Planet- Celebrating the UNESCO Engineering Report**

(D) Engineering for A Healthy Plane - Celebrating the UNESCO Engineering Report

**16.** ભારતીય એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાનો જન્મ કયારે-ક્યાં થયો હતો

(A)15 સપ્ટેમ્બર 1855 તથા મૈસૂર **(B)15 સપ્ટેમ્બર 1860 તથા મૈસૂર**

(C)15 સપ્ટેમ્બર 1867 તથા મૈસૂર (D)15 સપ્ટેમ્બર 1876 તથા મૈસૂર

**17.** મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા કયા શહેરની સિવિલ એન્જિનિયર સોસાયટીમાં માનદ સભ્ય હતા

**(A) લંડન** (B) દિલ્હી (C) મુંબઇ (D) પેરિસ

**18.** ભારત સરકારે મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાને કયા વર્ષે સર્વોચ્ચ ભારતીય સમ્માન ભારતરત્નથી સમ્માનિત કર્યા હતા

(A) વર્ષ 1951 **(B) વર્ષ 1955** (C) વર્ષ 1961 (D) વર્ષ 1974

**19.** રાષ્ટ્રીય લોકશાહી દિવસ 2021ની થીમ જણાવો

**(A) Strengthening democratic resilience in the face of future crises**

(B) State democratic resilience in the face of future crises

(C) Strengthening demand resilience in the face of future crises

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

**DATE : 16-09-2021**

**1. ગુજરાત સરકારનું નવીન મંત્રીમંડળ : 10 કેબિનેટ, 05 રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો તથા 09 રાજ્યકક્ષા સહિત કુલ 24 મંત્રીઓને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા પદ-ગોપનિયતાના શપથ લેવડાવ્યા**




**મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળનું કુલ કદ-25**

| નામ | વિષય ફાળવણીની વિગત |
|---|---|
| શ્રી ભૂપેન્દ્ર પટેલ | સા.વ.વિ., વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહીતી અને પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉધોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ફાળવાયેલ ન હોય તેવા વિષયો / વિભાગો |
| **કેબીનેટ મંત્રીશ્રી** | |
| શ્રી રાજેન્દ્ર ત્રિવેદી | મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદા અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો |
| શ્રી જીતુભાઈ સવજીભાઈ વાઘાણી | શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રાઉદ્યોગિક |
| શ્રી રૂષિકેશ ગણેશભાઈ પટેલ | આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો |
| શ્રી પૂર્ણેશ મોદી | માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરીક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ |
| શ્રી રાઘવજીભાઈ હંસરાજ પટેલ | કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન |
| શ્રી કનુભાઈ મોહન દેસાઇ | નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ |
| શ્રી કીરીટસિંહ જીતુભા રાણા | વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી |
| શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ | આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા |
| શ્રી પ્રદિપસિંહ ખનાભાઈ પરમાર | સામાજીક ન્યાય અને અધિકારીતા |
| અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ | ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ |




| રાજયકક્ષાના મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો) | |
|---|---|
| શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી | રમત, ગમત, યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ વ્યવસ્થાપન |
| શ્રી જગદીશ વિશ્વકર્મા | કુટિર ઉધોગ, સહકાર, મીઠા ઉધોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉધોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી |
| શ્રી બ્રીજેશ મેરજા | શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ |
| શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી | કલ્પસર અને મત્સ્યોધોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો |
| શ્રીમતી મનીષા વકીલ | મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજીક ન્યાય અને અધિકારીતા |
| **રાજયકક્ષાના મંત્રીશ્રી** | |
| શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ | કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ |
| શ્રીમતી નિમિષાબેન સુથાર | આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ |
| શ્રી અરવિંદ રૈયાણી | વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ |
| શ્રી કુબેરભાઈ | ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને |

| | |
|---|---|
| ડીંડોર | સંસદીય બાબતો |
| શ્રી કિર્તીસિંહ પ્રભાતસિંહ વાઘેલા | પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ |
| ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર | અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો |
| શ્રી આર. સી. મકવાણા | સામાજીક ન્યાય અને અધિકારીતા |
| વિનોદભાઇ અમરશીભાઇ મોરડીયા | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ |
| શ્રી દેવાભાઇ પુંજાભાઇ માલમ | પશુપાલન અને ગૌ સંવર્ધન |

**નવા મંત્રીમંડળમાં જ્ઞાતિના સમીકરણો :**

- ✓ મંત્રીમંડળમાં CM સહિત 7 પટેલો, 3 કોળી, 4 અન્ય OBC, 4 આદિવાસી અને બે દલિતો
- ✓ કુલ 25 સભ્યોનું કદ ધરાવતા નવા મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સાથે કુલ 7 પટેલો છે. જેમાં 3 કડવા અને 4 લેઉઆ પાટીદારો છે, 3 કોળી-ઓબીસી છે અને બે ક્ષત્રિય છે. બે બ્રાહ્મણ અને બે દલિત છે, 4 આદિવાસી, 1 જૈન તેમજ 4 અન્ય ઓબીસી છે. આમ તમામ જ્ઞાતિને સ્થાન આપવામાં આવ્યું.

**2. સંરક્ષણ મંત્રાલય : ભારત સરકાર**

**માનદ લેફ્ટનન્ટ કર્નલ શ્રી મહેન્દ્રસિંહ ધોનીને NCCના નવા સ્વરૂપ માટેની સમિતિમાં સ્થાન**



**સમિતિ વિશે :**

- ✓ નૅશનલ કેડેટ કોપ્સ-NCC વધારે પ્રાસંગિક બને તે માટે આ સમિતિની રચના કરવામાં આવી છે.
- ✓ 15 સભ્યોની સમિતિમાં મહિન્દ્રા ગ્રૂપના ચેરમેન આનંદ મહિન્દ્રાનો પણ સમાવેશ થાય છે.
- ✓ મંત્રાલયે વિશેષ કામગીરી માટે ધોનીને પોતાની સાથે સાંકળ્યો

**3. નાણા મંત્રાલય : ભારતની સૌપ્રથમ NARCL બેડ બેંકની રચનાને મંજૂરી**

- ✓ **નામ:નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (NARCL)**




- ✓ કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશની સૌપ્રથમ બેડ બેન્કની રચનાને મંજૂરી આપી દેવાઇ. આ બેડ બેન્કને નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ નામ અપાયું.
- ✓ **બેડ લોનની સમસ્યાના નિરાકરણ માટે સિક્યુરિટી રિસીપ્ટ્સ માટે રૂ. 30,600 કરોડની સરકારી ગેરંટી આપવાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.**
- ✓ બેન્કોએ છેલ્લા 6 નાણાકીય વર્ષમાં રૂ. 5,01,479 કરોડની લોનની વસૂલાત કરી છે.

**શું છે NARCL (બેડ બેન્ક) :**

- ✓ બેન્ક નહીં પરંતુ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની
- ✓ બેન્કોના ડૂબેલા નાણા આ કંપનીમાં ટ્રાન્સફર કરાશે
- ✓ કેનેરા બેન્ક 12 ટકાના હિસ્સા સાથે લીડ સ્પોન્સર રહેશે
- ✓ બાકીની સરકારી બેન્કોનો બેડ બેન્કમાં 51 ટકા હિસ્સો રહેશે
- ✓ NARCL બેન્કો પાસેથી એનપીએ ખરીદી સિક્યુરિટી રિસીપ્ટ જારી કરશે
- ✓ બેન્કોને બેડ લોન માટે 15 ટકા રોકડ અને 85 ટકા સિક્યુરિટી રિસીપ્ટ
- ✓ રૂ.90૦૦૦ કરોડની બેડ લોન પ્રથમ તબક્કામાં ટ્રાન્સફર કરાશે
- ✓ **કેન્દ્રીય નાણા મંત્રી : નિર્મલા સિતારામન**

**4. સેન્ટ્રલ વિસ્ટ્રા પ્રોજેક્ટ : ડિફેન્સ ઓફિસ કોમ્પ્લેક્સના બે નવા ભવનોનું વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે લોકાર્પણ**

- ✓ સ્થાન : નવી દિલ્હી



**વિગત :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તારીખ 16મી સપ્ટેમ્બર 2021ના રોજ દિલ્હીમાં કસ્તુરબા ગાંધી માર્ગ અને આફ્રિકા એવન્યૂ ખાતે નવા નિર્માણ કરાયેલા ડિફેન્સ ઓફિસ કોમ્પ્લેક્સને રાષ્ટ્રને સમર્પિત કરતાં ઉદ્ઘાટન કર્યું હતું.

- ✓ બે નવા બહુમાળી કોમ્પ્લેક્સમાં સંરક્ષણ મંત્રાલય અને સશસ્ત્ર દળોના 7,000 કરતાં વધુ અધિકારી અને કર્મચારીઓને બેસવાની વ્યવસ્થા છે.

**5. ઇન્સ્પાઈરેશન-4 મિશન : સ્પેસ ટુરીઝમ**




**4 નાગરિકો 3 દિવસ અંતરિક્ષમાં રહેશે**

**મિશન વિશે :**

- ✓ જગવિખ્યાત ઇલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાના માલિક બિઝનેસમેન એલન મસ્કની માલિકીની એરોસ્પેસ કંપની સ્પેસએક્સે 4 નાગરિકોને અંતરિક્ષમાં મોકલી ઈતિહાસ રચ્યો

ભારતીય સમય પ્રમાણે ગુરુવારે સવારે લગભગ સાડા પાંચ કલાકે સ્પેસએક્સે તેના મહત્વાકાંક્ષી ઇન્સ્પાઇરેશન-4 મિશનને લોંચ કર્યું




- ✓ <u>અમેરિકાના ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી</u> ચાર નાગરિકો સાથે સ્પેસએક્સનું ક્રૂ ડ્રેગન કેપ્સુલ ફાલ્કન-9 રોકેટ અંતરિક્ષમાં જવા રવાના થયું હતું.
- ✓ આ મિશન હેઠળ ચાર સિવિલિયન અંતરિક્ષયાત્રીઓ <u>પૃથ્વીની સપાટીથી 575 કિલોમીટરની ઊંચાઇ પર ત્રણ દિવસ સુધી પૃથ્વીની પરિક્રમા કરશે.</u>
- ✓ આ મિશનની ખાસ બાબત એ છે કે ચાર અંતરિક્ષયાત્રીઓમાંથી કોઇ વ્યવસાયિક અંતરિક્ષયાત્રી નથી, ફક્ત શોખથી પ્રવાસ કરી રહ્યા છે. 2009 પછી પ્રથમવાર માનવી આટલી ઊંચાઇ પર રહેશે.
- ✓ રોકેટ લોંચ થયાની 12 મિનિટ બાદ ડ્રેગન કેપ્સ્યુલ તેનાથી અલગ થઇ ગઇ હતી જે પૃથ્વીની કક્ષામાં ત્રણ દિવસ ચક્કર લગાવશે.

## <u>6. AUKUS : ત્રિપક્ષીય સુરક્ષા સહયોગ/ સમજૂતિ</u>



### <u>AUKUS વિશે :</u>

- ✓ હિંદ-પ્રશાંત મહાસાગરમાં ચીનના વધતા પ્રભાવને રોકવા અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રિપક્ષીય સમજૂતિ
- ✓ <u>કરારના ભાગરૂપે અમેરિકા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન આપશેઃ ત્રણેય દેશોનું નવું સંગઠન AUKUS (ઓકસ) નામથી ઓળખાશે</u>
- ✓ <u>અમેરિકન પ્રમુખ જો બાઈડેન, બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્શન અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સ્કોટ મોરિસે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી એક સંયુક્ત નિવદન આપ્યું હતું. એમાં હિંદ મહાસાગરમાં સ્થિરતા લાવવા પર ખાસ ભાર મૂક્યો હતો.</u>
- ✓ અમેરિકા-બ્રિટન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એક નવા સંગઠનની રચના થઇ છે. એયુકેયુએસ (ઓકસ) નામનું આ સંગઠન હિંદ મહાસાગરમાં સ્થિરતા લાવવા માટે સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારશે.
- ✓ અયોગ્ય ઘૂસણખોરી ટાળવા માટે હિંદ-પ્રશાંત મહાસાગરમાં ત્રણેય દેશો વચ્ચે સહકાર વધારાશે. ખાસ તો સાઈબર, ડિફેન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ત્રણેય દેશો હિંદ મહાસાગરની સુરક્ષા માટે પ્રયાસો કરશે.
- ✓ <u>ત્રણેય દેશોના વડા વચ્ચે થયેલી વાતચીત પ્રમાણે આગામી 18 મહિના દરમિયાન ત્રણેય દેશો ટેકનિકલ સજ્જ થઈને આ સંગઠનને વધારે મજબૂત બનાવશે.</u> <u>નૌકાદળની એક ખાસ સમિતિ બનાવાશે અને તે હિંદ-પ્રશાંતમાં જરૂરી સુધારાનું સૂચન કરશે.</u>

## <u>7. ખેલકૂદ : એશિયન સ્નૂકર-બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ 2021</u>

- ✓ **વિજેતા : ભારતીય લેજેન્ડરી ક્યુ સ્પોર્ટ્સ સ્ટાર પંકજ અડવાણી**
- ✓ **સિદ્ધિ : 11મી વાર એશિયન બિલિયર્ડ્સ ટાઇટલ વિજેતા**



- ✓ **હરીફ : આમિર** **યજમાન : દોહા (કતાર)**

## <u>8. દિન વિશેષ : 16 સપ્ટેમ્બર : વિશ્વ ઓઝોન દિવસ</u>

<u>**international day for the prevention of the ozone layer**</u>




- ✓ **થીમ 2021 : <u>'Montreal Protocol – keeping us, our food and vaccines cool'</u>**
- ✓ આ વર્ષની થીમને 197 દેશોએ મંજૂરી આપી.

### <u>વિશ્વ ઓઝોન દિવસ :</u>

- ✓ દર વર્ષે 16 સપ્ટેમ્બરના રોજ વિશ્વ ઓઝોન દિવસ ઉજવવામાં આવે છે.

### <u>હેતુ :</u>

- ✓ ઓઝોન સ્તર વિશે લોકોને જાગૃત કરવાનો. ઓઝોન સ્તર પૃથ્વીને સૂર્યના હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી બચાવવાનું કામ કરે છે. જો અલ્ટ્રાવાયોલેટ કિરણો પૃથ્વી પર સીધા જ પહોંચે, તો તે મનુષ્ય, ઝાડ-છોડ અને પ્રાણીઓ માટે અત્યંત જોખમી બની શકે છે. એટલા માટે જ ઓઝોન સ્તરનું સંરક્ષણ કરવું ખૂબ મહત્વનું.
- ✓ છેલ્લા બે દાયકાથી, વૈજ્ઞાનિકો દ્વારા ઓઝોન સ્તરને સુરક્ષિત રાખવા માટે દરેક શક્ય પગલાં લેવામાં આવી રહ્યા છે. દર વર્ષે ઓઝોન સ્તરના રક્ષણ માટે એક અલગ થીમ તૈયાર કરવામાં આવે છે અને લોકોને તેના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવે છે.

### <u>વિશ્વ ઓઝોન દિવસનો ઈતિહાસ :</u>

- ✓ વર્ષ 1970ના અંતમાં વૈજ્ઞાનિકોએ ઓઝોન સ્તરમાં કાણું પડવાનો દાવો કર્યો હતો. આ પછી 80ના દશકમાં વિશ્વભરની ઘણી સરકારોએ આ સમસ્યાને લઈને ચિંતન શરુ કર્યું.
- ✓ <u>વર્ષ 1985માં ઓઝોન સ્તરની સુરક્ષા માટે વિયેના કન્વેન્શન અપનાવ્યું. આ પછી 1994માં સંયુક્ત રાષ્ટ્રએ 16 સપ્ટેમ્બરને ઓઝોન દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો. 1995માં પહેલી વાર વિશ્વ ઓઝોન દિવસ ઉજવવામાં આવ્યો હતો.</u>

### <u>શું છે ઓઝોન સ્તર :</u>

- ✓ ઓક્સિજનના ત્રણ અણું મળીને ઓઝોન બને છે. ઓઝોન સ્તર પૃથ્વીથી ઉપર 10 થી 50 કિમી વચ્ચેના વાતાવરણમાં જોવા મળે છે.
- ✓ ઓઝોન સ્તર સૂર્યમાંથી નીકળતા હાનિકારક અલ્ટ્રાવાયોલેટ કિરણોથી પૃથ્વીને બચાવે છે. સૂર્યમાંથી નીકળતી આ કિરણો ચામડીના રોગો સહિત અનેક રોગોનું કારણ બની શકે છે.

- ✓ ઓઝોન સ્તર વિના પૃથ્વી પર જીવન શક્ય નથી. એટલે જ વૈજ્ઞાનિકો આ સ્તરને લઈને ચિંતિત છે.

**ઓઝોન સ્તરને કેવી રીતે થાય છે નુકશાન :**

- ✓ રેફ્રિજરેટર અને એસીને કારણે ઓઝોન સ્તરને નુકશાન થાય છે. વાતાવરણમાં નાઇટ્રોજન ઑક્સાઇડ અને હાઇડ્રોકાર્બન સૂર્યના કિરણો સાથે પ્રતિક્રિયા કરે છે જેનાથી ઓઝોન સ્તરને નુકશાન થાય છે. વાહનો અને ફેક્ટરીઓમાંથી નીકળતા રાસાયણિક ગેસોને કારણે પણ ઓઝોન સ્તરને નુકશાન કરતા પ્રદુષક કણો વધારે છે.

**9. જન્મ દિન વિશેષ : 16 સપ્ટેમ્બર : કૃષ્ણલાલ શ્રીધરાણી**

**જન્મ : 16 સપ્ટેમ્બર 1911, અવસાન : 23 જુલાઈ 1960**




- ✓ આજે ગુજરાતી-અંગ્રેજીના કલમકશ, પત્રકાર અને કવિ તથા નાટ્યકાર કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મદિવસ.
- ✓ વકીલ પિતા અને ગૃહિણી માતાના આ પુત્રનો જન્મ મોસાળ ઉમરાળામાં થયો હતો.
- ✓ શ્રીધરાણીએ શિક્ષણ દક્ષિણામૂર્તિ વિદ્યાભવન ભાવનગરમાં લીધું હતું. ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિ નિકેતનમાં પણ અભ્યાસ કર્યો.
- ✓ 1935માં એમ.એ. અને 1938માં કોલંબિયા યુનિથી પીએચડી થયા હતા.
- ✓ પહેલી કૃતિ બાળ કવિતા "કુમાર"માં છપાઈ અને તેમને કવિપદ પ્રાપ્ત થયું હતું.
- ✓ શ્રીધરાણીએ પત્રકાર તરીકે અમૃત બઝાર પત્રિકા, ન્યૂયોર્ક ટાઈમ્સ, કરન્ટ હિસ્ટરી, સેટરડે રિવ્યૂ ઓફ લિટરેચર, ન્યૂયોર્ક હેરાલ્ડ ટ્રીબ્યુન, ટોક્યો શિમ્બૂન અને વોઈસ ઓફ ઈન્ડિયા જેવા સામયિકો દ્વારા પત્રકારત્વમાં ખેડાણ કર્યું હતું.
- ✓ તેમની ઇનસાઇડ દિલ્હી" સાપ્તાહિક કોલમ ઘણી લોકપ્રિય બની હતી.

**મહત્વના પુસ્તકો :**

- ✓ કૃષ્ણલાલ શ્રીધરાણીએ વડલો, ઈન્સાન, મિટા-દૂંગા, પીળા પલાશ, પદ્મીની, મોરના ઈંડા, કોડિયા, પુનરપી જેવા પુસ્તકો લખ્યા.
- ✓ કૃષ્ણલાલ સોનેટ અને ગીતો લખી દેશભક્તિને પ્રોત્સાહિત કરી હતી.
- ✓ તેઓએ દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડનો અહેવાલ પણ લખ્યો છે.
- ✓ તેમનું રણજીતરામ સુવર્ણચંદ્રક દ્વારા સન્માન થયું હતું પરતું તે મળે તે પહેલા 23 જુલાઈ 1960ના રોજ "પ્રવાસ મૈ જીવનનો પૂરો કર્યો, સ્વધામ જાતો પગલે ઉતાવળા"ના આ કવિ અને સ્કોલર જર્નાલીસ્ટનુ અવસાન થયું હતું.

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (16-09-2021)

**1.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ રચાયેલા ગુજરાત સરકારના નવીન મંત્રીમંડળ બાબતે કયુ વિધાન યોગ્ય નથી

1. કેબિનેટકક્ષાના મંત્રી-10
2. રાજ્યકક્ષાનો સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી-05
3.રાજ્યકક્ષાના મંત્રી-09 4.મુખ્યમંત્રી સહિત મંત્રીમંડળનું કુલ કદ-24

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) માત્ર 4**

**2.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ રચાયેલા ગુજરાત સરકારના નવીન મંત્રીમંડળમાં જ્ઞાતિ સંદર્ભે કઈ બાબતનો સમાવેશ થતો નથી

1. મંત્રીમંડળમાં 2 જૈન મંત્રી 2. મંત્રીમંડળમાં 4 OBC મંત્રી
3.મંત્રીમંડળમાં 3 કોળી મંત્રી 4.મંત્રીમંડળમાં CM સહિત 7 પટેલ મંત્રી

**(A) માત્ર 1** (B) માત્ર 2 (C) માત્ર 3 (D) માત્ર 4

**3.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા રચના કરાયેલ ભારતની સૌપ્રથમ NARCL બેડ બેંક સંદર્ભે કયુ વિધાન/વિધાનો ખરુ/ખરા છે

1. નામ : નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (NARCL)
2. બેડ લોનની સમસ્યાના નિરાકરણ માટે સિક્યુરિટી રિસીપ્ટ્સ માટે રૂ. 30,600 કરોડની સરકારી ગેરંટીની મંજૂરી
3. NARCL બેન્ક નહીં પરંતુ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની છે
4. રૂ. 90,૦૦૦ કરોડની બેડ લોન પ્રથમ તબક્કામાં ટ્રાન્સફર કરાશે

(A) 3 અને 4 ખરા છે (B) 1 અને 2 ખરા છે
(C) 2, 3 અને 4 ખરા છે **(D) 1, 2, 3 અને 4 ખરા છે**

**4.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ સ્પેસ ટુરીઝમ અંતર્ગત ઇન્સ્પાઇરેશન-4 મિશન સંદર્ભે કયા કયુ વિધાન/વિધાનો ખરુ/ખરા છે

1. 4 નાગરિકો 3 દિવસ અંતરિક્ષમાં રહેશે
2. ઇલેક્ટ્રિક કાર કંપની ટેસ્લાના માલિક એલન મસ્કની એરોસ્પેસ કંપની સ્પેસએક્સે 4 નાગરિકોને અંતરિક્ષમાં મોકલી ઈતિહાસ રચ્યો
3. અમેરિકાના ફ્લોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી ક્રૂ ડ્રેગન કેપ્સુલ ફાલ્કન-9 રોકેટ લોન્ચ કરાયુ
4. પૃથ્વીની સપાટીથી 575 કિલોમીટરની ઊંચાઇ પર ત્રણ દિવસ સુધી પૃથ્વીની પરિક્રમા કરશે

(A) માત્ર 2 ખરુ છે (B) માત્ર 4 ખરુ છે
(C) 1 અને 2 ખરા છે **(D) આપેલ પૈકી 4 તમામ ખરા છે**

**5.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ AUKUS અંતર્ગત થયેલા ત્રિપક્ષીય સુરક્ષા સહયોગ/ સમજૂતિ અંતર્ગત કયા વિધાન/વિધાનો ખરુ/ખરા છે

1.હિંદ-પ્રશાંત મહાસાગરમાં ચીનના વધતા પ્રભાવને રોકવા
2. અમેરિકા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રિપક્ષીય સમજૂતિ
3.કરારના ભાગરૂપે અમેરિકા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન આપશે
4. AUKUSનું વિસ્તૃત નામ - Australia, United Kingdom, United States

(A) 3 અને 4 ખરા છે (B) 1 અને 2 ખરા છે
(C) માત્ર 4 ખરુ છે (D) **1, 2, 3 અને 4 તમામ ખરા છે**

**6.** એશિયન સ્નૂકર-બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ 2021 સંદર્ભે કયા વિધાન/વિધાનો ખરુ/ખરા છે

1. વિજેતા-ભારતીય લેજેન્ડરી ક્યુ સ્પોર્ટ્સ સ્ટાર પંકજ અડવાણી
2.પંકજ અડવાણીએ 11મી વાર એશિયન બિલિયર્ડ્સ ટાઇટલ જીત્યુ
3. હરીફ : આમિર 4. યજમાન : દોહા (કતાર)

(A) માત્ર 3 ખરુ છે (B) માત્ર 4 ખરુ છે
(C) માત્ર 1 ખરુ છે (D) **1, 2, 3 અને 4 ખરા છે**

**7.** ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા માનદ લેફ્ટનન્ટ કર્નલ શ્રી મહેન્દ્રસિંહ ધોનીને કઈ સંસ્થાને વધુ પ્રાસંગિક બનાવવા માટેની 15 સભ્યોની સમિતિમાં સ્થાન અપાયું

(A) NSG (B) આર્મી વિંગ
(C) NSS **(D) NCC**

**8.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા ભારતની સૌપ્રથમ કઈ બેડ બેંકની રચનાને મંજૂરી આપી

**(A) NARCL** (B) NRACL
(C) NCLAR (D) NALRC

**9.** તા. 16 સપ્ટેમ્બર 2021ના રોજ નવી દિલ્હી સ્થિત સેન્ટ્રલ વિસ્ટ્રા પ્રોજેક્ટ અંતર્ગત કયા વિભાગના બે નવા ભવનોનું વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે લોકાર્પણ કરાયું

(A) હોમ **(B) ડિફેન્સ** (C) ફાયનાન્સ (D) હેલ્થ

**10.** વર્ષ 1985માં ઓઝોન સ્તરની સુરક્ષા માટે વિયેના કન્વેનશન અપનાવ્યા બાદ વર્ષ 1994માં સંયુક્ત રાષ્ટ્રએ 16 સપ્ટેમ્બરને ઓઝોન દિવસ ઉજવવાનો નિર્ણય કર્યો ત્યારબાદ સૌપ્રથમવાર આ દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો

(A) 16 સપ્ટેમ્બર 1993 **(B) 16 સપ્ટેમ્બર 1995**
(C) 16 સપ્ટેમ્બર 1997 (D) 16 સપ્ટેમ્બર 1999

**11.** વિશ્વ ઓઝોન દિવસ 2021ની થીમ જણાવો

(A) Montreal Protocol – keeping us, our fasting and vaccines cool

**(B) Montreal Protocol – keeping us, our food, and vaccines cool**

(C) Montreal Progress–keeping us, our food and vaccines cool

(D) Mission Protocol–keeping us, our food and vaccines cool

**12.** વિશ્વ ઓઝોન દિવસ કયારે મનાવવામાં આવે છે

(A) 1 સપ્ટેમ્બર (B) 6 સપ્ટેમ્બર
**(C) 16 સપ્ટેમ્બર** (D) 18 સપ્ટેમ્બર

**13.** કવિ શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ દિવસ જણાવો

**(A) 16 સપ્ટેમ્બર 1911** (B) 16 સપ્ટેમ્બર 1913
(C) 16 સપ્ટેમ્બર 1917 (D) 16 સપ્ટેમ્બર 1921

**14.** ગુજરાતી પત્રકાર શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણીની કઈ સાપ્તાહિક કોલમ ઘણી લોકપ્રિય બની હતી

(A) દિલ્હીના દ્વારેથી **(B) ઇનસાઇડ દિલ્હી**
(C) વાત દિલ્હીની (D) દિલ્હીના દિલમાં

**15.** કૃષ્ણલાલ શ્રીધરાણીના જાણીતા પુસ્તકોના નામ જણાવો

(A) વડલો તથા ઈન્સાન(B) મિટા-દૂંગા, પીળા પલાશ તથા પદ્મીની
(C) મોરના ઈંડા, કોડિયા તથા પુનરપી **(D) આપેલ પૈકી તમામ**

**DATE : 17-09-2021**

## 1. PM શ્રી નરેન્દ્ર મોદીનો 71મો જન્મદિવસ જન્મસ્થળ : વડનગર-મહેસાણા




### ગુજરાતમાં PM નરેન્દ્ર મોદીના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો :

### નરેન્દ્ર મોદી વન (નમોવન)-અમદાવાદ :

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લાલ બહાદુર શાસ્ત્રી તળાવ ફરતે ઉભા કરાયેલા નરેન્દ્ર મોદી વન (નમોવન)માં રેકોર્ડ બ્રેક 71 હજાર વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને પ્રકૃતિ પ્રેમનો સંદેશો આપ્યો
- ✓ એક જ દિવસમાં એક સાથે **મિયાવાકી પદ્ધતિથી** વૃક્ષો વાવીને ઉજવણી કરવામાં આવી અને આ બગીચાને 'નમોવન' નામ આપવામાં આવ્યુ.
- ✓ આ વૃક્ષો શહેરનું ગ્રીન કવર વિસ્તાર વધારવામાં મદદરૂપ બનશે. રાજ્યના નગરો અને મહાનગરોમાં વધુને વધુ વૃક્ષો વાવીને પર્યાવરણ જળવાય અને શુદ્ધ પ્રાણવાયુ મળે તે માટે ગ્રીન કવર વધારવાની નેમ વ્યક્ત કરી હતી.
- ✓ ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ, રાજ્યમાં વન મહોત્વને જન ભાગીદારીથી જન મહોત્વ બનાવીને રાશિવન, નક્ષત્રવન જેવા 21 વનનું નિર્માણ કર્યુ હતું.
- ✓ રાજયમાં 400થી વધુ જગ્યાએ ગરીબ હિતલક્ષી કાર્યક્રમો યોજાયા
- ✓ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના ભાગ-2ની શરૂઆત, 3 લાખ લાભાર્થીઓને નિ:શુલ્ક ગેસ કનેક્શન અપાયું. 15 હજાર લાભાર્થીઓને ટોકન સ્વરૂપે ગેસ કનેક્શન અપાયું.
- ✓ રાજ્યના મહાનગરોના સ્લમ એરિયામાં 3 હજારથી વધુ વસતીએ દિનદયાળ ઔષધાલય શરૂ કરાયા જેનાથી ગરીબ લોકોને ઘર આંગણે જ આરોગ્ય સુવિધા મળી રહેશે.
- ✓ દિનદયાળ ઔષધલયમા તેમને પ્રાથમિક સારવાર અને દવા મળી રહે તે માટે આયોજન કરાયું. આ દિન દયાળ ઔષધાલયમાં સાંજે 5 થી 9 સુધી ડોક્ટરો પણ હાજર રહેશે.
- ✓ 100 ટકા વૈક્સિનેટ થયેલા 7100 ગામોના સંરપંચોના સન્માનનો કાર્યક્રમ યોજાયો
- ✓ સ્વચ્છતા અભિયાનને વેગ આપતા ગ્રામિણ ક્ષેત્રે વ્યક્તિગત શૌચાલય, શોષખાડા રિપેરીંગ-સામૂદાયિક શૌચાલય રિપેરિંગ તેમજ નવા શૌચાલયના નિર્માણનાં કામોનું આયોજન
- ✓ કોરોનકાળમાં કોરોનાથી માતા અથવા પિતા ગુમાવનાર નિરાધાર બાળકોને રૂપિયા બે હજારની માસિક સહાય ડી.બી.ટી.થી ચૂકવવામાં આવી

### ગુજરાતની અન્ય સિદ્ધિઓ :

- ✓ કોરોનાકાળ વેળાએ ગુજરાતમાં 80% લોકોને 18 મહિના સુધી નિ:શુલ્ક અનાજ આપ્યું
- ✓ ઉજ્જવલા યોજનાથી રાજ્યના 29 લાખ પરિવારોને ગેસ કનેક્શન આપવામાં આવ્યાં
- ✓ રાજ્યમાં કુલ 161 કરોડ લોકોના જનધન યોજના હેઠળ બેન્ક ખાતા ખોલવામાં આવ્યાં

- ખેડૂતોની સુખાકારી માટે સતત કાર્યરત રાજ્યના 58.87 લાખ ખેડૂતોને દર વર્ષે રૂ.6,000ની સહાય
- આયુષ્માન યોજના હેઠળ રાજ્યના 3.30 કરોડ લોકોને રૂપિયા 5 લાખ સુધીની નિ:શુલ્ક સારવારની ગેરંટી
- રાજ્યમાં 33.50 લાખ ગ્રામ્ય ઘરોમાં શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું
- રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 4.71 લાખ પરિવારોને મળ્યા સુવ્યવસ્થિત ઘર
- સૌને વેક્સિન, મફત વેક્સિન હેઠળ રાજયમાં 5.60 કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા.




## 2. કોરોના રસીકરણ મહા અભિયાન : ભારત

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 71માં જન્મદિવસે ભારતમાં કોરોના રસીકરણનો નવો વિશ્વ વિક્રમ : 2.25 કરોડથી વધુ એટલે કે 2,25,00,114 ડોઝ અપાયા
- ખાસ : અગાઉ ચીનમાં 4 જૂને એક જ દિવસે બે કરોડથી વધુ લોકોને કોરોનાની રસી આપીને વિશ્વ રોકોર્ડ નોંધાયો હતો.

## 3. GST કાઉન્સિલની 45મી બેઠક-લખનઉ (ઉત્તર પ્રદેશ)




**કાઉન્સિલના મહત્વના નિર્ણયો :**

- જોમેટો અને સ્વિગી પાંચ ટકા GST ગ્રાહકો પાસેથી વસૂલશે
- ડીઝલમાં ભેળવાતા બાયોડીઝલ પરનો જીએસટી 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા
- ફોર્ટીફાઇડ રાઇસ પરનો જીએસટી 18 ટકાથી ઘટાડીને પાંચ ટકા
- રિટ્રો ફિટમેન્ટ કિટ્સ પરનો જીએસટી ઘટાડીને પાંચ ટકા
- કીટ્રુડા જેવી કેન્સરની દવાઓ પરનો જીએસટી 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા અમ્ફોટેરિસિન, ટોસિલિઝુમેબ પર જીએસટી માફી 31 ડિસેમ્બર સુધી લંબાવાઇ રેમડેસિવિર અને હેપારિન પર પાંચ ટકા જીએસટી 31 ડિસેમ્બર સુધી યથાવત
- રૂ. 16 કરોડની ઝોલ્ગન્જેલ્સમા અને વિલ્ટેપ્સો દવાને જીએસટીમાંથી કરમુક્તિ.
- **અધ્યક્ષ : નાણા મંત્રી શ્રી નિર્મલા સીતારામન**

## 4. નીતિ આયોગ : પ્રતિભાશાળી બાળકોને બાયજૂના માધ્યમથી મફત કોચિંગ આપશે




**વિગત :**

- નીતિ આયોગે બાયજૂ સાથે ભાગીદારી કરી છે. તે હેઠળ 112 આકાંક્ષી જિલ્લાઓની સરકારી સ્કૂલોમાં 6થી 12મા સુધીના બાળકોને સ્ટડી મટીરિયલ અપાશે.
- સાથે જ ધો.11-12ના પ્રતિભાશાળી 3 હજાર બાળકોને મફત કોચિંગ અપાશે

## 5. આંધ્રપ્રદેશ : પાણીમાં તરતા NTPC દ્વારા નિર્મિત દેશના સૌથી મોટા સોલર પ્લાન્ટનો શુભારંભ (ઊર્જા)



**પ્લાન વિશે :**

- દેશના સૌથી મોટા ફ્લોટિંગ સોલર પ્લાન્ટમાંથી વીજ ઉત્પાદન શરૂ થયુ. આ વિશાળ પ્લાન્ટ આંધપ્રદેશના સિમહાદ્રીમાં સ્થિત છે. જેને એનટીપીસીએ તૈયાર કર્યો છે.
- 100 એકરમાં ફેલાયેલો સોલર પ્લાન્ટ 25 મેગાવોટ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. 180 કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલતી હવાને પણ શોષી લેવા સક્ષમ.
- **સ્થળ : સિમહાદ્રી, આંધ્ર પ્રદેશ**

## 6. શાંઘાઇ કો-ઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO)ની વાર્ષિક સભા-2021



- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન
- યજમાન : દુશાંબે (તાજિકિસ્તાનની રાજધાની)
- **SCOમાં તા.17 સપ્ટેમ્બર 2021ના રોજ નવા સભ્ય દેશ તરીકે ઈરાનને સ્થાન અપાયું (કુલ 09 દેશ)**

**SCO વિશે :**

- સ્થાપના : 15 જૂન 2001
- **સ્થાપક સભ્ય દેશો:ચીન, રશિયા, તજાકિસ્તાન કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, કિર્ગીસ્તાન**
- ભારત-પાકિસ્તાનનો સમાવેશ: તા. 09 જુન 2017
- અધિકૃત ભાષા : ચાઈનીઝ અને રશિયન



- વડુમથક : બેઇજિંગ-ચીન

## 7. ઓસન ફોટોગ્રાફર ઓફ ધ યર-2021



- ✓ **વિજેતા : ઓસ્ટ્રેલિયાની મહિલા ફોટોગ્રાફર એમી જેનન**
- ✓ **તસવીર : ગ્રીન સી ટર્ટલની તસવીર માટે**
- ✓ **આયોજક : મહિલા વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર્સ અને ઓસન ફોટોગ્રાફર્સ**

**8. નિમણૂક : ભારતીય શેફાલી જૂનેના રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનની ઉડ્ડયન સમિતિના નવા અધ્યક્ષ**



- ✓ આ પદે પહોંચનાર પ્રથમ મહિલા.

**ICAOવિશે :**

- ✓ ભારતે 12 વર્ષ પછી આ જવાબદારી સંભાળી હતી. ICAO રાષ્ટ્રીય ઉડાન નિયમોનું પાલન કરાવવાનું કામ કરે છે.
- ✓ **ICAO : International Civil Aviation Organization**
- ✓ **ICAO વડુમથક : મોન્ટ્રિયલ-કેનેડા**

**9. સ્વાર્મ ઈન્ટેલિજન્સ : વિશ્વમાં ડ્રાઇવરલેસ કાર માટે સ્વાર્મ ઈન્ટેલિજન્સમાંથી પ્રેરણા લેવાઈ**

**વિગત :** ડ્રાઈવરલેસ કાર ટેકનોલોજીને વધુ સક્ષમ બનાવવા માટે કીડીમાંથી પ્રેરણા લેવામાં આવી રહી છે.

- ✓ કીડી લાખોની સંખ્યામાં એકસાથે વિચરણ કરતી હોય છે, પરંતુ ક્યારેય એકબીજા સાથે અથડાતી નથી. આના માટે તેની પાસે કુદરતી શક્તિ હોય છે. જેના થકી તે કોઇ એકબીજાથી આગળ ન નીકળી જાય તે સુનિશ્ચિત કરે છે.
- ✓ વિજ્ઞાનીઓએ કુદરત તરફથી કીડીને મળેલી આ શક્તિને સ્વાર્મ ઈન્ટેલીજન્સ નામ આપ્યું.
- ✓ સ્વાર્મ ઈન્ટેલીજન્સ થકી સામુહિક વિચરણ કરી રહેલી કીડીઓ વચ્ચે કોમ્યુનિકેશન થતું રહે છે. તેમાંથી પ્રેરણા લઈને વિકસાવવામાં આવનારી ટેકનોલોજી થકી ડ્રાઈવરલેસ વાહનો વચ્ચે પણ પરસ્પર કોમ્યુનિકેશન થતું રહેશે અને આગામી ખતરા વિશે આગોતરી ચેતવણી મળી જશે. કાર મિકેનિકલ એન્જિનિયરિંગનો વિષય છે અને કીડી ઝૂલોજી.
- ✓ જગતના અનેક મહાન સંશોધનો "ઇન્ટરડિસિપ્લિનરી" સ્ટડીને આભારી છે.

**10. વિશ્વમાં પ્રથમ રેલવે મોબાઈલ મિસાઈલ સિસ્ટમનો અમલ કરનાર દેશ-ઉત્તર કોરિયા**



- ✓ ઉત્તર કોરિયા દ્વારા ટ્રેનમાંથી બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ : 800 કિલોમીટર દૂર સુધી માર કર્યો
- ✓ આયોજક : રેલ્વે મોબાઇલ મિસાઈલ રેજિમેન્ટન
- ✓ રાજધાની : પ્યોંગયોંગ, ઉત્તર કોરિયા

**11. દિન વિશેષ : 17 સપ્ટેમ્બર :**
**ભારતના પિકાસો-ચિત્રકાર એમ.એફ.હુસૈન**
**જન્મ : 17 સપ્ટેમ્બર 1915, અવસાન : 9 જૂન 2011**



- ✓ મકબૂલ ફિદા હુસૈન, એમ. એફ. હુસૈનનો જન્મ મહારાષ્ટ્રના પંઢરપુરમાં સુલેમાની વહોરા કુટુંબમાં થયો હતો.
- ✓ હુસૈને શિક્ષણ ઇન્દોર અને મુંબઈમાં લીધું. મુંબઈમાં સ્થાયી થઇ ફિલ્મોના હોર્ડિંગ્સ બનાવવાથી પોતાની ચિત્રકાર તરીકેની કારકિર્દી શરૂ કરી હતી.
- ✓ મુંબઈમાં પ્રોગ્રેસિવ આર્ટિસ્ટ ગ્રૂપ ઓફ બોમ્બેના સ્થાપક સભ્ય હતા. 1940 પછી હુસૈનને ચિત્રકાર તરીકે રાષ્ટ્રીય ખ્યાતિ મળવી શરૂ થઇ હતી. અનેક દેશોમાં તેમની કલાકૃતિઓના પ્રદર્શનો યોજાયા હતા.
- ✓ 1990ના દાયકામાં હિંદુ દેવી-દેવતાઓના અનાવૃત્ત ચિત્રો બનાવવા બદલ તેમને મારી નાંખવાની ધમકીઓ મળી હતી.
- ✓ 2006થી ભારત બહાર રહેતા હતા. તેમના પર 100 કરતા વધુ કોર્ટ કેસો થયા હતા. થ્રૂ ધ આઇઝ ઓફ પેઇન્ટર, ગજગામિની અને એ ટેલ ઓફ દિ સિટીઝ જેવી ફિલ્મો બનાવી હતી.
- ✓ મકબૂલ ફિદા હુસૈનની ચિત્રકારીનું પદ્મશ્રી, પદ્મભૂષણ,પદ્મ વિભૂષણ અને રાજા રવિવર્મામાં પુરસ્કારથી સન્માનિત.
- ✓ મકબૂલ ફિદા હુસૈનનું 9 જૂન 2011ના રોજ 95 વર્ષની વયે લંડનમાં અવસાન થયું.

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (17-09-2021)

**1.** GST કાઉન્સિલની 45મી બેઠક અંતર્ગત ક્યા વિધાન/વિધાનો ખરુ/ખરા છે

1. ડીઝલમાં ભેળવાતા બાયોડીઝલ પરનો GST 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો
2. ફોર્ટીફાઇડ રાઇસ પરનો GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરાયો
3. ઝોમેટો અને સ્વિગી પાંચ ટકા GST ગ્રાહકો પાસેથી વસૂલશે
4. અમ્ફોટેરિસિન, ટોસિલિઝુમેબ પર GST માફી 31 ડિસેમ્બર સુધી લંબાવાઇ

(A) 1 અને 2 ખરા છે (B) 2 અને 3 ખરા છે
(C) 1 અને 4 ખરા છે **(D) 1, 2, 3 અને 4 ખરા છે**

**2.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ યોજાયેલી શાંઘાઇ કો-ઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO)ની વાર્ષિક સભા-2021 બાબતે ક્યા વિધાન સાચુ/સાચા છે

1. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિડિયો કોન્ફરન્સ દ્વારા સંબોધન
2. SCOનો યજમાન દેશ : દુશાંબે (તાજિકિસ્તાનની રાજધાની)
3. SCOમાં તા.17 સપ્ટેમ્બર 2021ના રોજ નવા સભ્ય દેશ તરીકે ઈરાનને સ્થાન અપાયું
4. SCOના કુલ દેશ 09

(A) 2 ખરુ છે (B) 4 ખરુ છે
(C) 1, 2 અને 3 ખરા છે **(D) 1, 2, 3 અને 4 ખરા છે**

**3.** ICAO વિશે નીચેના પૈકી કઈ બાબતો યોગ્ય છે

1. ICAO રાષ્ટ્રીય ઉડાન નિયમોનું પાલન કરાવનાર સંગઠન
2. ICAO વડુમથક : મોન્ટ્રિયલ-કેનેડા
3. ICAOનુ વિસ્તૃત નામ - International Civil Aviation Organization

**(A) 1, 2 અને 3 ખરા છે** (B) 2 અને 3 ખરા છે
(C) 1 અને 2 ખરા છે (D) માત્ર 2 ખરુ છે

**4.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિતે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ક્યા તળાવના કિનારે 71 હજાર વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને ક્યા વનનું નિર્માણ કર્યું
(A) લાલ બહાદુર શાસ્ત્રી તળાવ તથા ભક્તિવન
(B) લાલ બહાદુર શાસ્ત્રી તળાવ તથા સેવા વન
(C) સરદાર પટેલ તળાવ તથા નમોવન
**(D) લાલબહાદુર શાસ્ત્રી તળાવ તથા નરેન્દ્રમોદી વન (નમોવન)**

**5.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ રાજ્યના મહાનગરોના સ્લમ એરિયામાં કેટલા હજારથી વધુ વસ્તીએ સાંજે 5 થી 9 સુધી ક્યા ઔષધાલયો શરૂ કરાયા
**(A) 3 હજાર તથા દિનદયાળ ઔષધાલય**
(B) 4 હજાર તથા શ્યામાપ્રસાદ મુખરજી ઔષધાલય
(C) 2 હજાર તથા અટલ બિહારી વાજપેયી ઔષધાલય
(D) 2 હજાર તથા નરેન્દ્ર મોદી ઔષધલય

**6.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાતમાં એક જ દિવસે અંદાજે કેટલા લોકોને કોરોના રસીના ડોઝ અપાયા
(A) 11 લાખથી વધુ (B) 13 લાખથી વધુ
**(C) 23 લાખથી વધુ** (D) 25 લાખથી વધુ

**7.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ કોરોના રસીકરણ અભિયાન અંતર્ગત ભારતમાં એક જ દિવસે અંદાજે કેટલા લોકોને કોરોના રસીના ડોઝ આપી નવો વિશ્વવિક્રમ સ્થપાયો
(A) પોણા બે કરોડથી વધુ (B) બે કરોડથી વધુ
**(C) સવા બે કરોડથી વધુ** (D) અઢી કરોડથી વધુ

**8.** અગાઉ ચીનમાં 4 જૂન 2021ના રોજ એક જ દિવસે કેટલા લોકોને કોરોનાની રસી આપીને વિશ્વ રોકોર્ડ નોંધાયો હતો
(A) પોણા બે કરોડથી વધુ **(B) બે કરોડથી વધુ**
(C) સવા બે કરોડથી વધુ (D) અઢી કરોડથી વધુ

**9.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ GST કાઉન્સિલની 45મી બેઠક ક્યાં યોજાઈ
(A) કાનપુર (ઉત્તર પ્રદેશ) **(B) લખનઉ (ઉત્તર પ્રદેશ)**
(C) મુંબઈ(મહારાષ્ટ્ર) (D) બેંગ્લોર (કર્ણાટક)

**10.** નીતિ આયોગ કઈ સંસ્થા સાથે મળીને 6થી 12મા સુધીના પ્રતિભાશાળી બાળકોને મફત કોચિંગ આપવાની જાહેરાત કરી
**(A) બાયજૂ** (B) એલન
(C) આકાશ ઈન્સ્ટિટ્યૂટ (D) રાવ ઈન્સ્ટિટ્યૂટ

**11.** પાણીમાં તરતા NTPC દ્વારા નિર્મિત દેશના સૌથી મોટા 25 મેગાવોટ ઉત્પાદન ક્ષમતા ધરાવતો સોલર પ્લાન્ટનો ક્યાં શુભારંભ કરાયો
(A) તિરુવનંતપુરમ, કેરળ **(B) સિમહાદ્રી, આંધ્રપ્રદેશ**
(C) કોચ્ચી, કેરળ (D)વિશાખાપટ્ટનમ,આંધ્રપ્રદેશ

**12.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ ઓસન ફોટોગ્રાફર ઓફ ધ યર-2021 વિજેતા મહિલા ફોટોગ્રાફર એમી જેનન કયા દેશના વતની છે
(A) ફ્રાંસ (B) જર્મની **(C) ઓસ્ટ્રેલિયા** (D) સ્વિડન

**13.** સપ્ટેમ્બર 2021માં રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનની ઉડ્યન સમિતિના નવા અધ્યક્ષ તરીકે ક્યા પ્રથમ ભારતીય મહિલાની પસંદગી કરાઈ
(A) જયંતિ રવિ(B) રેમ્યા મોહન(C) એમી જેનન**(D)શેફાલી જૂનેના**

**14.** કીડી લાખોની સંખ્યામાં એકસાથે વિચરણ કરતી હોય છે, પરંતુ ક્યારેય એકબીજા સાથે અથડાતી નથી. વિજ્ઞાનીઓએ કુદરત તરફથી કીડીને મળેલી આ શક્તિને કયુ નામ આપ્યું છે જે વિશ્વમાં ડ્રાઇવરલેસ કાર માટે ઉપયોગી થશે
**(A) સ્વાર્મ ઈન્ટેલિજન્સ** (B) વાર્મ ઈન્ટેલિજન્સ
(C) સેન્સ ઈન્ટેલિજન્સ (D) સેન્સર ઈન્ટેલિજન્સ

**15.** સપ્ટેમ્બર 2021માં વિશ્વમાં પ્રથમ રેલવે મોબાઈલ મિસાઈલ સિસ્ટમનો અમલ કરનાર દેશનું નામ જણાવો
(A) દક્ષિણ કોરિયા **(B) ઉત્તર કોરિયા** (C) કોરિયા (D) બ્રિટન

**16.** તા. 17 સપ્ટેમ્બર-2021ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો કેટલામો જન્મ દિવસ ઉજવાયો
(A) 59 (B) 67 **(C) 71** (D) 75

**17.** ભારતના ચિત્રકાર એમ.એફ. હુસેનનો જન્મદિવસ જણાવો
(A) 13 સપ્ટેમ્બર (B) 14 સપ્ટેમ્બર
**(C) 17 સપ્ટેમ્બર** (D)18 સપ્ટેમ્બર

## DATE : 18-09-2021

### 1. ગુજરાત સરકાર : વર્ગ 1થી 3માં સીધી ભરતીમાં હવે દિવ્યાંગો માટે 4 ટકા બેઠકો અનામત રહેશે

**અન્ય વિગત :** અગાઉ 3 ટકાની જોગવાઈ હતી

- ✓ દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા માગતી વ્યક્તિઓએ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલુ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- ✓ હવે ખાલી જગ્યાઓમાં દિવ્યાંગ માટેનું અલગથી રોસ્ટર રજીસ્ટર દરેક વિભાગે નિભાવવાનુ રહેશે.
- ✓ **વિભાગ : સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગર**

### 2. ગુજરાત હાઈકોર્ટ-અમદાવાદ સ્થાપનાના 60 વર્ષ નિમિત્તે હિરક જયંતિ-ડાયમંડ જ્યુબિલીની ઉજવણી



- ✓ **હાઈકાર્ટના કાર્યકાળની વિગતવાર માહિતી આપતા 4 વોલ્યૂમ ધરાવતા કોમ્પોડિયમ-સારગ્રંથનું વિમોચન**
- ✓ **કાયદા મંત્રી : શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**

### 3. કોરોના રસીકરણ અભિયાન (અપડેટ) : ભારત સરકાર

- ✓ ભારતભરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ રેકોર્ડ બ્રેક 2.5 કરોડ લોકોના રસીકરણનો વિશ્વ વિક્રમ સ્થપાયો




✓ ગોવામાં 100 ટકા રસીકરણ સંપન્ન

**4. ખેલકૂદ : નિમણૂક**

**BCCIના જુનિયર્સ સિલેક્શન કમિટીના સભ્ય તરીકે ગુજરાતના પૂર્વ સુકાની પથિક પટેલની નિમણૂક**

✓ તમિલનાડુના પૂર્વ કેપ્ટન શ્રીધરન શરથ ભારતના નવા BCCI જુનિયર કમિટી ચેરમેન હશે.

✓ ગુજરાત ક્રિકેટ એસોસિએશનના રણજી ટ્રોફીના પૂર્વ સુકાની પથિક પટેલની ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ના જુનિયર સિલેક્શન કમિટીના સભ્ય તરીકે વરણી કરવામાં આવી.

✓ પથિક પટેલ ગુજરાત ટીમમાંથી રણજી ટ્રોફીની 32 મેચો રમી ચૂક્યા છે. તેમજ ગુજરાત ક્રિકેટ એસોસિએશન સિલેક્શન કમિટીમાં 8 વર્ષ સુધી ચેરમેન રહ્યા હતા.

**5. CBDT – નિર્ણય :**

**આધારકાર્ડ અને પાનકાર્ડ લિન્ક કરવાની મુદત તા. 31 માર્ચ 2022 સુધી લંબાવાઇ**

✓ અગાઉ અંતિમ તા. 30 સપ્ટેમ્બર 2021 નક્કી કરાઇ હતી

✓ **CBDT : સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ**

**6. UN : સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રમા ભારતની 29 વર્ષીય દીકરી પુપુલ બિસ્ટ, 'માનવતાના ભવિષ્ય વિશે વિચારો' વાર્તા રજૂ કરશે**



✓ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રના મંચ પર આ વખતે ભારતની એક હોનહાર પુત્રીને માનવતાના ભવિષ્ય વિશે વિચારો રજૂ કરવા આમંત્રિત કરાઈ.

✓ ભવિષ્યવેતા પુપુલ બિષ્ટ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ હેઠળ આયોજિત સંમેલનમાં કહાનીઓના માધ્યમથી ભવિષ્યની પરિકલ્પના રજૂ કરશે.

✓ પુપુલ દુનિયાના 30 દેશના સિવિલ સોસાયટી લીડર્સ સાથે ભાગ લેશે. તેમાં નોબલ પુરસ્કાર વિજેતા મલાલા યુસુફજઇ, ગેટ્સ ફાઉન્ડેશનના મેલિન્ડા ગેટ્સ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ડિરેક્ટર જનરલ ડૉ. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયેસ અને યુએન ડેવલપમેન્ટ પ્રોગ્રામના જનરલ સેક્રેટરી અચિમ સ્ટીનર પણ સામેલ છે.

**પુપુલ બિષ્ટ વિશે :**

✓ 29 વર્ષીય પુપુલ બિષ્ટ જાણીતા ફ્યુચરિસ્ટ છે. તેઓ રાજસ્થાનની કાવડ કથાથી પ્રેરિત ભવિષ્ય વિશ્લેષણની પદ્ધતિમાં નિષ્ણાત છે.

✓ આ અનોખી વિધાથી ભવિષ્ય જોનારી પુપુલ બિષ્ટે 2018માં ડિકોલોનાઇઝિંગ ફ્યુચર્સ ઇનિશિયેટિવ્સ નામની સંસ્થા સ્થાપી.

✓ કાવડ કથાના માધ્યમથી ભવિષ્ય વિશ્લેષણની આ પહેલી બિન પશ્ચિમી વિધા છે. તેના થકી તેઓ નેક્સ્ટ જનરેશન ફોરસાઇટ પ્રેક્ટિશનર્સ એવોર્ડ માટે પસંદ થયા હતા.

✓ ભારતની લોક કથાઓમાં આખું ભવિષ્ય છે. તેના આધારે દસકાઓ દૂરનું ભવિષ્ય જોઇ શકાય છે. આપણો ઈતિહાસ જ આપણું ભવિષ્ય નક્કી કરે છે. આ લોકકથાઓના માધ્યમથી આપણે દુનિયાને ભવિષ્યના સંસારનો પરિચય કરાવી શકીએ છીએ.

✓ પુપુલે એનઆઇએફડીથી ગ્રાફિક ડિઝાઇનમાં સ્નાતક અને ઓસીએડી યુનિવર્સિટી, કેનેડાથી સ્ટ્રેટેજિક ફોરસાઇટ એન્ડ ઈનોવેશનમાં માસ્ટર્સ કર્યું છે.

**વાર્તાઓ કહેવી આપણી સંસ્કૃતિ છે, તેને પ્રતિષ્ઠા અપાવીશ**

✓ પુપુલ કહે છે કે, હું ભારતીય ઓળખ અને વિચારો સાથે ભવિષ્યને સમજવાના માધ્યમ વિશે વાત કરીશ. આપણે બધા એક વૈશ્વિક વાતાવરણમાં જીવ્યા છીએ, જેના પર અમેરિકન વિચારો હાવી છે. આ ઐતિહાસિક ગુલામીપણું છે.

✓ આપણે સાચા ભવિષ્યની પરિકલ્પના માટે આ દાસપણામાંથી મુક્તિ મેળવવી પડશે. અંગ્રેજી હંમેશા સંપ્રેષણનું સાચું માધ્યમ ના હોઇ શકે. વાર્તાઓ આપણી સંસ્કૃતિનો મહત્વનો હિસ્સો. તેને હું દુનિયાભરમાં પ્રતિષ્ઠા અપાવવા ઇચ્છું છું.

**7. દિન વિશેષ : 18 સપ્ટેમ્બર : રાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે**




✓ **થીમ 2021 : "Keep trash in the bin and not in the ocean"**

✓ **દર વર્ષે સપ્ટેમ્બરનો ત્રીજો શનિવાર રાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે તરીકે ઉજવાય છે**

✓ હેતુ : દરિયાકાંઠાની સફાઇ

✓ સૌપ્રથમ પ્રારંભ : 1986થી

**8. જન્મ દિન વિશેષ : 18 સપ્ટેમ્બર : ક્રાંતિવીર:મદનલાલ ઢીંગરા**

**જન્મ : 18 સપ્ટેમ્બર 1883, અવસાન : 17 ઓગસ્ટ 1909**




✓ ભારતીય આઝાદીના જંગની ક્રાંતિકારી વિચારધારાના સીમાસ્તંભ સમા મદનલાલ ઢીંગરાનો આજે જન્મદિન.

✓ પંજાબના અમૃતસરમાં જન્મેલા મદનલાલનું નામ અભ્યાસકાળ દરમિયાન લાહોર કોલેજમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે પોલીસના ચોપડે દર્જ થયું તરત જ બ્રિટિશભક્ત ડોક્ટર પિતાએ ઘરેથી કાઢી મૂક્યા.

✓ 1906માં આઇ.સી.એસ થવા ઇંગ્લેન્ડ ગયા પૈસાના અભાવે સ્ટીમરમાં મજૂરી કરી પૈસા ભેગા કરતા હતા.

✓ **શ્યામજીકૃષ્ણ વર્મા અને વી.ડી.સાવરકરના પ્રભાવમાં અભિનવ ભારત સંસ્થાના સભ્ય બન્યા.**

- ✓ ઢીંગરાનું ક્રાંતિકારી કામ લંડનની ઇન્ડિયા ઓફિસના મુખ્ય સલાહકાર અને ભારત સચિવના રાજકીય સલાહકાર કર્ઝન વાયલીની હત્યાના કિસ્સામાં છે.
- ✓ 1 જુલાઇ 1909ના રોજ વાયલીના મોઢાના ભાગ પર 4 ગોળીઓ ધરબી તેની હત્યા કરી નાંખી. પોતે પણ ગોળી છોડી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો પણ સફળ ન થયા અને પકડાઇ ગયા.
- ✓ વાયલીની હત્યાથી આખા બ્રિટનમાં હાહાકાર મચી ગયો. અહીં દેશમાં પિતાએ પણ ઢીંગરા સાથેનો સંબંધ તોડી નાંખ્યો.
- ✓ કોર્ટમાં તેમણે કહ્યું કે, અંગ્રેજોને અમારા દેશ પર રાજ કરવાનો કોઇ અધિકાર નથી, દેશભક્તિથી પ્રેરાઇ મેં આ હત્યા કરી છે.
- ✓ 17 ઓગસ્ટ 1909ના રોજ મદનલાલ ઢીંગરાને ફાંસી અપાઇ.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (18-09-2021)

**1.** સપ્ટેમ્બર 20221માં ગુજરાત સરકાર દ્વારા વર્ગ 1થી 3માં સીધી ભરતીમાં દિવ્યાંગોને અપાતી 3 ટકા અનામતના સ્થાને હવે કેટલા ટકા અનામત આપવાનો નિર્ણય કરાયો છે

**(A) 4 ટકા** (B) 5 ટકા (C) 6 ટકા (D) 7 ટકા

**2.** ગુજરાત હાઇકાર્ટના કાર્યકાળના કેટલા વર્ષ પૂર્ણ થવા નિમિતે કાર્યકાળની વિગતવાર માહિતી આપતા 4 વોલ્યૂમ ધરાવતા કોમ્પોડિયમ-સારગ્રંથનું વિમોચન કરાયુ

(A) 6o વર્ષ–ગોલ્ડન જ્યુબિલી (B) 6o વર્ષ–સિલ્વર જ્યુબિલી

**(C) 6o વર્ષ–ડાયમંડ જ્યુબિલી** (D) 75 વર્ષ–ગોલ્ડન જ્યુબિલી

**3.** તા. 17 સપ્ટેમ્બર 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભારતભરમાં એક જ દિવસમાં છેલ્લાં આંકડા મુજબ રેકોર્ડ બ્રેક કેટલા લોકોનું રસીકરણ કરીને રેકોર્ડ સ્થપાયો

(A) 2 કરોડ (B) 2.25 કરોડ **(C) 2.50 કરોડ** (D) 2.75 કરોડ

**4.** સપ્ટેમ્બર 2021માં BCCIના જુનિયર્સ સિલેક્શન કમિટીના સભ્ય તરીકે ગુજરાતના ક્યા પૂર્વ સુકાનીની નિમણૂક કરાઇ

**(A)પથિક પટેલ** (B)પાર્થિવ પટેલ (C)અક્ષર પટેલ (D)ઈરફાન પઠાણ

**5.** હાલમાં BCCIના જુનિયર્સ સિલેક્શન કમિટીના ચેરમેન તરીકે કોણ સેવા આપી રહ્યું છે

(A) તમિલનાડુના પૂર્વ કેપ્ટન શ્રીધરન શ્રીરામ

(B) તમિલનાડુના પૂર્વ કેપ્ટન શ્રીસંત

**(C) તમિલનાડુના પૂર્વ કેપ્ટન શ્રીધરન શરથ**

(D) તમિલનાડુના પૂર્વ કેપ્ટન લક્ષ્મીપતિ બાલાજી

**6.** ભારતમાં CBDT દ્વારા આધારકાર્ડ અને પાનકાર્ડ લિન્ક કરવાની મુદ્દત તા. 30 સપ્ટેમ્બર 2021થી વધારી કઇ નક્કી કરાઇ

(A) તા. 30 નવેમ્બર 2021 (B) તા. 31 ડિસેમ્બર 2021

**(C) તા. 31 માર્ચ 2022** (D) તા. 30 જૂન 2022

**7.** સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 76મા સત્રમા સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ હેઠળ આયોજિત સંમેલનમાં ભારતની કઇ 29 વર્ષીય દીકરી 'માનવતાના ભવિષ્ય વિશે વિચારો' વાર્તા રજૂ કરશે

(A) નિલમ રાની (B) અંકિતા રૈના

**(C) ભવિષ્યવેતા પુપુલ બિસ્ટ** (D) મિનાક્ષી લેખી

**8.** સમગ્ર વિશ્વમાં પર્યાવરણ બચાવોના ભાગરૂપે કયા દિવસે "રાષ્ટ્રીય કૉસ્ટલ કિલનઅપ ડે" ઉજવવામાં આવે છે

(A) સપ્ટેમ્બર મહિનાનો પહેલો શનિવાર

(B) સપ્ટેમ્બર મહિનાનો બીજો શનિવાર

**(C) સપ્ટેમ્બર મહિનાનો ત્રીજો શનિવાર**

(D) સપ્ટેમ્બર મહિનાનો ચોથો શનિવાર

**9.** "રાષ્ટ્રીય કૉસ્ટલ કિલનઅપ ડે"તરીકે ઉજવવાનો સૌપ્રથમ પ્રારંભ કયા વર્ષે કરવામાં આવ્યો હતો

(A) વર્ષ 1985 **(B) વર્ષ 1986** (C) વર્ષ 1987 (D) વર્ષ 1988

**10.**રાષ્ટ્રીય કોસ્ટલ ક્લિનઅપ ડે 2021ની થીમ જણાવો

(A) Keep think in the bin and not in the ocean

(B) Know trash in the bin and not in the ocean

**(C) Keep trash in the bin and not in the ocean**

(D) Keep track in the bin and not in the ocean

**11.** ક્રાંતિવીર મદનલાલ ઢીંગરાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 11 સપ્ટેમ્બર 1883 તથા અમૃતસર (પંજાબ)

(B) 15 સપ્ટેમ્બર 1883 તથા અમૃતસર (પંજાબ)

**(C) 18 સપ્ટેમ્બર 1883 તથા અમૃતસર (પંજાબ)**

(D) 30 સપ્ટેમ્બર 1883 તથા અમૃતસર (પંજાબ)

**12.** ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાને ક્યારે ફાંસી અપાઇ હતી

**(A) 17 ઓગસ્ટ 1909** (B) 17 સપ્ટેમ્બર 1909

(C) 15 સપ્ટેમ્બર 1911 (D) 15 ઓગસ્ટ 1908

## DATE : 19-09-2021

### 1. ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ

### યુનિવર્સિટીમાં કવિ-પત્રકાર કૃષ્ણલાલ શ્રીધરાણી ચેરની સ્થાપના : તેમની યાદમાં ડિપ્લોમા પત્રકારત્વના કોર્ષનો પ્રારંભ



**વિગત :** ગુજરાતમાં કવિ તરીકે જાણીતા કૃષ્ણલાલ શ્રીધરાણી રાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત પત્રકાર પણ હતા.

- ✓ સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે અને સાથીઓએ નેશનલ કમિટી ફોર ફ્રીડમની સ્થાપના કરી ભારતની આઝાદી માટે અમેરિકામાં જાગૃતિ ફેલાવી હતી.

### 2. યાત્રાધામ અંબાજી : બોડી વોર્ન કેમેરાનો પ્રયોગ શરૂ કરનાર અંબાજી ગુજરાતનું પ્રથમ મંદિર



**બોડી વોર્ન કેમેરા વિશે :**

- ✓ કેમેરામાં હાઇ રીઝોલ્યુશનયુક્ત ઓડિયો તેમજ વીડિયો કલાઉડબેઝ સિસ્ટમ ઉપર રેકોર્ડ થાય છે. આ કેમેરા સુરક્ષા અધિકારીએ પોતાના શરીર ઉપર લગાવવાના હોય છે. જે તે સ્થળનું લાઇવ ઓડીયો–વીડીયો રેકોડીંગ સિસ્ટમમાં સ્ટોર થાય છે તેમજ તેને ક્યારેય પણ ડીલીટ કરી શકાતું નથી.

- ✓ આ કેમેરાના સોફ્ટવેર તેમજ હાર્ડવેરમાં રાષ્ટ્રીયકક્ષાની ઉચ્ચ ગુણવતાયુકત તેમજ સુરક્ષાયુકત ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવેલ છે.
- ✓ સંદિગ્ધ વ્યક્તિઓ અને સુલેહ શાંતિનો ભંગ કરતા ઈસમો ઉપર બાઝ નજર રાખવામાં આવી રહી છે.

**3. ભારતીય રેલવે : યાત્રી કોચની નિકાસ**

**ભારતીય રેલવે દ્વારા શ્રીલંકાને વધુ અત્યાધુનિક રેલવે કોચ અપાયા : કુલ 160 યાત્રીકોચ કરારમાંથી 60 કોચની નિકાસ**



**વિગત :** ભારતીય રેલવેના રેલવે ઇન્ડિયા ટેકનિકલ એન્ડ ઇકોનોમીક સર્વિસ લિમિટેડ દ્વારા શ્રીલંકા સાથે 160 યાત્રિ કોચ માટે કુલ રૂ. 608 કરોડના કરાર કરાયા હતા.

**4. સિરોટાઈપ-II ડેન્ગ્યુ : ગુજરાત સહિત 11 રાજ્યમાં સિરોટાઈપ-II ડેન્ગ્યુનો ભયંકર કહેર**



**આરોગ્ય મંત્રાલય દ્વારા ખાસ માર્ગદર્શિકા :**

- ✓ રાજ્યોને ડેન્ગ્યુના કેસોના ઝડપી નિદાન, ફીવર હેલ્પ લાઇન, પૂરતા પ્રમાણમાં ટેસ્ટિંગ કિટનો સંગ્રહ, લારવાનો નાશ કરતી દવાઓ અને સારવાર માટેની દવાઓનો સંગ્રહ જેવા જરૂરી પગલાં લેવા સૂચના આપી.
- ✓ તેમણે જાહેર આરોગ્યના પગલાં, ઝડપી નિદાન, કોન્ટેક્ટ ટ્રેસિંગ, વેક્ટર કન્ટ્રોલ માટે રેપિડ રિસ્પોન્સ ટીમની તહેનાતી અને બ્લડ બેન્કોમાં લોહીનો પૂરતો જથ્થો રાખવા જેવી ભલામણો રાજ્યોને કરી હતી.
- ✓ રાજ્યોને હેલ્પ લાઇન, વેક્ટર કન્ટ્રોલ મેથડને લગતા અભિયાનો ચલાવવા નિર્દેશ અપાયો.

**5. ગણેશ ઉત્સવ : ભારતભરમાં ગણેશ ચતુર્થીથી અનંત ચતુર્દશી ગણેશ ઉત્સવની ઉજવણી**




- ✓ ગણેશ વિસર્જન : અનંત ચતુર્દશી

**6. સિક્કિમ સરકાર : જાહેરાત**

**કુપર મશીર તરીકે ઓળખાતી 'કેટલી ફિશ'ને 'રાજ્ય માછલી' જાહેર**



**કુપર મશીર વિશે :**

- ✓ સિક્કિમ સરકારે **'નિયોલિસોચિલસ હેક્સાગોનોલેપીસ' જેને કુપર મશીર તરીકે પણ ઓળખાય** છે તેને રાજ્ય માછલી તરીકે જાહેર કરી છે.
- ✓ **સ્થાનિક ઓળખ : કેટલી માછલી**
- ✓ રાજ્ય સરકારે કેટલી માછલીને રાજ્ય માછલી જાહેર કરી છે જેનાથી તેમના સંરક્ષણના પ્રયાસોની દિશામાં યોગ્ય પગલાઓ ભરી શકાય.
- ✓ **રાજધાની : ગંગટોક**

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (19-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021 સિક્કિમ સરકારે જાહેર કરેલી 'રાજ્ય માછલી' વિશે નીચેના પૈકી કયા વિધાન/વિધાનો સાચુ/સાચા છે

1. કુપર મશીર તરીકે ઓળખાતી 'કેટલી ફિશ' 'રાજ્ય માછલી' જાહેર
2. 'નિયોલિસોચિલસ હેક્સાગોનોલેપીસ' કુપર મશીર તરીકે ઓળખાય છે
3. જેનુ સ્થાનિક નામ : કેટલી માછલી
4. કેટલી માછલીના સંરક્ષણના પ્રયાસોની દિશામાં યોગ્ય પગલા ભરવાનો હેતુ

(A) માત્ર 1 અને 4 સાચા છે (B) માત્ર 2 અને 3 સાચા છે
(C) માત્ર 1, 2 અને 3 સાચા છે **(D) 1, 2, 3 અને 4 સાચા છે**

**2.** તા.19 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાતની કઇ યુનિવર્સિટીમાં કવિ અને પત્રકાર 'કૃષ્ણલાલ શ્રીધરાણી ચેર'ની સ્થાપના કરવામાં આવી

(A)સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ **(B)ગુજરાત યુનિવર્સિટી-અમદાવાદ**
(C)વીર નર્મદ યુનિવર્સિટી-સુરત (D)હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી-પાટણ

**3.** તા. 19 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાત યુનિવર્સિટીમાં કયા કવિ અને પત્રકારની યાદમાં ડિપ્લોમા પત્રકારત્વના કોર્ષનો પ્રારંભ કરાયો

(A) ઉમાશંકર જોષી **(B) કૃષ્ણલાલ શ્રીધરાણી**
(C) પ્રહલાદ પારેખ (D) રમેશ પારેખ

**4.** સુરક્ષાના કારણોસર બોડી વોર્ન કેમેરાનો પ્રયોગ શરૂ કરનાર ગુજરાતના પ્રથમ મંદિરનું નામ જણાવો

(A) સોમનાથ (B) દ્વારકા (C) પાવાગઢ **(D) અંબાજી**

**5.** સપ્ટેમ્બર 2021માં ભારતીય રેલવે દ્વારા કયા દેશમાં 60 અત્યાધુનિક રેલવે યાત્રી કોચની નિકાસ કરાઇ

**(A) શ્રીલંકા** (B) નેપાળ (C) ભૂટાન (D) બાંગ્લાદેશ

**6.** ભારતીય રેલવેના રેલવે ઇન્ડિયા ટેકનિકલ એન્ડ ઇકોનોમીક સર્વિસ લિમિટેડ તથા શ્રીલંકા વચ્ચે કેટલા યાત્રિ કોચ માટે કુલ કેટલા રૂપિયાના કરાર કરાયા છે

**(A) 160 તથા રૂ. 608 કરોડ** (B) 60 તથા રૂ. 68 કરોડ
(C) 150 તથા રૂ. 680 કરોડ (D) 610 તથા રૂ. 860 કરોડ

**7.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ગુજરાત સહિત 11 રાજ્યમાં કયા પ્રકારના ડેન્ગ્યુનો ભયંકર કહેર જોવા મળ્યો છે

(A)સિરોટાઈપ (B)સિરોટાઈપ-I **(C)સિરોટાઈપ-II** (D)હિપેટાઇટિસ-II

**8.** ભારતભરમાં ગણેશ ચતુર્થીથી પ્રારંભ થયેલા ઉત્સવમાં ક્યારે ગણેશ વિસર્જન કરવામાં આવે છે

**(A) અનંત ચતુર્દશી** (B) આકાશ ચતુર્દશી
(C) ઋષિપંચમી (D) ભાદરવી પૂનમ

**DATE : 20-09-2021**

**1. પંજાબ : પંજાબના નવા 16મા મુખ્યમંત્રી તરીકે કોંગ્રેસના ચરણજીતસિંહ ચન્નીના શપથ**

- ✓ **શ્રી ચન્ની પંજાબના પ્રથમ દલિત મુખ્યમંત્રી**




**બે નવા નાયબ મુખ્યમંત્રી :**

- ✓ (1) શ્રી સુખજિન્દરસિંહ રંધાવા અને (2) ઓમપ્રકાશ સોની

**2. ખાદ્ય સુરક્ષા રેન્કિંગ 2020-21 : ભારત સરકાર**

**FSSAIની રચનાના 15 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા દ્વારા ખાસ અહેવાલ પ્રસિદ્ધ કરાયો**




**પરિણામની વિગતો :**

**(1) મોટા રાજ્યો :** ગુજરાત, કેરળ અને તમિલનાડુ

**(2) નાના રાજ્યો :** ગોવા, મેઘાલય અને મણિપુર

**(3) કેન્દ્રશાસિત પ્રદેશો :** જમ્મુ-કાશ્મીર, આંદામાન નિકોબાર તેમજ દિલ્હી

**મુખ્ય પાંચ માપદંડ :**

1. **ખાદ્ય સુરક્ષા**
2. **માનવ સંસાધન અને સંસ્થાકીય આંકડા**
3. **ખાદ્ય પરીક્ષણ સુવિધા**
4. **તાલીમ અને ક્ષમતા નિર્માણ**
5. **ગ્રાહક સશક્તિકરણ**

- ✓ **FSSAI : ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, નવી દિલ્હી**

**3. ભારત-નેપાળ : 'સૂર્યકિરણ' સંયુક્ત સૈન્ય અભ્યાસ 2021**

- ✓ બંને દેશો વચ્ચે 15મી મિલિટરી એક્સરસાઇઝનો તારીખ 20મી સપ્ટેમ્બર 2021થી પ્રારંભ
- ✓ સ્થાન : પિથોરાગઢ, ઉત્તરાખંડ




**સૂર્યકિરણ સંયુક્ત સૈન્ય અભ્યાસ વિશે :**

- ✓ એક વર્ષે નેપાળમાં અને બીજા વર્ષે ભારતમાં એમ બંને દેશો સાથે મળીને સૈન્ય અભ્યાસયોજે છે.
- ✓ ગયા વર્ષે કોરોનાના કારણે આવો અભ્યાસ થઇ શક્યો નહોતો. એ પહેલાં 16મી ડિસેમ્બર, 2019ના રોજ નેપાળના રૂપેનડેહી જિલ્લાના સાલિજહાંડી ખાતે બંને દેશોએ સૈન્ય અભ્યાસ કર્યો હતો.

**ભારત - નેપાળ સબંધો :**

- ✓ જુલાઈ 2021માં શેર બહાદુર દેઉબા નેપાળના વડા પ્રધાન બન્યા એ પછી નેપાળમાંથી ચીનનાં વળતાં પાણી થયાં છે. ભૂતપૂર્વ વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી ચીન કહે એટલું જ પાણી પીતા હતા. વડા પ્રધાન દેઉબાને ચીન પર ભરોસો નથી.
- ✓ નેપાળ નાનકડો દેશ છે. નેપાળને પાસે બહુ મોટી સેના નથી. આખું નેપાળ પહાડી વિસ્તારમાં આવેલું છે. દરિયો ન હોવાથી નેપાળને નેવીની કોઇ ચિંતા નથી. નેપાળને કોઇ સાથે દુશ્મની પણ નથી. ભારત નેપાળની સાથે ઊભું છે એ તેને સૌથી મોટો સધિયારો છે.
- ✓ નેપાળની સેનાને ભારતીય સેના પાસેથી આધુનિક શસ્ત્રો અને નવી ટેક્નોલોજીનું જ્ઞાન મળે છે. આપણી સેનાને પહાડો પર લડવાની પ્રેક્ટિસ થાય છે.
- ✓ ભારત અને નેપાળ વચ્ચે 1770 કિલોમીટરની ખુલ્લી બોર્ડર છે. નેપાળની બોર્ડરનો ઉપયોગ આતંકવાદીઓ અને માફિયાઓ આપણા દેશમાં ઘૂસવા માટે કરે છે. તેના કારણે આપણે નેપાળ બોર્ડર ઉપર ચાંપતી નજર રાખવી પડે છે.
- ✓ પાકિસ્તાનના આતંકવાદીઓ વાયા નેપાળ થઈને ભારતમાં આવ્યા હોવાના અનેક કિસ્સા ભૂતકાળમાં બન્યા છે. આ ઉપરાંત ડ્રગ માફિયાઓ આ બોર્ડર પરથી ડ્રગ ઘુસાડવાનો પ્રયાસ કરતા રહે છે.
- ✓ આતંકવાદી કે માફિયા સાથેની અથડામણમાં જો જંગલ યુદ્ધનો મહાવરો હોય તો એ ફાયદાકારક નીવડે છે.
- ✓ નેપાળમાં કુદરતી કે માનવસર્જિત આપદા સર્જાય તો ભારત તરત મદદ મોકલી શકે એ માટે પણ આવા અભ્યાસો ઉપયોગી સાબિત થાય છે. સૈન્ય અભ્યાસ ઉપરાંત પણ નેપાળની સેના આપણા દેશની સેના સાથે સતત સંપર્કમાં રહે છે અને જરૂર પડયે મદદ પણ લે છે.
- ✓ નેપાળના ગુરખા જવાનો સમગ્ર દુનિયામાં સૌથી બહાદુર સૈનિકો તરીકે જાણીતા છે. આપણી સેનામાં એક બે નહીં પણ પૂરી સાત ગુરખા રેજિમેન્ટ છે. આપણા દેશ ઉપરાંત બ્રિટનની સેનામાં પણ ગુરખાઓ ફરજ બજાવે છે.
- ✓ ભારત અને નેપાળની સેનાની એક રસપ્રદ વાત એ પણ છે કે, બંને દેશો એકબીજાની સેનાના વડાને માનદ સેનાધ્યક્ષનું બિરુદ પણ આપતા રહે છે. 1950થી આ પરંપરા ચાલતી આવે છે. 1950માં એ વખતના ભારતીય સેનાના વડા કે.એમ.કરિઅપ્પાને સૌથી પહેલાં નેપાળે આ બિરુદ આપ્યું હતું.
- ✓ ગયા વર્ષે તારીખ 4 નવેમ્બર, 2020ના રોજ આપણા આર્મી ચીફ મુકુંદ નરવણે નેપાળની મુલાકાતે ગયા હતા ત્યારે નેપાળનાં રાષ્ટ્રપતિ બિધાદેવી ભંડારીએ તેમને માનદ સેનાધ્યક્ષ તરીકે સન્માનિત કર્યા હતા.
- ✓ નેપાળ ભારત સાથે એક બીજી પરંપરા પણ પાળતું આવ્યું છે. કોઇપણ વ્યક્તિ નેપાળના વડાપ્રધાન બને એ પછી સૌથી પહેલો વિદેશપ્રવાસ ભારતનો જ કરે છે. શેર બહાદુર દેઉબા વડાપ્રધાન બન્યા એને હજુ બે મહિના જ થયા છે. તેઓ પહેલો પ્રવાસ ભારતનો જ કરવાના છે.
- ✓ દેઉબાની પહેલાંના વડાપ્રધાન કે.પી. શર્મા ઓલી ચીન તરફી હોવા છતાં તેણે સૌથી પહેલી વિદેશયાત્રા તો ભારતની જ કરી હતી. શેર બહાદુર દેઉબા પાંચમી વખત નેપાળના વડાપ્રધાન બન્યા છે. ભારત અને નેપાળના સંબંધોથી તેઓ સારી રીતે વાકેફ છે.

✓ માલદિવ, શ્રીલંકા સહિત બીજા નાના દેશો સાથે ચીને જે કર્યું છે એ જોઇને હવે બધા દેશો ચીન સાથે સંબંધો રાખવામાં બહુ ધ્યાન રાખે છે.

## 4. 73મો ધ પ્રાઈમ ટાઇમ એમી એવોર્ડસ 2021

EMMYS
73RD EMMY AWARDS

✓ યજમાન : લોસ એન્જલસ USA

✓ 'ટેડ લાસો'ને સૌથી વધુ 13 નામાંકન, જ્યારે 'ધ ક્રાઉન'ને સૌથી વધુ 7 એવોર્ડ મળ્યા



### એમી એવોર્ડ 2021 વિજેતા અને શ્રેણી

✓ મુખ્ય અભિનેત્રી મર્યાદીત શ્રેણી-ફિલ્મ:કેટ વિન્સ્લેટ-મેર ઓફ એસ્ટોન

✓ મુખ્ય અભિનેતા મર્યાદીત શ્રેણી-ફિલ્મ:ઈવાન મેક ગ્રેગર- હાલ્સ્ટન

✓ મુખ્ય અભિનેત્રી ડ્રામા સિરીઝ : ઓલિવિયા કોલમેન-ધ ક્રાઉન

✓ મુખ્ય અભિનેતા ડ્રામા સિરીઝ : જોશ ઓ કોનર- ધ ક્રાઉન

✓ મુખ્ય અભિનેતા કોમેડી સિરીઝ : જેસન સુડીકીઝ- ટેડ લાસો

✓ મુખ્ય અભિનેત્રી કોમેડી સિરીઝ : જીન સ્માર્ટ- હેક્સ

✓ દિગ્દર્શન કોમેડી સિરીઝ : હેક્સ

✓ કોમ્પિટિશન કાર્યક્રમ : રૂપોલ્સ ડ્રેગ રેસ

✓ ગવર્નર્સ એવોર્ડ : ડેબી એલોન

✓ દિગ્દર્શન મર્યાદિત શ્રેણી-ફિલ્મ : ધ ક્વીન્સ ગેમ્બિટ

✓ લેખન મર્યાદિત શ્રેણી-ફિલ્મ : માઈકેલા કોએલ -આઇ મે ડિસ્ટ્રય યુ

✓ વેરાઇટી સ્પેશિયલ(લાઇવ) : ઈલેક્શન નાઈટ 2020

✓ કોમેડી સિરીઝ : ટેડ લાસો

✓ **ડ્રામા સિરીઝ : ધ ક્રાઉન**

✓ **મર્યાદીત શ્રેણી-ફિલ્મ : ધી ક્વીન્સ ગેમ્બિટ**

### 'ટેડ લાસો'અને'ધ ક્રાઉન'શ્રેણી વિશે :

✓ **ટેડ લાસો** લંડનની વેરવિખેર ફૂટબોલ ટીમને નવચેતન આપી ટોચે લઈ જનાર કોચ ટેડ લાસોના જીવન પર આધારિત કોમેડી સીરીયલ

✓ **ધ ક્રાઉન** સીરીયલ ક્વીન એલિઝાબેથ (બીજી)ના રાજ્યાભિષેક સુધીના ઘટનાક્રમ વિશે.

### એવોર્ડ વિશે :

✓ આ એવોર્ડ્સ પ્રાઈમ ટાઇમ ટીવી પર રજુ થતા કાર્યક્રમોમાંથી બેસ્ટ ટેલેન્ટને તારવે છે. ફિલ્મો માટે જેમ ઓસ્કાર એવોર્ડ્સ સર્વોચ્ચ હોય છે તેમ જ ટીવી માટે એમી એવોર્ડ્સ સર્વોચ્ચ હોય છે.

## 5. 50 વર્ષ બાદ કમ્બ્રે વિએજા જ્વાળામુખી પુન:સક્રિય : અગાઉ આ જ્વાળામુખી 1971માં ફાટ્યો હતો



**સ્થળ : લા પાલ્મા પર્વતમાળા સ્પેનિશ ટાપુ કમ્બ્રે વિએજા**

### જ્વાળામુખીની અસરો :

✓ સ્પેનના 85 હજારની વસતી ધરાવતા લા પાલ્મા આઇલેન્ડ પર સ્થિત કમ્બ્રે વિએજા જ્વાળામુખી ફાટ્યો હતો. આ દરમિયાન 1100 ડિગ્રી સેલ્સિયસ તાપમાને ઉકળતો લાવા સેંકડો ફૂટ ઊંચે ઊડતો દેખાયોહતો.

✓ આકાશમાં ધુમાડોઅને રાખના ગોટે-ગોટા જોવા મળ્યા હતા. તેની લપેટમાં આવતા 100થી વધુ ઘર બળીને રાખ થઈ ગયાં હતાં. જોકે 500 વિદેશી પર્યટકો સહિત 5000 લોકોને સુરક્ષિત સ્થાને ખસેડાયા હતા.

✓ સ્પેનના નેશનલ જિયોલોજી ઈન્સ્ટિટ્યૂટના પ્રમુખ ઈતાહિજા ડોમિનગુએજે કહ્યું કે આશરે 50 વર્ષ બાદ ફાટેલા જ્વાળામુખીથી પહેલા એક અઠવાડિયામાં આઈલેન્ડ પર 22 હજારથી વધુ ભૂકંપના આંચકા અનુભવાય હતા.

## 6. દિન વિશેષ : 20 સપ્ટેમ્બર

**છાત્ર શક્તિ : વિનોદ કિનારીવાલા**

**જન્મ : 20 સપ્ટેમ્બર 1924**

**અવસાન : 9 ઓગસ્ટ 1942**

✓ વિનોદ કિનારીવાલા એટલે 1942ના હિન્દ છોડો આંદોલનનો અમદાવાદ-ગુજરાતમાં પર્યાય.




✓ હિન્દ છોડો આંદોલનના પ્રતિસાદરૂપે અમદાવાદમાં સર એલ.એ. શાહ લો કોલેજમાં 2 હજાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ભવ્ય વિરોધ પ્રદર્શન યોજાયું, ભાષણો થયા, ધ્વજવંદન થયું અને 'ઇન્કલાબ ઝીન્દાબાદના નારા પણ પોકાર્યા.

✓ તેમાં અગ્રિમ પંક્તિમાં ઈન્ટર આર્ટ્સમાં ભણતા વિનોદ કિનારીવાલા હતા.

✓ ગાંધી-રવિશંકર મહારાજનો તેમના જીવન પર ઊંડો પ્રભાવ હતો, તો ચંદ્રશેખર આઝાદ જેમ કાંઇક કરી છૂટવાની તમન્ના પણ હતી.

✓ મિશન ચર્ચ પાસેથી જેવું વિરોધી સરઘસ નીકળ્યું કે યુવતીઓ પર લાઠીઓ વીંઝાઇ, બદલામાં પોલીસ પર પથ્થરમારો થયો અને નાસભાગ શરૂ થઇ.

✓ રાષ્ટ્રધ્વજ લઇ આગળ ધપતા વિનોદને બેયોનેટની અણી બતાવી ધ્વજ છોડી હટી જવા કહ્યું પણ વિનોદ મક્કમ રહ્યા એટલામાં અંગ્રેજ અધિકારીના ટોપા પર એક પથ્થર પડતા તેણે ગોળીબારનો હુકમ કરતાં પહેલો શિકાર વિનોદ કિનારીવાલા થયા હતા.

### વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (20-09-2021)

**1.** તા. 20 સપ્ટેમ્બર 2021ના રોજ ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા ખાદ્ય સુરક્ષા રેન્કિંગ 2020-21 અંગે નીચેનામાંથી કયા વિધાનો સાચા છે

1. FSSAIની રચનાના 15 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ખાદ્ય સુરક્ષા રેન્કિંગ 2020-21 જાહેર
2. મોટા રાજ્યો : ગુજરાત, કેરળ અને તમિલનાડુ
3. નાના રાજ્યો : ગોવા, મેઘાલય અને મણિપુર
4.કેન્દ્રશાસિત પ્રદેશો:જમ્મુ-કાશ્મીર,આંદામાન નિકોબાર તેમજ દિલ્હી

(A) 1 અને 2 સાચા છે (B) 2 અને 3 સાચા છે

(C) 3 અને 4 સાચા છે **(D) 1, 2, 3 અને 4 સાચા છે**

**2.** તા. 20 સપ્ટેમ્બર 2021ના રોજ ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલા ખાધ સુરક્ષા રેન્કિંગ 2020-21ના મુખ્ય પાંચ માપદંડ પૈકી નીચેનામાંથી કયો માપદંડ યોગ્ય નથી

1. ખાધ સુરક્ષા 2. માનવ સંસાધન અને સંસ્થાકીય આંકડા
3. ખાધ પરીક્ષણ સુવિધા4. તાલીમ અને ક્ષમતા નિર્માણ
5. ગ્રાહક સશક્તિકરણ

(A) 1 અને 4 યોગ્ય છે (B) 2 અને 5 યોગ્ય છે

(C) 1, 3 અને 5 યોગ્ય છે **(D) 1, 2, 3, 4 અને 5 યોગ્ય છે**

**3.** તા. 20 સપ્ટેમ્બર 2021ના રોજ ભારત-નેપાળ વચ્ચે યોજાયેલા સંયુક્ત સૈન્ય અભ્યાસ 2021માં કયા વિધાનો સાચા નથી

1. સંયુક્ત સૈન્ય અભ્યાસ 2021ને 'સૂર્યકિરણ' નામ અપાયુ
2. બંને દેશો વચ્ચે 15મી મિલિટરી એક્સરસાઇઝ
3. સ્થાન : પિથોરાગઢ, ઉત્તરાખંડ
4. આ સંયુક્ત સૈન્ય અભ્યાસ એક વર્ષે નેપાળમાં અને બીજા વર્ષે ભારતમાં યોજાઈ છે

(A) માત્ર 1 સાચુ છે (B) માત્ર 4 સાચુ છે

(C) 2 અને 3 સાચા છે**(D) 1, 2, 3 અને 4 સાચા છે**

**4.** સપ્ટેમ્બર 2021માં જાહેર થયેલા ધ પ્રાઈમ ટાઇમ એમી એવોર્ડસ 2021 વિશે નીચેના ક્યા વિધાનો યોગ્ય નથી

1. 73મો ધ પ્રાઈમ ટાઇમ એમી એવોર્ડસ જાહેર
2. યજમાન : લોસ એન્જલસ USA
3. 'ટેડ લાસો'ને સૌથી વધુ 13 નામાંકન, જ્યારે 'ધ ક્રાઉન'ને સૌથી ધુ 7 એવોર્ડ મળ્યા
4. આ એવોર્ડ્સ પ્રાઈમ ટાઇમ ટીવી પર રજુ થતા કાર્યક્રમોમાંથી બેસ્ટ ટેલેન્ટને તારવે છે

(A) 2 અને 4 યોગ્ય છે (B) 1 અને 3 યોગ્ય છે

(C) 1, 2 અને 3 યોગ્ય છે **(D) 1, 2, 3 અને 4 યોગ્ય છે**

**5.** તા. 20 સપ્ટેમ્બર 2021ના રોજ પંજાબના નવા 16મા મુખ્યમંત્રી તરીકે કોણે શપથ લીધી

(A) નવજોતસિંહ સિંધુ (B) સુખજિન્દરસિંહ રંધાવા અને

**(C) ચરણજીતસિંહ ચન્ની** (D) ઓમપ્રકાશ સોની

**6.**પંજાબના પ્રથમ દલિત મુખ્યમંત્રીનું નામ જણાવો

(A) નવજોતસિંહ સિંધુ (B) સુખજિન્દરસિંહ રંધાવા અને

**(C) ચરણજીતસિંહ ચન્ની** (D) ઓમપ્રકાશ સોની

**7.** તા. 20 સપ્ટેમ્બર 2021ના રોજ પંજાબમાં મુખ્યમંત્રી શ્રી ચરણજીત ચન્ની સહિત કયા બે નાયબ મુખ્યમંત્રીએ શપથ લીધા

**(A) સુખજિન્દરસિંહ રંધાવા અને ઓમપ્રકાશ સોની**

(B) નવજોતસિંહ સિંધુ અને ઓમપ્રકાશ સોની

(C) સુખજિન્દરસિંહ રંધાવા અને નવજોતસિંહ સિંધુ

(D) ચરણજીતસિંહ ચન્ની અને ઓમપ્રકાશ સોની

**8.** તા. 20 સપ્ટેમ્બર 2021ના રોજ 50 વર્ષ બાદ સ્પેનિશ ટાપુ લા પાલ્મા પર્વતમાળા ખાતે આવેલો કયો જ્વાળામુખી પુન:સક્રિય: થયો

**(A) કમ્બ્રે વિએજા** (B) લાબ્રા ડોર (C) ફૂકેત (D) વોલ્કેનો

**9.**શહિદ વિનોદ કિનારીવાલાનો જન્મ દિવસ જણાવો

(A) 20 સપ્ટેમ્બર 1922 (B) 20 સપ્ટેમ્બર 1923

**(C) 20 સપ્ટેમ્બર 1924** (D) 20 સપ્ટેમ્બર 1925

**10.** વિનોદ કિનારીવાલા 1942ના હિન્દ છોડો આંદોલન વેળાએ ક્યારે શહિદ થયા હતા

(A) 23 માર્ચ 1923 (B) 9 ઓગસ્ટ 1924

(C) 9 ઓગસ્ટ 1940 **(D) 9 ઓગસ્ટ 1942**

**DATE : 21-09-2021**

**1. ગુજરાત વિધાનસભા : શાસક પક્ષના મુખ્ય દંડક તરીકે નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજ દેસાઈની પુન: નિમણૂક**



✓ ભાજપના નવા દંડક લીમખેડાના ધારાસભ્ય શ્રી રમેશભાઈ ભૂરાભાઈ કટારાની નિમણૂક

**2. ભારતીય વાયુ સેના : નવા વડા તરીકે એર માર્શલ વીઆર ચૌધરીની પસંદગી**



✓ આગામી 01 ઓક્ટોબર 2021થી કાર્યભાર સંભાળશે

✓ નામ : વિવેક રામ ચૌધરી (વીઆર ચૌધરી)

✓ ભારત સરકાર દ્વારા હાલમાં વાઇસ ચીફ ઓફ એર સ્ટાફનો હોદ્દો ધરાવતાં વીઆર ચૌધરીને એર સ્ટાફના ચીફ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય.

✓ વર્તમાન વાયુસેના અધ્યક્ષ એર ચીફ માર્શલ એસ.કે.ભદોરિયા 30 સપ્ટેમ્બર 2021ના રોજ નિવૃત્ત થઇ રહ્યા છે.

**એર માર્શલ વીઆર ચૌધરીનો પરિચય :**

✓ એર માર્શલ વિવેક રામ ચૌધરીને આ વર્ષના જૂનમાં એર માર્શલ હરજિત સિંહ અરોરાના સ્થાને ભારતીય વાયુસેનાના ઉપાધ્યક્ષપદે નિયુક્ત કરવામાં આવ્યા હતાં.

✓ આ અગાઉ તેમણે IAFની પશ્ચિમી વાયુ કમાનના કમાન્ડર ઇન ચીફ તરીકે કાર્યરત હતા.

✓ IAF વડુ મથક : નવી દિલ્હી

**3. ભારત સરકાર : અધિકારીઓને અપાતી ગિફ્ટના નિયમોમાં ફેરફાર**

**IAS, IPS અને IFS અધિકારીઓ રૂ. 25 હજાર સુધીની ગિફ્ટ લઇ શકશે**

✓ IAS, IPS અને IFS અધિકારીઓ હવે વિદેશી પ્રતિનિધિઓએ આપેલી ગિફ્ટ સ્વીકારી શકશે.

**પ્રકાર :** કેન્દ્ર સરકારે 50 વર્ષ જૂના નિયમોમાં ફેરફાર કર્યો છે. તે પ્રમાણે અધિકારીઓ લગ્ન, વર્ષગાંઠ, ધાર્મિક સમારંભોમાં નજીકના સગાસંબંધી અને મિત્રો પાસેથી ગિફ્ટ લઈ શકશે.

**4. એવોર્ડ : રામકૃષ્ણ બજાજ મેમોરિયલ ગ્લોબલ એવોર્ડ : 2021**

## ઉદ્યોગપતિ શ્રી ગૌતમ અદાણીને એનાયત




- ✓ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને **પ્રિયદર્શિની એકેડેમી** દ્વારા રામકૃષ્ણ બજાજ મેમોરિયલ ગ્લોબલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

**પ્રદાન :**

- ✓ ઉદ્યોગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વાણિજ્ય વિકાસમાં તેમના યોગદાન બદલ તેમને આ એવોર્ડ આપવામાં આવ્યો
- ✓ કોવિડ મહામારીને સક્ષમતાથી જવાબ આપ્યા બાદ આપણને પાઠ મળ્યો કે આત્મનિર્ભરતાથી જ આવી વિકટ પરિસ્થિતિઓનો સામનો કરી શકાય તેમ છે.

## 5. ભારત-USA સબંધો : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તા. 22થી 25 સપ્ટેમ્બર સુધી USAની સત્તાવાર મુલાકાતે

 

**વિવિધ કાર્યક્રમો :**

- ✓ તા. 23 સપ્ટેમ્બર : ક્વાડ બેઠક : પીએમ મોદી અને બાઈડેન ક્વાડના અન્ય સભ્ય દેશ જાપાનના વડા પ્રધાન યોસિહીદે સુગા અને ઓસ્ટ્રેલિયાનાં પીએમ સ્કોટ મોરિસન સાથે પણ મંત્રણા કરશે. કોરોના પછી ક્વાડ દેશના નેતાઓ પહેલીવાર વ્યક્તિગત રીતે મળી રહ્યા છે.
- ✓ તા. 24 સપ્ટેમ્બર : US પ્રમુખ જો બાઈડેન સાથે મુલાકાત
- ✓ તા. 25 સપ્ટેમ્બર : UNની 76મી સામાન્ય મહાસભાને સંબોધન
- ✓ ક્વાડમાં સભ્ય દેશો વચ્ચેનો સહયોગ ગાઢ બનાવાશે અને કોરોના સામે સાથે મળીને લડવાનો વ્યૂહ ચર્ચાશે. આ ઉપરાંત ચીનનો વિસ્તારવાદ અને ઈન્ડો પેસિફિકને ચીનનાં પ્રભુત્વથી મુક્ત કરવાના મુદ્દે વાતચીત કરાશે. ક્લાઈમેટ ચેન્જ, સાઈબર સ્પેસ અને ટેકનોલોજી એ ચર્ચાનાં અન્ય મુદ્દા રહેશે.

## 6. ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ 2021 જાહેર




**રેન્કિંગમાં 10 અગ્રેસર દેશો (ઇનોવેશન લીડર) :**

- ✓ સ્વિટ્ઝરલેન્ડ, સ્વીડન, યુએસ, યુકે, રિપબ્લિક ઓફ કોરિયા, નેધરલેન્ડ, ફિનલેન્ડ, સિંગાપુર, ડેનમાર્ક અને જર્મની
- ✓ ભારત આ રેન્કિંગમાં બે અંકના સુધારા સાથે 46માં ક્રમે

**રેન્કિંગમાં ભારતની અગાઉની સ્થિતિ :**

- ✓ વર્ષ 2015 : 81મો       વર્ષ 2020 : 48મો
- ✓ વર્ષ 2021 : 46મો

**રેન્કિંગ વિશે :**

- ✓ મહામારીના અભૂતપૂર્વ સંકટમાંથી ઉગરવામાં માટે લેવામાં આવેલા પગલાં અગ્નિમ હથિયાર જેવા રહ્યા હતા છે.
- ✓ આ રેંકિંગ સરકારી અને ખાનગી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવેલા સારા કામ અને શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું પ્રમાણ છે.
- ✓ **રેન્કિંગ જાહેર કરનાર સંસ્થા : વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (WIPO)**
- ✓ **મુખ્યમથક : જિનિવા, સ્વિત્ઝર્લેન્ડ**

## 7. હવાના સિન્ડ્રોમ : ભારતની મુલાકાતે આવેલા CIAના જાસૂસ પર વિશ્વનો સૌથી રહસ્યમય હુમલો



**વિગત :** દુનિયાના સૌથી રહસ્યમય હુમલા તરીકે ઓળખાતા 'હવાના સિન્ડ્રોમ'એ ભારતમાં પ્રવેશ કર્યો.

- ✓ હવાના સિન્ડ્રોમ બીમારી પડછાયાની જેમ અમેરિકા અને તેના અધિકારીઓનો પીછો કરી રહી છે, પરંતુ તેની સામે જગત જમાદાર અમેરિકા લાચાર દેખાય છે.
- ✓ અમેરિકાની જાસૂસી સંસ્થા CIAના ડિરેક્ટર વિલિયમ્સ બર્ન્સ અફઘાનિસ્તાનમાં તાલિબાન રાજ અંગે ભારત સાથે ચર્ચા કરવા આવ્યા હતા, પરંતુ તેમણે અહીં બીજા એક મહાસંકટનો સામનો કરવો પડ્યો હતો.

## 8. ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગ (CAFMD)

- ✓ કેન્દ્રના પર્યાવરણ મંત્રી શ્રી ભુપેન્દ્ર યાદવ અને અમેરિકન રાષ્ટ્રપતિના ખાસ દૂત શ્રી જોન કેરી દ્વારા ગત 13 સપ્ટેમ્બર, 2021ના રોજ ક્લાઈમેન્ટ એક્શન એન્ડ ફાઈનાન્સ મોબિલાઈઝેશન ડાયલોગ' (Climate Action and Finance Mobilisation Dialogue)નો પ્રારંભ.



**ડાયલોગ વિશે :**

- ✓ ભારત-યુ.એસ આબોહવા અને ક્લીન ઊર્જા એજન્ડા 2030 ભાગીદારી હેઠળ આ સંવાદ શરૂ કરાયો.
- ✓ આ ભાગીદારી બંને દેશોને આબોહવા પરિવર્તન પર તેમના સહકારને નવીકરણ કરવાની અને નાણાકીય પાસાઓ પર ધ્યાન આપવાની તક પૂરી પાડશે.
- ✓ ક્લાયમેન્ટ ચેન્જ અંગે આબોહવા અને પર્યાવરણ પર ભારત યુ.એસ દ્વિપક્ષીય સહયોગને પણ મજબૂત કરશે.
- ✓ રાષ્ટ્રીય સંજોગો અને ટકાઉ વિકાસની અગ્રતાઓને ધ્યાનમાં રાખીને વિશ્વ એ કેવી રીતે ઝડપી અને સ્થિતિસ્થાપક આર્થિક વૃધ્ધિ સાથે આબોહવા ક્રિયાને ઝડપી ગોઠવી શકાય છે તે દર્શાવવામાં પણ મદદ કરશે.

**CAFMDના મુખ્ય ત્રણ સ્તંભ :**

**(1) આબોહવા ક્રિયા સ્તંભ (Climate Action Pillar):**

- ✓ જેમાં આગામી દાયકામાં ઉત્સર્જન ઘટાડવાની રીતો પર સંયુક્ત દરખાસ્તો હશે.

**(2)નાણાકીય આધારસ્તંભ(Finance Pillar) :**

- ✓ આ માધ્યમ દ્વારા અમેરિકા ભારતમાં 450 ગીગાવોટ નવીનીકરણીય ઉર્જા ક્ષમતા અમલમાં લાવવા, મૂડી આકર્ષવા, સક્ષમ પર્યાવરણ વધારવા, નવી સ્વચ્છ ઉર્જા ટેક્નોલોજી દર્શાવવા અને દ્વિપક્ષીય સ્વચ્છ ઉર્જા રોકાણ તથા વેપારને પ્રોત્સાહન આપવા સહયોગ કરશે.

**(3) વૈવિધ્યપણું અને સુગમતા :**

- ✓ આબોહવા જોખમોને માપવા અને તેમનું સંચાલન કરવા માટે બંને દેશો ક્ષમતા નિર્માણમાં સહકાર આપશે.

## 9. દિન વિશેષ : 21 સપ્ટેમ્બર

### (1) 10મો વર્લ્ડ અલ્ઝાઇમર્સ ડે




**થીમ 2021 : Know Dementia, Know Alzheimer's**

**સ્મૃતિભ્રંશ - મતિભ્રંશ (ડિમેન્શિયા)**

- ✓ ડિમેન્શિયા એટલે કે સ્મૃતિભ્રંશ ! ડિમેન્શિયા એ ચેતાતંત્રનો એવો રોગ છે કે જે વ્યક્તિની યાદશક્તિ-સ્મરણશક્તિ, વર્તણૂક તથા વાતચીત કરવાની આવડતને અસર કરે છે.
- ✓ તેમાં દર્દીના વર્તન, વાણી, વ્યક્તિત્વ અને વ્યવહારમાં આવતા નોંધપાત્ર ફેરફાર સાથે તેની ચેતના પણ ઓછી થયેલ જણાય છે જેથી કરીને વ્યવહારિક જીવનમાં કેટલાક પ્રશ્નો ઉદભવે છે.

**ઉદ્દેશ અને મહત્વ :**

- ✓ અલ્જાઇમર અને ડિમેન્શિયા વિશે જાગૃતતા લાવવાનો.
- ✓ અલ્જાઇમર્સમાં મગજમાં થતી નર્વ સેલ્વ વચ્ચે થતું કનેક્શન નબળું પડી જાય છે. ધીમે ધીમે આ રોગ મગજના વિકારનું રૂપ લઈ લે છે અને યાદશક્તિને ખતમ કરી દે છે. વ્યક્તિ વિચારવાનું બંધ કરી દે છે.
- ✓ 1906માં ડો. એલોઈસ અલ્જાઈમરે આ રોગ વિશે શોધ કરી હતી, આ જ કારણે આ રોગને તેમનું નામ આપવામાં આવ્યું.
- ✓ તેમણે માનસિક રોગથી પીડિત એક મહિલાને મગજમાં કોષિકાઓમાં ફેરફાર થતો જોયો હતો. સ્ટડીમાં ખબર પડી કે જે લોકોને અલ્જાઈમર્સ થાય છે તેમને કાર્ડિયોવસ્કુલર રોગ પણ થાય છે.

### (2) રાષ્ટ્રીય શાંતિ દિવસ-2021

**ઈન્ટરનેશનલ ડે ઓફ પીસ : 21 સપ્ટેમ્બર**

**થીમ 2021 : 'Recovering better for an equitable and sustainable world'**




- ✓ 1981માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ઈન્ટરનેશનલ ડે ઓફ પીસની સ્થાપના કરી હતી.
- ✓ બે દાયકા પછી 2001માં મહાસભાએ સર્વસંમતિથી આ દિવસને 24 કલાક અહિંસા અને સીઝફાયરની સમયમર્યાદા તરીકે ઉજવણી કરવાનો નિર્ણય કર્યો.

**હેતુ :**

- ✓ યુનાઈટેડ નેશન્સ તમામ રાષ્ટ્ર અને લોકોને અહિંસાનું મહત્વ જણાવવા માટે આ દિવસની ઉજવણી કરે છે. આ દિવસે શાંતિના આદર્શોને મજબૂતાઈ આપવામાં આવે છે.
- ✓ આ દિવસે મહાત્મા ગાંધીની અહિંસાની શીખને યાદ કરવાનો પણ દિવસ છે. UNનું કહેવું છે કે આ વર્ષે આપણે એકબીજાના દુશ્મન નહીં, પણ કોવિડ-19ના રૂપમાં આપણા એક દુશ્મનને જાહેર કરવાનો છે, જેણે આખી દુનિયાને હેરાન કરી નાખી છે.

### (3) મણિપુરનો ભારતમાં વિલય :

**તા.21 સપ્ટેમ્બર,1949**




- ✓ 15 ઓગસ્ટ 1947ના રોજ બ્રિટિશરાજ ખતમ થયાના થોડાક દિવસ પહેલાં જ મણિપુરના રાજાએ 11 ઓગસ્ટે ભારતના શાસનનો સ્વીકાર કર્યો હતો, પરંતુ રાજ્યએ આંતરિક સંપ્રભુતા હાંસિલ કરી લીધી હતી.
- ✓ મણિપુર સ્ટેટ કોન્સ્ટિટ્યુશન એક્ટ 1947 લાગુ થયો, જેનાથી રાજ્યને પોતાનું અલગ બંધારણ મળ્યું. મણિપુરમાં ઘણા લોકો ભારતમાં વિલય ઈચ્છતા હતા. મણિપુર ઈન્ડિયા કોંગ્રેસ પણ બની. ભારત સરકારે અલગ બંધારણને માન્યતા ન આપી.
- ✓ છેલ્લે, મહારાજા પર દબાણ થયું અને તેમણે 21 સપ્ટેમ્બર 1949ના રોજ ભારત સરકાર સાથે મર્જર એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરી લીધા. આ એગ્રીમેન્ટ 15 ઓક્ટોબરે લાગુ થયો હતો, ઘણાં વર્ષો સુધી કેન્દ્રનું સીધું શાસન અહીં રહ્યું, પણ 1972માં મણિપુરને ભારતમાં અલગ રાજ્યનો દરજ્જો મળ્યો હતો.

### (4) RAWનો સ્થાપના દિવસ

**ભારતની રાષ્ટ્રીય ગુપ્તચર સંસ્થા (રીસર્ચ એન્ડ એનાલીસીસ વિંગ) (RAW)નો સ્થાપના દિવસ**




- ✓ વડુમથક : દિલ્હી

## 10. જન્મ દિન વિશેષ: 21 સપ્ટેમ્બર : લોકનેતા ઉચ્છંગરાય ઢેબર

**જન્મ : 21 સપ્ટેમ્બર-1895, અવસાન : 11 માર્ચ-1977**

- ✓ "કોઈ સુંદર પુસ્તક હું જોઉં અને તે હું ખરીદી ન શકું ત્યારે મને લાગે છે કે હું ગરીબ છું." આવા વિચારો ધરાવતા ઉચ્છંગરાય ઢેબરનો આજે જન્મદિવસ.



- ✓ જામનગરના ગંગાજળા ગામે જન્મેલા ઢેબરભાઈનું વતન ખંભાળિયા હતું.

- ✓ ઢેબરભાઇએ રાજકોટ મુંબઇમાં શિક્ષણ લઇ 1929માં રાજકોટમાં સ્વતંત્ર વકિલાત શરૂ કરી.
- ✓ કાઠિયાવાડ ટાઇમ્સ સાથે પણ સંકળાયેલા હતા. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓના પ્રભાવમાં 1936માં વકીલાત છોડી. રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં સક્રિય થયા.
- ✓ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ માટે પારિવારિક બાબતો પરત્વે એટલું તો દુર્લક્ષ્ય સેવ્યું હતું કે જે કોઈ ગૃહસ્થાશ્રમી માટે ગુનો ગણાય તે કક્ષાનું હતું.
- ✓ આઝાદી પછી 15 ફેબ્રુઆરી 1948માં સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા
- ✓ ગરાસદારી અને બારખલી પ્રથા નાબૂદ કરી દાખલ થયેલી જમીન સુધારણાનો શ્રેય ઉચ્છંગરાય ઢેબરના ફાળે જાય છે.
- ✓ મુખ્યમંત્રી તરીકે તેમણે કહ્યું કે, મારા રાજ્યમાં ઘાસચારાની અભાવે ગાય માતાએ ઘાસને બદલે કાગળ ખાવા પડે તેને હું મારી વ્યવસ્થાની ખામી ગણું છું.
- ✓ અનુસૂચિત જનજાતિઓ માટે રચાયેલા પંચના અધ્યક્ષ તરીકે આદિવાસીઓની જમીન બિન આદિવાસીઓના હાથમાં જતી રોકવાનો કાયદો પણ કર્યો હતો.

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (21-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ભારતીય વાયુ સેનાના નવા વડા અંગે કયા વિધાનો યોગ્ય છે

1. ભારતીય વાયુ સેનાના નવા અધ્યક્ષ તરીકે વીઆર ચૌધરીની પસંદગી
2. શ્રી વીઆર ચૌધરી તા. 01 ઓક્ટોબર 2021થી કાર્યભાર સંભાળશે
3. ભારતીય વાયુદળમાં શ્રી ચૌધરી વાઇસ ચીફ ઓફ એર સ્ટાફનો હોદ્દો ધરાવે છે
4. શ્રી ચૌધરી વર્તમાન વાયુસેના અધ્યક્ષ એર ચીફ માર્શલ એસ.કે.ભદોરિયાનું સ્થાન લેશે

(A) 1 અને 3 યોગ્ય છે (B) 2 અને 3 યોગ્ય છે
(C) 1 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**2.** ભારતના PM શ્રી નરેન્દ્ર મોદીની સપ્ટેમ્બરમાં USAની સતાવાર મુલાકાત સંદર્ભે કયા વિધાન/વિધાનો સાચા છે

1. તા. 22થી 25 સપ્ટેમ્બર સુધી USAની સત્તાવાર મુલાકાતે
2. તા. 23 સપ્ટેમ્બરે ક્વાડ બેઠકમાં ભાગ લેશે
3. તા. 24 સપ્ટેમ્બરે US પ્રમુખ જો બાઇડેન સાથે પ્રથમ રૂબરૂ મુલાકાત
4. તા. 25 સપ્ટેમ્બરે UNની 76મી સામાન્ય મહાસભાને સંબોધન

(A) માત્ર 2 સાચું છે (B) માત્ર 4 સાચુ છે
(C) 1 અને 3 સાચા છે **(D) 1 2 3 અને 4 સાચા છે**

**3.** અમેરિકામાં યોજાનારી ક્વાડ બેઠકમાં ક્યા દેશોના ક્યા વડા ભાગ લેશે

1. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 2. USA પ્રમુખ જો બાઇડેન
3. જાપાનના વડાપ્રધાન યોસિહીદે સુગા
4. ઓસ્ટ્રેલિયાનાં વડાપ્રધાન સ્કોટ મોરિસન

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 અને 4 **(D) 1 2 3 અને 4**

**4.** તા. 21 સપ્ટેમ્બરે જાહેર કરાયેલા ગ્લોબલ ઇનોવેશન ઇન્ડેક્સ 2021 સંદર્ભે કયા વિધાન/વિધાનો સાચા છે

1. પ્રથમ પાંચ દેશોમાં સ્વિટ્ઝરલેન્ડ, સ્વીડન, યુએસ, યુકે, રિપબ્લિક ઓફ કોરિયા
2. ભારત આ રેન્કિંગમાં બે અંકના સુધારા સાથે 46માં ક્રમે
3. રેન્કિંગ જાહેર કરનાર સંસ્થા : વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (WIPO)
4. આ રેંકિંગ સરકારી અને ખાનગી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવેલા સારા કામ અને શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમનું પ્રમાણ છે

(A) 1 અને 3 સાચા છે (B) માત્ર 2 સાચું છે
(C) માત્ર 4 સાચુ છે **(D) 1 2 3 અને 4 સાચા છે**

**5.** તા. 13 સપ્ટેમ્બર 2021માં ભારતમાં યોજાયેલ CAFMD સંદર્ભે કયુ વિધાન/વિધાનો યોગ્ય છે

1. કેન્દ્રના પર્યાવરણ મંત્રી શ્રી ભુપેન્દ્ર યાદવ અને અમેરિકન રાષ્ટ્રપતિના ખાસ દૂત શ્રી જોન કેરી દ્વારા CAFMDનો પ્રારંભ
2. ભારત–યુ.એસ આબોહવા અને કલીન ઊર્જા એજન્ડા 2030 ભાગીદારી હેઠળ આ સંવાદનું આયોજન
3. CAFMD એટલે ક્લાઈમેટ એક્શન એન્ડ ફાઇનાન્સ મોબિલાઇઝેશન ડાયલોગ
4. CAFMDના મુખ્ય ત્રણ સ્તંભ (1) આબોહવા ક્રિયા સ્તંભ, (2) નાણાકીય આધારસ્તંભ અને (3) વૈવિધ્યપણું અને સુગમતા

(A) 1 અને 2 યોગ્ય છે (B) 3 અને 4 યોગ્ય છે
(C) 2 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**6.** સપ્ટેમ્બર 2021માં ગુજરાત વિધાનસભાના શાસક પક્ષના મુખ્ય દંડક તથા ભાજપના નવા દંડક તરીકે કોની નિમણૂક કરાઇ

(A) ઈડરના ધારાસભ્ય શ્રી હિતુ કનોડિયા અને એલિસબ્રિજના ધારાસભ્ય શ્રી રાકેશ શાહ
(B) ખેડબ્રહ્માના ધારાસભ્ય શ્રી અશ્વિન કોટવાલ અને અંજારના ધારાસભ્ય ડો. નિમાબેન આચાર્ય
**(C) નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજ દેસાઈ તથા લીમખેડાના ધારાસભ્ય શ્રી રમેશભાઇ ભૂરાભાઇ કટારા**
(D) અમરેલીના ધારાસભ્ય શ્રી પરેશ ધાનાણી અને ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંત પટેલ

**7.** ભારત સરકારે સપ્ટેમ્બર 2021માં કરેલા નવા સુધારા મુજબ IAS, IPS, IFS અધિકારીઓ કેટલા રૂપિયા સુધીની ગિફ્ટ લઈ શકશે

(A) રૂ. 5 હજાર સુધી (B) રૂ. 15 હજાર સુધી
**(C) રૂ. 25 હજાર સુધી** (D) રૂ. 50 હજાર સુધી

**8.** ઉદ્યોગ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વાણિજ્ય વિકાસમાં યોગદાન બદલ પ્રિયદર્શિની એકેડેમી દ્વારા રામકૃષ્ણ બજાજ મેમોરિયલ ગ્લોબલ એવોર્ડ-2021 માટે કયા ભારતીય ઉદ્યોગપતિની પસંદગી કરાઇ

**(A) ગૌતમ અદાણી** (B) રતન ટાટા
(C) આદર પૂનાવાલા (D) અઝીમ પ્રેમજી

**9.** સપ્ટેમ્બર 2021માં ભારતની મુલાકાતે આવેલા ક્યા દેશના જાસૂસ પર હવાના સિન્ડ્રોમ વિશ્વનો સૌથી રહસ્યમય હુમલો થયો

(A) રશિયા (B) ઓસ્ટ્રેલિયા (C) બ્રિટન **(D) અમેરિકા**

**10.** વર્લ્ડ અલ્ઝાઇમર્સ ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) 1 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 19 સપ્ટેમ્બર **(D) 21 સપ્ટેમ્બર**

**11.** વર્લ્ડ અલ્ઝાઇમર્સ ડે 2021ની થીમ જણાવો

(A) Know Alzheimer's, Know Dementia
(B) Knew Dementia, Knew Alzheimer's

(C) Know your Dementia, Know your Alzheimer's

**(D) Know Dementia, Know Alzheimer's**

**12.** કયા વર્ષે ડો. એલોઇસ અલ્ઝાઇમરે અલ્ઝાઇમર્સ રોગ વિશે શોધ કરી હતી જેને લીધે આ રોગને તેમનું નામ આપવામાં આવ્યું

(A) વર્ષ-1901 (B) વર્ષ-1904 **(C) વર્ષ-1906** (D) વર્ષ-1909

**13.** ઇન્ટરનેશનલ ડે ઓફ પીસ ક્યારે મનાવવામાં આવે છે

(A) 11 સપ્ટેમ્બર(B) 17 સપ્ટેમ્બર **(C) 21 સપ્ટેમ્બર** (D) 23 સપ્ટેમ્બર

**14.** રાષ્ટ્રીય શાંતિ દિવસ 2021ની થીમ જણાવો

**(A) Recovering better for an equitable and sustainable world**

(B) Recover good for an equitable and sustainable world

(C)Recovering better for equal and sustainable universal

(D) Recovering best for an equitable and sustainable world

**15.** ક્યા વર્ષે મણિપુરને ભારતમાં અલગ રાજ્યનો દરજ્જો મળ્યો

(A) વર્ષ-1947 (B) વર્ષ-1951 (C) વર્ષ-1965 **(D) વર્ષ-1972**

**16.** રીસર્ચ એન્ડ એનાલીસીસ વિંગનો સ્થાપના દિવસ જણાવો

(A)14 સપ્ટેમ્બર (B) 17 સપ્ટેમ્બર**(C) 21 સપ્ટેમ્બર** (D) 25 સપ્ટેમ્બર

**17.** લોકનેતા ઉચ્છંગરાય ઢેબરનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો દિવસ જણાવો

(A) ભાવનનગરના ગંગાજળા ગામે તથા 21 સપ્ટેમ્બર-1891

(B) જામનગરના ગંગાજળા ગામે તથા 21 સપ્ટેમ્બર-1895

(C) રાજકોટના ગંગાજળા ગામે તથા 21 સપ્ટેમ્બર-1897

(D) સુરેન્દ્રનગરના ગંગાજળા ગામે તથા 21 સપ્ટેમ્બર-1899

**18.** ઉચ્છંગરાય ઢેબર આઝાદી બાદ કયારે સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા

(A) 1 ફેબ્રુઆરી 1948 (B) 15 ફેબ્રુઆરી 1948

**(C) 15 ફેબ્રુઆરી 1948** (D) 19 ફેબ્રુઆરી 1948

**DATE : 22-09-2021**

## 1. ગુજરાત સરકાર : ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત ત્રણ જિલ્લા માટે સહાયના નવા ધોરણો જાહેર




- ✓ ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત બનેલા ત્રણ જિલ્લા **જામનગર, રાજકોટ અને જૂનાગઢમાં** અસરગ્રસ્તોને SDRFના નિયત ધોરણથી અપાતી વિવિધ સહાયમાં રૂ.20 હજાર સુધી વધારો કરવાનો નિર્ણય કરાયો.

**કઇ સહાયમાં કેટલો વધારો કરાયો**

| નુકસાનની વિગત | હાલ | વધારો | નવી સહાય |
|---|---|---|---|
| ઘરવખરી | 3,800 | 3,200 | 7,000 |
| ઝૂંપડા તૂટી જવાં | 4,100 | 5,900 | 10,000 |
| પાકા મકાનને નુકસાન | 5,200 | 9,800 | 15,000 |
| કાચા મકાનને નુકસાન | 3,200 | 6,800 | 10,000 |
| કેટલ શેડને નુકસાન | 2,100 | 2,900 | 5,000 |
| દુધાળા પશુનું મૃત્યુ | 30,000 | 20,000 | 50,000 |
| ઘેટાં-બકરાનું મૃત્યુ | 3,000 | 2,000 | 5,000 |

- ✓ દૂધાળા પશુ સહાયની સંખ્યા 3થી વધારેની 5 કરાઇ
- ✓ SDRF : સ્ટેટ ડિઝાસ્ટર રિલિફ ફંડ

## 2. સ્ટેચ્યૂ ઓફ યુનિટી - કેવડિયા :

**SOUના ઝૂમાં બિહારથી એક ગેંડાને લાવવા તેની સામે જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી 6 સિંહ અપાયા**




**વિગત :** કેવડિયામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે આવેલા ઝૂમાં બિહારથી 'ઇલેક્શન' નામના માદા ગેંડાને લાવવામાં આવી છે. તેની સામે જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી 6 સિંહને બિહારના 2 ઝૂમાં મોકલવામાં આવ્યા.

**કેવડિયામાં દેશ-વિદેશના દુર્લભ પ્રાણીઓ :**

- ✓ કેવડિયામાં ઝૂ શરૂ થયા બાદ તેને ઘણા દુર્લભ પ્રજાતિના પ્રાણીઓથી સમૃદ્ધ બનાવવા સક્કરબાગ ઝૂમાંથી જ પ્રાણી મોકલાય છે. દેશવિદેશના દૂર્લભ પ્રાણીઓ કેવડિયામાં જોઇ શકાય છે.
- ✓ એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ આવેલા આ માદા ગેંડાનું બ્રિડીંગ કરાવાશે. જોકે, એના બદલામાં ગુજરાતના વનવિભાગે જૂનાગઢના સક્કરબાગ ઝૂમાં આપેલા 6 સિંહમાં 2 નર અને 4 માદાનો સમાવેશ થાય છે. આ પૈકી 3 પટણાના સંજય ગાંધી પ્રાણી સંગ્રહાલય અને 3 રાજગીરમાં આવેલા રાજગીર સફારી ખાતે મોકલાયા છે.

**નવા ઝૂમાં એસ્ટાબ્લીશ કરવા આ જ રીતે પ્રાણી આપવાની વ્યવસ્થા :**

- ✓ કેવડિયા ઝૂ નવું છે એટલે ત્યાં સ્વાભાવિકપણે જ પ્રાણીઓ ન હોય. ત્યાં પ્રાણીઓનું બ્રિડીંગ થયા બાદ ત્યાંથી પણ સક્કરબાગમાં નવા પ્રાણી આવી શકે

**બે ઝૂ વચ્ચેના સોદાની પ્રક્રિયા :**

- ✓ ભારતમાં એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ બધા જ ઝૂ એકબીજાને પ્રાણીની આપ લે કરે છે. કેવડિયામાં આ અગાઉ પણ મુંબઇથી ઝીબ્રાના બદલામાં જે પ્રાણી અપાયા એ સક્કરબાગથી જ ગયા હતા.
- ✓ આ તમામ પ્રક્રિયામાં સેન્ટ્રલ ઝૂ ઓથોરિટીની મંજૂરી જરૂરી.

## 3. સિદ્ધિ - બ્લૂ ફ્લેગ : ભારતના વધુ બે બીચ કોવાલમ અને ઈડન બીચને બ્લૂ ફ્લેગનો પ્રમાણપત્ર : કુલ બ્લૂ ફ્લેગ બીચ-10




**નવા બ્લૂ ફ્લેગ બીચ અને રાજ્ય :**

1. **કોવાલમ બીચ - તામિલનાડુ**
2. **ઈડન બીચ - પુડુચેરી**

**બ્લૂ ફ્લેગ વિશે :**

- ✓ બ્લૂ ફ્લેગ વિશ્વનું ખૂબ જ ખાસ અને માન્યતા પ્રાપ્ત સ્વૈચ્છિક ઇકો લેબલ એવોર્ડ.
- ✓ **માપદંડ :** આ એવોર્ડ સ્વચ્છ સમુદ્ર કિનારા, મરીના બીચ અને સસ્ટેનેબલ બોટિંગ ટુરિઝ્મ ઓપરેટર્સને અપાય છે

**ભારતના અગાઉના બ્લૂ ફ્લેગ એવોર્ડ ધરાવતા 8 બીચ-રાજ્ય :**

1. **શિવરાજપુર : ગુજરાત**
2. **ઘોઘલા : દિવ**
3. **કાસરકોડ : કર્ણાટક**
4. **પદુબિદ્રી : કર્ણાટક**
5. **કપ્પડ : કેરળ**
6. **રુશિકોંડા : આંધ્ર પ્રદેશ**
7. **ગોલ્ડન : ઓડિશા**
7. **રાધનગર : આંદામાન અને નિકોબાર**

- ✓ ગુજરાતમાં એકમાત્ર બ્લૂ ફ્લેગની માન્યતા : શિવરાજપુર બીચ, દેવભૂમિ દ્વારકા
- ✓ **જાહેરાત :** કેન્દ્રીય વન પર્યાવરણ અને ક્લાઇમેંટ ચેન્જ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ

## 4. કોરોના મહામારી : ભારતમાં કોરોનામાં મૃત્યુ પામેલાના વારસને રૂ. 50,000નું વળતર ચૂકવાશે

**વળતરની વિગત :**

- ✓ કોરોના સંક્રમણના કારણે મૃત્યુ પામેલા લોકોના વારસોને રાજ્ય સરકારો દ્વારા રૂપિયા 50,000નું આર્થિક વળતર ચૂકવવામાં આવશે.
- ✓ કોરોના મહામારીમાં અત્યાર સુધી થયેલા મોત માટે જ નહીં પરંતુ ભવિષ્યમાં થનારા મોત માટે પણ રાજ્ય સરકારો દ્વારા મૃતકોના વારસોને ઉપરોક્ત આર્થિક સહાય ચૂકવાશે.

**વળતર ક્યાંથી ચૂકવાશે :**

- ✓ રાજ્ય સરકારો આર્થિક વળતર માટે તેમના સ્ટેટ ડિઝાસ્ટર રિલિફ ફંડમાંથી નાણાની જોગવાઇ કરશે.
- ✓ રાજ્યના જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અથવા જિલ્લા વહીવટી તંત્રના માધ્યમથી આ આર્થિક સહાય ચૂકવવામાં આવશે

**વળતરમાં કોનો સમાવેશ થશે :**

- ✓ ભારતમાં અત્યાર સુધીમાં કોરોના સંક્રમણના કારણે અંદાજે 4.45 લાખ કરતાં વધુના મોત થયા છે.
- ✓ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને એફિડેવિટમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારો અત્યાર સુધીના મોતમાં જ નહીં પરંતુ ભવિષ્યમાં કોરોનાનો વેવ આવે અને તેમાં થનારા મોત માટે પણ મૃતકોના વારસોને રૂપિયા 50,000ની સહાય આપશે. વધુ જાહેરનામું બહાર ન પડાય ત્યાં સુધી આ વ્યવસ્થા અમલમાં રહેશે.
- ✓ સરકારે જણાવ્યું હતું કે, કોવિડ રિલીફ ઓપરેશનમાં સંકળાયેલા અને કોરોના મહામારી સામેની તૈયારીમાં જોડાયેલા મૃતકોના પરિવારને પણ આ વળતર ચૂકવાશે.
- ✓ આરોગ્ય મંત્રાલયની ગાઇડલાઇન પ્રમાણે કોરોનાથી મોત થયું હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા મૃતકોના વારસોને જ આ વળતર ચૂકવાશે.

**કેવી રીતે આર્થિક વળતર મેળવાશે :**

- ✓ મૃતકના વારસે સંબંધિત રાજ્ય સત્તાવાળા દ્વારા જારી કરાનારા ફોર્મ ભરીને વળતર માટે દાવો કરવાનો રહેશે
- ✓ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલા તમામ દસ્તાવેજ અને કોરોનાથી થયેલા મોતનું પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે
- ✓ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટના સત્તાવાળા દાવાની પ્રક્રિયા, ચકાસણી, મંજૂરી અને ચુકવણીની કાર્યવાહી કરશે
- ✓ ફોર્મ અને દસ્તાવેજો રજૂ કર્યાના 30 દિવસમાં દાવાનો નિકાલ કરવાનો રહેશે
- ✓ આર્થિક સહાયની ચુકવણી આધાર સાથે લિન્ક ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા કરાશે
- ✓ દાવા અંગેની ફરિયાદનો નિકાલ અધિક જિલ્લા કલેક્ટર, ચીફ મેડિકલ ઓફિસર, અધિક ચીફ મેડિકલ ઓફિસર અથવા મેડિકલ કોલેજના હેડ ઓફ ડિપાર્ટમેન્ટની બનેલી સમિતિ દ્વારા કરાશે
- ✓ વળતર ન ચૂકવાય તેવા સંજોગોમાં સમિતિએ મૃતકના વારસને યોગ્ય કારણ આપવાનું રહેશે
- ✓ **ખાસ : ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત મહામારીમાં થયેલા મૃત્યુ માટે મૃતકનાં વારસને રૂપિયા 4 લાખ આર્થિક સહાય ચૂકવવાની જોગવાઇ.**

## 5. ADB : ભારતીય અર્થતંત્રના ચાલુ નાણાકીય વર્ષનો વૃદ્ધિદરનો અંદાજ 11 ટકાથી ઘટાડીને 10 ટકા કરાયો




- ✓ ફૂગાવા માટેનો અંદાજ પણ 5.2 ટકાથી વધારીને 5.5 ટકા કરાયો
- ✓ **ADB : એશિયન ડેવલપમેન્ટ બેન્ક**
- ✓ **મુખ્યમથક : મનિલા, ફિલિપાઇન્સ**

## 6. ખેલકૂદ - નવો નિયમ : ક્રિકેટમાં બેટિંગ કરતાં ખેલાડી માટે બેટર કે બેટર્સનો શબ્દ પ્રયોગ કરાશે

- ✓ **હેતુ :** જાતીય સમાનતાની પહેલ

**વિગત :** ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ કાયદાની સંરક્ષક સંસ્થા મેરિલબોન ક્રિકેટ ક્લબ(MCC)એ ક્રિકેટ નિયમોમાં કેટલાક મહત્વના ફેરફારોની જાહેરાત કરી.

- ✓ હવે બેટિંગ કરતા ખેલાડીને બેટ્સમેન નહીં પણ 'બેટર' કે 'બેટર્સ' જેવા બિન જાતિવાચક શબ્દનો ઉપયોગ કરાશે, જેથી પુરુષ અને મહિલા બંને ખેલાડી માટે તેનો ઉપયોગ કરી શકાશે.
- ✓ આ પહેલા 2017માં ICCએ આ ફેરફારને મંજૂરી આપી હતી

## 7. રાષ્ટ્રીય મલખંભ સ્પર્ધા - ઉજ્જૈન (મધ્ય પ્રદેશ) : તારીખ 25 સપ્ટેમ્બર 2021થી પ્રારંભ



**સ્પર્ધા વિશે :**

- **કુલ ખેલાડી :** 1200 **અધ્યક્ષ :** શ્રી રમેશ ઈંદોલિયા
- **આયોજક :** ભારતીય મલખંભ ફેડરેશન

**8. નાગાલેન્ડ : ભારતના 61મા અને નાગાલેન્ડના પ્રથમ સોફ્ટવેર ટેક્નોલોજી પાર્કનો પ્રારંભ**

- સ્થળ : કોહિમા
- પ્રારંભ : તા. 17 સપ્ટેમ્બર 2021થી




- આયોજક : કેન્દ્રીય IT મંત્રીશ્રી રાજીવ ચંદ્રશેખર (IT મંત્રાલય)
- STPI : સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક ઓફ ઈન્ડિયા

**9. વૈશ્વિક સંબંધો: PM મોદીનો USA પ્રવાસ**




**PM શ્રી મોદીની USA મુલાકાત :**

- 2014માં પીએમ બન્યા પછી મોદીનો આ 7મો અને 2019 પછી પહેલો અમેરિકા પ્રવાસ.
- કોરોનાકાળમાં બાંગ્લાદેશ પછી બીજી વિદેશ મુલાકાત
- અમેરિકન પ્રમુખ જો બાઈડન સાથે પહેલી રુબરુ મુલાકાત કરશે.

**ત્રણ દિવસનો કાર્યક્રમ :**

- **તા. 23 સપ્ટેમ્બર :** વોશિંગ્ટન DCમાં એપલ સીઈઓ ટિમ કૂક સહિત ક્વાલકોમ, એડોબ જેવી કંપનીઓના વડા સાથે મુલાકાત. ઉપ પ્રમુખ કમલા હેરિસ સાથે બેઠક શક્ય. ઓસ્ટ્રેલિયા અને જાપાનના પીએમ સાથે દ્વિપક્ષીય મંત્રણા.
- **તા. 24 સપ્ટેમ્બર :** વોશિંગ્ટન DCમાં અમેરિકન પ્રમુખ જો બાઈડન સાથે દ્વિપક્ષીય બેઠક.
- **ક્વાડ લીડર્સ સાથે વ્હાઈટ હાઉસમાં બેઠક, ન્યૂયોર્ક જવા રવાના થશે.**
- **તા. 25 સપ્ટેમ્બર :** ન્યૂયોર્કમાં યુએન મહાસભાના 76મા સત્રને સંબોધન કરશે. 26 સપ્ટેમ્બરે ભારત પરત.

**10.UNESCO:વિશ્વના પ્રથમ 5 દેશોનું બાયોસ્ફિયર રિઝર્વ જાહેર**

- સપ્ટેમ્બર 2021માં UNESCO દ્વારા **'મુરા-દ્રવા-ડેન્યૂબ'(Mura-Drava-Danube-MDD)ને વિશ્વનું પ્રથમ પાંચ દેશનું બાયોસ્ફિયર રિઝર્વ જાહેર**

**બાયોસ્ફિયર વિશે :**

- બાયોસ્ફિયર રિઝર્વ મુરા-દ્રવા-ડેન્યૂબ' નદીઓ સાથે 700 કિ.મીના વિસ્તારમાં અને **ઓસ્ટ્રિયા, સ્લોવેનિયા, ક્રોએશિયા, હંગેરી અને સર્બિયામાં** વિસ્તરેલ છે.




- આ રિઝર્વનો કુલ વિસ્તાર એક મિલિયન હેક્ટર છે. જેને અન્ય રીતે રૂપે એમેઝોન ઓફ યુરોપ' તરીકે ઓળખાય છે.
- મુરા-દ્રવા ડેન્યૂબા (MDD) ક્ષેત્ર પ્રજાતિઓની વિવિધતાની દૃષ્ટિએ તે યુરોપના સૌથી ધનિક પ્રદેશોમાંનો એક છે.
- તે પૂરના મેદાનોના જંગલો, કાંકરી અને રેતીના કાંઠા, નદીના ટાપુઓ, ઓક્સબો (યુ આકારનું તળાવ) અને ઘાસના મેદાનનો વિસ્તાર છે.
- દર વર્ષે અહીં આવતા 2.50 લાખથી વધુ સ્થળાંતર કરનારા જળચર માટે તે મહત્વનું સ્થળ.

**11. ખેલકૂદ : ભારતીય સ્નૂકર શ્રી પંકજ અડવાણી 'સિક્સ રેડ બોલ સ્નૂકર વર્લ્ડ કપ 2021' વિજેતા**

**સિદ્ધિ : બિલિયડર્સ અને સ્નૂકરમાં કારકિર્દીનું 24મુ વર્લ્ડ ટાઇટલ વિજેતા**

- **ઇનામી રકમ :** 8.85 લાખ ડોલર




- **ઉપવિજેતા :** બાબર માસિહ, પાકિસ્તાન **યજમાન :** દોહા, કતાર
- **અન્ય ઓળખ :** ક્યુઈસ્ટ

**12. UN : નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય કૈલાશ સત્યાર્થીની UN દ્વારા સસ્ટેનેબલ ડેવલપમેન્ટના એડવોકેટ તરીકે નિમણૂક**




**13. દિન વિશેષ : 17 સપ્ટેમ્બર :વિશ્વ રોગી સુરક્ષા દિવસ**




- **થીમ-2021 : 'safe maternal and newborn care'**
- ઉજવણી : WHO

**14. દિન વિશેષ : 18 સપ્ટેમ્બર :વિશ્વ વાંસ દિવસ**




- **થીમ-2021 : #PlantBamboo: It Is Time To Plant Bamboo**

✓ પ્રથમ પ્રારંભ : 18 સપ્ટેમ્બર 2009

## 15. દિન વિશેષ : 22 સપ્ટેમ્બર

### (1) શરદ સંપાત (ખગોળ)

✓ **આજે દિવસ-રાત બંનેના સમય એક સરખા રહેશે**



✓ તા. 22-09-2021ના રોજ 12 કલાકનો દિવસ અને 12 કલાકની રાત્રિ

✓ ખગોળ શાસ્ત્રમાં આ ઘટનાને શરદ સંપાત તરીકે ઓળખાય છે

**વિગત :** ક્રાંતિવૃત અને વિષુવૃવત્તના પરસ્પર છેદનને કારણે આ ખગોળિય ઘટના સર્જાય

✓ ખગોળ શાસ્ત્રમાં આ ઘટનાને શરદ સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે.

✓ સૂર્યના ક્રાંતિવૃત અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વાર એકબીજાને છેદે છે. ત્યારબાદ દિવસ ક્રમશઃ ટૂંકો અને રાત ક્રમશ : લાંબી થતી જશે.

✓ ભારતમાં લોકોએ અગાઉ ગત ૨૧મી માર્ચે દિવસ અને રાત બંને સરખા હોવાનો અહેસાસ કર્યો હતો.

### (2) વર્લ્ડ કાર ફ્રી ડે : 22 સપ્ટેમ્બર




**હેતુ :**

✓ પ્રદૂષણ મુક્ત વાતાવરણ, ટ્રાફિક સમસ્યાનું સમાધાન, ઇંધણ બચત, સમય બચત અને આર્થિક બચત સાથોસાથ સૌથી મોટું આરોગ્યપ્રદ જીવન માટે કાર ફ્રી માહોલ જ નહિં પરંતુ સાયકલ વપરાશ સમયનો તકાદો છે.

✓ ગ્લોબલ વોર્મિંગનું સમાધાન ચોક્કસપણે સાયકલિંગ જ છે.

### (3) વર્લ્ડ રાઈનો ડે : 22 સપ્ટેમ્બર

✓ **થીમ-2021 : "Keep the Five Alive :** સુમાત્રન રાઈનો, ગ્રેટર વન હોર્નડ રાઈનો, બ્લેક રાઈનો, જવાન રાઈનો અને સફેદ રાઈનો




✓ જાગૃતિ : વિશ્વના જીવંત 5 રાઈનો પ્રત્યે જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજાશે

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (22-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ઝૂમાં અન્ય રાજ્યોમાંથી ગેંડો લાવવા અંગે નીચેના ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1. SOU ઝૂમાં બિહારથી એક ગેંડો લવાયો

2. 1 ગેંડાને લાવવાની સામે જૂનાગઢ સક્કરબાગ ઝૂમાંથી 6 સિંહ અપાયા

3. SOU ઝૂમાં બિહારથી 'ઇલેક્શન' નામની માદા ગેંડાને લવાઈ

4. એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ બધા જ ઝૂમાં એકબીજાને પ્રાણીની આપ લે કરવાની જોગવાઈ

(A) 1 અને 3 યોગ્ય છે (B) 2 અને 3 યોગ્ય છે

(C) 1 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**2.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ભારતમાં બ્લૂ ફ્લેગ બીચ પ્રમાણપત્ર સંદર્ભે કયુ-ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1. સપ્ટેમ્બર 2021માં કોવાલમ (તામિલનાડુ) અને ઈડન (પુડુચેરી) એમ બે બીચને બ્લૂ ફ્લેગ પ્રમાણપત્ર

2. ભારતમાં કુલ 10 બીચને બ્લૂ ફ્લેગનું પ્રમાણપત્ર

3. ગુજરાતમાં એકમાત્ર દેવભૂમિ દ્વારકાના શિવરાજપુર બીચને બ્લૂ ફ્લેગનું પ્રમાણપત્ર

4. બ્લૂ ફ્લેગ વિશ્વનું ખૂબ જ ખાસ અને માન્યતા પ્રાપ્ત સ્વૈચ્છિક ઇકો લેબલ એવોર્ડ

(A) 1 અને 2 યોગ્ય છે (B) 3 અને 4 યોગ્ય છે

(C) 2 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**3.** UNESCO દ્વારા સપ્ટેમ્બર 2021માં જાહેર કરાયેલા વિશ્વના પ્રથમ પાંચ દેશોના બાયોસ્ફિયર રિઝર્વ અંગે નીચેના ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1. 'મુરા-દ્રવા-ડેન્યૂબ'(Mura-Drava-Danube-MDD)ને વિશ્વનું પ્રથમ પાંચ દેશનું બાયોસ્ફિયર રિઝર્વ જાહેર

2. બાયોસ્ફિયરમાં સમાવિષ્ટ પાંચ દેશ - ઓસ્ટ્રિયા, સ્લોવેનિયા, ક્રોએશિયા, હંગેરી અને સર્બિયા

3. આ રિઝર્વનો કુલ વિસ્તાર એક મિલિયન હેક્ટર, જેને અન્ય રીતે રૂપે એમેઝોન ઓફ યુરોપ' તરીકે ઓળખાય છે

4. મુરા-દ્રવા ડેન્યૂબા (MDD) ક્ષેત્ર પ્રજાતિઓની વિવિધતાની દૃષ્ટિએ યુરોપના સૌથી ધનિક પ્રદેશોમાંનો એક

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે

(C) 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**4.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલ 'સિક્સ રેડ બોલ સ્નૂકર વર્લ્ડ કપ 2021' સંદર્ભે નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે

1. વિજેતા : ભારતીય સ્નૂકર શ્રી પંકજ અડવાણી

2.બિલિયડર્સ- સ્નૂકરમાં કારકિર્દીનું 24મુ વર્લ્ડ ટાઇટલ વિજેતા

3.ઉપવિજેતા:બાબર માસિહ, પાકિસ્તાન 4.યજમાન : દોહા, કતાર

(A) 1 અને 2 યોગ્ય છે (B) માત્ર 3 યોગ્ય છે

(C) માત્ર 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**5.** ગુજરાત સરકારે સપ્ટેમ્બર 2021માં ભારે વરસાદ અને પૂરથી અસરગ્રસ્ત કયા ત્રણ જિલ્લામાં અપાતી રાહતદરમાં રૂ.20 હજાર સુધી વધારો કરવાનો નિર્ણય કર્યો છે

(A) મોરબી, રાજકોટ અને અમરેલી

(B) બોટાદ, રાજકોટ અને ભાવનગર

**(C) જામનગર, રાજકોટ અને જૂનાગઢ**

(D) જામનગર, સુરેન્દ્રનગર અને પોરબંદર

**6.** રાજ્યમાં ભારે વરસાદ અને પૂર સહિતની કુદરતી આપત્તિ સમયે અસરગ્રસ્ત વિસ્તારના લોકોને કયા ફંડમાંથી રાહત અપાઈ છે

(A) સ્પેશિયલ ડિઝાસ્ટર રિલિફ ફંડ **(B) સ્ટેટ ડિઝાસ્ટર રિલિફ ફંડ**

(C) સુપર ડિસ્ટ્રિક્ટ રિલિફ ફંડ (D) સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ

**7.** કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં કોરોનામાં મૃત્યુ પામેલાના વારસને કેટલું આર્થિક વળતર ચૂકવાશે

(A) રૂ. 25,000 **(B) રૂ. 50,000**
(C) રૂ. 1,00,000 (D) રૂ. 2,00,000

**8.** ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત મહામારીમાં થયેલા મૃત્યુ માટે મૃતકનાં વારસને કેટલી આર્થિક સહાય ચૂકવવાની જોગવાઇ છે

(A) રૂ. 2 લાખ (B) રૂ. 3 લાખ
**(C) રૂ. 4 લાખ** (D) રૂ. 5 લાખ

**9.** તા. 22 સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ ADB દ્વારા ભારતીય અર્થતંત્રના ચાલુ નાણાકીય વર્ષનો વૃદ્ધિદરનો અંદાજ 11 ટકાથી ઘટાડીને કેટલા ટકા કરાયો

(A) 3 (B) 5 (C) 8 **(D) 10**

**10.** ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ કાયદાની સંરક્ષક સંસ્થા મેરિલબોન ક્રિકેટ ક્લબ દ્વારા ક્રિકેટમાં બેટિંગ કરતાં ખેલાડી માટે જાતિય સમાનતાની પહેલના હેતુથી કયો નવો શબ્દ પ્રયોગ કરવાની જાહેરાત કરી છે

(A) બેટર (B) બેટર્સ
**(C) A અને B બંને** (D) પૈકી એક પણ નહીં

**11.** તા.25 સપ્ટેમ્બર 2021થી રાષ્ટ્રીય મલખંભ સ્પર્ધા ક્યાં યોજાશે

**(A) ઉજ્જૈન (મધ્યપ્રદેશ)** (B) લખનઉ (ઉત્તરપ્રદેશ)
(C) ભોપાલ (મધ્યપ્રદેશ) (D) કાનપુર (ઉત્તરપ્રદેશ)

**12.** સપ્ટેમ્બર 2021માં ભારતના 61મા અને નાગાલેન્ડના પ્રથમ સોફ્ટવેર ટેક્નોલોજી પાર્કનો ક્યાં પ્રારંભ થયો

(A) ઈટાનગર (B) આઈઝોલ (C) દિસપુર **(D) કોહિમા**

**13.** નોબેલ પારિતોષિક વિજેતા ભારતીય કૈલાશ સત્યાર્થીને UN દ્વારા સપ્ટેમ્બર 2021માં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અંગે નવી જવાબદારી સોંપાઇ

(A) એડવાઈઝર **(B) એડવોકેટ** (C) મેન્ટર (D) PRO

**14.** 17 સપ્ટેમ્બરે ઉજવાતા વિશ્વ રોગી સુરક્ષા દિવસ 2021ની થીમ જણાવો

**(A) safe maternal and newborn care**
(B) Safety maternal and newborn care
(C) safe maternal and newborn child
(D) safe memorable and newborn care

**15.** 18 સપ્ટેમ્બરે ઉજવાતા વિશ્વ વાંસ દિવસ 2021ની થીમ જણાવો

(A) #PlanBamboo: It Is Time To Plan Bamboo
(B) #PlantBamboo: It Is Time To Plant tree
(C) #PleaseBamboo: It Is Time To Please Bamboo
**(D) #PlantBamboo: It Is Time To Plant Bamboo**

**16.** વર્લ્ડ રાઈનો ડે 22 સપ્ટેમ્બર 2021ની થીમ જણાવો

(A) Keep the Four Alive : સુમાત્રન રાઈનો, ગ્રેટર વન હોર્નડ રાઈનો, બ્લેક રાઈનો અને જવાન રાઈનો
(B) Know the Five Alive : સુમાત્રન રાઈનો, ગ્રેટર વન હોર્નડ રાઈનો, બ્લેક રાઈનો, જવાન રાઈનો અને સફેદ રાઈનો
**(C) Keep the Five Alive : સુમાત્રન રાઈનો, ગ્રેટર વન હોર્નડ રાઈનો, બ્લેક રાઈનો, જવાન રાઈનો અને સફેદ રાઈનો**
(D) Know the Four Alive : સુમાત્રન રાઈનો, ગ્રેટર વન હોર્નડ રાઈનો, બ્લેક રાઈનો અને જવાન રાઈનો

**17.** વિશ્વભરમાં કાર ફ્રી ડે ક્યારે ઉજવવામાં આવે છે

(A)25 સપ્ટેમ્બર (B)24સપ્ટેમ્બર
(C)23 સપ્ટેમ્બર **(D) 22 સપ્ટેમ્બર**

**18.** ખગોળ વિજ્ઞાન અનુસાર ક્યારે દિવસ અને રાત બંનેનો સમય એક સરખો હોય છે

(A)23 સપ્ટેમ્બર **(B) 22 સપ્ટેમ્બર**
(C)21 સપ્ટેમ્બર (D) 20 સપ્ટેમ્બર

**19.** દિવસ અને રાત બંનેના સમય એક સરખા હોય આ ઘટનાને ખગોળ શાસ્ત્રમાં ક્યા નામે ઓળખવામાં આવે છે

(A) સંપાત (B) પૂનમ **(C) શરદ સંપાત** (D) અમાસ

**20.**વર્લ્ડ રાઈનો ડે ક્યારે મનાવવામાં આવે છે

(A) 13 સપ્ટેમ્બર (B) 15 સપ્ટેમ્બર
(C)17 સપ્ટેમ્બર **(D) 22 સપ્ટેમ્બર**

## DATE : 23-09-2021

**1. ગુજરાત સરકાર - નિર્ણય :ગુજરાતમાં ગુટકા, તમાકુ કે નિકોટિનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ કે વિતરણ ઉપર તા. 09 સપ્ટેમ્બર-2021થી વધુ એક વર્ષનો પ્રતિબંધ**



- ✓ ગુજરાતમાં પ્રથમ પ્રતિબંધ : વર્ષ 2012થી

**2. સિદ્ધિ-ભારતમાં PMJAY-આયુષ્યમાન યોજનામાં શ્રેષ્ઠ કાર્ય બદલ GCRE કેન્સર હોસ્પિટલ દ્વિતીય ક્રમે :**
**પ્રથમ હોસ્પિટલ-ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ કોટ્ટાયમ-કેરલ**




- ✓ **સ્થાન :** સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ
- ✓ **કાર્યક્રમ :** આરોગ્ય મંથન 3.0
- ✓ PMJAY-આયુષ્યમાન યોજના અંતર્ગત ભારતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં બે કરોડથી વધુ દર્દીની વિનામૂલ્યે સારવાર
- ✓ કુલ ખર્ચ : રૂ. 26,400 કરોડ અને યોજનામાં જોડાયેલી હોસ્પિટલ : 24,000
- ✓ **યોજનાનો પ્રથમ પ્રારંભ : તા. 23-09-2018થી**
- ✓ સ્થાન : રાંચી, ઝારખંડ
- ✓ **માપદંડ :** દર્દીઓ માટે શ્રેષ્ઠ સારવારની ઉપલબ્ધતા ઝડપી રિસ્પોન્સ ટાઇમ એડવાન્સ ઉપકરણોના આધારે પસંદગી
- ✓ **જાહેરાત:** કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા

**3. નિધન : ગુજરાતના ભાષાવિદ-લેખક ડૉ. યોગેન્દ્ર વ્યાસ અને તેમના પત્નીએ સજોડે જીવન ટૂંકાવ્યું**




**ડૉ. વ્યાસનો પરિચય અને કારકિર્દી :**

- ✓ પ્રાધ્યાપકથી લઈ પ્રિન્સિપાલ અને ભાષા વિજ્ઞાન ભવનના વ્યાખ્યાતા
- ✓ 6 ઓક્ટોબર 1940માં અમદાવાદમાં જન્મેલા ડો. યોગેન્દ્ર વ્યાસે 1957માં એસએસસી, 1961માં ગુજરાતી,સંસ્કૃત વિષય સાથે બીએ, 1963માં ગુજરાતી અને ભાષાવિજ્ઞાન વિષયોમાં એમએ, 1969માં પીએચડી કર્યું હતું.
- ✓ 1963થી 1966 સુધી એમ.એમ. શાહ મહિલા કોલેજ, સુરેન્દ્રનગરમાં ગુજરાતીના પ્રાધ્યાપક અને પ્રિન્સિપાલ હતા.
- ✓ 1966થી 1968 સુધી સરસપુર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદમાં પ્રાધ્યાપક અને 1968-69માં ત્યાં જ આચાર્ય બન્યા.
- ✓ 1969થી 1980 સુધી ભાષા વિજ્ઞાનના વ્યાખ્યાતા. 1980થી ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનમાં ભાષા વિજ્ઞાનના રીડર રહી ચૂક્યા છે.
- ✓ ડો. યોગેન્દ્ર વ્યાસના અનેક શિષ્યો ડોક્ટર, IAS અને IPS બન્યા છે તેમ જ વિદેશના વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા શીખવાડી ચૂક્યા છે.

**વિદાય લેતા પહેલાં સમાજને હૃદયસ્પર્શી સંદેશો :**

- ✓ 'પૃથ્વીના તખ્તા પર બધી ભૂમિકાઓ દિલપૂર્વક યથા મતિશક્તિ ભજવી લીધી હવે નકામી ભીડ શાને કરવી ?'
- ✓ અત્યારે અમે પારિવારિક, સામાજિક, આર્થિક રીતે સુખ- સમૃદ્ધિના શિખરે છીએ. સંતાનો સદ્‌ગુણી, સંસ્કારી, સેવાપરાયણ છે છતાં લાંબા સમયથી 'મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી, અવધ (Visitor Visaની) આપણી થઇ પૂરી'. એમ Expiry dateનો અનુભવ થાય છે.
- ✓ પૌષ્ટિક ખોરાક, સારી ઊંઘ, વિટામિનો-દવા, યોગાસનો, પ્રાણાયમ, નિયમિત ત્રણ કિલોમીટર ચાલવું તથા ફિટ રહેવા ફાંફાં મારીએ છીએ, છતાં પત્નીને બીપી, મને આઇ.બી.એસ., પ્રોસ્ટેટ, દમ, બહેરાશ, આંખે ઝાંખપ, ફ્રેક્ચર પછી પગમાં રાખેલી પ્લેટ દસકાઓથી પજવે છે. - ઉત્તરોત્તર પજવણી અસહ થતી જાય છે, હજુ ખેંચ્યા કરવાનું કરવાનું શું કારણ!
- ✓ આ પૃથ્વીના તખ્તા ઉપર ભજવવાની બધી ભૂમિકાઓ દિલપૂર્વક યથા મતિશક્તિ ભજવી લીધી. હવે તખ્તા ઉપર નકામી ભીડ શાને કરવી? વળી એ માટે હજુ પેન્શન લેવું એ દેશ પર બોજો. એટલે તો એંસી પૂરાં થતાં વીસ ટકા વધારાનો લાભ પણ ન લીધો. હજુ પરિવાર, સમાજને ગળે ટીંગાઇ રહેવું એમાં આપણી શી શોભા? ' છે એમાં આપણી શોભા, કે વેળાસર જતાં રહીએ' અને લીલી વાડી મૂકીને જ નહીં, ભોગવીને જઇએ છીએ.
- ✓ 'શું શું નથી પામ્યાં અહીં સર્વના સદભાવનું સદભાગ્ય મળ્યું. નતમસ્તક આભાર. મારા પુત્ર, પુત્રવધૂ, પૌત્રી કે કોઇનીય કશી પૂછપરછ કરી પજવણી કરવી નહીં'. બેસણું, શોકસભા, ક્રિયાકાંડ કશાની જરૂર નથી. દેહદાન નહીં તો ઈલેક્ટ્રિક ભઠ્ઠી.
- ✓ પાંડવો હિમાલય ગાળવા ગયેલા. શ્રીરામજીએ સરયૂ નદીના નીરમાં સ્વયંને જાત અર્પણ કરેલી એમ અમેય વસતિ નિયંત્રણ માટે જરૂરી અને શાસ્ત્રમાં સમર્થિત નર્મદા મૈયાના નીરમાં જલસમાધિ લઇએ છીએ, એને આત્મહત્યા ગણી નિંદા-ટીકા કરી શકો પણ મીડિયામાં વ્યાપક રીતે જાહેર ચર્ચા પણ જરૂર કરવી.

**4. સંરક્ષણ મંત્રાલય - ભારત સરકાર**

**ભારતીય સેના માટે રૂ. 7523 કરોડના ખર્ચે 118 અર્જુન ટેન્ક ખરીદવાની જાહેરાત**




**MBTMK-1A અર્જુન ટેન્ક વિશે :**

- ✓ એમબીટી એમકે-1એ અર્જુન ટેન્કનું નવું મોડેલ છે. જેમાં 72 નવી વિશેષતાઓ અને એમકે-1 મોડેલ કરતા વધારે સ્વદેશી ઉપકરણો છે.
- ✓ આ ટેન્ક દિવસ અને રાતના સમયે લક્ષ્યાંકને વિંધ્વાની સાથે તમામ પ્રકારના વિસ્તારોમાં સહજ ગતિશિલતા સુનિશ્ચિત કરશે.
- ✓ આ ટેન્ક ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) દ્વારા ડિઝાઇન વિકસિત કરવામાં આવી.

**ટેન્ક બનાવનાર સંસ્થા :**

- ✓ સંરક્ષણ મંત્રાલયે ઇન્ડિયન આર્મી માટે 118 મેઇન બેટલ ટેન્ક (MBT) અર્જુન ખરીદવા માટે હેવી વ્હિકલ્સ ફેક્ટરી (એચવીએફ), અવાડી, ચેન્નાઇને ઓર્ડર આપ્યો.

**આત્મનિર્ભરતાની દિશામાં મહત્વનુ પગલું :**

- ✓ આ ઓર્ડરથી સંરક્ષણ ક્ષેત્રમાં મેક ઇન ઇન્ડિયા પહેલને વેગ મળશે અને આ આત્મનિર્ભર ભારતની દિશામાં એક મોટું પગલું ગણાશે.

**રોજગારીની તકો :**

- ✓ હેવી વ્હીકલ ફેક્ટરીને મળેલા આ ઓર્ડરથી MSME સહિત 200થી વધુ ભારતીય કંપનીઓ માટે સંરક્ષણ નિર્માણમાં એક મોટી તક ઉપલબ્ધ બનશે અને 8000 લોકોને રોજગારીની તકો ઉપલબ્ધ બનશે.
- ✓ **MBT : મેઇન બેટલ ટેન્ક**

**5. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી USA મુલાકાતે : પ્રવાસનું પ્રથમ ચરણ વડાપ્રધાન શ્રી મોદી દ્વારા USના ટોપના 5 CEOને ભારતમાં 5G, સ્માર્ટ એજ્યુકેશન અને સોલાર એનર્જીમાં રોકાણ કરવા આમંત્રણ : બેઠક યોજાઇ**



- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ ચરણમાં પાંચ અલગ અલગ સેક્ટરની અગ્રણી અમેરિકન કંપનીઓના સીઇઓ સાથે મુલાકાત કરી હતી.

**(1) બ્લેકસ્ટોનના સીઇઓ સ્ટિફન શ્વાર્ઝમેન**

**(2) એડોબના શાંતનુ નારાયણ**

**(3) ક્વાલકોમના ક્રિસ્ટિયાનો એમોન**

**(4) જનરલ એટોમિક્સના વિવેક લાલ**

**(5) ફર્સ્ટ સોલારના માર્ક વિડમાર**

વડાપ્રધાન શ્રી મોદીના અધ્યક્ષસ્થાને તા. 23 ઓગસ્ટ 2021ના રોજ USમા યોજાયેલા વિવિધ કાર્યક્રમો :

- ✓ સાંજે 7:10 કલાકે ક્વાલકૉમસ એડોબ, ફર્સ્ટ સોલાર, જનરલ એટોમિક્સ અને બ્લેકસ્ટોનના સીઇઓ સાથે મુલાકાત
- ✓ રાત્રે 11:00 કલાકે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સ્કોટ મોરિસ સાથે દ્વિપક્ષીય મુલાકાત
- ✓ રાત્રે 12:45 કલાકે અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ સાથે દ્વિપક્ષીય મુલાકાત
- ✓ પરોઢિયે 3:00 કલાકે જાપાનના વડાપ્રધાન યોશિહિડે સુગા સાથે દ્વિપક્ષીય મુલાકાત (ભારતીય સમય પ્રમાણે)

## 6. WHO : એર ક્વૉલિટી ગાઈડલાઈનમાં 2005 બાદ પહેલીવાર સુધારો કરાયો

**વાયુ પ્રદુષણ અંગે મહત્વના તારણો :**

- ✓ વાયુ પ્રદૂષણથી દર વર્ષે વિશ્વભરમાં 70 લાખ લોકોના મૃત્યુ




- ✓ 17 ગણા પ્રદૂષણ સાથે દિલ્હી ભારત અને એશિયામાં સૌથી વધારે પ્રદૂષિત શહેર
- ✓ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO)ના અહેવાલ મુજબ વાયુ પ્રદૂષણથી દુનિયાભરમાં 70 લાખ લોકોનાં મોત થાય છે.
- ✓ નવી પરિભાષા મુજબ વર્ષના મોટાભાગના સમયગાળા દરમિયાન સમગ્ર ભારત પ્રદૂષણમાં જીવી રહ્યું છે.
- ✓ 90 ટકા વિશ્વ પ્રદૂષિત હવાને શ્વાસમાં લે છે.
- ✓ અગાઉ 24 કલાકના સમયગાળામાં 25 માઇક્રોગ્રામ પ્રતિ ક્યૂબિક મીટર PM 2.5ને સુરક્ષિત માનવામાં આવતું હતું, WHOએ હવે જણાવ્યું છે કે 15 માઇક્રોગ્રામથી વધુનું કન્સન્ટ્રેશન સુરક્ષિત નથી. આ પ્રમાણે PM10ના માપદંડને 50 માઇક્રોગ્રામથી ઘટાડીને 45 કરવામાં આવ્યું છે.

## 7. ઓસ્ટ્રેલિયા : પરમાણુ સબમરીન ધરાવતો વિશ્વનો 7મો દેશ




**અન્ય વિગતો :**

- ✓ એશિયામાં ચીનની શક્તિને નિયંત્રિત કરવા માટે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને બ્રિટને ફ્રોક્સ સમજૂતિ કરી છે.
- ✓ અમેરિકા-ઓસ્ટ્રેલિયા વચ્ચે પરમાણુ સબમરિન માટે 50 અબજ ડોલરનો સોદો થયો છે.

**સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ પરમાણુ સબમરીન ધરાવતા 7 દેશ**

યુનાઇટેડ કિંગ્ડમ, US, ચીન, રશિયા, ભારત, ફ્રાંસ, ઓસ્ટ્રેલિયા (સપ્ટેમ્બર 2021)

## 8. દિન વિશેષ : 23 સપ્ટેમ્બર : "આયુષ્માન ભારત દિવસ"




- ✓ "PMJAY-MA" યોજનાના સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ, ચોથા વર્ષમાં પ્રવેશ
- ✓ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા ગ્રીન કોરિડોર વ્યવસ્થાનું લોકાર્પણ અને "આપકે દ્વાર આયુષ્માન" ઝુંબેશનો શુભારંભ

**ગ્રીન કોરિડોર વ્યવસ્થા :**

- ✓ ગ્રીન કોરિડોર વ્યવસ્થા અંતર્ગત યોજનાના લાભાર્થીઓને સરકારી હોસ્પિટલોમાં ત્વરિત સારવાર મળશે
- ✓ લાભાર્થીઓ જિલ્લા સરકારી હોસ્પિટલ, SDH, સા.આ.કેન્દ્ર, સંલગ્ન ખાનગી હોસ્પિટલ, (n)Code, CSC, UTI- ITSL, E-Gram પરથી વિનામૂલ્યે કાર્ડ મેળવી શકશે
- ✓ 1872 સરકારી અને 610 ખાનગી એમ કુલ 2,482 હોસ્પિટલોમાં હૃદયરોગ, કેન્સર, કિડની, આકસ્મિક સારવાર, ડિલીવરી, ન્યુરો સર્જરી જેવી ગંભીર બીમારીઓની સારવાર
- ✓ **આરોગ્ય કવચ :** કુટુંબ દીઠ વાર્ષિક રૂ. પાંચ લાખ સુધીનું આરોગ્ય કવચ

**અત્યાર સુધી કુલ લાભાર્થી :**

- ✓ અત્યાર સુધીમાં 38.74 લાખ લાભાર્થીઓ માટે રૂપિયા 5,859 કરોડનો ખર્ચ
- ✓ **ખાસ :** હવે કુટુંબના દરેક સભ્યને "PMJAY-MA" કાર્ડ મળશે
- ✓ **વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર : 1800-233-1022 અથવા 14555**

## 9. જન્મ દિન વિશેષ : 23 સપ્ટેમ્બર : જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહની 126મી જન્મ જયંતિ

- ✓ જન્મ : તા. 23/09/1985
- ✓ અવસાન : 26/04/1961



વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (23-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં WHOના એર ક્વોલિટી ગાઇડલાઇનમાં કરાયેલા સુધારા અંગે નીચેના પૈકી કઇ બાબત/બાબતોનો સમાવેશ થાય છે

1. વર્ષ 2005 બાદ પહેલીવાર એર ક્વોલિટી ગાઇડલાઇનમાં સુધારો કરાયો
2. અહેવાલ મુજબ 17 ગણા પ્રદૂષણ સાથે દિલ્હી ભારત અને એશિયામાં સૌથી વધારે પ્રદૂષિત શહેર
3. અહેવાલ મુજબ વાયુ પ્રદૂષણથી દુનિયાભરમાં 70 લાખ લોકોનાં મોત થાય છે

4. ગાઈડલાઈન મુજબ 24 કલાકના સમયગાળામાં 15 માઇક્રોગ્રામથી વધુનું કન્સન્ટ્રેશન સુરક્ષિત નથી

5. ગાઈડલાઈન પ્રમાણે PM10ના માપદંડને 50 માઇક્રોગ્રામથી ઘટાડીને 45 કરવામાં આવ્યું

(A) 1 અને 5 (B) 1 2 અને 5 (C) 2 3 અને 4 **(D) 1 2 3 4 અને 5**

**2.** તા.23 સપ્ટેમ્બર-2021ની સ્થિતિએ ભારતમાં PMJAY-આયુષ્યમાન યોજનામાં શ્રેષ્ઠ કાર્ય બદલ નીચેનામાંથી કઈ બાબતો યોગ્ય છે

1. આરોગ્ય મંથન 3.0 કાર્યક્રમ અંતર્ગત શ્રેષ્ઠ હોસ્પિટલ જાહેર
2. પ્રથમ હોસ્પિટલ-ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ કોટ્ટાયમ-કેરલ
3. દ્વિતીય હોસ્પિટલ - GCRE કેન્સર હોસ્પિટલ-અમદાવાદ

(A) માત્ર 1 (B) માત્ર 2 (C) માત્ર 3 **(D) 1 2 અને 3**

**3.** ભારતમાં PMJAY-આયુષ્યમાન યોજનાના ત્રણ વર્ષ થવા નિમિતે નીચેના પૈકી ક્યા વિધાનો યોગ્ય છે

1. યોજનાનો પ્રથમ પ્રારંભ : તા. 23-09-2018
2. સ્થાન : રાંચી, ઝારખંડ
3. ભારતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં બે કરોડથી વધુ દર્દીની વિનામૂલ્યે સારવાર
4. યોજના હેઠળ સારવાર આપતી હોસ્પિટલ : 24,000

(A) 1 અને 3 યોગ્ય છે (B) 2 અને 3 યોગ્ય છે
(C) 1 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**4.** સપ્ટેમ્બર-2021માં સંરક્ષણ મંત્રાલય દ્વારા ભારતીય સેનામાં 118 ટેન્ક ખરીદવાની જાહેરાત અંગે કયા વિધાન/વિધાનો બંધબેસે છે

1. ભારતીય સેના માટે રૂ. 7523 કરોડના ખર્ચે ટેન્કોની ખરીદી કરાશે
2. 118 MBTMK-1A અર્જુન ટેન્ક ખરીદાશે
3. અર્જુન ટેન્ક DRDO દ્વારા ડિઝાઇન વિકસિત કરવામાં આવી
4. હેવી વ્હિકલ્સ ફેક્ટરી (એચવીએફ), અવાડી, ચેન્નાઇ પાસેથી અર્જૂન ટેન્ક ખરીદાશે

(A) 3 અને 4 (B) 1 (C) 2 **(D) 1 2 3 અને 4**

**5.** ગુજરાતમાં ગુટકા, તમાકુ કે નિકોટિનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ કે વિતરણ ઉપર કઈ તારીખથી એક વર્ષ માટે પ્રતિબંધ મૂકાયો -

(A) તા. 01 ઓક્ટોબર-2021 (B) તા. 02 ઓક્ટોબર-2021
(C) તા. 02 સપ્ટેમ્બર-2021 **(D) તા. 09 સપ્ટેમ્બર-2021**

**6.** ગુજરાતમાં સૌપ્રથમ ક્યા વર્ષે ગુટકા, તમાકુ કે નિકોટિનયુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ કે વિતરણ ઉપર પ્રતિબંધ મૂકાયો હતો

**(A) વર્ષ 2012** (B) વર્ષ 2013 (C) વર્ષ 2014 (D) વર્ષ 2015

**7.** તા. 23 સપ્ટેમ્બર-2021ના રોજ અવસાન પામનારા પ્રોફેસર ડૉ. યોગેન્દ્ર વ્યાસનું ક્ષેત્ર જણાવો

(A) ગુજરાતી સુગમ સંગીત (B) ગુજરાતી રમત ખેલાડી
**(C) ગુજરાતી ભાષાવિદ-લેખક** (D) ગુજરાતી ચિત્રકાર

**8.** તા. 23 સપ્ટેમ્બર-2021ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના USA મુલાકાતના પ્રથમ ચરણમાં USના ટોપના ક્યા CEOને ભારતમાં 5G, સ્માર્ટ એજ્યુકેશન અને સોલાર એનર્જી સહિતના ક્ષેત્રોમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું છે

(A) બ્લેકસ્ટોનના સીઇઓ સ્ટિફન શ્વાર્ઝમેન તથા એડોબના શાંતનુ નારાયણ

(B) ક્વાલકોમના ક્રિસ્ટિયાનો એમોન તથા જનરલ એટોમિક્સના વિવેક લાલ

(C) ફર્સ્ટ સોલારના માર્ક વિડમાર

**(D) આપેલ પૈકી તમામ**

**9.**સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ પરમાણુ સબમરીન ધરાવતા દેશમાં ક્યા-ક્યા દેશોનો સમાવેશ થાય છે

(A) યુનાઇટેડ કિંગ્ડમ તથા US
(B) ચીન તથા રશિયા
(C) ભારત, ફ્રાંસ તથા ઓસ્ટ્રેલિયા (સપ્ટેમ્બર 2021)
**(D) આપેલ પૈકી તમામ**

**10.** "PMJAY-MA" યોજનાના સફળતાપૂર્વક ત્રણ વર્ષ પૂર્ણ અને ચોથા વર્ષમાં પ્રવેશ નિમિતે ગુજરાતના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ દ્વારા ગ્રીન કોરિડોર વ્યવસ્થાના લોકાર્પણ અને "આપકે દ્વાર આયુષ્માન" ઝુંબેશનો શુભારંભ ક્યાંથી કરાયો

(A) સિવિલ હોસ્પિટલ, મહેસાણા **(B) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ**
(C) સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર (D) સિવિલ હોસ્પિટલ, વડોદરા

**11.** PMJAY-MA- આયુષ્યમાન યોજના અંતર્ગત કુટુંબ દીઠ વાર્ષિક કેટલા લાખ સુધીનું આરોગ્ય કવચ આપવામાં આવે છે

(A) રૂ. 3 લાખ (B) રૂ. 4 લાખ **(C) રૂ. 5 લાખ** (D) રૂ. 6 લાખ

**12.** PMJAY-MA- આયુષ્યમાન યોજના માટે ભારત સરકારે જાહેર કરેલો ટોલ ફ્રી નંબર જણાવો

(A) 1800-233-1022 (B) 14555
**(C) A અને B બંને** (D) એક પણ નહીં

**13.** જમ્મુ-કાશ્મીરના પૂર્વ મહારાજા હરિસિંહનો જન્મ દિવસ જણાવો

(A) તા.23/09/1975 (B) તા.23/09/1981
**(C) તા.23/09/1985** (D) તા.23/09/1989

**14.** તા. 23મી સપ્ટેમ્બર-2021ના રોજ જમ્મુ-કાશ્મીરના પુર્વ રાજા મહારાજા હરિસિંહની કેટલામી જન્મ જયંતિ મનાવવામાં આવી

(A) 119મી (B) 122મી **(C) 126મી** (D) 125મી

**DATE : 24-09-2021**

**1. UPSC 2020 : પ્રથમવાર ગુજરાતી વિદ્યાર્થી કાર્તિક નાગજીભાઈ જીવાણી સમગ્ર ભારતમાં આઠમા ક્રમે**

✓ ગુજરાતમાંથી કુલ 14 યુવાનો સફળ થયા

**વિગત :**

✓ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-UPSCના ઈતિહાસમાં પહેલીવાર ગુજરાતી યુવાન ટોપ-10માં આવ્યો છે. UPSCએ જાહેર કરેલા સફળ IAS, IPS સહિતના કેન્દ્રીય કેડરો માટે 761 સફળ ઉમેદવારની યાદીમાં સુરતના કાર્તિક નાગજીભાઈ જીવાણી આઠમા ક્રમે આવ્યા.

✓ વર્ષ 2020ની UPSCમાં ભારતમાં 761 સફળ યુવાનોમાંથી આઠમા રેન્ક ઉપર આવેલા સુરતના આ પાટીદાર યુવાન કાર્તિક જીવાણી એક વર્ષ પૂર્વે 84માં રેન્ક ઉપર હતા, તે પહેલાં વર્ષ 2018માં તેમણે 94મો રેન્ક મેળવ્યો હતો. વર્ષ 2017માં નિષ્ફળ રહેલા કાર્તિક જીવાણીનું એક વર્ષ પહેલા IPS કેડરમાં સિલેક્શન થતા હાલમાં

તેઓ હૈદરાબાદ ખાતે ટ્રેનિંગ હેઠળ છે. હવે તેઓ ટોપ-10માં આવતા તેમને IAS માટેની ચોઈસ મળી શકશે.




- ✓ UPSCમાં સફળ થયેલા 14 ગુજરાતીઓમાંથી 13 સ્પીપા-અમદાવાદના ઉમેદવારો છે.
- ✓ ગુજરાતીમાંથી UPSC ક્રેક કરનારા યુવાનોમાં હજી પણ ગુજરાતી ભાષા અને સાહિત્યને મુખ્ય વિષય તરીકે લેવાનું ચલણ યથાવત છે. 13 પૈકી ચાર સફળ યુવાનોનો મુખ્ય વિષય ગુજરાતી સાહિત્ય રહ્યો છે. જ્યારે ત્રણનો પોલિટિકલ સાયન્સ અને ઈન્ટરનેશનલ સાયન્સ રહ્યો છે.

**2. ફ્લેક્સી ફ્યૂઅલ વાહનો : કેન્દ્ર સરકાર**

**ભારતમાં આગામી સમયમાં એકથી વધુ ઈંધણથી ચાલતા વાહનો ફરજિયાત કરાશે**




**યોજનાની વિગતો :**

- ✓ સરકારની આ યોજનાના ભાગરૂપે ઓટો ઉત્પાદકોએ હવે એક કરતા વધુ ઈંધણથી ચાલતા વાહનો બનાવવા પડશે. આ માટે કાર તેમજ અન્ય વાહનોનાં એન્જિનમાં મોટાપાયે જરૂરી સુધારા વધારા કરવા પડશે.
- ✓ **ફ્લેક્સી ફ્યૂઅલમાં બાયો ઈંધણ ઉપરાંત અન્ય ઈંધણને પ્રાધાન્ય અપાશે.**
- ✓ જે મુજબ તમામ ઓટો ઉત્પાદકોએ ફ્લેક્સી ફ્યૂઅલ વાહનોનું ફરજિયાતપણે ઉત્પાદન કરવાનું રહેશે.

**શું છે ફ્લેક્સી ફ્યૂઅલ એન્જિન :**

- ✓ ફ્લેક્સી ફ્યૂઅલ એન્જિન એ સામાન્ય ઈન્ટરનલ કમ્બક્શન એન્જિન જેવું એન્જિન હોય છે. જેમાં વાહનો એક કે એક કરતા વધુ ઈંધણથી ચાલી શકે છે.
- ✓ કેટલાક કિસ્સામાં ઈંધણમાં અન્ય ઈંધણનું મિશ્રણ કરાય છે. સામાન્ય રીતે કહીએ તો પેટ્રોલમાં ઈથેનોલ કે મિથેનોલનું મિશ્રણ કરાય છે તેવી રીતે આમાં કોઈ ઈંધણનું મિશ્રણ કરી શકાય છે.
- ✓ એન્જિનમાં ઈંધણ મિશ્રણ સેન્સરનો ઉપયોગ કરાય છે. જે ઈંધણનાં પ્રમાણ મુજબ એડજસ્ટ થાય છે.
- ✓ **મંત્રાલય : માર્ગ અને પરિવહન**
- ✓ **મંત્રી : શ્રી નીતિન ગડકરી**

**3. કેન્દ્ર સરકાર : ભારતીય હવાઇદળ માટે ટ્રાન્સપોર્ટ C-295 મિલિટરી વિમાનોની ખરીદી કરવા તાતા એડવાન્સ્ડ સિસ્ટમ્સ અને સ્પેનની એરબસ ડિફેન્સ વચ્ચે રૂ.22,000 કરોડનો શસ્ત્ર કરાર**




**કરારની વિગતો :**

- ✓ તાતા એડવાન્સ્ડ સિસ્ટમ અને એરબસ ડિફેન્સ સાથે મળીને ઇન્ડિયન એરફોર્સ માટે 56 સી-295 મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાનનું ઉત્પાદન કરશે. રૂપિયા 22,000 કરોડના આ સોદા અંતર્ગત એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ અને તાતા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ આગામી 10 વર્ષમાં કુલ 56માંથી 40 વિમાનનું ભારતમાં નિર્માણ કરશે જ્યારે 16 વિમાનની આગામી 48 મહિનામાં એરબસ દ્વારા એરફોર્સને સીધી ડિલિવરી કરાશે.
- ✓ C-295 વિમાન મિલિટરી હેતુઓના પરિવહન માટે વપરાતું અત્યાધુનિક વિમાન છે. એરબસ અને તાતા દ્વારા નિર્મિત C-295 મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાનો ઇન્ડિયન એરફોર્સના એવરો-748 વિમાનોનું સ્થાન લેશે.

**મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાન C-295ની વિશેષતાઓ :**

- ✓ 2,000 કિમી સુધી ઉડાન ભરી શકે 6 ટન વજન વહન કરવાની ક્ષમતા સતત 11 કલાક ઉડાન ભરવાની ક્ષમતા એકસાથે 71 જવાન, 50 પેરાટ્રુપર્સ અને પાંચ પેલેટ લઇ જવાની ક્ષમતા
- ✓ તમામ પ્રકારના હવામાનમાં વિવિધ પ્રકારની ભૂમિકા ભજવવામાં સક્ષમ નાઇટ કોમ્બેટ મિશનોમાં પણ સફળ ભૂમિકા ભજવી શકે છે.

**4. કેન્દ્ર સરકાર : ભારતમાં વર્ષ 2025 સુધીમાં પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મિશ્રણ કરવાનુ લક્ષ્યાંક**




**વર્તમાન સ્થિતિ :**

- ✓ કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન હરદીપસિંઘ પુરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર દેશને ઊર્જાની જરુરિયાતના ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેના ભાગરૂપે વર્ષ 2025 સુધીમાં પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ 20 ટકા સુધી લઈ જવા પર કામ ચાલી રહ્યું છે.
- ✓ હાલમાં પેટ્રોલમાં નવ ટકા ઇથેનોલ મિશ્રણનું લક્ષ્યાંક હાંસલ કરી લેવાયું છે. દેશની ઊર્જા સલામતી માટે ઇથેનોલના મિશ્રણને વેગ આપવો તાકીદની માંગ છે.
- ✓ ભારત તેની કુલ ઇંધણ જરુરિયાતના 85 ટકાની વાર્ષિક આયાત કરે છે, જેનું મૂલ્ય 12 લાખ કરોડથી પણ વધારે થાય છે.
- ✓ કેન્દ્રએ પહેલા વર્ષ 2030 સુધીમાં ઇથેનોલનું મિશ્રણ 20 ટકાએ લઈ જવાનો અંદાજ મૂક્યો હતો અને હવે તે સુધારીને 2021 સુધીમાં તે આ સ્તરે ઇથેનોલ બ્લેન્ડિંગ લઈ જવાનો લક્ષ્યાંક ધરાવે છે.
- ✓ દેશમાં નેચરલ ગેસના શારકામ અને ઉત્પાદનને સરકાર ટોચની અગ્રતા આપી રહી છે. સરકાર ગેસના ઉત્પાદનને વેગ આપવા સ્થાનિકની સાથે વિદેશી રોકાણને આકર્ષવા પ્રયત્ન કરી રહી છે.

**જૈવિક ઇંધણ :**

- ✓ જૈવિક ઇંધણ માટે મોટાપાયા પર ફાર્મિંગ કરવામાં આવતા તેના લીધે દેશની ફૂડ સિક્યોરિટી પર અસર નહી પડે
- ✓ કૃષિ પેદાશોના વેસ્ટનો ઉપયોગ કરવા પર મીટ માંડી રહ્યા છીએ અને ઉત્તર-પૂર્વમાં તો બામ્બૂનો પણ ઇથેનોલ તરીકે ઉપયોગ કરી શકાય છે.

## 5. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો USA પ્રવાસનો બીજો દિવસ : તા. 24/09/2021

**વિવિધ કાર્યક્રમો :**

- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી-US પ્રમુખ જો બાઇડેન વચ્ચે વ્હાઇટ હાઉસ ખાતે દ્વિપક્ષીય મુલાકાત
- ✓ પ્રથમ ઇન પર્સન દ્વિપક્ષીય મુલાકાત



**ચર્ચાના મુખ્ય વિષયો :**

- ✓ કોરોના મહામારી સામે લડાઇ, ક્લાઈમેટ ચેન્જ, આર્થિક સહકાર, ટેકનોલોજી વગેરે
- ✓ **જો બાઇડેન :** 40 લાખ ભારતીય મૂળના અમેરિકનો અમેરિકાને વધુ મજબૂત બનાવી રહ્યા છે
- ✓ વિશ્વની બે સૌથી મોટી લોકશાહી વચ્ચેના સુદ્રઢ નિકટવર્તી અને સજ્જડ સંબંધો નિર્ધારિત મંઝિલ ધરાવે છે

**PM શ્રી નરેન્દ્ર મોદીનું નિવેદન :**

- ✓ 21મી સદીના ત્રીજા દાયકાના પ્રથમ વર્ષમાં આપણે જે બી વાવી રહ્યાં છીએ તેનાથી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. આ ગાઢ સંબંધો સમગ્ર વિશ્વમાં લોકશાહીઓ માટે પરિવર્તનશીલ પુરવાર થશે.

**કમલા હેરિસન :**

- ✓ PM નરેન્દ્ર મોદીની US ઉપપ્રમુખ કમલા હેરિસન સાથે બેઠક



- ✓ કમલા હેરિસનને ભારત આવવાનું મોદીનું આમંત્રણ
- ✓ એક કલાક ચાલેલી આ મુલાકાતમાં કમલા હેરિસે પાકિસ્તાનને તેની ધરતી પર સક્રિય આતંકવાદી સંગઠનો સામે પગલાં લેવા ચીમકી આપી હતી. કમલા હેરિસે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે પાકિસ્તાનમાં સક્રિય આતંકવાદી સંગઠનો ભારત અને અમેરિકાની સુરક્ષા માટે ધમકીરૂપ બનવા જોઇએ નહીં.
- ✓ ભારત અને અમેરિકાને કુદરતી મિત્રો ગણાવતા વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા સમાન મૂલ્યો અને સમાન ભૂભૌગોલિક હિતો ધરાવે છે. ભારત અને અમેરિકા વિશ્વની સૌથી મોટી અને જૂની લોકશાહીઓ છે. બંને દેશો વચ્ચે સંકલન અને સહકારમાં સતત વધારો થઇ રહ્યો છે. બંને દેશ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો ગાઢ બની રહ્યાં છે.
- ✓ બેઠકમાં બંને નેતા વચ્ચે લોકશાહી સામેના પડકારો, અફઘાનિસ્તાન અને ઇન્ડો પેસિફિક સહિત ભારત અને અમેરિકા માટે સમાન હિત ધરાવતા વૈશ્વિક મુદ્દા પર ચર્ચા.

**PM શ્રી નરેન્દ્ર મોદીની વિવિધ વડાઓએ આપેલી ભેટ**

- ✓ પીએમ મોદીએ US ઉપપ્રમુખ કમલા હેરિસને વૂડન હેન્ડિક્રાફ્ટમાં મઢેલા તેમના દાદા પી. વી. ગોપાલનને લગતા ગેઝેટ ઓફ ઇન્ડિયામાં જાહેર થયેલા જૂના જાહેરનામા તેમજ ગુલાબી મીનાકારી કરેલો શતરંજનો સેટ ભેટમાં આપ્યો હતો.
- ✓ ઓસ્ટ્રેલિયાના પીએમને મીનાકારીવાળો મોર અને જાપાની પીએમને ચંદનના લાકડાંમાં કોતરેલા બુદ્ધની પ્રતિમા ભેટ આપી હતી.

## 6. PM શ્રી મોદીનો USAનો સાતમો સત્તાવાર પ્રવાસ




**2014માં** વડા પ્રધાન તરીકે મોદી પહેલીવાર અમેરિકાની સત્તાવાર મુલાકાતે ગયા હતા.

- ✓ **2015ના** પ્રવાસમાં તેમણે અમેરિકી કંપનીઓના સંખ્યાબંધ સીઇઓ સાથે મુલાકાત કરી હતી.
- ✓ **વર્ષ 2016માં** પીએમ મોદી બે વાર અમેરિકા ગયા હતા. પરમાણુ સુરક્ષા સમિટમાં ભાગ લીધા બાદ જૂનમાં તેમણે અમેરિકી સંસદને સંબોધન કર્યું હતું.
- ✓ **2017માં** ટ્રમ્પ સાથે મુલાકાત થઇ અને વ્હાઇટ હાઉસમાં મોદીના માનમાં ભોજન સમારોહ પણ યોજાયો હતો.
- ✓ **2019માં** પીએમ મોદી હાઉડી મોદી કાર્યક્રમમાં સામેલ થવા અમેરિકા ગયા હતા.
- ✓ **વર્ષ 2021માં** હવે સાતમી વાર પીએમ મોદી અમેરિકાના પ્રવાસે છે. આ પ્રવાસ દરમિયાન બન્ને દેશ વચ્ચેનાં સબંધ વધુ મજબૂત બનશે.

## 7. દિન વિશેષ : 24 સપ્ટેમ્બર : વિશ્વ દરિયાઈ દિવસ

- ✓ **થીમ 2021 : "Seafarers: at the core of shipping's future"**
- ✓ દરિયાઇ પરિવહને વિશ્વ વ્યાપારના 80 ટકાથી વધુ લોકો અને સમગ્ર વિશ્વમાં સમુદાયમાં પરિવહન કરે છે.




## 8. જન્મ દિન વિશેષ : 24 સપ્ટેમ્બર આઝાદીનું ગુલાબી સોણલું-મેડમ કામા

**જન્મ : 24 સપ્ટેમ્બર-1861, અવસાન : 13 ઓગષ્ટ-1936**




- ✓ **<u>મેડમ કામાનું આખુ નામ : ભીખાઈજી રૂસ્તમજી કામા</u>** અને <u>જન્મ મુંબઈના અત્યંત ધનાઢ્ય પારસી પરિવાર</u>માં થયો હતો.
- ✓ પિતા સોરાબજી ફરામજી પારસી કોમમાં વગદાર વ્યક્તિ હતા.
- ✓ 1885માં લગ્ન થયા પણ પછી વૈવાહિક જીવનમાં વ્યસ્ત રહેવાના સ્થાને સામાજિક-રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં આગળ વધ્યા જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું.
- ✓ ચેપી રોગચાળો, દુષ્કાળો અને આર્થિક મંદીએ કામાને રાજનીતિના માર્ગે વાળ્યા.
- ✓ <u>1896માં મુંબઇ ઇલાકામાં ભયંકર પ્લેગ ફેલાયો ત્યારે જીવના જોખમે ભીખાઈજીએ અસરગ્રસ્તોની સેવા કરી હતી.</u> દરમિયાન ખુદ પ્લેગમાં સપડાયાં, વધુ સારી સારવાર માટે લંડન ગયા, જ્યાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કામા કરતા ભારતીયોના સંપર્કમાં આવ્યા.
- ✓ ઓગસ્ટ 1907માં સ્ટૂટગાર્ડ(જર્મની)માં ભારતનો ત્રિરંગો લહેરાવવાનું સૌપ્રથમ શ્રેય માટે પણ મેડમ કામાનું સ્મરણ થાય.

<u>વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (24-09-2021)</u>

**1.** સપ્ટેમ્બર 2021માં ભારતીય હવાઇદળ માટે ટ્રાન્સપોર્ટ C-295 મિલિટરી વિમાનોની ખરીદી કરવા કરાયેલા શસ્ત્ર કરાર અંગે ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1. તાતા એડવાન્સ્ડ સિસ્ટમ્સ અને સ્પેનની એરબસ ડિફેન્સ વચ્ચે શસ્ત્ર કરાર
2. ઇન્ડિયન એરફોર્સ માટે 56 સી-295 મિલિટરી ટ્રાન્સપોર્ટ વિમાનનું ઉત્પાદન કરશે
3. વિમાનો ખરીદવા રૂપિયા 22,000 કરોડનો શસ્ત્ર કરાર
4. આગામી 10 વર્ષમાં કુલ 56માંથી 40 વિમાનનું ભારતમાં નિર્માણ કરશે

(A) 1 અને 3 યોગ્ય છે (B) 2 અને 4 યોગ્ય છે
(C) માત્ર 3 યોગ્ય છે **<u>(D) 1 2 3 અને 4 યોગ્ય છે</u>**

**2.** ભારત સરકારના પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા પ્રદૂષણ અટકાવવા અને વિદેશી હુડિયામણ અટકાવવા પેટ્રોલમાં ઈથોનેલ મિશ્રણ કરવા અંગે ક્યા વિધાનો સાચુ/સાચા છે

1. ભારતમાં વર્ષ 2025 સુધીમાં પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મિશ્રણ કરવાનુ લક્ષ્યાંક
2. હાલમાં પેટ્રોલમાં નવ ટકા ઇથેનોલ મિશ્રણનું લક્ષ્યાંક પ્રાપ્ત
3. ભારત તેની કુલ ઇંધણ જરુરિયાતના 85 ટકાની વાર્ષિક આયાત કરે છે, જેનું મૂલ્ય 12 લાખ કરોડથી પણ વધારે થાય છે
4. કેન્દ્રએ પહેલા વર્ષ 2030 સુધીમાં ઇથેનોલનું મિશ્રણ 20 ટકાએ લઇ જવાનો અંદાજ મૂકાયો હતો

(A) 1 અને 4 સાચા છે (B) 2 અને 3 સાચા છે
(C) માત્ર 1 સાચું છે **<u>(D) 1 2 3 અને 4 સાચા છે</u>**

**3.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના USA પ્રવાસના બીજો દિવસ તા. 24/09/2021માં કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી-US પ્રમુખ જો બાઇડેન વચ્ચે વ્હાઈટ હાઉસ ખાતે દ્વિપક્ષીય મુલાકાત
2. કોરોના મહામારી સામે લડાઇ, ક્લાઈમેટ ચેન્જ, આર્થિક સહકાર, ટેકનોલોજી તથા પાક.-અફઘાનની ધરતી પર સક્રિય આતંકવાદ સામે કડક પગલાં વગેરે મુદ્દાએ ચર્ચા
3. PM શ્રી નરેન્દ્ર મોદીની US ઉપપ્રમુખ કમલા હેરિસન સાથે બેઠક
4. કમલા હેરિસનને ભારત આવવાનું મોદીનું આમંત્રણ

(A) 1 અને 2 (B) 2 અને 3 (C) 2 3 અને 4 **<u>(D) 1 2 3 અને 4</u>**

**4.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના USA પ્રવાસના બીજો દિવસ તા. 24/09/2021માં વિવિધ મહાનુભાવોને આપેલી ભેટસોગાદ અંગે કયુ વિધાન/વિધાનો યોગ્ય છે

1. US ઉપપ્રમુખ કમલા હેરિસને વૂડન હેન્ડિક્રાફ્ટમાં મઢેલા તેમના દાદા પી. વી. ગોપાલનને લગતા ગેઝેટ ઓફ ઇન્ડિયામાં જાહેર થયેલા જૂના જાહેરનામા તેમજ ગુલાબી મીનાકારી કરેલો શતરંજનો સેટ ભેટ
2. ઓસ્ટ્રેલિયાના પીએમને મીનાકારીવાળો મોરની ભેટ
3. જાપાની પીએમને ચંદનના લાકડાંમાં કોતરેલા બુદ્ધની પ્રતિમા ભેટ

(A) માત્ર 3 યોગ્ય છે (B) 2 અને 4 યોગ્ય છે
(C) માત્ર 1 યોગ્ય છે **<u>(D) 1 2 3 અને 4 યોગ્ય છે</u>**

**5.**સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ PM શ્રી મોદીના USAના સત્તાવાર પ્રવાસમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. વર્ષ 2014માં પ્રથમ સત્તાવાર મુલાકાત તેમજ વર્ષ 2015માં અમેરિકન CEO સાથે મુલાકાત
2. વર્ષ 2016માં પીએમ મોદી બે વાર અમેરિકા - પરમાણુ સુરક્ષા સમિટમાં ભાગ લીધા બાદ જૂનમાં અમેરિકી સંસદને સંબોધન
3. વર્ષ 2017માં ટ્રમ્પ સાથે મુલાકાત- વ્હાઇટ હાઉસમાં ભોજન સમારોહ
4. વર્ષ 2019માં હાઉડી મોદી કાર્યક્રમમાં ઉપસ્થિતિ તથા વર્ષ 2021માં સાતમી વાર USA પ્રવાસે તેમજ UNના 76માં સત્રને સંબોધન

(A) 1 અને 2 (B) 3 અને 4 (C) 1 2 અને 4 **<u>(D) 1 2 3 અને 4</u>**

**6.** યુનિયન પબ્લિક સિંવસ કમિશન-UPSC-2020માં પહેલીવાર કયા ગુજરાતી યુવાને પ્રથમવાર આઠમો ક્રમ પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે

(A) કાંતિલાલ નાગજીભાઇ જીવાણી (બરોડા)
**<u>(B) કાર્તિક નાગજીભાઇ જીવાણી (સુરત)</u>**
(C) કાર્તિક નાગજીભાઇ રામાણી (રાજકોટ)
(D) કાર્તિક નાગજીભાઇ શિવાની (અમદાવાદ )

**7.** ભારતમાં પ્રદૂષણ અટકાવવાના ભાગરૂપે આગામી સમયમાં 1થી વધુ ઈંધણથી ચાલતા ક્યા પ્રકારના વાહનો ફરજિયાત કરાશે

**<u>(A) ફ્લેક્સી ફ્યૂઅલ વાહનો</u>** (B) બાયોડિઝલથી ચાલતા વાહનો
(C) ઈથોનેલથી ચાલતા વાહનો (D) CNGથી ચાલતા વાહનો

**8.**વિશ્વ દરિયાઈ દિવસ 2021ની થીમ જણાવો

(A) Sea : at the core of shipping's future
(B) Seafarers: at the core of ship future
**<u>(C) Seafarers: at the core of shipping's future</u>**
(D) Seafarers: at the coast of shipping's future

**9.**વિશ્વ દરિયાઈ દિવસ કયારે મનાવવામાં આવે છે

(A) 14 સપ્ટેમ્બર (B) 21 સપ્ટેમ્બર
(C) 22 સપ્ટેમ્બર **<u>(D) 24 સપ્ટેમ્બર</u>**

**10.** મેડમ ભીખાઈજી રૂસ્તમજી કામાનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

**<u>(A) 24 સપ્ટેમ્બર 1861 તથા મુંબઈ</u>**

(B) 24 સપ્ટેમ્બર 1861 તથા દિલ્હી

(C) 24 સપ્ટેમ્બર 1861 તથા કોલકત્તા

(D) 24 સપ્ટેમ્બર 1861 તથા અમદાવાદ

**11.** મેડમ કામાએ ક્યારે સ્ટૂટગાર્ડમાં સૌપ્રથમ ભારતનો ત્રિરંગો લહેરાવ્યો હતો

(A) ઓગસ્ટ-1901 (B) ઓગસ્ટ-1903

**(C) ઓગસ્ટ-1907** (D) ઓગસ્ટ-1910

**DATE : 25-09-2021**

**1. પ્રથમ હિમાલય ફિલ્મ ફેસ્ટિવલ 2021 : સ્થાન - લેહ, લદાખ**




- ✓ તારીખ : 24 સપ્ટેમ્બર 2021 મુખ્ય અતિથિ : મંત્રી શ્રી અનુરાગ ઠાકોર
- ✓ આયોજક : ડિરેક્ટર ઓફ ફિલ્મ ફેસ્ટિવલ અને માહિતી પ્રસારણ મંત્રાલય

**2. ગુલાબ વાવાઝોડું : ઉદભવ સ્થાન - બંગાળનો અખાત**




- ✓ જમીન ઉપર પ્રવેશ : ઓડિશા અને આંધ્રપ્રદેશ
- ✓ **નામ આપનાર દેશ : પાકિસ્તાન** ભાષા : ઉર્દૂ/હિન્દી

**3. બિઝનેસ લીડર ઓફ ધ યર-2021**

- ✓ વિજેતા : GCMMFના MD ડોક્ટર આર.એસ.સોઢી



- ✓ સંસ્થા : ઇન્ટરનેશનલ એડવર્ટાઇઝીંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા
- ✓ સ્થાન : મુંબઈ

**4. સિદ્ધિ – ચેન્નાઈ રેલવે સ્ટેશન : 100 ટકા સૌર ઊર્જાથી ચાલતું ભારતનુ એકમાત્ર રેલ્વે સ્ટેશન-ચેન્નાઈ**



- ✓ તામિલનાડુની રાજધાની : ચેન્નાઈ

**5. PM શ્રી નરેન્દ્ર મોદીનો USA પ્રવાસનો ત્રીજો અને અંતિમ દિવસ : તા.25/09/2021**



**UNની 76મી વાર્ષિક મહાસભા (UNGA)ને સંબોધનના મહત્વના અંશો :**

- ✓ શ્રી મોદી દ્વારા યુનાઈટેડ નેશન્સની જનરલ એસમ્બલી-UNGAને ચોથીવાર સંબોધન

**PM શ્રી મોદીના સંબોધનના મહત્વના અંશો :**

- ✓ હું લોકશાહીની માતા ગણાતા દેશનો પ્રતિનિધિ છું. રેલવે સ્ટેશન પર ચા વેચનાર પિતાને મદદ કરનારો બાળક આજે ભારતના વડાપ્રધાન તરીકે ચોથીવાર સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધન કરી રહ્યો છે એજ ભારતની લોકશાહીની શક્તિ છે.
- ✓ ચીન અને પાકિસ્તાનનું નામ લીધા વિના આકરો પ્રહાર કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, પ્રત્યાઘાતી વિચારધારા અને કટ્ટરવાદ વિશ્વ માટે ધમકી બની રહ્યાં છે.
- ✓ વિશ્વમાં એવા પણ દેશો છે જે આતંકવાદનો રાજકીય સાધન તરીકે ઉપયોગ કરી રહ્યાં છે. એ દેશો જાણી લે કે આતંકવાદ તેમના માટે પણ એટલો જ ભયજનક છે.
- ✓ અફઘાનિસ્તાનનો ઉપયોગ આતંકવાદ ફેલાવા માટે ન થાય તે આપણે નિશ્ચિત કરવું પડશે. કેટલાક દેશ અફઘાનિસ્તાનની સ્થિતિનો પોતાના લાભ માટે ઉપયોગ કરી રહ્યા છે.
- ✓ છદ્મ યુદ્ધો, આતંકવાદ અને અફઘાનિસ્તાનની સ્થિતિ આપણને આકરા સવાલો કરી રહી છે.
- ✓ દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનની દાદાગીરીના મુદ્દે ચીન પર આડકતરો પ્રહાર કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, મહાસાગરો આપણો વારસો છે. આપણે મહાસાગરો અને સમુદ્રોનો દુરુપયોગ થવા દઇ શકીએ નહીં.
- ✓ જળમાર્ગોની સુરક્ષા આજની તાતી જરૂરીયાત છે. અત્યારે જ પગલાં લેવાનો સમય છે. સંયુક્ત રાષ્ટ્રએ આ મામલે સચેત રહેવું પડશે. તેણે તેની આધારભૂતતા વધુ સારી બનાવવી પડશે.
- ✓ વડાપ્રધાને ટાગોર, ચાણક્ય, દીનદયાળ ઉપાધ્યાયને યાદ કર્યાં હતાં.

**ભારત વિશ્વનું સૌથી મોટું ગ્રીન હાઇડ્રોજન હબ બનાવવા જઇ રહ્યુ છે**

- ✓ ક્લાઇમેટ ચેન્જના દુષ્પરિણામ અટકાવવા માટે ભારત સરકાર દ્વારા લેવાઇ રહેલા પગલાંની માહિતી આપતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ક્લાઇમેટ ચેન્જને નિયંત્રિત કરવાની દિશામાં ભારતે કરેલી પ્રગતિ જોઇને તમને આનંદ થશે. અમે વિશ્વનું સૌથી મોટું ગ્રીન હાઇડ્રોજન હબ બનાવવા જઇ રહ્યાં છીએ.

**ભારતે વિશ્વની પ્રથમ કોરોનાની DNA રસી બનાવી, 12 વર્ષથી મોટાને આપી શકાશે**

- ✓ ભારતમાં પ્રતિ દિવસ એક કરોડ ડોઝ આપવામાં કોવિન પ્લેટફોર્મ ડિજિટલ સપોર્ટ આપી રહ્યું છે.
- ✓ ભારતે કોરોનાની DNA રસી બનાવી છે જે વિશ્વની પ્રથમ છે. આ રસી 12 વર્ષથી મોટા તમામને આપી શકાશે.
- ✓ અમે MRNA રસી વિકસાવવાની પ્રોસેસમાં છીએ અને અમે નસલ વેક્સિન પણ વિકસાવી.
- ✓ અમે વિશ્વભરમાં કરોડો લોકોને વેક્સિન પહોંચાડી રહ્યાં છીએ. અમે વેક્સિન ઉત્પાદકોને ભારતમાં ઉત્પાદન કરવા આમંત્રણ આપ્યું છે.

**વડા પ્રધાને ચાણક્યને યાદ કરી યુ.એન પર નિશાન ટાંક્યું હતું.**

- ✓ ચાણક્યએ સદીઓ પહેલા કહ્યુ હતુ કે યોગ્ય સમય યોગ્ય કામ કરવામાં ન આવે તો તે નિષ્ફળ બને છે. યુ.એન એ પણ સુધરવું પડશે. કોવિડ, અફઘાન કટોકટી, આતંકવાદ મુદ્દે વિચારવું પડશે.

**છેલ્લા 7 વર્ષમાં ભારતે કરેલી પ્રગતિ**

- ✓ 43 કરોડ લોકોના બેન્ક ખાતા ખોલાયાં - 36 કરોડ લોકોને વીમા કવચ અપાયું
- ✓ 3 કરોડ કરતાં વધુ મકાનો બનાવ્યાં - 17 કરોડ લોકોને પાઇપ દ્વારા પીવાનું પાણી

**રસીના સર્ટિ માટે ઇન્ટરનેશનલ પ્રોટોકોલ**

- ✓ પીએમ મોદીએ કોરોના રસીના પ્રમાણપત્ર માટે રાષ્ટ્રીય પ્રોટોકોલ તૈયાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- ✓ પીએમ મોદીએ કોરોના કાળમાં રાષ્ટ્રીય પ્રવાસનો પ્રોટોકોલ તૈયાર કરવા પર પણ પ્રસ્તાવ રજૂ કર્યો હતો..

**બાઇડનનું વચન : સલામતી પરિષદમાં ભારતની દાવેદારીને સમર્થન આપીશું**

- ✓ અમેરિકાના પ્રમુખ જૉ બાઇડને **સંયુક્ત રાષ્ટ્રની સલામતી પરિષદ અને ન્યુક્લિયર સપ્લાયર ગ્રૂપ (NSG)માં ભારતની દાવેદારીને સમર્થન આપતા રહેવાની ખાતરી આપી** હતી.
- ✓ વડાપ્રધાન મોદી અને બાઇડન વચ્ચેની બેઠક દરમિયાન આ અંગે વિસ્તૃત ચર્ચા થઇ હતી.
- ✓ અમેરિકાના પ્રમુખ બન્યા બાદ બાઇડન સાથેની મોદીની આ પ્રથમ રૂબરૂ મુલાકાત હતી.
- ✓ યુએન દ્વારા પ્રતિબંધિત ઠેરવાયેલા આતંકવાદી જૂથો સામે ભારત અને અમેરિકા કડક કાર્યવાહી કરશે.

**અન્ય બાબતો :**

- ✓ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં હાલ 5 સ્થાયી અને 10 અસ્થાયી સભ્યો છે, જેમની મહાસભા દ્વારા બે વર્ષના કાર્યકાળ માટે પસંદગી કરવામાં આવે છે.
- ✓ સ્થાયી સભ્યોમાં રશિયા, બ્રિટન, અમેરિકા, ફ્રાન્સ અને ચીનનો સમાવેશ.
- ✓ **UN મુખ્ય મથક : ન્યૂયોર્ક**

## 6. UN મહાસભા : પાકિસ્તાન તાત્કાલિક POK ખાલી કરે : રાઇટ ટુ રિપ્લાય હેઠળ ભારતનો જવાબ

**જવાબના મુખ્ય અંશો :**

- ✓ પાકિસ્તાનના વડાપ્રધાન ઇમરાન ખાને સંયુક્ત રાષ્ટ્રની વાર્ષિક મહાસભાને સંબોધતા ફરી કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. જેની સામે ભારતે પોતાના રાઇટ ટુ રિપ્લાયનો ઉપયોગ કરતાં પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યાં હતાં.
- ✓ સંયુક્ત રાષ્ટ્ર ખાતે ભારતના અત્યંત યુવાન ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા દુબેએ જણાવ્યું હતું કે, સમગ્ર જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતનો આંતરિક હિસ્સો હતો, છે અને રહેશે.
- ✓ પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજો જમાવાયેલા કાશ્મીરના હિસ્સા પણ ભારતનો આંતરિક હિસ્સો છે. પાકિસ્તાને ગેરકાયદેસર કબજો જમાવેલા કાશ્મીરના હિસ્સાને તાત્કાલિક ખાલી કરી દેવો જોઇએ.
- ✓ પાકિસ્તાન પોતાને આતંકવાદથી પીડિત અને ફાયર ફાઇટર તરીકે સમગ્ર વિશ્વમાં રજૂ કરતો આવ્યો છે પરંતુ તે જ આગ લગાવનાર દેશ છે. આખા વિશ્વ સ્વીકાર્યુ છે કે, પાકિસ્તાન આતંકવાદને સમર્થન આપે છે. તેની ધરતી પર આતંકવાદીઓ તૈયાર કરાય છે.
- ✓ સમગ્ર વિશ્વે 11 સપ્ટેમ્બર 2001ના રોજ ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા આતંકવાદી હુમલાની 20મી વરસી અત્યંત દુ:ખ સાથે મનાવી, વિશ્વ આ ભયાનક આતંકવાદી હુમલાના માસ્ટર માઇન્ડ ઓસામા બિન લાદેનને હજુ ભૂલ્યું નથી.
- ✓ ઓસામા બિન લાદેનને પાકિસ્તાને જ આશ્રય આપીને સંતાડી રાખ્યો હતો. આજે પણ પાકિસ્તાનના નેતાઓ ઓસામા બિન લાદેનને શહીદ ગણાવે છે.

## 7. ક્વાડ સમિટ 2021 : ક્વાડ દેશોના 100 વિદ્યાર્થીઓને US દ્વારા દર વર્ષે ક્વાડ શિષ્યવૃતિ/ફેલોશિપ અપાશે

**વિગતો :** ભારતના 25 વિદ્યાર્થીઓને લાભ મળશે

- ✓ ક્વાડના 100 વિદ્યાર્થીને ફેલોશિપ આપવા બાઇડેનની જાહેરાત



**જાહેરાત :** ક્વાડ દેશોની સમિટમાં અમેરિકાના પ્રમુખ જો બાઇડેને અમેરિકાની યુનિવર્સિટીમાં ચાલતા STEM અભ્યાસક્રમોમાં જોડાવા માગતા ક્વાડ સભ્ય દેશોના વિદ્યાર્થીઓ માટે ક્વાડ ફેલોશિપની જાહેરાત કરી હતી.

**કયા દેશોને લાભ :**

- ✓ ક્વાડ સંગઠનના ચાર સભ્ય દેશો અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાના સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ અભ્યાસક્રમોમાં સ્ટડી કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ અપાશે.

**ક્વાડ ફેલોશિપ વિશે :**

- ✓ અમેરિકામાં STEM અભ્યાસક્રમોમાં એડવાન્સ ડિગ્રી હાંસલ કરવા ઇચ્છતા ક્વાડ દેશોના વિદ્યાર્થીઓ માટે નવી ક્વાડ ફેલોશિપની શરૂઆત કરાશે.
- ✓ ફેલોશિપ અંતર્ગત ક્વાડ દેશોના 100 વિદ્યાર્થીને દર વર્ષે અમેરિકાની અગ્રણી STEM ગ્રેજ્યુએટ યુનિવર્સિટીઓમાં માસ્ટર અથવા ડોક્ટરેટની ડિગ્રી માટે શિષ્યવૃત્તિ અપાશે.
- ✓ ક્વાડ સંગઠનમાં ચાર દેશ હોવાથી દરેક દેશના 25 વિદ્યાર્થીની પસંદગી કરાશે.

## 8. ક્વાડ દેશોની સમિટ 2021 :સ્થાન : વોશિંગ્ટન (DC) USA




**બેઠકના મહત્વના અંશો :**

- ✓ વૈશ્વિક આતંકવાદ સામે ક્વાડ દેશને એકજૂથ તેમજ દક્ષિણ એશિયામાં છદ્મ (છૂપો) આતંકવાદ સામે કડક ચેતવણી અપાઇ
- ✓ **મુખ્ય ચર્ચા : મુક્ત ઇન્ડો પેસિફિક રિજિયન, કોરોના મહામારી સામેની લડાઇ અને ક્લાઈમેટ ચેન્જના મુદ્દે ચર્ચા**
- ✓ ક્વાડ દેશોએ ઇન્ડો પેસિફિક રિજિયનને મુક્ત રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

✓ ઇન્ડો પાસીફિક ક્ષેત્ર અને વિશેષ દક્ષિણ ચીન સમુદ્રમાં ચીની સેનાના વધી રહેલા હસ્તક્ષેપ સામે અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ આ સંગઠન તૈયાર કર્યું હતું.
✓ ચારે દેશના નેતાઓએ ઇન્ડો પેસિફિક રિજિયન પર ધ્યાન કેન્દ્રિત કરવા વિશ્વને અપીલ કરી હતી.
✓ ક્વાડ નેતાઓએ આશિયાન સંગઠનને પણ સમર્થન જાહેર કર્યું હતું.

**9. જર્મની : સર્વોચ્ચ વડા એન્જેલા મર્કેલે 16 વર્ષ પછી ચાન્સેલર પદ છોડ્યું**

**વિગત :**

✓ જર્મનીના 16 વર્ષ સુધી સર્વોચ્ચ વડા રહ્યા પછી ચાન્સેલર એન્જેલા મર્કેલે પોતાનું પદ છોડયુ.
✓ **હવે આર્મેન લાન્શેટ જર્મનીના ચાન્સેલર બનશે.**



**એન્જેલા મર્કેલનું પ્રદાન :**

✓ પોતાની 16 વર્ષની સત્તામાં તેમણે માત્ર જર્મની જ નહીં, સમગ્ર યુરોપના રાજકારણમાં આમૂલ પરિવર્તન લાવી દીધું.
✓ પૂર્વ વિજ્ઞાની એવા 67 વર્ષના એન્જેલા જર્મનીના પ્રથમ સર્વોચ્ચ વડા છે.
✓ તેમના સત્તાકાળમાં અમેરિકામાં ચાર પ્રમુખ અને બ્રિટનમાં પાંચ વડાપ્રધાન બદલાઇ ગયા છે.

**10. દિન વિશેષ : 25 સપ્ટેમ્બર : વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે**

✓ **થીમ 2021 : "Pharmacy: Always Trusted For Your Health"**

**11જન્મદિન વિશેષ:25 સપ્ટેમ્બર:(1)છોટે સરદાર:ચંદુલાલ દેસાઇ**

**જન્મ : 25 સપ્ટેમ્બર 1882 : અવસાન : 1968**

✓ 20માં સૈકાની શરૂમાં એક યુવાન ડોક્ટરીનું ભણી સાધુ થવા માંગતો હતો ગાંધીજીને મળ્યો ગાંધીજીએ કહ્યું "મેં તો ક્રોધને વશ કર્યો નથી તમારું કેમ છે? ભગવા પહેરવાની મારી લાયકાત નથી, તમારી?" આટલા સંવાદ પછી યુવાને સાધુ થવાનું માંડી વાળી ચિત્ત ભગવું રાખવાનું નક્કી કર્યું.
✓ આ યુવાન એટલે સ્વરાજ્ય યુગમાં "છોટે સરદાર" તરીકે જાણીતા થયેલા ચંદુલાલ દેસાઈ.
✓ ભરૂચ, મુંબઈમાં ભણી દંત વિજ્ઞાનના અભ્યાસ માટે બ્રિટન ગયા અને દંતવિજ્ઞાનીની પદવી મેળવી હતી.
✓ ભરૂચમાં તેમણે શરૂ કરેલું દવાખાનું દાંતના દવાખાના તરીકે પ્રસિદ્ધ થયું હતું.
✓ દેશ સેવામાં આવ્યા પછી પોતાની બધી મિલકતો વેચી સેવાશ્રમ ટ્રસ્ટ શરૂ કરી રેલ સંકટ, દુષ્કાળ, ભૂકંપ જેવી કુદરતી આપદાઓ વેળાએ લોકસેવા માટે તૈયાર રહેતા હતા.
✓ આઝાદીના આંદોલનમાં તેમણે નાગપુર ઝંડા સત્યાગ્રહ, બારડોલી સત્યાગ્રહ સમેત અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો, બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ તેમને અઢી વર્ષની સજા થઇ હતી.
✓ દાંડીકૂચ દરમિયાન તા.26 માર્ચ 1930ના રોજ ગાંધીજી ભરૂચમાં ચંદુલાલ દેસાઇને ત્યાં રોકાણા હતા.
✓ ભરૂચથી 'વિકાસ' નામનું સામયિક શરૂ કર્યું હતું.
✓ ચંદુલાલ સ્પષ્ટ વક્તા અને કડક ટીકાકાર હોવાથી 1930માં તેમનું પ્રેસ પ્રતિબંધિત થયું હતું.

**(2) પંડિત દીનદયાલ ઉપાધ્યાય**




**જન્મ : 25 સપ્ટેમ્બર-1916, અવસાન : 11 ફેબ્રુઆરી-1968**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (25-09-2021)

**1.** PM શ્રી નરેન્દ્ર મોદીનો USA પ્રવાસના ત્રીજા અને અંતિમ દિવસ તા.25/09/2021 સંદર્ભે કયા વિધાન/વિધાનો યોગ્ય છે
1. UNની 76મી વાર્ષિક મહાસભા (UNGA)ને સંબોધન
2. યુનાઇટેડ નેશન્સની જનરલ એસમ્બલી-UNGAને શ્રી મોદી દ્વારા ચોથીવાર સંબોધન
3. અફઘાનિસ્તાનનો ઉપયોગ આતંકવાદ ફેલાવા માટે ન થાય તે આપણે નિશ્ચિત કરવું પડશે
4. ટાગોર, ચાણક્ય, દીનદયાળ ઉપાધ્યાયને યાદ કર્યાં હતાં
(A) 2 યોગ્ય છે (B) 4 યોગ્ય છે
(C) 1 અને 3 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**2.** PM શ્રી નરેન્દ્ર મોદીનો USA પ્રવાસના ત્રીજા અને અંતિમ દિવસ તા.25/09/2021 સંદર્ભે કઇ બાબત/બાબતો ખરી છે
1. ભારત વિશ્વનું સૌથી મોટું ગ્રીન હાઇડ્રોજન હબ બનાવવા જઇ રહ્યુ છે
2. ભારતે વિશ્વની પ્રથમ કોરોનાની DNA રસી બનાવી, 12 વર્ષથી મોટાને આપી શકાશે
3. અમેરિકન પ્રમુખ જૉ બાઇડને સંયુક્ત રાષ્ટ્રની સલામતી પરિષદ અને ન્યુક્લિયર સપ્લાયર ગ્રૂપ (NSG)માં ભારતની દાવેદારીને સમર્થન આપતા રહેવાની ખાતરી આપી
4. કોરોના રસીના પ્રમાણપત્ર માટે રાષ્ટ્રીય પ્રોટોકોલ તૈયાર કરવા ભારતનો પ્રસ્તાવ
(A) 1 ખરી છે (B) 3 ખરી છે
(C) 2 અને 4 ખરી છે **(D) 1 2 3 અને 4 ખરી છે**

**3.** ક્વાડ સમિટ 2021 દરમિયાન US દ્વારા દર વર્ષે ક્વાડ દેશોના વિદ્યાર્થીઓ માટે ક્વાડ શિષ્યવૃતિ/ફેલોશિપ જાહેર કરાઇ તે અંગે ક્યા વિધાનો ખરુ/ખરા છે
1. ક્વાડના 100 વિદ્યાર્થીને ફેલોશિપ અપાશે
2. ભારતના 25 વિદ્યાર્થીઓને લાભ મળશે
3. અમેરિકાની યુનિવર્સિટીમાં ચાલતા STEM અભ્યાસક્રમોમાં જોડાવા માગતા ક્વાડ સભ્ય દેશોના વિદ્યાર્થીઓ માટે ક્વાડ ફેલોશિપની જાહેરાત
4. ક્વાડના ચાર સભ્ય દેશોના સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથ્સ અભ્યાસક્રમોમાં સ્ટડી કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાશે
(A) 1 અને 3 ખરા છે (B) 2 અને 4 ખરા છે

(C) 2 3 અને 4 ખરા છે **(D) 1 2 3 અને 4 ખરા છે**

**4.** ક્વાડ દેશોની સમિટ 2021માં ચર્ચા કરાયેલા મુદ્દાઓમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે

1. મુક્ત ઈન્ડો પેસિફિક રિજિયન 2. કોરોના મહામારી સામે લડાઇ 3. ક્લાઈમેટ ચેન્જ

(A) 1 (B) 2 (C) 3 **(D) 1 2 અને 3 તમામ**

**5.** તા. 24 સપ્ટેમ્બર 2021ના રોજ પ્રથમ હિમાલય ફિલ્મ ફેસ્ટિવલ ક્યાં યોજાયો

(A) દહેરાદૂન (B) કાશ્મીર **(C) લેહ-લદ્દાખ** (D) મસૂરી

**6.** સપ્ટેમ્બર 2021ના છેલ્લા સપ્તાહમાં બંગાળના અખાતમાંથી ઉદભવેલા ગુલાબ વાવાઝોડાનું નામ ક્યા દેશ દ્વારા અપાયું

**(A) પાકિસ્તાન** (B) બાંગ્લાદેશ (C) ઈન્ડોનેશિયા (D) શ્રીલંકા

**7.** બિઝનેસ લીડર ઓફ ધ યર-2021 વિજેતા ડૉ. આર.એસ. સોઢી કઈ સંસ્થાના MD તરીકે સેવા આપી રહ્યાં છે

(A) IFFCO (B) GSFC (C) SUMUL **(D) GCMMF**

**8.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ 100 ટકા સૌર ઊર્જાથી ચાલતું ભારતનુ એકમાત્ર રેલ્વે સ્ટેશનનું નામ જણાવો

(A) બેંગ્લુરૂ **(B) ચેન્નાઈ** (C) મુંબઈ (D) સતારા

**9.** UNમાં પાકિસ્તાનના PM ઈમારન ખાનના કાશ્મીર અંગેના નિવેદન સંદર્ભે ભારત તરફથી રાઇટ ટુ રિપ્લાય હેઠળ પાકિસ્તાન તાત્કાલિક POK ખાલી કરે એવો જવાબ કોણે રજૂ કર્યો હતો

**(A) યુવાન ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા દુબે**

(B) યુવાન ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા ચોક્સી

(C) યુવાન ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા મોહન

(D) યુવાન ફર્સ્ટ સેક્રેટરી સ્નેહા બેનરજી

**10.** સપ્ટેમ્બર 2021માં જર્મનીના ક્યા સર્વોચ્ચ વડાએ 16 વર્ષ પછી ચાન્સેલર પદ છોડ્યું

(A) આર્મેન લાન્શેટ (B) એન્જેલા જોલી

**(C) એન્જેલા મર્કેલ** (D) સાયના હેડન

**11.** વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે કયારે મનાવવામાં આવે છે

(A) 20 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર

(C) 23 સપ્ટેમ્બર **(D) 25 સપ્ટેમ્બર**

**12.** વર્લ્ડ ફાર્માસિસ્ટ ડે 2021ની થીમ જણાવો

(A) Pharmacy: Always Trusted For all Health

(B) physical : Always Trusted For Your Health

**(C) Pharmacy: Always Trusted For Your Health**

(D) Pharmacy: all Trusted For Your Health

**13.** છોટે સરદાર તરીકે ઓળખાતા ચંદુલાલ દેસાઈનો જન્મદિન જણાવો

**(A) 25 સપ્ટેમ્બર 1882** (B) 25 સપ્ટેમ્બર 1884

(C) 25 સપ્ટેમ્બર 1885 (D) 25 સપ્ટેમ્બર 1888

**14.** પંડિત દીનદયાલ ઉપાધ્યાયનો જન્મદિવસ જણાવો

(A) 25 સપ્ટેમ્બર 1915 **(B) 25 સપ્ટેમ્બર 1916**

(C) 25 સપ્ટેમ્બર 1917 (D) 25 સપ્ટેમ્બર 1918

## DATE : 26-09-2021

### 1. "સ્કૂલ ઓફ લો ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ"નો NFSU-ગાંધીનગર ખાતે પ્રારંભ

### કેન્દ્રીય કાયદામંત્રી શ્રી કિરણ રિજ્જુ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સ્કૂલનો પ્રારંભ




**હેતુ અને મહત્વ :**

- ✓ ઘણીવાર ચુકાદાઓમાં આ પુરાવાઓની તપાસના સંદર્ભમાં ટેકનોલોજીના અભાવે વિલંબ થતો હોય છે. આવી સ્કૂલના નિર્માણથી એક મજબૂત સિસ્ટમ ઊભી થશે, જેનાથી ન્યાયિક પ્રક્રિયા પણ ઝડપી બનશે.
- ✓ આવી સ્કૂલ દ્વારા લીગલ તથા ટેક્નોલોજીના જાણકારી પ્રાપ્ત થશે. અહીં ડેટા સાયન્સ એન્ડ લો- નામક અભ્યાસક્રમ કે જે એલએલબી-એલએલએમ થયેલાંઓ કરી શકશે, જેને લીધે પ્રોફેશનલ એક્સપર્ટ પ્રાપ્ત થશે.
- ✓ આજે કાયદાના જ્ઞાન ધરાવતા માનવબળની જરૂર છે, ત્યારે આ સ્કૂલ એ જરૂરિયાત પૂરી કરશે, સાથોસાથ, યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો પ્રજાના પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ લાવવામાં પણ મદદરૂપ બનશે.
- ✓ **DG : ડૉ.જે.એમ.વ્યાસ**
- ✓ **નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી-NFSU, ગાંધીનગર**

### 2. ભારતીય વાયુ સેના : 13 વર્ષ બાદ જમ્મુ અને કાશ્મીરમાં શ્રીનગર ખાતે દાલ સરોવર ઉપર એર શો યોજાયો




- ✓ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં સ્કાય ડાઈવિંગ ટીમ આકાશગંગા, સૂર્યકિરણ એરોબેટિક ટીમ અને ડિસ્પ્લે ટીમે દાલ સરોવર ઉપર કરતબો કરીને ભારે આકર્ષણ જન્માવ્યું હતું.
- ✓ **દાલ સરોવર ખાતે આકાશમાં વાયુસેનાની ટીમ કરતબો** કરી રહી હતી તે સમયે વાયુસેનાની સિમ્ફની ઓર્કેસ્ટ્રા ટીમ સંગીત રેલાવી રહી હતી.

**એરશોનો હેતુ :**

- ✓ **'ગિવ વિંગ્સ ટુ ધ ડ્રીમ્સ' થીમ** પર આયોજિત આ એરશોનો હેતુ કાશ્મીર ખીણ વિસ્તારના યુવાનોને વાયુસેનામાં ભરતી થવા આકર્ષવાનો હતો.

### 3. GI ટેગ - આસામના 'જુડીમા રાઈસ વાઈન' : પૂર્વોત્તર રાજ્યનું GI ટેગ મેળવનાર પ્રથમ પીણુ



✓ આસામના દિમાસા આદિજાતિ દ્વારા ચોખામાંથી ઘરે બનાવવામાં આવતી પરંપરાગત વાઇન પૂર્વોત્તર રાજ્યોમાં જીઓગ્રાફિકલ ઇન્ડિકેશન (GI) ટેગ મેળવનાર પ્રથમ આલ્કોહોલિક પીણું બન્યું.

**પરંપરાગત વાઈનનીની વિશેષતા :**

✓ સ્ટિકી રાઇસ અને પરંપરાગત આષધિઓ દ્વારા બનતી આ વાઇન મીઠો ટેસ્ટ ધરાવે છે જેને બનાવતા એક અઠવાડિયા જેવો સમય થાય છે અને લાંબા સમય સુધી તેને સાચવી શકાય છે.

✓ યુથ એસોસિએશન ફોર ડેવલોપમેન્ટ એન્ડ એમ્પાવરમેન્ટ (YADEM) દ્વારા આ વાઇનને વૈશ્વિક માન્યતા અપાવવા માટે 2018માં GI ટૅગ માટે એપ્લાય કરવામાં આવ્યું હતું.

**4. 81મી મન કી બાત : PM શ્રી મોદી દ્વારા મન કી બાત યોજાઈ**




✓ **મુખ્ય અપીલ :** દેશની કોઇ પણ વ્યક્તિ વેક્સિનના સુરક્ષા કવચચક્રથી બાકાત ન રહી જાય તેવી ભારતીયોને અપીલ

**મન કી બાતના મુખ્ય અંશો :**

**વર્લ્ડ રિવર ડે**

✓ દેશની નદીઓને સ્વચ્છ રાખવા ભાર મૂક્યો હતો. મોદીએ કહ્યું કે આપણે અનેક પ્રકારનાં ડેની ઉજવણી કરીએ છીએ ત્યારે વર્લ્ડ રિવર ડેની ઉજવણી કરવી જોઇએ.

✓ નદીઓને સ્વચ્છ રાખવા તમામ પગલાં લેવા જોઈએ. આપણે નદીની માતા તરીકે પૂજા અર્ચના કરીએ છીએ અને તેમાં પવિત્ર ડૂબકી લગાવીએ છીએ ત્યારે નદીઓને સ્વચ્છ રાખવી આપણી ફરજ છે. નદીઓને પ્રદૂષણ મુક્ત બનાવવા આપણે કાર્ય કરવું જોઈએ.

✓ ગુજરાતમાં વરસાદનાં દરેક ટીપાનાં સંગ્રહ માટે જળઝીલણી એકાદશીની ઉજવણી કરાય છે તેમ આપણે આ દિવસને કેચ ધ રેઈન તરીકે ઊજવી શકીએ.

✓ તેમણે કહ્યું કે મને ગિફ્ટમાં મળેલી કલાકૃતિઓની હરાજી કરીને તેમાંથી જે આવક થાય તેનો ઉપયોગ 'નમામી ગંગે' કાર્યમાં કરાશે.

✓ મોદીએ દેશભરમાં સ્વચ્છતા અભિયાન પર મૂક્યો હતો. તેમણે આ કાર્યને મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિરૂપ ગણાવ્યું હતું.

✓ એક નાગરિકનાં સૂચન મુજબ આપણે આર્થિક સ્વચ્છતા ઝુંબેશ પણ ચલાવી શકીએ અને નાણાકીય હિસાબો તેમજ વ્યવહારોને પારદર્શક રાખી શકીએ. આપણે ભ્રષ્ટાચારને ભગાડવા પગલાં લેવા જોઇએ.

**ખાદીને પ્રોત્સાહન**

✓ મહાત્મા ગાંધી બાપુએ ખાદીને સ્વતંત્રતા ચળવળ સાથે જોડી હતી. આપણે ખાદીનો ઉપયોગ વધારવા અનેક પગલાં લઇ શકીએ. બાપુનાં જન્મદિવસે 2 ઓક્ટોબરે ખાદી ખરીદીને આપણે તેમને શ્રદ્ધાંજલિ આપી શકીએ.

**સિયાચીન ખાતે સ્પેશિયલી એબલ્ડ ટીમનું આરોહણ**

✓ તાજેતરમાં સ્પેશિયલી એબલ્ડ ટીમ દ્વારા દુર્ગમ એવી સિયાચીન ગ્લેશિયર પર આરોહણ કરવામાં આવ્યું હતું. 8 લોકોએ 15,000 ફૂટ ઊંચાઇએ સિયાચીન પર આરોહણ કરીને નવો ઇતિહાસ રચ્યો છે. જે ભારતીયોનાં 'કેન ડૂ' જુસ્સાને પ્રતિબિંબિત કરે છે.

**દવાઓ બનાવવા ઉપયોગી છોડ ઉછેરવા અપીલ**

✓ મોદીએ લોકોને દવા અને ઔષધો બનાવવા ઉપયોગી છોડવા અને રોપાનાં ઉછેર માટે અપીલ કરી હતી.

✓ ઓડિશામાં એક વ્યક્તિએ 1.5 એકરમાં મેડિસિનલ પ્લાન્ટનો ઉછેર કર્યો છે તેનો ઉલ્લેખ કર્યો હતો.

✓ રાંચી નજીક એલોવેરાનો ઉછેર કરાય છે. આયુષ મંત્રાલયે પણ આ માટે પગલાં લીધા છે.

✓ **દર માસના અંતિમ રવિવારે PM દ્વારા મન કી બાતનું આયોજન**

**5. ખેલકૂદ : વર્લ્ડ રેકોર્ડ**

**ભારતીય મહિલા ખેલાડી ઝુલન ગોસ્વામી 600 વિકેટ લેનાર વિશ્વની પ્રથમ મહિલા બોલર**




**સિદ્ધિ :**

✓ આ મેચ પહેલાં ઝુલનના નામે 191 વન-ડેમાં વિકેટ નોંધાયેલી હતી જ્યારે 11 ટેસ્ટમાં તેણે 41 વિકેટ ઝડપી હતી જ્યારે 68 ટી20 મેચમાં 56 વિકેટ પોતાના નામે કરી હતી.

✓ ઉપરાંત ઝુલને ઘરઆંગણાના ક્રિકેટમાં 264 વિકેટ નોંધાવી. આ મેચ પહેલાં તેના નામે કુલ 598 વિકેટ હતી અને આ વન-ડેમાં ત્રણ વિકેટ સાથે આંકડો 601 વિકેટ પર પહોંચાડ્યો હતો.

**6. PM શ્રી મોદી-US પ્રવાસના મહત્વના અંશો**

**વિવિધ બેઠકો :**

✓ પીએમ મોદીએ અમેરિકામાં 65 કલાકનાં રોકાણમાં 20 મિટિંગો યોજી હતી અને વિમાનમાં આવતા-જતા વધુ 4 મિટિંગો અધિકારીઓ સાથે યોજી હતી.

✓ આમ કુલ 24 મિટિંગો યોજીને તેમણે કામ કરતી સરકારનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

✓ મોદીએ 23 સપ્ટેમ્બરે જુદીજુદી 11 બેઠકો યોજી હતી જેમાં અમેરિકન કંપનીઓનાં CEO સાથે 5 બેઠકો યોજવામાં આવી.

**અમૂલ્ય કલાકૃતિઓ અમેરિકાથી ભારત પરત લવાઈ**

✓ મોદી તેમની સાથે અમેરિકાથી હજારો વર્ષ જૂની અમૂલ્ય કલાકૃતિઓ પાછી લાવ્યા હતા. જેમાં 157 પ્રાચીન કલાકૃતિઓમાં 71 સાંસ્કૃતિક, 60 હિન્દુ ધર્મને લગતી, 16 બૌદ્ધ ધર્મને લગતી અને 9 જૈન ધર્મને લગતી મૂર્તિઓનો સમાવેશ થાય છે.

**7. વ્હાઇટ સેન્ડ નેશનલ પાર્ક - ન્યુ મેક્સિકો, US**

**નોર્થ USમાં 23,000 વર્ષ પૂર્વે માનવ ડગના સૌથી જૂની માનવ પગલાની છાપ મળી આવી**



✓ ન્યુ મેક્સિકોમાં આવેલા વ્હાઇટ સેન્ડ નેશનલ પાર્કમાં આવેલા એક સૂકાઇ ગયેલા સરોવરના તળિયેથી સદીઓ જૂની

માનવપગલાંની અશ્મિભૂત છાપ મળી આવી છે જે દર્શાવે છે કે નોર્થ અમેરિકામાં 23,000 વર્ષ પૂર્વે માનવે ડગ ભર્યા હશે. 2009માં પહેલીવાર પાર્કના મેનેજરને આ છાપ જડી હતી.

- ✓ યુએસ જિઓલોજિકલ સરવેના વિજ્ઞાનીઓએ આ પગલાંની છાપમાં અટકેલા બીજનું તાજેતરમાં વિશ્લેષણ કરીને તેની અંદાજિત વય 22,800થી 21,130 વર્ષ હોવાનું જણાવ્યું હતું. મોટાભાગના વિજ્ઞાનીઓ માને છે કે પ્રાચીન માનવનિર્વાસન એશિયાથી અલાસ્કાને જોડતાં પુલ દ્વારા થયું હશે, જે હવે રહ્યો નથી.
- ✓ પથ્થરના સાધનો, અસ્થિના અશ્મી અને જેનેટિક વિશ્લેષણને આધારે અન્ય સંશોધકો અમેરિકામાં માનવના પ્રથમ આગમનનો સમયગાળો તેરથી છવ્વીસ હજાર વર્ષની રેન્જમાં હોવાનું ગણાવે છે.
- ✓ જર્નલ સાયન્સમાં પ્રકાશિત થયેલા આ અભ્યાસમાં સંશોધકોએ જણાવ્યું હતું કે અન્ય પુરાવાની સરખામણીએ અશ્મિભૂત પગલાંની છાપ એ સીધો પુરાવો છે. તેમાં સ્થળ અને સમયનો પાકો પુરાવો મળે છે

## 8. અકરા : વિશ્વ પુસ્તક રાજધાની ઘોષિત

- ✓ અકરાને વર્ષ 2023 માટે વિશ્વ પુસ્તક રાજધાની ઘોષિત કરવામાં આવી.



**અકરા વિશે :**

- ✓ અકરા આફ્રિકન દેશ ઘાનાની રાજધાની.
- ✓ UNના પૂર્વ મહામંત્રી શ્રી કોફી અન્નાનનો દેશ.

## 9. દિન વિશેષ : 23 સપ્ટેમ્બર ઇન્ટરનેશનલ સાઈન લેન્ગવેજ ડે

- ✓ **થીમ-2021 :** **'We sign for Human Rights'**




## 10. દિન વિશેષ : 26 સપ્ટેમ્બર : (1) વિશ્વ દિકરી દિવસ




**પ્રતિ વર્ષે સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે દિકરી દિવસની ઉજવણી કરાઈ છે**

### (2) વિશ્વ નદી દિવસ : સપ્ટેમ્બર માસનો છેલ્લો રવિવાર

- ✓ **થીમ-2021 :** **Waterways in our community**




- ✓ વર્ષ-2005થી સમગ્ર વિશ્વમાં વિશ્વ નદી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ✓ **હેતુ:** સમગ્ર વિશ્વ નદીઓને બચાવવા માટે ચિંતન-મનન કરે છે
- ✓ આજે ધરતીના 71 ટકા હિસ્સામાં પાણી છે. પરંતુ તેમાંથી 97.3 ટકા વિસ્તારમાં રહેલુ પાણી પીવાલાયક નથી. માત્ર 2.7 ટકા વિસ્તારનું જ પાણી પીવાલાયક છે.

## 11. જન્મ દિન વિશેષ : 26 સપ્ટેમ્બર

### (1) સંરક્ષણવાદ: મણિલાલ નભુભાઈ દ્વિવેદી

**જન્મ : 26 સપ્ટેમ્બર 1858, અવસાન : 1 ઓક્ટોબર 1898**




- ✓ ગાંધીજીના શિક્ષક રહેલા શ્રી મણિલાલ નભુભાઇનો જન્મદિન
- ✓ જન્મ : નડિયાદમાં અભ્યાસ : નડીયાદ-મુંબઈમાં
- ✓ 1876માં આખી મેટ્રિકની પરીક્ષામાં બીજે ક્રમે પાસ થયા હતા.
- ✓ મણિલાલ નભુભાઈને ઈતિહાસ, ફિલસૂફી, અંગ્રેજી અને ગુજરાતી જેવા વિષયો સાથે વિશેષ મમત્વ હતું.
- ✓ માધ્યમિક શાળામાં શિક્ષક, શાળાઓના ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર અને ભાવનગરની શામળદાસ કોલેજમાં સંસ્કૃતના પ્રોફેસર બન્યા.
- ✓ મુંબઇ યુનિ.માંથી સંસ્કૃતના પરીક્ષક નીમાનાર તેઓ સૌ પહેલા ગુજરાતી હતા.
- ✓ મણિલાલે શિક્ષાશતક, માલતી માધવ (અનુ.), કાન્તા, પૂર્વદર્શન, નારીપ્રતિષ્ઠા, રાજયોગ, પ્રેમજીવન, પ્રાણ વિનિમય, સિદ્ધાંતસાર, મણિલાલ નભુભાઈનું આત્મવૃત્તાંત જેવા અનેક પુસ્તકો લખવા સાથે પ્રિયવંદા તથા સુદર્શન જેવા સામયિકો પણ ચલાવ્યા હતા.
- ✓ મણિલાલે 1891માં અમલમાં આવેલા વયસંમતિ ધારાનો વિરોધ કર્યો હતો, કવિ નર્મદે પણ મણિલાલના રૂપમાં પોતાની સુધારાવૃત્તિ ગુજરાતી સમાજને ગળે ઉતારશે તેવી અપેક્ષા જીવનના સંધ્યાકાળે વ્યક્ત કરી હતી.
- ✓ સ્વભાવે આનંદી, માયાળુ અને સ્વતંત્ર મિજાજના મણિલાલનું 1 ઓક્ટોબર 1898ના રોજ માત્ર 40 વર્ષની નાની વયે અવસાન થયું હતું.

### (2) દયાસાગર : ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

**જન્મ : 26 સપ્ટેમ્બર 1820, અવસાન : 29 જૂલાઈ 1891**



- ✓ બંગાળ ભારતીય નવજાગરણનું આગેવાન રહ્યું છે. બંગાળમાં મેદનીપુર જિલ્લાના બીરસિંઘ (આજનું બાંગ્લાદેશ) ગામે આજના દિવસે જન્મેલા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ભારતીય નવજાગરણના અગ્રદૂતો પૈકીના એક હતા.

- ✓ તેમની અટક બેનરજી પણ અભ્યાસમાં પ્રવીણ હોવાથી કોલેજ દ્વારા "વિધાસાગર"નું બિરુદ મળ્યું
- ✓ તેમનો મોટા ભાગનો અભ્યાસ કલકતામાં જ થયો હતોઅને મોટા ભાગની પરીક્ષાઓમાં પહેલા નંબરે જ પાસ થયા.
- ✓ 1851માં ઇંગ્લેન્ડથી ભારત નોકરી અર્થે આવતા અધિકારીઓની ભારતીય ભાષાઓની જાણકારી ચકાસતી હતી તે ફ્રોર્ટ વિલિયમ કોલેજમાં જોડાયા. પણ ભાઇના લગ્ન માટે રજા ન મળતા નોકરીને છોડવા તૈયાર થયા પણ ઉપલા અધિકારીને વિધાસાગરની નિષ્ઠા અને સગાઇ સંબંધોનો ખ્યાલ આવતા તેણે રાજીનામું ફાડી નાંખ્યું.
- ✓ તે પછી સંસ્કૃત કોલેજમાં નોકરી લીધી પણ ઉપલા અધિકારીના તોછડા વર્તનને કારણે નોકરી છોડી દીધી અને છાપખાનું શરુ કર્યું.
- ✓ તેમાંથી થતી આવકમાંથી ખપ પુરતું રાખી બાકીનું ગરીબોમાં વહેચી દેતા તેથી "દયાસાગર" પણ કહેવાતા હતા.
- ✓ ઈશ્વરચંદ્રનું નામ મુખ્યત્વે સમાજસુધારા અને વિધવા પુન:લગ્નો અને સ્ત્રી શિક્ષણ સાથે વિશેષ સંકળાયેલું છે.
- ✓ 1856માં થયેલો વિધવા પુન:લગ્નનો કાયદો વિધાસાગરના આન્દોલનનું પરિણામ હતો.
- ✓ સમાજસુધારક તરીકે તેમણે પોતાના દીકરાના લગ્ન વિધવા સાથે કરાવી સમાજસુધારાનું જવલંત દ્રષ્ટાંત પૂરું પડ્યું હતું.
- ✓ તેઓ વિધવાઓને આર્થિક મદદ પણ કરતા હતા. તેમના જ પ્રયત્નોથી 1878થી છોકરીઓને કોલેજોમાં પ્રવેશ મળતો થયો.
- ✓ શિક્ષણ સંસ્થાઓના નામ જાતિ કે કોમ આધારિત ન હોવા જોઇએ તેવો વિચાર પણ ઈશ્વરચંદ્રએ રજુ કર્યો હતો.
- ✓ આવા મહાન સુધારકની એશિયાટિક સોસાયટીના સભ્યપદ અને નાઈટ કમાન્ડર દ્વારા કદર થઇ હતી

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (26-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલી મન કી બાતના મુખ્ય અંશોમાં નીચેના ક્યું વિધાન/વિધાનો યોગ્ય છે

1. તમામ ભારતીયોને કોરોના વેક્સિન લેવા અપીલ
2. ભારતની નદીઓને સ્વચ્છ રાખવા વર્લ્ડ રિવર ડેની ઉજવણી કરવી જોઈએ
3. PM તરીકે મળેલી ભેટ સોગાદોની હરાજી કરીને તેમાંથી જે આવક થાય તેનો ઉપયોગ 'નમામી ગંગે' કાર્યમાં કરાશે
4. આયુર્વેદિક દવાઓ બનાવવા ઉપયોગી છોડ ઉછેરવા અપીલ

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે
(C) માત્ર 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**2.** PM શ્રી મોદીના સપ્ટેમ્બર 2021ના US પ્રવાસ અંગે કઇ બાબતો યોગ્ય છે

1. અમેરિકામાં 65 કલાકનાં રોકાણમાં 20 બેઠકો યોજી
2. અમૂલ્ય કલાકૃતિઓ અમેરિકાથી ભારત પરત લવાઇ
3. હજારો વર્ષ જૂની કુલ 157 પ્રાચીન કલાકૃતિઓ લાવવામાં આવી
4. 157 પ્રાચીન કલાકૃતિઓ પૈકી 71 સાંસ્કૃતિક, 60 હિન્દુ ધર્મને લગતી, 16 બૌદ્ધ ધર્મને લગતી અને 9 જૈન ધર્મને લગતી મૂર્તિઓનો સમાવેશ

(A) 1 અને 4 યોગ્ય છે (B) 2 અને 3 યોગ્ય છે
(C) 1 2 અને 3 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**3.** સપ્ટેમ્બર 2021માં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ નોર્થ USમાં 23,000 વર્ષ પૂર્વે માનવ ડગના સૌથી જૂના પગલાની છાપ મળી આવી જે અંગે નીચેના પૈકી ક્યા વિધાન/વિધાનો યોગ્ય છે

1. વ્હાઇટ સેન્ડ નેશનલ પાર્ક ન્યુ મેક્સિકો-USA
2. વર્ષ 2009માં પહેલીવાર પાર્કના મેનેજરને આ છાપ જોવા મળી
3. આ અહેવાલો પ્રસિદ્ધ જર્નલ સાયન્સમાં પ્રકાશિત થયા હતા
4. પ્રાચીન માનવનિર્વાસન એશિયાથી અલાસ્કાને જોડતાં પુલ દ્વારા થયું હશે, જે હવે રહ્યો નથી

(A) માત્ર 2 યોગ્ય છે (B) માત્ર 4 યોગ્ય છે
(C) માત્ર 1 અને 3 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**4.** તા. 26 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાતની કઇ સંસ્થામાં "સ્કૂલ ઓફ લો ફ્રોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝ"નો થયો

(A) GNLU-ગાંધીનગર
**(B) NFSU-ગાંધીનગર**
(C) નેશનલ રક્ષા શક્તિ યુનિવર્સિટી-ગાંધીનગર
(D) સેન્ટ્રલ યુનિવર્સિટી-ગાંધીનગર

**5.** સપ્ટેમ્બર 2021માં 13 વર્ષ બાદ જમ્મુ-કાશ્મીરના યુવાનોને ભારતીય વાયુસેનામાં આકર્ષવા ક્યા સ્થળે એર શો યોજાયો

**(A) દાલ સરોવર-શ્રીનગર** (B) લેહ
(C) લદ્દાખ (D) જમ્મુ

**6.** સપ્ટેમ્બર 2021માં ક્યા પૂર્વોત્તર રાજ્યના પરંપરાગત આલ્કોહોલિક પીણું 'જુડીમા રાઇસ વાઇન'ને પ્રથમવાર GI ટેગ આપવામાં આવ્યો

(A) નાગાલેન્ડ (B) મેઘાલય **(C) આસામ** (D) ત્રિપુરા

**7.**સપ્ટેમ્બર 2021ના અંતિમ રવિવારે PM શ્રી મોદી દ્વારા કેટલામી મન કી બાત યોજાઇ

(A) 77 **(B) 81** (C) 82 (D) 83

**8.** સપ્ટેમ્બર 2021માં 600 વિકેટ લેનાર વિશ્વની પ્રથમ મહિલા બોલર દેશનું નામ જણાવો

**(A) ઝુલન ગોસ્વામી** (B) શિખા શર્મા
(C) મિતાલી રાજ (D) અંજુમ ચોપરા

**9.** વર્ષ 2023 માટે ક્યા શહેરને વિશ્વ પુસ્તક રાજધાની ઘોષિત કરવામાં આવી છે

(A) કોલંબો, શ્રીલંકા (B) કાંઠમાડુ, નેપાળ
(C) દિલ્હી, ભારત **(D) અકરા, ઘાના**

**10.** 23 સપ્ટેમ્બરે યોજાતા ઇન્ટરનેશનલ સાઈન લેન્ગવેજ ડે-2021ની થીમ જણાવો

(A) We signing for Human Rights
**(B) We sign for Human Rights**
(C) your sign for Human Right
(D) We sign for Hushes Rights

**11.** વિશ્વ નદી દિવસ -2021ની થીમ જણાવો

**(A) Waterways in our community**
(B) Waters way in our community
(C) West ways in our community
(D) Waterways in our communication

**12.** વિશ્વ નદી દિવસ કયારે મનાવવામાં આવે છે

**(A) સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે** B) સ

(C) સપ્ટેમ્બર માસના બીજા રવિવારે

(D) સપ્ટેમ્બર માસના પ્રથમ રવિવારે

**13.** વિશ્વ નદી દિવસ ઊજવવાનો પ્રારંભ કયા વર્ષથી થયો

(A) વર્ષ 2001 (B) વર્ષ 2002

(C) વર્ષ 2004 **(D) વર્ષ-2005**

**14.** દિકરી દિવસ ક્યારે મનાવવામાં આવે છે

(A) સપ્ટેમ્બર માસના ત્રીજા રવિવારે

**(B) સપ્ટેમ્બર માસના છેલ્લાં રવિવારે**

(C) સપ્ટેમ્બર માસના બીજા રવિવારે

(D) સપ્ટેમ્બર માસના પ્રથમ રવિવારે

**15.** પંડિતયુગના સાક્ષર સર્જક મણિલાલ નભુભાઇ દ્વિવેદીનો જન્મ ક્યાં-ક્યારે થયો હતો

(A) નડિયાદ તથા 26 સપ્ટેમ્બર 1855

**(B) નડિયાદ તથા 26 સપ્ટેમ્બર 1858**

(C) નડિયાદ તથા 26 સપ્ટેમ્બર 1862

(D) નડિયાદ તથા 26 સપ્ટેમ્બર 1867

**16.** મણિલાલ નભુભાઇ દ્વિવેદી કયાં મહાનુભાવના શિક્ષક હતા

(A) સ્વામી વિવેકાનંદ (B) રવિન્દ્રનાથ ટાગોર

(C) બંકીમચંદ ચટ્ટોપાધ્યાય **(D) ગાંધીજી**

**17.** મણિલાલ નભુભાઇ દ્વિવેદીની આત્મકથાનું નામ જણાવો તથા તેઓએ કયા સામયિકના તંત્રી તરીકે સેવા આપી છે

(A) આત્મવૃત્તાંત તથા પ્રિયવંદા (B) આત્મવૃત્તાંત તથા સુદર્શન

**(C) આપેલ બંને** (D) આપેલ પૈકી એક પણ નહીં

**18.** ભારતીય નવજાગરણના અગ્રદૂત સમાન ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) 26 સપ્ટેમ્બર 1818 તથા બીરસિંઘ ગામ, જિ. મેદનીપુર(બંગાળ)

(B) 26 સપ્ટેમ્બર 1819 તથા બીરસિંઘ ગામ, જિ. મેદનીપુર(બંગાળ)

**(C) 26 સપ્ટેમ્બર 1820 તથા બીરસિંઘ ગામ, જિ. મેદનીપુર(બંગાળ)**

(D) 26 સપ્ટેમ્બર 1825 તથા બીરસિંઘ ગામ, જિ. મેદનીપુર(બંગાળ)

## DATE : 27-09-2021

### 1. ગુજરાત વિધાનસભા-ગાંધીનગર

**(1) વિધાનસભાના નવા અધ્યક્ષ : ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર વિધાનસભાના અધ્યક્ષપદે ભૂજના મહિલા ધારાસભ્ય શ્રી ડૉ. નીમાબહેન આચાર્યની સર્વાનુમતે વરણી**



**MD ગાયનેક ડૉ. નીમાબહેન આચાર્યનો પરિચય :**

- ✓ ડૉ. નીમાબેન ભાવેશભાઇ આચાર્ય, 3 ભૂજ મત વિભાગ (કચ્છ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે.
- ✓ તેમનો જન્મ તા. 12મી ડિસેમ્બર, 1947ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના નાગનેશ ખાતે થયો હતો.
- ✓ તેઓએ MBBS, ડી.જી.ઓ. અને ગાયનેક ઓબસ્ટ્રેટીક MDની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ વ્યવસાયે ડૉક્ટર છે.
- ✓ તેઓ નવમી, અગીયારમી, બારમી અને તેરમી વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે.
- ✓ તેઓ મહિલા ઉત્કર્ષ પ્રવૃત્તિઓ, ગ્રામવિકાસલક્ષી પ્રવૃત્તિઓ, રમતગમત પ્રવૃત્તિઓ સહિત અનેક જનહિતલક્ષી કામગીરીમાં શોખ ધરાવે છે.

**(2) વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ :**

- ✓ ગુજરાત વિધાનસભાના નવા ઉપાધ્યક્ષ તરીકે શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડની વરણી

**શ્રી જેઠાભાઈનો પરિચય :**

- ✓ શ્રી જેઠાભાઇ ઘેલાભાઇ ભરવાડ 124-શહેરા મત વિભાગ (પંચમહાલ) વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે.



- ✓ તેમનો જન્મ તા. 01 જૂન 1950ના રોજ અણિયાદ ખાતે થયો છે. તેઓએ બી.એ., ફર્સ્ટ એલએલ. બી. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ વેપાર ધંધા સાથે સંકળાયેલા છે.
- ✓ તેઓ દસમી, અગીયારમી, બારમી અને તેરમી વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે.
- ✓ તેઓએ પંચમહાલ દૂધસંઘ, ગોપાલક વિકાસ મંડળ, ગોપાલક સહકારી મંડળી, અણિયાદ દૂધ મંડળી, તથા ખરીદ-વેચાણ સંઘ, શહેરાના ચેરમેન તરીકે સેવા આપી છે. તેઓને વાંચન અને રમત-ગમતનો શોખ છે.

**(3) શાસક પક્ષના નવા નાયબ મુખ્ય દંડક તરીકે ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંત પટેલની વરણી**



### 2. પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન 2021 :

**PM શ્રી મોદીના હસ્તે PM-ABDM નવી દિલ્હીથી લોન્ચ કરાયું**

**PM આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન વિશે :**

**મિશનનો હેતુ :**

- ✓ પીએમ મોદીએ તા. 27 સપ્ટેમ્બરે વીડિયો કોન્ફરન્સિંગથી પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન (PM-DHM) એટલે કે, આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન લોન્ચ કર્યું.




- ✓ આ મહત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ દેશભરમાં આરોગ્ય સેવાને ડિજિટલ બનાવવાનો છે.

- ✓ સૂચિત યોજના હેઠળ દરેક ભારતીય નાગરિકને આધાર નંબરની જેમ એક **14 આંકડાનો યુનિક હેલ્થ ID કાર્ડ** આપવામાં આવશે.
- ✓ યુનિક ડિજિટલ હેલ્થ કાર્ડમાં વ્યક્તિનો તમામ મેડિકલ હિસ્ટ્રી ડિજિટલી રેકોર્ડ કરવામાં આવશે.

**ફાયદા :**

- ✓ આખા દેશમાં ગમે તે સ્થળે આને કારણે વ્યક્તિનો ડિજિટલ હિસ્ટ્રી જાણી શકાશે.
- ✓ સરકારની આ યોજનાથી દેશનાં ગરીબો અને મધ્યમ વર્ગનાં લોકોને વધુમાં વધુ લાભ મળશે.
- ✓ યુનિક હેલ્થ ID કાર્ડ દ્વારા દેશવ્યાપી ડિજિટલ હેલ્થ ઈકો સિસ્ટમ તૈયાર કરી શકાશે.
- ✓ દરેક વ્યકિત મોબાઈલ પર આરોગ્ય સેવાઓની લગતી માહિતી અને સારવાર મેળવી શકશે.

**હેલ્થ ID કાર્ડ ક્યાં અને કેવી રીતે બનશે :**

- ✓ ગૂગલ પ્લે સ્ટોર પર NDHM હેલ્થ રેકોર્ડ મેળવી શકાશે. જેમાં PHR એપ દ્વારા રજિસ્ટ્રેશન કરી શકાશે. આ માટે **14 આંકડાનું યુનિક ID** આપવામાં આવશે.
- ✓ સરકારી કે ખાનગી હોસ્પિટલો તેમજ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર પર કાર્ડ બનાવી શકાશે. પ્રાઇમરી હેલ્થ સેન્ટર અને વેલનેસ સેન્ટર તેમજ કોમન સિંવસ સેન્ટર પર સુવિધા મેળવી શકાશે.
- ✓ યુનિક હેલ્થ કાર્ડને લીધે વ્યક્તિનો આરોગ્યને લગતો રેકોર્ડ ડિજિટલ ફોર્મેટમાં નોંધાશે.
- ✓ વ્યક્તિનો મેડિકલ હિસ્ટ્રી ડિજિટલ ફોર્મેટમાં અપડેટ થશે. કોઇ બીજા શહેર કે હોસ્પિટલમાં યુનિક IDથી ડોક્યુમેન્ટ જોઇ શકાશે. ડોક્ટરો માટે વ્યક્તિની સારવાર સરળ બનશે. શારીરિક તપાસનો ખર્ચ અને સમય બચશે.
- ✓ ndhm.gov.in વેબસાઈટ પર કોઈ પણ વ્યક્તિ પોતાનો PHR ID બનાવી શકે છે. બાદમાં આ વેબસાઈટનું નામ abdh. gov.in કરી દેવાશે.
- ✓ કાર્ડ બન્યા પછી તમે કોઇ હોસ્પિટલમાં સારવાર કરાવવા જશો તો તમારા જૂના રેકોર્ડ ડિજિટલ ફોર્મેટમાં જ મળી જશે.
- ✓ તમે કોઇ બીજા શહેરની હોસ્પિટલમાં જશો, તો ત્યાં પણ યુનિકકાર્ડ થકી ડેટા જોઇ શકાશે.

**સૌપ્રથમ પાયલોટ પ્રોજેક્ટ :**

- ✓ અગાઉ આ યોજના નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM)નાં નામથી ચાલતી હતી.
- ✓ PM મોદીએ 15 ઓગસ્ટ 2020નાં રોજ આંદામાન નિકોબાર, ચંડીગઢ, દાદરા નગર હવેલી, દમણ દીવ, લદ્દાખ તેમજ લક્ષદ્વીપમાં શરૂ કરી હતી. આ સ્કીમ આખા દેશમાં શરૂ કરાશે.

**ડિજિટલ ઇન્ડિયાના હકારાત્મક પરિણામો :**

- ✓ ડિજિટલ ઇન્ડિયા અભિયાન દ્વારા દેશનાં સામાન્ય નાગરિકની શક્તિ વધી છે.
- ✓ આપણા દેશમાં 130 કરોડ આધાર નંબર, 118 કરોડ મોબાઈલ યૂઝર, 80 કરોડ ઇન્ટરનેટ યૂઝર્સ તેમજ 43 કરોડ જનધન ખાતા છે. આવું આખી દુનિયામાં ક્યાંય નહીં હોય.
- ✓ **આજકાલ રાશનથી પ્રશાસન સુધી બધું ડિજિટલ** થઇ ગયું છે. દેશમાં આરોગ્ય સેતુ એપથી કોરોનાને વધતો રોકી શકાયો છે. દેશમાં સૌને મફત વેક્સિન અપાઇ રહી છે. 90 કરોડ લોકોને વેક્સિનનાં ડોઝ અપાયા છે.
- ✓ દેશમાં સમાવેશી હેલ્થ મોડલ પર કામ કરવામાં આવશે. આમાં બીમારીઓથી લોકોને બચાવવા પર ભાર મુકાશે. હેલ્થ કેર અને બીમારીમાં ઇલાજ સુલભ હોય અને સસ્તો તેમજ સૌની પહોંચમાં હોય તેવા પગલાં લેવાશે.

**વિશ્વના અન્ય દેશોમાં ડિજિટલ હેલ્થ કાર્ડની સુવિધા**

- ✓ **વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં 2005માં ઇ-હેલ્થની** દિશામાં પગલું લેવાનો પ્રસ્તાવ રજૂ થયો હતો, જે 2013માં પસાર થયો. ત્યાર પછી ભારત સહિત 120 દેશે તે અપનાવ્યો.
- ✓ 2018માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં ડિજિટલ હેલ્થકાર્ડ પ્રસ્તાવ આવ્યો, જે 2020માં પસાર થયો.
- ✓ આ બંને પ્રસ્તાવનો મુખ્ય આધાર દર્દીઓનો ડેટા રિસર્ચના હેતુથી વહેંચવાનો પણ છે.
- ✓ **અગ્રણી દેશ:** યુરોપિયન દેશ એસ્ટોનિયાએ વર્ષ 2000માં સૌથી પહેલા પહેલા પોતાનું ઈ-હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાનું કામ શરૂ કર્યું હતું, જે 2008માં પૂરું થયું. હવે એસ્ટોનિયાનો 95% હેલ્થ ડેટા ડિજિટલ છે.
- ✓ ઓસ્ટ્રેલિયાએ 2019માં 'માય હેલ્થ રેકોર્ડ' યોજના લૉન્ચ કરી.
- ✓ ઈઝરાયલ, અમેરિકા, બ્રિટનમાં ડિજિટલ હેલ્થ રેકોર્ડની સુવિધા.
- ✓ **ખાસ :** કોઇ પણ સ્થળે, કોઇપણ સમયે, કોઇ પણ વ્યક્તિની તમામ મેડિકલ હિસ્ટ્રી જાણી શકાશે
- ✓ ABDM -આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન

**3. કેન્દ્રીય નાણા મંત્રાલય : ભારત સરકાર**

**GSTમાંથી મુક્તિ ધરાવતા ગુડ્ઝ અને સર્વિસિસની યાદીની સમીક્ષા માટે કેન્દ્ર દ્વારા સાત સભ્યોની બે સમિતિની રચના**

**સમિતિઓની કામગીરી અને સભ્યો :**

**ભૂમિકા-કામગીરી :**

- ✓ કેન્દ્રીય નાણા મંત્રાલયે રાજ્યોના નાણા મંત્રીઓની બે સમિતિઓની રચના કરી.
- ✓ આ સમિતિઓ વર્તમાન ટેક્સ સ્લેબ અને જીએસટીમાંથી મુક્તિ ધરાવતાં ગૂડ્ઝ અને સિંવસિસની યાદીની સમીક્ષા કરશે. તેની સાથે જીએસટી ચોરીની આશંકા ધરાવતાં ક્ષેત્રોની ઓળખ કરવામાં આવશે અને આઈટી સિસ્ટમમાં બદલાવની જરૂરિયાતને લઇને પણ યોગ્ય ભલામણ કરશે.
- ✓ દરોને વધારે તર્કસંગત બનાવવા માટે રચવામાં આવેલી મંત્રીઓની સમિતિ ઇનવર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચરની સમીક્ષાની સાથોસાથ ટેક્સ રેટના સ્લેબના મર્જર સહિત દરોને વધારે તાર્કિક બનાવવાને લઇને પોતાની તરફથી ભલામણો કરશે.

**સભ્યો :**

- ✓ કર્ણાટકના મુખ્યમંત્રી બી બોમ્મઇની આગેવાની હેઠળની આ સમિતિમાં **પશ્ચિમ બંગાળના નાણામંત્રી અમિત મિત્રા, કેરળના નાણામંત્રી એન બાલાગોપાલ, બિહારના ઉપમુખ્યમંત્રી તારકિશોર પ્રસાદ સહિત કુલ સાત સભ્યો** હશે.

**4. નાણા મંત્રાલય - ભારત સરકાર : કેન્દ્ર સરકાર અર્ધવાર્ષિક સમયગાળા માટે રૂ. 5.03 લાખ કરોડનું ઋણ લેશે**

**વિગતો :** કેન્દ્ર વર્તમાન નાણાકીય વર્ષના બીજા ભાગમાં કોરોનાના લીધે થંભી ગયેલા અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા તથા મહેસૂલી આવકમાં પડેલી ઘટને સરભર કરવા 5.03 લાખ કરોડનું ઋણ લેશે.

- ✓ પ્રથમ અર્ધવાર્ષિક સમયગાળા દરમિયાન કેન્દ્રએ રૂ. 7.02 લાખ કરોડનું ઋણ લીધું હતું. આમ 2021-22ના સમગ્ર નાણા વર્ષ દરમિયાન સરકાર રૂ. 12.05 લાખ કરોડનું ઋણ લેશે.
- ✓ સરકાર હવે બીજા ભાગમાં 5.03 લાખ કરોડનું ઋણ લેવાનું આયોજન ધરાવે છે. આ રકમમાં રાજ્યોને જીએસટી પેટે આપવામાં આવનારી લોન ફેસિલિટીની રકમ તથા વળતર પેટે આપવામાં આવનારી રકમનો સમાવેશ થાય છે
- ✓ બજેટ 2021-22 મુજબ સરકારનું કુલ ઋણ રૂ. 12.05 લાખ કરોડ રહેવાનો અંદાજ હતો, જ્યારે પહેલી એપ્રિલથી શરૂ થયેલા નાણાકીય વર્ષ દરમિયાન ચોખ્ખુ ઋણ રૂ. 9.37 લાખ કરોડ રહેવાનો અંદાજ.
- ✓ આ કુલ ઋણમાં ભૂતકાળની લોનની ચૂકવણીનો સમાવેશ થાય છે. આગામી નાણાકીય વર્ષમાં અગાઉની લોન પેટેના 2.80 લાખ કરોડની રકમની ચૂકવણી કરવાની છે.
- ✓ સરકાર તેની રાજકોષીય ખાધને ડેટેડ સિક્યોરિટીઝ અને ટ્રેઝરી બિલ્સ દ્વારા ફંડ કરવા માટે બજારમાંથી નાણા ઊભી કરવાની છે.
- ✓ આગામી નાણાકીય વર્ષમાં રાજકોષીય ખાધ વર્તમાન નાણાકીય વર્ષમાં જીડીપીના 9.5 ટકાથી ઘટીને 6.8 ટકા રહેવાનો અંદાજ છે.

## 5. 'આકાશ' પ્રાઇમ મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ : સ્થાન – ઓડિશા






**વિગત : મિસાઈલની વિશેષતાઓ :**

- ✓ આકાશ મિસાઇલની એક નવી આવૃત્તિ આકાશ પ્રાઇમનું ઓડિશાના સમુદ્ર કિનારે ચાંદીપુરમાં સફળતાપૂર્વક પરિક્ષણ
- ✓ આ મિસાઇલનો ભારતીય એરફોર્સ દ્વારા દુશ્મનોના હવાઇ હુમલા સામે પહોંચી વળવા પ્રયોગ કર્યો હતો.
- ✓ આ મિસાઇલની લંબાઇ 560 સેંટીમીટર અને પહોળાઇ 35 સેંટીમીટર રાખવામા આવી છે.
- ✓ મિસાઇલની ક્ષમતા 60 કિલોગ્રામ વજન સુધીની છે. આકાશ મિસાઇલ પૂરી રીતે ગતિશીલ છે અને વાહનોના ચાલતા કાફલાનું રક્ષણ કરવા સક્ષમ.
- ✓ આ મિસાઇલના લોંચ પ્લેટફોર્મને બન્ને પૈડા અને ટ્રક વાહનો સાથે જોડવામાં આવ્યા છે.

## 6. ભારતમાં નક્સલવાદની વર્તમાન સ્થિતિ :

**ભારતમાંથી આગામી એક વર્ષમાં નક્સલવાદ ખતમ કરવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્યાંક**



- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને નકલગ્રસ્ત રાજ્યોના મુખ્યમંત્રી સાથે નવી દિલ્હી ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ

**છેલ્લા એક દાયકામાં નક્સલી હિંસામાં ઘટાડો**

- ✓ છેલ્લા થોડા વર્ષોથી નક્સલી હિંસાના બનાવોમાં ઘટાડો નોંધાયો છે. વર્ષ 2009માં નક્સલી હિંસાના 2258 બનાવો નોંધાયા હતાં જે વર્ષ 2020માં ઘટીને 665 થઇ ગયો છે.
- ✓ છેલ્લા એક દાયકામાં નક્સલી હુમલામાં થયેલા મૃત્યુમાં પણ 82 ટકાનો ઘટાડો નોંધાયો છે. એ જ રીતે 10 વર્ષમાં નક્સલ અસરગ્રસ્ત જિલ્લાઓ પણ 96થી ઘટીને 53 થઇ ગયાં છે.
- ✓ જ્યાં નક્સલવાદીઓ સૌથી વધારે સક્રિય હોય એવા વિસ્તારોને રેડ કોરિડૉર કહેવામાં આવે છે. રેડ કોરિડોરમાં દેશના 10 રાજ્યોના 74 નક્સલ અસરગ્રસ્ત જિલ્લાઓનો સમાવેશ થાય છે.
- ✓ કેન્દ્ર સરકારનો દાવો છે કે તેની દ્રઢ નીતિઓના કારણે નક્સલ હિંસામાં ઘટાડો થયો છે અને તેનો ભૌગોલિક વ્યાપ પણ ઘટયો છે.
- ✓ હજુ પણ નક્સલવાદ નાબૂદ થઇ શક્યો નથી. પોતાના વિસ્તારોમાં તેમનો મજબૂત કબજો છે અને ખાસ વાત એ કે તેમનું ગુપ્ત નેટવર્ક ભારે મજબૂત છે. પળેપળની ખબર તેઓ રાખે છે અને લાગ મળતા જ ઘાત લગાવીને હુમલો કરે છે.
- ✓ નક્સલ અસરગ્રસ્ત વિસ્તારોમાં માઓવાદીઓ પોતાની સમાંતર સત્તા ચલાવે છે. એટલા માટે જ ગાઢ જંગલોમાં છુપાયા હોવા છતાં તેમની પાસે આઇઇડી જેવા વિસ્ફોટકો અને આધુનિક હથિયારો પહોંચી જાય છે.
- ✓ છેલ્લા બે દાયકામાં માઓવાદી હિંસામાં લગભગ બાર હજાર લોકો માર્યા ગયાં છે જેમાં લગભગ ત્રણેક હજાર પોલીસ અને સુરક્ષા દળોના જવાનોનો સમાવેશ થાય છે.

**પછાત રાજ્યોમાં વધારે સમસ્યા**

- ✓ છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓડિશા અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં માઓવાદે એવા મૂળિયા જમાવ્યાં છે કે માત્ર સુરક્ષા દળો દ્વારા અભિયાનો ચલાવીને તેને સંપૂર્ણ રીતે ખતમ કરી શકાય એમ નથી.
- ✓ હકીકતમાં નક્સલ સમસ્યા દેશની આંતરિક સુરક્ષા સાથે જોડાયેલી જટિલ સમસ્યા છે જેના મૂળમાં સામાજિક અને આર્થિક ભેદભાવ છે. એટલા માટે તેના નિરાકરણ માટે પણ એક કરતા વધારે મોરચે પગલાં લેવાની આવશ્યક્તા છે.
- ✓ હાલ તો નક્સલવાદ સૌથી વધારે ઝારખંડ અને છત્તીસગઢમાં વ્યાપ્ત છે અને જોવા જેવી બાબત એ છે કે આ બંને રાજ્યો આર્થિક રીતે સાવ પછાત છે.
- ✓ આર્થિક રીતે પછાત રાજ્યોમાં નક્સલવાદની સમસ્યા વધારે ગંભીર છે. ખરેખર તો આ બંને રાજ્યો કુદરતી સંસાધનોની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ છે પરંતુ અહીંયાના લોકો વધારે ગરીબ.

## 7.પુસ્તક:ધ લોંગ ગેમ હાઉ ધ ચાઇનીઝ નેગોશિસેટ વિથ ઇન્ડિયા

- ✓ લેખક : પૂર્વ વિદેશ સચિવ શ્રી વિજય ગોખલે

**પુસ્તક વિશે :**

- ✓ લદાખમાં 16 મહિનાથી ચાલતી સૈન્ય ખેંચતાણ ખતમ કરવાને લઈને અનેક સ્તરે 1,527 વખત મંત્રણાઓ યોજાઇ ચૂકી છે. આ બેઠકો 20 કલાક ચાલી હતી. તેમ છતાં પરિણામ એ આવ્યું કે પૂર્વ લદાખમાં બે મોરચા પર ખેંચતાણની સ્થિતિ છે.




- ✓ ચીન સાથે યોજાનાર મંત્રણા લાંબી કેમ ચાલે છે અને પરિણામ જલદી કેમ સામે નથી આવતાં તેના વિશે રસપ્રદ ખુલાસા થયા.
- ✓ ચીનના મામલાને નજીકથી જોઇ ચૂકેલા પૂર્વ વિદેશ સચિવ વિજય ગોખલેએ પદથી નિવૃત્ત થયા બાદ પોતાના પહેલા પુસ્તક 'ધ લોંગ ગેમ હાઉ ધ ચાઈનીઝ નેગોશિએટ વિથ ઈન્ડિયા'માં ચીનના મંત્રણાકારોની ચાલાકીનો પટારો ખોલી નાખ્યો હતો.
- ✓ ગોખલેએ શરૂઆત 1949થી કરી હતી જ્યારે ભારતે ચીનને માન્યતા આપી હતી અને પછી ભારતના પરમાણુ વિસ્ફોટ, આતંકી મૌલવી મસૂદ અઝહરને યુએનના બ્લેક લિસ્ટમાં નાખવાને લઈને 10 વર્ષ ચાલેલી વાતચીતના અનુભવોથી ચીનના મંત્રણાકારોની દરેક ચાલને ઝીણવટથી રજૂ કરી છે.

## 8. ICMRનો કેન્સર અંગેનો અહેવાલ જાહેર

**અહેવાલની વિગતો :**

- ✓ ભારતમાં સ્ત્રીઓની સરખામણીએ પુરુષો જુદા જુદા પ્રકારના કેન્સર કેસનું પ્રમાણ વધુ નોંધાયું.
- ✓ **પુરુષોમાં લોહી, હાડકાં, મોઢું વગેરેના કેન્સરના કેસનું પ્રમાણ 52.4 ટકા જ્યારે મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર(છાતીનું કેન્સર) સહિત અન્ય પ્રકારના કેન્સરના કેસનું પ્રમાણ 47.4 ટકા નોંધાયું છે. બાળકો (1થી 14 વર્ષ)માં કેન્સરના કેસની ટકાવારી 7.9 નોંધાઇ** છે.
- ✓ ભારતની તબીબી સંશોધનની પ્રતિષ્ઠિત સંસ્થા ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) દ્વારા ક્લિનિકોપેથોલોજીક પ્રોફાઇલ ઓફ કેન્સર્સ -એ રિપોર્ટ ઓફ ધ હોસ્પિટલ બેઝ્ડ કેન્સર રજીસ્ટ્રીઝ, 2021માં આવી ચિંતાજનક વિગતો આપવામાં આવી છે.
- ✓ ICMRના આ તબીબી અહેવાલમાં ઉલ્લેખ છે કે તમામ પ્રકારના કેન્સરના કેસમાં પુરુષોમાં માથા-ગળાના હિસ્સામાં થતા કેન્સરનું પ્રમાણ એક તૃતિયાંશ (31.2 ટકા) નોંધાયું છે.
- ✓ 45થી 64 કેન્સરના કેસનું પ્રમાણ સૌથી વધુ નોંધાયું છે. ઉપરાંત 65 કરતાં વધુ વયના પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સરની ટકાવારી પણ વધુ નોંધાઇ છે.

## 9. નિમણૂક : NCCના નવા DG તરીકે લેફ. જનરલ ગુરબિરપાલ સિંઘની નિમણૂક



- ✓ NCC : નેશનલ કેડેટ્સ કોપ્સ
- ✓ મુખ્ય મથક : નવી દિલ્હી

## 10. જર્મની : સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર : ત્રિશંકુ સંસદ રચાશે

- ✓ સૌથી મોટી પાર્ટી-SDP

**વિગતો :** જર્મનીના ચૂંટણીનાં પરિણામોમાં ત્રિશંકુ સંસદ (બુંડસ્ટેગ)ની તસવીર ઉભરીને સામે આવી.

- ✓ સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી(એસડીપી) 25.7 ટકા વોટ સાથે પહેલા સ્થાને છે. જોકે ચાન્સેલર એન્જેલા મર્કેલની સીડીયુ-સીએસએલ 24.1 ટકા વોટ સાથે બીજા, તથા 14.8 ટકા વોટ સાથે ગ્રીન પાર્ટી ત્રીજા ક્રમે છે.




- ✓ આ ગ્રીન પાર્ટીનું અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. ગ્રીન પાર્ટી સાથે સાથે આ વખતે કારોબારી સમર્થક એફડીપી પાર્ટી કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે જેને 11.5 ટકા વોટ મળ્યા.
- ✓ એસડીપીના ચાન્સેલર ઉમેદવાર ઓલાફ શૉલ્સે કહ્યું કે તેમની પાર્ટીને સમર્થનથી એ સ્પષ્ટ છે કે મોટાભાગના લોકો સરકારમાં પરિવર્તન ઇચ્છે છે.

**કોને કેટલી બેઠક**

- ✓ **એસડીપી : 206** — **સીડીયુ-સીએસએલ: 196**
- ✓ **ગ્રીન પાર્ટી : 118** — **એફડીપી: 92**
- ✓ **એએફડી : 83**

**ભારત માટે જર્મનીની ચૂંટણીનાં પરિણામ કેમ મહત્વપૂર્ણ**

- ✓ ઇયુમાં જર્મની ભારતનું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર
- ✓ ભારતમાં લગભગ 1700 જર્મન કંપનીઓ કામ કરે છે. આ કંપનીઓમાં 7 લાખ ભારતીયોને રોજગારી મળે છે.
- ✓ ભારત અને જર્મની તાજેતરમાં રૂ. 329 કરોડના 11 પર્યાવરણ સંબંધિત દ્વિપક્ષીય સમજૂતી કરી ચૂક્યા છે.
- ✓ જર્મન કંપની ટૂસનક્રોપ સાથે શસ્ત્રસરંજામની સમજૂતી. 410 કરોડમાં ભારતીય નેવીને 6 સબમરીનનો સપ્લાય કરાશે.

## 11. UN : 76મી સામાન્ય સભા - નિર્ણય :

**અફઘાનિસ્તાન અને મ્યાનમાર UNની સામાન્ય સભાને સંબોધન કરી શકશે નહિ**



**વિગત :** સામાન્ય સભામાં સંબોધન કરનારા પ્રવક્તા દેશોની યાદીમાંથી બંને દેશોને બાકાત રખાયા

- ✓ યુનાઇટેડ નેશન્સની યોજાયેલી સામાન્ય સભાની ઉચ્ચ સ્તરીય ચર્ચાને અફઘાનિસ્તાન અને મ્યાનમાર સંબોધન કરશે નહીં કેમ કે આ વૈશ્વિક સંગઠનની 76મી સામાન્ય સભાની મિટિંગમાં સંબોધન કરનારા પ્રવક્તા દેશોની યાદીમાંથી આ બંને દેશોને બાકાત રાખવામાં આવ્યા હતા.

## 12. વિશ્વમાં સૌથી ઊંચાઈ પર આવેલા EV ચાર્જીંગ સ્ટેશનનો પ્રારંભ



- ✓ સ્થળ : કાઝા, જિ. લાહૌલ-સ્પિતી, હિમાચલ પ્રદેશ
- ✓ EV : ઇલેક્ટ્રોનિક વ્હીકલ

**13. દિન વિશેષ : 27 સપ્ટેમ્બર (1) વિશ્વ પ્રવાસન દિવસ**




- ✓ **થીમ-2021: 'Tourism for Inclusive Growth'**
- ✓ ઉજવણી વિશે : વિશ્વ પ્રવાસન દિવસનો પ્રથમ પ્રારંભ : 27/09/1980
- ✓ ઉજવણી : UNWTO
- ✓ UNWTOની સ્થાપના : વર્ષ 1976
- ✓ UNWTO : યુનાઇટેડ નેશન્સ વર્લ્ડ ટુરીઝમ ઓર્ગેનાઇઝેશન
- ✓ મુખ્ય મથક : મેડ્રિડ, સ્પેન

**(2) દિન વિશેષ : ગૂગલનો 23મો સ્થાપના દિવસ : તા. 27/09/1998**

**ગૂગલનો ઇતિહાસ અને વર્તમાન :**

- ✓ ગૂગલે 27 સપ્ટેમ્બર તેમનો 23મો જન્મદિવસ મનાવ્યો. જન્મદિવસને લઇને ગૂગલે તેમના હોમપેજ પર એક અલગ અંદાજમાં ડૂડલને બનાવ્યું હતું અને પોતાને હેપી બર્થ ડે વિશ કર્યું હતું. જેમાં ગૂગલના સ્પેલિંગ વચ્ચે કેક અને એલની જગ્યાએ મીણબત્તી જોવા મળી હતી.
- ✓ ગૂગલ સર્ચ એન્જિનનો પાયો આમ તો 1997માં નાખવામાં આવ્યો હતો પરંતુ તેને સત્તાવાર રીતે 27 સપ્ટેમ્બર, 1998ના રોજ એક કંપનીના રૂપે સ્થાપિત કરવામાં આવી હતી.
- ✓ આ બનાવવાનો શ્રેય બે મિત્રો સર્ગેઇ બ્રિન-લૈરીને જાય છે.
- ✓ હાલ તેમના સીઇઓ સુંદર પીચાઇ છે જેઓએ 24 ઓક્ટોબર, 2015ના રોજ તેમનો હોદ્દો સંભાળ્યો હતો.
- ✓ હાલમાં ગૂગલમાં આપણે 150 ભાષામાં સર્ચ કરી શકીએ છીએ.
- ✓ સ્થળ: કેલિફોર્નિયા, USA

**14. જન્મ દિન વિશેષ : 27 સપ્ટેમ્બર**

**(1) વિઠ્ઠલભાઈ પટેલની 129મી જન્મ જયંતી**

**જન્મ દિવસ : 27-09-1893 અવસાન : 1933 (ડબ્લીનમાં)**

**જન્મ સ્થળ : કરમસદ (ખેડા)**

- ✓ **ગુજરાત વિધાનસભાનું નામ : વિઠ્ઠલભાઈ પટેલ ભવન**




- ✓ વિઠ્ઠલભાઈ બચપણમાં અને યુવાનીમાં ઘણી રમૂજ વૃત્તિના વ્યક્તિ હતા. તેમની યુવાનીના રમુજી કિસ્સાઓ વાંચ્યા પછી ભાગ્યે જ કોઇને એવી કલ્પના આવે કે આ યુવાન બંધારણીય બાબતોનો નિષ્ણાત થશે.
- ✓ બ્રિટનમાં બેરિસ્ટર થઇ જમાનાની તાસીર મુજબ વકીલાત શરૂ કરી, ગોધરા, બોરસદ વગેરે ઠેકાણે તેઓએ વકીલાતનો પરચમ દેખાડ્યો હતો. વકીલાત નિમિત્તે જ વિઠ્ઠલભાઈ જાહેરજીવન અને આઝાદીના જંગમાં પણ જોડાયા હતા.
- ✓ 1912માં મુંબઈ લેજિસ્લેટિવ એસેમ્બલીના સભ્ય તરીકે ચૂંટાયા હતા. 1920માં ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો પ્રચાર કરવા માટે ઇંગ્લેન્ડ ગયા હતા.
- ✓ વિઠ્ઠલભાઈ પટેલ દિલ્હીની વડી ધારાસભાના પ્રમુખ તરીકે ચૂંટાઇ આવ્યા.
- ✓ 1922માં અસહકાર આંદોલન પછી દેશમાં વ્યાપેલી નિરાશાના વાતાવરણમાં તેઓ સ્વરાજ્ય પક્ષના સ્થાપક સભ્ય બન્યા હતા.
- ✓ સવિનય કાનૂન ભંગ આંદોલન શરૂ થતા ધારાસભામાંથી રાજીનામું આપ્યું.
- ✓ લોખંડી પુરુષ વલ્લભભાઈ પટેલના મોટા ભાઈ
- ✓ સર્વોદયી - મીરાંબહેન ભટ્ટનો જન્મદિવસ
- ✓ ગાંધીવાદી કાર્યકર બબલ મહેતા અને રાજા રામમોહન રાયની પુણ્યતિથિ છે.

**વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (27-09-2021)**

**1.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે લોન્ચ કરાયેલા PM-ABDM 2021 અંગે કઈ બાબતો યોગ્ય છે

1. PM-ABDM એટલે પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન જે નવી દિલ્હીથી લોન્ચ કરાયું
2. દરેક ભારતીય નાગરિકને આધાર નંબરની જેમ એક 14 આંકડાનો યુનિક હેલ્થ ID કાર્ડ અપાશે
3. કોઇ પણ સ્થળે, કોઇપણ સમયે, કોઇ પણ વ્યક્તિની તમામ મેડિકલ હિસ્ટ્રી જાણી શકાશે
4. આખા દેશમાં ગમે તે સ્થળે આને કારણે વ્યક્તિનો ડિજિટલ હિસ્ટ્રી જાણી શકાશે

(A) 2 અને 3 યોગ્ય છે (B) 1 અને 4 યોગ્ય છે

(C) 1 2 અને 3 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**2.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ વડાપ્રધાન શ્રી મોદીના હસ્તે લોન્ચ કરાયેલા PM-ABDM 2021 અંગે નીચેનામાંથી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન એટલે આયુષ્યમાન ભારત ડિજિટલ મિશન
2. ndhm.gov.in વેબસાઇટ પર કોઇ પણ વ્યક્તિ પોતાનો PHR ID બનાવી શકશે
3. ગૂગલ પ્લે સ્ટોર પર NDHM હેલ્થ રેકોર્ડ મેળવી શકાશે
4. 15 ઓગસ્ટ 2020નાં રોજ પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજનાનો આંદામાન નિકોબાર, ચંડીગઢ, દાદરા નગર હવેલી, દમણ દીવ, લદ્દાખ તેમજ લક્ષદ્વીપમાં શરૂ કરાયો હતો

(A) માત્ર 2(B) માત્ર 4 (C) 1 અને 3 **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**3.** સપ્ટેમ્બર 2021ના ICMRના કેન્સર અંગેનો અહેવાલમાં નીચેની કઇ બાબતો યોગ્ય છે

1. પુરુષોમાં લોહી, હાડકાં, મોઢું વગેરેના કેન્સરના કેસનું પ્રમાણ 52.4 ટકા
2. મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સર(છાતીનું કેન્સર) સહિત અન્ય પ્રકારના કેન્સરના કેસનું પ્રમાણ 47.4 ટકા
3. બાળકો (1થી 14 વર્ષ)માં કેન્સરના કેસની ટકાવારી 7.9 નોંધાઇ

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે
(C) માત્ર 3 યોગ્ય છે **(D) 1 2 અને 3 યોગ્ય છે**

**4.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાતના ઇતિહાસમાં પ્રથમવાર વિધાનસભાના અધ્યક્ષપદે ક્યા મહિલા ધારાસભ્યની સર્વાનુમતે વરણી કરાઇ

(A) વડોદરાના ધારાસભ્ય મનિષાબેન વકીલ
(B) રાપરના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી
**(C) ભૂજના ધારાસભ્ય શ્રી ડૉ. નીમાબહેન આચાર્ય**
(D) લિંબાયતના ધારાસભ્ય શ્રી સંગીતાબેન પાટીલ

**5.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષપદે કોની વરણી કરાઇ

**(A) શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ**
(B) ગાંધીનગરના ધારાસભ્ય શંભૂજી ઠાકોર
(C) નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઇ
(D) ભરૂચના દુષ્યંતભાઇ પટેલ

**6.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ ગુજરાત વિધાનસભામાં શાસક પક્ષના નવા નાયબ મુખ્ય દંડક તરીકે કોની વરણી કરાઇ

(A) શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ
(B) નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઇ
**(C) ભરૂચના ધારાસભ્ય શ્રી દુષ્યંત પટેલ**
_(D) ગાંધીનગરના ધારાસભ્ય શંભૂજી

**7.** સપ્ટેમ્બર 2021માં કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા GSTમાંથી મુક્તિ ધરાવતા ગુડ્ઝ અને સર્વિસિસની યાદીની સમીક્ષા માટે કેન્દ્ર દ્વારા કર્ણાટકના મુખ્યમંત્રી બી બોમ્મઇની આગેવાની હેઠળ કેટલા સભ્યોની બે સમિતિની રચના કરાઇ

(A) ચાર (B) છ **(C) સાત** (D) નવ

**8.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ કેન્દ્ર સરકાર અર્ધવાર્ષિક સમયગાળા માટે કેટલા લાખ કરોડનું ઋણ બજારમાંથી લેશે

**(A) રૂ. 5.03 લાખ કરોડ** (B) રૂ. 5.25 લાખ કરોડ
(C) રૂ. 6.06 લાખ કરોડ (D) રૂ. 7.09 લાખ કરોડ

**9.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ ભારતીય એરફોર્સ માટે 'આકાશ' પ્રાઇમ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કમયાંથી કરાયુ

(A) તિરુવનંતપુરમ કેરળ (B)વિશાખાપટ્ટનમ આંધ્રપ્રદેશ
**(C) ચાંદીપુર ઓડિશા** (D) આંદામન નિકોબાર

**10.** સપ્ટેમ્બર 2021માં NCCના નવા DG તરીકે કોની નિમણૂક કરાઇ

(A) લેફ. જનરલ વિનોદરાવ
**(B)લેફ.જનરલ ગુરબિરપાલ સિંઘ**
(C) લેફ. જનરલ વિક્રમસિંઘ
(D) લેફ. જનરલ ગુરુગોવિંદ રાય

**11.** ભારતમાં આગામી ક્યા સમય સુધીમાં નક્સલવાદ ખતમ કરવાનો કેન્દ્ર સરકારે લક્ષ્યાંક નક્કી કર્યો છે

**(A) એક વર્ષ** (B) બે વર્ષ (C) ચાર વર્ષ (D) સાત વર્ષ

**12.** 'ધ લોંગ ગેમ હાઉ ધ ચાઇનીઝ નેગોશિસેટ વિથ ઇન્ડિયા'ના પુસ્તકના લેખકનું નામ જણાવો

(A) પૂર્વ વિદેશ સચિવ શ્રી સુબ્રમણ્યમ સ્વામી
**(B) પૂર્વ વિદેશ સચિવ શ્રી વિજય ગોખલે**
(C) પૂર્વ વિદેશ સચિવ શ્રી એસ જયશંકર
(D) પૂર્વ વિદેશ સચિવ શ્રી રવિશંકર દૂબે

**13.** સપ્ટેમ્બર 2021માં જર્મનીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં સૌથી મોટા પક્ષ તરીકે કોને સફળતા મળી છે

(A) સીડીયુ-સીએસએલ (B) ગ્રીન પાર્ટી
**(C) સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી-SDP** (D) એફડીપી

**14.** સપ્ટેમ્બર 2021માં UN દ્વારા 76મી સામાન્ય સભામાં સંબોધન કરનારા પ્રવક્તા દેશોની યાદીમાંથી ક્યા દેશને બાકાત રખાયા

(A) અફઘાનિસ્તાન (B) મ્યાનમાર
**(C) A અને B બંને** (D) એક પણ નહીં

**15.** સપ્ટેમ્બર 2021માં વિશ્વમાં સૌથી ઊંચાઇ પર આવેલા EV ચાર્જીંગ સ્ટેશનનો ક્યાં પ્રારંભ કરાયો

**(A) કાઝા, જિ. લાહૌલ-સ્પિતી, હિમાચલ પ્રદેશ**
(B) કાઝા, જિ. લાહૌલ-સ્પિતી, ઉતરાખંડ
(C) કાઝા, જિ. લાહૌલ-સ્પિતી, ઉત્તરપ્રદેશ
(D) કાઝા, જિ. લાહૌલ-સ્પિતી, અરુણાચલ પ્રદેશ

**16.** તા. 27 સપ્ટેમ્બર 2021ના રોજ ગૂગલનો કેટલામો સ્થાપના દિવસ મનાવાયો

(A) 21 (B) 22 **(C) 23** (D) 25

**17.** વિશ્વ પ્રવાસન દિવસ-2021ની થીમ જણાવો

(A) Tourist for Inclusive Growth
**(B) Tourism for Inclusive Growth**
(C) Tourism for Include Growth
(D) Tourism to Inclusive Gross

**18.** વિશ્વ પ્રવાસન દિવસ ક્યારે ઊજવવામાં આવે છે

(A) 21 સપ્ટેમ્બર (B) 22 સપ્ટેમ્બર (C) 27 સપ્ટેમ્બર (D) 28 સપ્ટેમ્બર

**19.** ગુજરાત વિધાનસભાને કયા નામે ઓળખવામાં આવે છે -

**(A) વિઠ્ઠલભાઇ પટેલ ભવન** (B) વલ્લભભાઇ પટેલ ભવન
(C) મહાત્મા ગાંધી ભવન (D) માવલંકર ભવન

**20.**શ્રી વિઠ્ઠલભાઇ પટેલનો જન્મ દિવસ જણાવો

(A) 27-09-1891 (B) 27-09-1892
**(C) 27-09-1893** (D) 27-09-1894

**DATE : 28-09-2021**

**1. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા નવી જાતના 35 પાકની વેરાઈટી દેશને સમર્પિત**

✓ **ખાસ :** નવી ફસલ ક્લાઈમેટ ચેન્જ અને કુપોષણના પડકારોનો સામના માટે સક્ષમ



- ✓ દેશની તમામ ICAR સંસ્થાઓ, રાજ્યો તેમજ કેન્દ્રની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પાકની નવી 35 વેરાઇટીનું લોકાર્પણ કરાયું.

**નવીન પાક અને વિશેષતાઓ :**

- ✓ નવા 35 પાકની વેરાઇટી હવામાન અને વાતાવરણમાં થતા ફેરફારોનો સામનો કરવા સક્ષમ છે તેમજ વધુ પૌષ્ટિક તત્વો ધરાવે છે. જેને 2021માં વિકસાવવામાં આવેલ છે. તે પાકને લગતા રોગનો સામનો કરી શકે છે.
- ✓ નવા પાકમાં દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોમાં **વિવિધ કઠોળ** જેવી કે, ચણાની નવી જાત, તુવેર દાળ, સોયાબીન, ક્લાઇમેટ ચેન્જને અનુરૂપ **અનાજ,** વધુ પ્રોટીનવાળા ઘઉં, બાજરો, મકાઇ તેમજ ચણા સામેલ છે.
- ✓ **તેલીબિયાં**ની નવી જાતો પણ વિકસાવાઇ છે. રોગ પ્રતિકારક ક્ષમતાવાળા ચોખા, બાજરો, મકાઇ તેમજ વટાણાને સામેલ કરાયા.
- ✓ **નવીન સંશોધન : ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)**

## 2. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટિક સ્ટ્રેસ મેનેજમેન્ટ, રાયપુરના નવા ભવનનું વડાપ્રધાન મોદી દ્વારા ઇ-લોકાર્પણ

- ✓ ભૂમિકા : કૃષિ વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે કામ કરતી સંસ્થા
- ✓ ખર્ચ : રૂ. 58 કરોડ
- ✓ રાયપુર : છત્તીસગઢની રાજધાની

## 3. SEBI : ભારતમાં ગોલ્ડ સ્ટોક એક્સચેન્જને મંજૂરી

**મુખ્ય હેતુ :**

- ✓ હવે સોનાના સ્પોટ ટ્રેડિંગ સોદા થશે તેમાં સોનાનું ટ્રેડિંગ ઇલેક્ટ્રોનિક ગોલ્ડ રિસીપ્ટ (ઇજીઆર)ના રૂપમાં શેર જેવી હશે.
- ✓ સેબીએ બોર્ડ બેઠકમાં ગોલ્ડ એક્સચેન્જ અને સેબી (વૉલ્ટ મેનેજર્સ) વિનિયમ 2021ના ફ્રેમવર્કને મંજૂરી આપી.
- ✓ ટ્રેડિંગ માટે ઇજીઆરનું મૂલ્ય માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેન્જ સેબીની મંજૂરી લઇને નક્કી કરી શકાશે.
- ✓ ઇજીઆરની કોઇ એક્સપાયરી ડેટ નહીં હોય અને ઇજીઆર ધારકો ઇચ્છે ત્યારે તે પોતાની પાસે રાખી શકશે. આ ઉપરાંત તેઓ ઇજીઆર સરન્ડર કરીને વૉલ્ટમાંથી મૂલ્ય પ્રમાણે સોનું પણ લઇ શકશે.

**સોશિયલ સ્ટોક એક્સચેન્જને મંજૂરી**

- ✓ સેબીએ સોશિયલ સ્ટોક એક્સચેન્જને પણ મંજૂરી આપી છે. સોશિયલ એન્ટરપ્રાઇઝ તેના થકી બજારમાંથી મૂડી ભેગી કરી શકશે. એસએઇ સેબીના દાયરામાં આવશે. જોકે, તે શરૂ થવાની સમયમર્યાદા નક્કી નથી.
- ✓ **SEBI : સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા**
- ✓ **SEBI મુખ્યમથક : મુંબઇ**

## 4. શાહીન વાવાઝોડું : ભારતીય હવામાન વિભાગ દ્વારા શાહીન વાવાઝોડા માટે એલર્ટ અપાયું

- ✓ ઉદભવ સ્થાન : અરબી સમુદ્ર




- ✓ સંભવિત પ્રભાવિત વિસ્તાર : મહારાષ્ટ્ર અને ગુજરાત
- ✓ નામ આપનાર દેશ : કતાર
- ✓ શાહીનનો અર્થ : રોયલ વ્હાઇટ ફાલ્કન અથવા હૉક (ગરૂડ-બાઝ)

| WMO/ESCAP Panel Member countries | Column 1 | | Column 2 | | Column 3 | | Column 4 | |
|---|---|---|---|---|---|---|---|---|
| | Name | Pron' | Name | Pron' | Name | Pron' | Name | Pron' |
| Bangladesh | Nisarga | Nisarga | Biparjoy | Biporjoy | Arnab | Ornab | Upakul | Upokul |
| India | Gati | Gati | Tej | Tej | Murasu | Murasu | Aag | Aag |
| Iran | Nivar | Nivar | Hamoon | Hamoon | Akvan | Akvan | Sepand | Sepand |
| Maldives | Burevi | Burevi | Midhili | Midhili | Kaani | Kaani | Odi | Odi |
| Myanmar | Tauktae | Tau'Te | Michaung | Migjaum | Ngamann | Ngaman | Kyarthit | Kjathi |
| Oman | Yaas | Yass | Remal | Re-Mal | Sail | Sail | Naseem | Naseem |
| Pakistan | Gulab | Gul-Aab | Asna | As-Na | Sahab | Sa-Hab | Afshan | Af-Shan |
| Qatar | Shaheen | Shaheen | Dana | Dana | Lulu | Lulu | Mouj | Mouj |
| Saudi Arabia | Jawad | Jowad | Fengal | Feinjal | Ghazeer | Razeer | Asif | Aasif |
| Sri Lanka | Asani | Asani | Shakhti | Shakhti | Gigum | Gigum | Gagana | Gagana |
| Thailand | Sitrang | Si-Trang | Montha | Mon-Tha | Thianyot | Thian-Yot | Bulan | Bu-Lan |
| United Arab Emirates | Mandous | Man-Dous | Senyar | Sen-Yaar | Afoor | Aa-Foor | Nahhaam | Nah-Haam |
| Yemen | Mocha | Mokha | Ditwah | Ditwah | Diksam | Diksam | Sira | Sira |

## 5.ઝોઝિલા ટનલ: વિશ્વની સૌથી ઊંચી અને લાંબી સૂચિત ટનલ સ્થાન : સોનમર્ગ-કાશ્મીરથી લદાખ

- ✓ માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી દ્વારા નિરીક્ષણ કરાયું




**સૂચિત ઝોઝિલા ટનલ વિશે :**

- ✓ 3.5 કલાકનું અંતર ફક્ત 15 મિનિટમાં કપાશે
- ✓ સોનમર્ગ-કાશ્મીરથી લદાખ વચ્ચે બનતી ઝોઝિલા ટનલનું કામ ઓક્ટોબર 2020માં શરૂ થયું હતું. અને ડિસેમ્બર 2023 સુધી પૂરું થશે
- ✓ **14.5 કિ.મી. લાંબી આ ટનલ 11,578 ફૂટની ઊંચાઇ**એ બની રહી છે. આ દુનિયાની સૌથી ઊંચાઇ પર બનેલી ટનલ હશે.
- ✓ આ ટનલથી એક જ ટ્યુબમાં બંને તરફ અવરજવર કરી શકાશે. તે બન્યા પછી કાશ્મીરનો લદાખ સાથે બારેય મહિના સંપર્ક થઇ શકશે, જે હિમવર્ષાના કારણે અગાઉ છ મહિના સુધી તૂટી જતો હતો.
- ✓ ટનલ બન્યા પછી ઝોઝિલા પાસ પાર કરવામાં લાગતો સાડા ત્રણ કલાકનો સમય ફક્ત 15 મિનિટમાં પૂરો થઇ જશે.

**કાશ્મીરમાં તૈયાર થઇ રહેલી ટનલ વિશે**

- ✓ કાશ્મીરમાં ઝોઝિલા જેડમોડ ટનલ સાથે કુલ 31 ટનલ બની રહી છે. આ રસ્તા પર પરિવહન મંત્રાલય રૂ. 1.40 કરોડનો ખર્ચ કરી રહ્યું છે.
- ✓ કાશ્મીરમાં 32 કિ.મી. લાંબી 20 ટનલ અને લદાખમાં 20 કિ.મી. લંબાઇની 11 ટનલ પણ છે. આ તમામ ટનલ, રસ્તાનું મોટા ભાગનું નિર્માણકાર્ય આગામી બે વર્ષમાં પૂરું થઇ જશે.

## 6. સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર :

**આસામ સરકાર દ્વારા ઉપ-રાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાશે**



**7. GI ટેગ : (1) સોજત મહેંદી- રાજસ્થાન (2) કાકડી – નાગાલેન્ડ**




- ✓ GI : જીયોગ્રાફિકલ ઇન્ડીકેશન

**8. ભારતીય સેના : વિશ્વના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્ર સિયાચીન ગ્લેશિયર બેઝ કેમ્પ સહેલાણીઓ માટે ખુલ્લો મુકાયો**




**સ્થળ : લદ્દાખ પ્રદેશ** વર્લ્ડ ટુરીઝમ ડે નિમિતે સહેલાણીઓ માટે નવુ નઝરાણુ

**વિગત :** આ દરમિયાન લદ્દાખ પ્રદેશ એડમિનિસ્ટ્રેશને પણ મન-મેરાક, ચુશૂલ, ત્સાગા-લા, હનલે અને મશ્કોહ ઘાટીને પ્રવાસીઓ માટે ખુલ્લુ મૂકતા ઇનરલાઇન પરમિટનો અંત લાવી દીધો છે.

- ✓ સાંસદ જામિયાંગ ત્સેરિંગ નાંગ્યાલે સિયાચીન ગ્લેશિયરના બેઝ કેમ્પને પ્રવાસીઓ માટે ખોલવાના સંદર્ભમાં યોજાયેલા એક સમારોહનું ઉદઘાટન કર્યું હતું. આ અગાઉ સાંસદે યુદ્ધ સ્મારક ઉપર જઇને શહીદોને પુષ્પાંજલિ અર્પી હતી.
- ✓ કારગિલમાં મશ્કોહ ઘાટીમાં જવા માટે કારગિલ અને લેહના નાગરિકો તથા ઘરઆંગણાના પ્રવાસીઓને હવે કોઇ પ્રકારની ઇનરલાઇન પરમિટ લેવાની જરૂર નહીં પડે. ભારતીય સૈન્યે પણ તેના માટે મંજૂરી આપી.

**9. કાશ્મીર : રૂ. 200 કરોડના ખર્ચે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરાશે**

**વિવિધ સુવિધાઓ :**

- ✓ જમ્મુ-કાશ્મીરમાં રમતોના માળખાને વિકસિત કરવા માટે કેન્દ્ર સરકારે રૂ. 200 કરોડનું બજેટ મંજૂર કર્યું.
- ✓ તમામ જિલ્લાઓમાં તમામ સુવિધાઓ ધરાવતું સ્ટેડિયમ હશે. બડગામ, પુલવામા અને અનંતનાગના ઇન્ડોર સ્ટેડિયમનું ઇ-ઉદઘાટન કરાયુ
- ✓ ત્રણે જિલ્લામાં 365 દિવસ ખરાબ હવામાન વચ્ચે પણ રમત-ગમતની પ્રવૃત્તિ ચાલુ રહી શકશે.

**10. બિલ્ડ બેક બેટર યોજના-USA**

**યોજના વિશે :**

- ✓ અમેરિકામાં નોકરીઓમાં ભારતીયોની વધતી શાખને લીધે રાષ્ટ્રપતિ જો બાઇડન 260 લાખ કરોડ (3.5 ટ્રિલિયન ડૉલર)ની યોજના શરૂ કરશે.
- ✓ **હેતુ :** બિલ્ડ બેક બેટર નામના આ યોજનાને અમેરિકામાં દાયકા બાદ શિક્ષણના ક્ષેત્રમાં મોટી પહેલ તરીકે જોવાય છે.
- ✓ શિક્ષણની શરૂઆતથી લઇને કોલેજને પણ તેમાં સામેલ કરાઇ
- ✓ બે-બે વર્ષની પ્રી સ્કૂલ અને કોલેજ શિક્ષણને મફત ઉપલબ્ધ કરાવવાનો વાયદો કર્યો છે.
- ✓ અમેરિકામાં એશિયન ખાસ કરીને ભારતીયો અને ચીનના લોકોના બાળકો અને યુવા શિક્ષણમાં બાકી અમેરિકી સમુદાયથી ઘણા આગળ છે.
- ✓ આ સમગ્ર પ્લાનમાં શિક્ષણની સાથે સાથે બાળ-મહિલા કલ્યાણના પક્ષ પણ સામેલ કરાયા.

**અમેરિકામાં ભારતીયોનો દબદબો**

- ✓ 1,23,700 ડોલર ભારતીય પરિવારોની વાર્ષિક સરેરાશ આવક, જોકે રાષ્ટ્રીય સરેરાશ 63,922 ડોલર.
- ✓ અમેરિકામાં દર સાતમો ડૉક્ટર ભારતવંશી છે. અમેરિકામાં લગભગ 40 લાખ ભારતીયો રહે છે.

**અભ્યાસમાં અમેરિકામાં એશિયન આગળ**

| હાઇસ્કૂલ અભ્યાસ | | કોલેજ અભ્યાસ |
|---|---|---|
| 78 % | એશિયન | 74% |
| 70 % | શ્વેત | 64% |
| 63 % | સ્પેન મૂળના | 54% |
| 62 % | અશ્વેત | 40% |

**11. હેરોન ટીપી ડ્રોન : ઇઝરાયેલ પાસેથી ભારત 4 હેરોન ટીપી ડ્રોનની ખરીદી કરશે**



**હેરોન ટીપી ડ્રોન વિશે :**

- ✓ હેરોન પ્રારંભમાં સર્વેલન્સ મિશનમાં વપરાશે જો કે, આગળ ઉપર પછી પ્રોજેક્ટ ચિતાહ હેઠળ તેને અપગ્રેડ કરાશે અને ચોક્સાઇ સાથેના આક્રમણ માટે તેની સાથે મિસાઇલ્સ જોડવામાં આવશે.
- ✓ આ અંગેના કરાર પર બન્ને પક્ષ તરફથી સહીસિક્કા થઇ ગયા છે અને ચાલુ વર્ષના અંત સુધીમાં આ ડ્રોન્સની ડિલિવરી મળી જશે.
- ✓ પ્રોજેક્ટ ચિતાહને ફાઇનલાઇઝ કરવામાં આવ્યો છે ત્યારે આર્મી, નેવી અને ઇન્ડિયન એર ફોર્સની ઇન્વેન્ટરીમાં હેરોનને લેસર ગાઇડેડ મ્યુનિશન્સથી પણ સજ્જ કરવામાં આવી શકે.

**12. CH-6 ડ્રોન : ચીન દ્વારા 4500 કિલોમીટરની દૂરની મારક ક્ષમતા ધરાવતા હાઇટેક ડ્રોનનું નિર્માણ**

- ✓ 13માં ઇન્ટરનેશનલ એર શોમાં ડ્રોન રજૂ કરાયું

**ડબલ એન્જિન ડ્રોનની ખાસિયત :**

- ✓ રેન્જ : 4500 કિમી - પ્રતિ કલાક ઝડપ : 700 કિ.મી
- ✓ લંબાઇ : 15 મીટર - ઊંચાઇ : 5 મીટર

**13. રોયલ ટંકશાળ-બ્રિટન : દિવાળી નિમિત્તે પ્રથમવાર લક્ષ્મીદેવી પારંપારિક સ્વરૂપનો ગોલ્ડબાર લોન્ચ કરાયો**



**લક્ષ્મીદેવી ગોલ્ડબાર વિશે :**

- ✓ બ્રિટિશ રોયલ મિન્ટે પહેલીવાર દિવાળી નિમિત્તે લક્ષ્મી માતાનો 20 ગ્રામનો ગોલ્ડ બાર જારી કર્યો
- ✓ 24 કેરેટના આ બારની કિંમત રૂ. 1.08 લાખ છે. ડિઝાઈનર એમ્મા કાર્ડિફે સ્વામીનારાયણ મંદિર સાથે મળીને તે બનાવ્યા.

**14. દિન વિશેષ : 28 સપ્ટેમ્બર**

**(1) રાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ**

- ✓ **હેતુ :** મહિલાઓના શરીર પર તેમના અધિકાર અંગે એક પ્રયાસ

**ઈતિહાસ :**

- ✓ આ દિવસને પહેલીવાર અમેરિકા અને કેરેબિયન દેશોમાં 28 સપ્ટેમ્બર 1990ના રોજ ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ તરીકે મનાવાયો હતો.
- ✓ વર્ષ-2015માં તેનું નામ બદલીને "રાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ" કરી દેવાયું. ત્યારે 47 દેશોમાં મોટા કાર્યક્રમ આયોજિત કરાયા. તેના પછી 2016 માં દુનિયાભરમાં દેખાવો કરાયા હતા.

**(2) NDMAનો 17મો સ્થાપના દિવસ : 28 સપ્ટેમ્બર**

- ✓ NDMA : નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી
- ✓ મુખ્ય મથક : નવી દિલ્હી

**15. જન્મ દિન વિશેષ: 28 સપ્ટેમ્બર:(1)શહીદ સરદાર ભગતસિંહ**

**જન્મ : 28 સપ્ટેમ્બર 1907, અવસાન : 23 માર્ચ 1931**




- ✓ ભગતસિંહનો જન્મ 28 સપ્ટેમ્બર 1907ના રોજ લયાલપુર જિલ્લાના બંગામાં થયો હતો.
- ✓ વ્યવસાયે તેઓ જાટ ખેડૂત હતા.
- ✓ ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું.
- ✓ ભગતસિંહનું પ્રાથમિક શિક્ષણ બંગામાં થયું
- ✓ તેમના જીવન પર ભાઈ પરમાનંદ અને જયચંદ વિદ્યાલંકાર નામના રાષ્ટ્રવાદી શિક્ષકનો પ્રભાવ પડ્યો હતો.

**યુવાવસ્થા**

- ✓ ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો.
- ✓ ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી. તે પછી તેઓ રાષ્ટ્રસેવામાં જોડાઇ ગયા હતા.
- ✓ તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યા અને આગળના સમયમાં મહામંત્રી પણ બન્યા.
- ✓ ઇ.સ.1925માં નવજવાન ભારત સભાની સ્થાપના કરી જેથી તેમને સુખદેવ, યશપાલ, ભગવતીચરણ , ચંદ્રશેખર આઝાદ, જતિન્દ્રનાથ દાસ જેવા વીર ક્રાંતિકારીઓનો ભેટો થયો.
- ✓ તેઓ જતિન્દ્રનાથ દાસ પાસે બોમ્બ બનાવતા શીખ્યા અને 1926માં દશેરાના દિવસે એક બોમ્બ ફેકયો જેમાં તેમની ધરપકડ કરવામાં આવી પણ ભગતસિંહના વિરુદ્ધ કોઇ પુરાવા ન મળ્યા હોવાથી તેઓ છૂટી ગયા.
- ✓ ભગતસિંહ માર્કસવાદ, સમાજવાદ, સોવિયત સંઘની તથા અન્ય મોટી ક્રાંતિઓ વિષે ઊંડો અભ્યાસ કર્યો હતો
- ✓ તેમના પિતા કિશનસિંહ તેમના લગ્ન કરવાનું નક્કી કર્યું છે તે વાત જાણી તેઓ લાહોરથી નાસી છૂટ્યો હતા અને ગુપ્ત વેશે દિલ્હીમાં જઈ રહ્યા. થોડા સમય બાદ કાનપુર ગયા અને ત્યાં 'અર્જુન' તથા 'પ્રતાપ' નામના સામયિકમાં લેખો લખી ગુજરાન ચલાવ્યું.

**જલિયાવાલાબાગ હત્યાકાંડ**

- ✓ ભગતસિંહ 12 વર્ષના હતા ત્યારે જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો.
- ✓ આ વાતની જાણ થતાં ભગતસિંહ 12 કી.મી પગે ચાલી જલિયાવાલા બાગ પહોચ્યા હતા.

**અસહકારનું આંદોલન**

- ✓ અસહકાર ચળવળ 1920થી શરૂ થઇ અને ફેબ્રુઆરી 1922 સુધી મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલી હતી. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી.

**સાઈમન કમિશનનો બહિષ્કાર**

- ✓ 1928માં સાયમન કમિશનના બહિષ્કાર માટે ભયાનક પ્રદર્શન થયા હતા. અને આની અંદર ભાગ લેનાર પર અંગ્રેજ સરકારે લાઠીચાર્જની અંદર લાલા લજપતરાય ઘાયલ થયા હતા, થોડા સમય પછી તેમનું મૃત્યુ થયું હતુ.
- ✓ ઘટનાથી ભગતસિંહ ક્રોધિત થયા અને તેમના સાથીઓ સાથે મળી અંગ્રેજ અધિકારી મી.સ્ટોકને મારવાનું કાવતરું ઘડ્યું હતું.
- ✓ 17 ડિસેમ્બર 1928ના રોજ લગભગ સવા ચાર વાગ્યે એ.એસ.પી. સાંડર્સના આવતાં જ રાજગુરુએ તેને ગોળી મારી.

**અવસાન**

- ✓ 8 એપ્રિલ 1929ના રોજ ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત દિલ્હીમાં કેન્દ્રિય ધારાસભા ચાલુ હતી ત્યારે ત્યાં બોમ્બ નાખ્યા અને નાસી જવાને બદલે ત્યાં ઊભા રહી ગયા. આના કારણે તેમણે સજા કરવામાં આવી.
- ✓ ત્યારબાદ તેમની લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસીએ ચડતાં પહેલા 'ઇંકલાબ જિંદાબાદ'ની વીર ગર્જનાઓ કરી હતી.
- ✓ શહિદી : 23મી માર્ચ-1931 , લાહોર સેન્ટ્રલ જેલ, પાકિસ્તાન

**(2) ભારતરત્ન ગાયિકા શ્રી લતા મંગેશકરનો 92મો જન્મદિવસ**




- ✓ જન્મ : તા.28-09-1929 , જન્મસ્થળ : ઈન્દોર (મધ્યપ્રદેશ)

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (28-09-2021)

**1.** 28 સપ્ટેમ્બરે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા જાહેર કરાયેલી પાકની નવી વેરાઈટી બાબતે કયા વિધાન/વિધાનો યોગ્ય છે

1. નવી જાતની 35 વેરાઇટી દેશને સમર્પિત
2. નવીન ફસલ-પાક ક્લાઈમેટ ચેન્જ, વધુ પૌષ્ટિક તત્વો અને કુપોષણના પડકારનો સામના માટે સક્ષમ
3. શોધ કરનાર સંસ્થા : ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)
4. તે પાકને લગતા રોગનો સામનો કરવા સક્ષમ

(A) 1 અને 3 યોગ્ય છે (B) 2 અને 4 યોગ્ય છે
(C) 2 3 અને 4 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**2.** 28 સપ્ટેમ્બરે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા જાહેર કરાયેલી પાકની નવી 35 વેરાઈટી બાબતે નીચેની કઈ જાતો સામેલ નથી

1. નવા પાકમાં દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોમાં વિવિધ કઠોળ જેવી કે, ચણા, તુવેર દાળ અને સોયાબીન
2. ક્લાઇમેટ ચેન્જને અનુરૂપ અનાજ, વધુ પ્રોટીનવાળા ઘઉં, બાજરો, મકાઇ તેમજ ચણા
3. રોગ પ્રતિકારક ક્ષમતાવાળા ચોખા, બાજરો, મકાઇ તેમજ વટાણા
4. તેલીબિયાંની નવી જાતો પણ વિકસાવાઇ

(A) માત્ર 4 (B) માત્ર 3(C) માત્ર 1 2 **(D) 1 2 3 અને 4**

**3.** સપ્ટેમ્બર 2021માં SEBI દ્વારા ભારતમાં ગોલ્ડ સ્ટોક એક્સચેન્જને અપાયેલી મંજૂરી સંદર્ભે કઇ બાબતો લાગુ પડે છે

1. હવે શેરની જેમ સોનાના સ્પોટ ટ્રેડિંગ સોદા થઇ શકશે- EGR સરન્ડર કરીને વૉલ્ટમાંથી મૂલ્ય પ્રમાણે સોનું પણ લઈ શકશે
2. સોનાનું ટ્રેડિંગ ઇલેક્ટ્રોનિક ગોલ્ડ રિસીપ્ટ (ઇજીઆર)ના રૂપમાં શેર જેવું હશે
3. ટ્રેડિંગ માટે ઇજીઆરનું મૂલ્ય માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેન્જ સેબીની મંજૂરી લઈને નક્કી કરી શકાશે
4. EGRની કોઇ એક્સપાયરી ડેટ નહીં હોય અને EGR ધારકો ઇચ્છે ત્યારે તે પોતાની પાસે રાખી શકશે

(A) માત્ર 2 (B) માત્ર 3 (C) માત્ર 1 અને 4 **(D) 1 2 3 અને 4**

**4.** ભારતીય હવામાન વિભાગે તા. 27-28 સપ્ટેમ્બરની સ્થિતિએ શાહીન વાવાઝોડા સંદર્ભે કઇ બાબતો યોગ્ય છે

1. ઉદભવ સ્થાન : અરબી સમુદ્ર
2.શાહીનનો અર્થ:રોયલ વ્હાઇટ ફાલ્કન અથવા હૉક(ગરૂડ-બાઝ)
3. સંભવિત પ્રભાવિત વિસ્તાર:મહારાષ્ટ્ર અને ગુજરાત
4. નામ આપનાર દેશ : કતાર

(A) માત્ર 3 યોગ્ય છે (B) 2 અને 4 યોગ્ય છે
(C) 1 અને 3 યોગ્ય છે **(D) 1 2 3 અને 4 યોગ્ય છે**

**5.** કશ્મીરમાં સૂચિત નિર્માણધિન વિશ્વની સૌથી ઊંચી અને લાંબી ટનલ ઝોજિલા વિશે કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. સ્થાન : સોનમર્ગ-કાશ્મીરથી લદાખ
2. 14.5 કિ.મી. લાંબી તથા 11,578 ફૂટની ઊંચાઇ પર નિર્માણ
3. ટનલ બન્યા પછી ઝોજિલા પાસ પાર કરવામાં લાગતો સાડા ત્રણ કલાકનો સમય ફક્ત 15 મિનિટમાં કપાશે
4. ટનલનું કામ ઓક્ટોબર 2020માં શરૂ થયું હતું. અને ડિસેમ્બર 2023 સુધી પૂરું થશે

(A) 1 અને 2 (B) 3 અને 4
(C) 1 અને 4 **(D) 1 2 3 અને 4**

**6.** 28 સપ્ટેમ્બરે વડાપ્રધાન શ્રી મોદી દ્વારા ક્યા શહેરમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બાયોટિક સ્ટ્રેસ મેનેજમેન્ટના નવા ભવનનું ઇ-લોકાર્પણ કરાયું

(A) કાનપુર **(B) રાયપુર** (C) ભોપાલ (D) રાંચી

**7.** તા. 27 સપ્ટેમ્બરે વિશ્વના સૌથી ઊંચા યુદ્ધક્ષેત્ર સિયાચીન ગ્લેશિયર બેઝ કેમ્પને સહેલાણીઓ માટે ખુલ્લો મુકાયો આ બેઝ કેમ્પ ક્યા પ્રદેશમાં આવેલો છે

(A) લેહ (B) હિમાચલપ્રદેશ (C) અરુણાચલપ્રદેશ **(D) લદાખ**

**8.** આગામી સમયમાં જમ્મુ કાશ્મીરમાં સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવા કેન્દ્ર સરકારે કેટલુ બજેટ મંજૂર કર્યું

(A) રૂ. 100 કરોડ **(B) રૂ. 200 કરોડ**
(C) રૂ. 400 કરોડ (D) રૂ. 500 કરોડ

**9.** સપ્ટેમ્બર 2021ના અંતમાં ક્યા દેશ દ્વારા પ્રાયમરીથી કોલેજ સુધીના શિક્ષણમાં વધારો કરવા બિલ્ડ બેક બેટર યોજના શરૂ કરાઇ

(A) બ્રિટન **(B) USA** (C) કેનેડા (D) ઇઝરાયેલ

**10.** ઇઝરાયેલ પાસેથી ભારત કયા 4 ડ્રોનની ખરીદી કરશે

(A) હેરોન ડીપી (B) હેરોન ટીટી
**(C) હેરોન ટીપી** (D) CH-6

**11.** સપ્ટેમ્બર 2021માં દિવાળી નિમિતે પ્રથમવાર કયા દેશની રોયલ ટંકશાળ દ્વારા લક્ષ્મી દેવીનો પારંપારિક સ્વરૂપનો ગોલ્ડબાર લોન્ચ કરાયો

**(A) બ્રિટન** (B) USA (C) કેનેડા (D) ઇઝરાયેલ

**12.** તા. 28 સપ્ટેમ્બર 2021ના રોજ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી-NDMAનો કેટલામો સ્થાપના દિવસ ઉજવાયો

(A) 14 (B) 15 (C) 16 **(D) 17**

**13.** રાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસને પહેલીવાર અમેરિકા અને કેરેબિયન દેશોમાં ક્યારે ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસ તરીકે મનાવાયો હતો

(A) 28 સપ્ટેમ્બર 1989 **(B) 28 સપ્ટેમ્બર 1990**
(C) 28 સપ્ટેમ્બર 1991 (D) 28 સપ્ટેમ્બર 1992

**14.** ગર્ભપાતના ઉન્મૂલન માટે કાર્યવાહીનો દિવસને બદલે "રાષ્ટ્રીય સુરક્ષિત ગર્ભપાત દિવસ" ક્યારથી મનાવવામાં આવે છે

(A) વર્ષ 2009 (B) વર્ષ 2011 **(C) વર્ષ-2015** (D) વર્ષ 2017

**15.** ક્રાંતિકારી ભગતસિંહનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો -

**(A) 28 સપ્ટેમ્બર 1907 તથા લયાલપુર જિ. બંગા**
(B) 28 સપ્ટેમ્બર 1908 તથા લયાલપુર જિ. બંગા
(C) 28 સપ્ટેમ્બર 1909 તથા લયાલપુર જિ. બંગા
(D) 28 સપ્ટેમ્બર 1910 તથા લયાલપુર જિ. બંગા

**16.** ક્રાંતિકારી ભગતસિંહે ક્યારે શહિદી વહોરી હતી

(A) 21 માર્ચ 1923 (B) 21 માર્ચ 1925
(C) 23 માર્ચ 1927 **(D) 23 માર્ચ 1931**

**17.** ભારતરત્ન ગાયિકા શ્રી લતા મંગેશકરનો જન્મ ક્યારે-ક્યાં થયો હતો

(A) તા.28-09-1927 તથા ઇન્દોર (મધ્યપ્રદેશ)
**(B) તા.28-09-1929 તથા ઇન્દોર (મધ્યપ્રદેશ)**
(C) તા.28-09-1935 તથા ઇન્દોર (મધ્યપ્રદેશ)

(D) તા.28-09-1941 તથા ઈન્દોર (મધ્યપ્રદેશ)

**18.** કઈ રાજ્ય સરકાર દ્વારા ઉપ-રાષ્ટ્રપતિ એમ. વૈંકેયા નાયડુને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરાશે

(A) નાગાલેન્ડ (B) રાજસ્થાન **(C) આસામ** (D) ગુજરાત

**19.** સપ્ટેમ્બર 2021માં ક્યા-ક્યા રાજયની GI ટેગ ઓગ્ઝત મહેંદી અને કાકડીને પ્રસિદ્ધ GI ટેગ અપાયુ છે

(A) મણિપુર તથા મેઘાલય **(B)રાજસ્થાન તથા નાગાલેન્ડ**

(C) આસામ તથા હિમાચલપ્રદેશ (D) મણિપુર તથા આસામ

**DATE : 29-09-2021**

## 1. 'કૌશલ્યા'- ધ સ્કીલ યુનિવર્સિટી વિધેયક-2021 : ગુજરાત વિધાનસભા ખાતે સર્વાનુમતે પસાર

✓ સ્થળ-શિલજ, અમદાવાદ, વિસ્તાર : 13 એકર

**હેતુ :**

✓ દેશના આ મિશનના ઉદ્દેશને સાકારીત કરવા રાજયના યુવાધનને કૌશલ્યબધ્ધ કરવા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી ગુજરાત રાજ્યના યુવાધનને "કૌશલ્ય સાથે શિક્ષણ" અને " દરેક યુવાનને કૌશલ્ય" મળી રહે તે હેતુ માટે અમદાવાદ ખાતે "કૌશલ્યા" સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના સરકારશ્રી દ્વારા કરાશે. જેનું સંપૂર્ણ સંચાલન રાજ્ય સરકાર દ્વારા કરાશે.

**ભૂમિકા :**

✓ 'કૌશલ્યા' સ્કીલ યુનિવર્સિટી વર્ટીકલ મોબીલીટીના માધ્યમથી સ્કીલ ડેવલપમેન્ટને ઉચ્ચ શિક્ષણ સાથે જોડાણ કરવામાં એક સેતુનું કામ કરશે. જેના થકી રાજયના યુવાધન માટે પ્રગતિના દ્વાર ઉઘાડશે તથા કારકિર્દીની નવી તકોનું સર્જન કરશે.

✓ **ગુજરાતના શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી : શ્રી બ્રિજેશ મેરજા**

## 2. ગુજરાતમાં વસ્તી ગણતરીની સ્થિતિ 2021

**ગુજરાતની વસ્તી છેલ્લા 9 વર્ષમાં 13 ટકા વધીને 6.94 કરોડ થઈ : 9 વર્ષમાં ગુજરાતમાં 84 લાખ લોકો વધ્યા**

**ગુજરાત વિધાનસભામાં રજૂ થયેલા કેગના અહેવાલ મુજબ વસ્તીના મુખ્ય તારણો :**

ગુજરાત :

✓ વર્ષ 2011માં છેલ્લી વસ્તી ગણતરી મુજબ 6.10 કરોડ હતી

✓ ગુજરાતની સરખામણીએ ભારતની વસતીનો દર ઓછો રહ્યો છે. દેશમાં આ સમયગાળા દરમ્યાન 11.09 ટકાના દરે વસતી વધી છે.

**ભારતની વસતીની સ્થિતિ :**

✓ દેશની વસતી 2011માં 122.01 કરોડ હતી જે વધીને 2020માં 135.54 કરોડ થઇ છે**. કોરોના સંક્રમણના કારણે 2021માં વસતી ગણતરી થઇ શકી નથી પરંતુ પ્રોજેક્ટેડ વસતીના આંકડા જાહેર કરવામાં આવેલા** છે.

**વસતી ગીચતાની સ્થિતિ :**

✓ પ્રતિ ચોરસ કિલોમીટર પ્રમાણે વ્યક્તિની સંખ્યા ભારતમાં 382 છે જ્યારે ગુજરાતમાં 208 છે. રાજ્યમાં **ગરીબી રેખાની** નીચે જીવતી વસતી 16.6 ટકા છે.

✓ ગુજરાતમાં **સાક્ષરતા**નો દર વધીને 78.0 થયો છે જ્યારે **બાળમરણનો દર** 1000 સામે 30.0 છે.

✓ જન્મ સમયે **અપેક્ષિત આયુષ્ય** ભારતમાં 69.4 વર્ષ છે જ્યારે રાજ્યમાં 69.9 જોવા મળ્યું છે.

✓ વર્તમાન ભાવોએ એકંદર **ઘરેલું ઉત્પાદન** અને રાજ્યનું એકંદર ઘરેલું ઉત્પાદન 16,63,362 કરોડ રૂપિયા જોવા મળ્યું.

✓ ભારતનું એકંદર ઘરેલું ઉત્પાદન 2,03,39,849 કરોડ રૂપિયા.

## 3. ગુજરાતમાં ગાંધીજયંતી નિમિત્તે ખાદીમાં 20 ટકા વળતર

**સમયગાળો : તા. 2 ઓક્ટોબરથી તા.31 ઓક્ટોબર 2021**

✓ **હેતુ :** ખાદીના વેચાણને પ્રોત્સાહન આપો અને સ્વદેશી આત્મનિર્ભર ભારત અભિયાનને વધુ બળ આપવા

## 4. કેન્દ્રીય કેબિનેટ : મહત્વના નિર્ણયો-મંજૂરી : ભારત સરકાર

**(1) PM પોષણ યોજના : ભારતની 11.2 લાખથી વધુ સરકારી શાળાઓમાં PM પોષણ યોજના શરૂ કરાશે :**




**યોજના વિશે :**

✓ કેન્દ્ર સરકારે દેશભરમાં 11.2 લાખથી વધારે સરકારી અને સરકારની સહાયતા પ્રાપ્ત શાળાઓમાં ગરમ મધ્યાહ્ન ભોજન મળી રહે તે માટે પીએમ પોષણ યોજના શરૂ કરવાની મંજૂરી આપી.

✓ પીએમ પોષણ યોજના પાંચ વર્ષ સુધી ચાલશે અને તેની પાછળ રૂ. 1.31 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

✓ પીએમ પોષણ યોજના હેઠળ ખર્ચાનારા રૂ. 1.31 લાખ કરોડમાંથી 54,000 કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર ખર્ચશે અને લગભગ 32 હજાર કરોડ રૂપિયા રાજ્ય સરકારો ખર્ચ કરશે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર અનાજ માટે રૂ. 45 હજાર કરોડ આપશે.

✓ આ નવી સ્કીમ હાલમાં અમલી મધ્યાહ્ન ભોજન યોજનાને રિપ્લેસ કરશે. કેન્દ્ર સરકાર આ સ્કીમને રાજ્યોની મદદથી ચલાવશે.

✓ સૌથી વધારે જવાબદારી અને પ્રદાન કેન્દ્રનું રહેશે. આ યોજનાને વધારે સુંદર બનાવવામાં આવશે.

**(2) બે રેલવે લાઈનનું ડબલીંગ કરવાની મંજૂરી :**

✓ કેન્દ્ર સરકારની યોજના પ્રમાણે આ રેલવે લાઇન્સમાં મધ્યપ્રદેશના નીમચથી રતલામનો ટ્રેક ડબલ કરવામાં આવશે અને તેની પાછળ રૂ. 1096 કરોડનો ખર્ચ કરાશે.

✓ ગુજરાતના રાજકોટથી કાનાલુસ લાલપુર (જામનગર)ની લાઇન પરના ટ્રેકને પણ ડબલ ટ્રેક કરાશે તથા આ કામ પુરુ કરવામાં લગભગ રૂ. 1080 કરોડનો ખર્ચ થશે

**પ્રથમ બુલેટ ટ્રેન : દેશમાં પહેલી બુલેટ ટ્રેન સુરતથી બિલિમોરા વચ્ચે વર્ષ 2026માં દોડાવવામાં આવશે**

✓ દેશની પહેલી હાઇસ્પીડ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતમાં જમીન સંપાદનની કામગીરી લગભગ પૂર્ણ થઇ ગઇ છે.

✓ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, સરકાર દેશમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ થાય અને ટ્રેન દોડતી થાય તે માટે સતત પ્રયત્ન કરી રહી છે. તેમ છતાં દેશમાં પહેલી બુલેટ ટ્રેન સુરતથી બિલિમોરા વચ્ચે વર્ષ 2026માં દોડાવવામાં આવશે.

- ✓ દેશમાં પહેલી વાર અમદાવાદથી મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ.
- ✓ **સપ્ટેમ્બર 2017માં બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું ભૂમિપૂજન** કરવામાં આવ્યું ત્યારે આ પ્રોજેક્ટ 2023 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક હતો, પરંતુ જમીન સંપાદનની કામગીરીમાં સતત થઈ રહેલા વિલંબ અને કોરોના મહામારીને પગલે આ પ્રોજેક્ટ પૂર્ણ થવામાં ખૂબ જ વિલંબ થયો છે, જેના પગલે હવે આ પ્રોજેક્ટ પૂર્ણ થવામાં હજુ 5 વર્ષથી વધુનો સમય લાગે તેમ હોવાથી પ્રથમ તબક્કામાં બુલેટ ટ્રેન સુરતથીબિલિમોરા વચ્ચે દોડાવવામાં આવશે તેવી જાહેરાત રેલવે મંત્રીએ કરી હતી.

**(3) ECGCને IPO લાવવાની મંજૂરી :**

- ✓ કેબિનેટે એક્સ્પોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (ECGC)નું આઈપીઓ મારફત શેરબજારો ઉપર લિસ્ટિંગ કરવાની મંજૂરી આપી.
- ✓ આગામી વર્ષે ECGCને લિસ્ટ કરવામાં આવશે. ECGCમાં સરકાર આગામી પાંચ વર્ષમાં રૂ. 4400 કરોડનું રોકાણ કરશે. તેને પરિણામે ફોર્મલ સેક્ટરમાં 2.6 લાખ રોજગાર સહીત 59 લાખ નવી નોકરીઓ પેદા થવાની શક્યતા છે.

**5. સ્વીટ ક્રાંતિ : અમૂલ બ્રાન્ડે હવે મધ લોન્ચ કર્યું : અમૂલ મધને કેન્દ્રીય કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી બજારમાં લોન્ચ કરાયું**

**6. ભારતીય નૌસેના : ભારતીય નૌસેનાએ ઓમાનની રોયલ નેવી સાથે સમજૂતી કરી**

**7. દુબઈ એક્સ્પો 2021-22**

**પૃથ્વી પરના સૌથી મોટા લાંબા શોનો આજથી પ્રારંભ**

- ✓ તારીખ 30 સપ્ટેમ્બરથી 6 માસ
- ✓ પૃથ્વી પરના સૌથી મોટા શૉની શરૂઆત થશે

**દુબઈ એક્સ્પોની વિશેષતા :**

- ✓ 2.5 કરોડ મહેમાનો પહોંચશે તેવી આશા. તેમાં 1.7 વિદેશી હશે.
- ✓ 1.2 લાખ કરોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ ખર્ચાયા. તે હેઠળ રોડ, બ્રિજ, મેટ્રો, હોટલ બનાવાયા છે.
- ✓ 80% ઈન્ફ્રાસ્ટ્રક્ચર પછી પણ વપરાશે. તેને જિલ્લો 2020 નામ અપાયું છે.
- ✓ 40 હજાર વર્કર્સ સાઈટ પર રહેશે એક્સ્પાથી 13 લાખ પ્રત્યક્ષ અપ્રત્યક્ષ રોજગારી સર્જાય છે.

**અન્ય બાબતો :**

- ✓ કોરોનાકાળમાં પૃથ્વી પરના સૌથી મોટા આયોજન માટે દુબઈ તૈયાર છે.
- ✓ 6 મહિના સુધી ચાલનારા દુબઈ એક્સ્પોની શરૂઆત દુનિયાના સૌથી મહાન સ્ટારની પ્રસ્તુતિ સાથે થઈ. આ ભવ્ય સમારોહનું યુએઈમાં 430 જગ્યાએ લાઈવ પ્રસારણ કરાશે. શુભારંભ સમારોહના કાર્યક્રમને ગુપ્ત રખાયો છે.
- ✓ એરપોર્ટ, શોપિંગ મોલ, હોટલોથી લઈને અન્ય જગ્યાઓ પર મોટી મોટી સ્ક્રીન ગોઠવાઈ છે. દુબઈની અનેક મુખ્ય સાઇટો પર ભવ્ય આતશબાજીનો નજારો જોવા મળશે.
- ✓ એક્સ્પો દરમિયાન 192 દેશો વચ્ચે થનાર કરાર વૈશ્વિક અર્થતંત્રનો પાયો પણ નાખશે, એકલા દુબઈને 1.3 લાખ કરોડની મહેસૂલી આવક થવાની આશા.
- ✓ એક્સ્પોના આયોજનમાં ભારતીયોના યોગદાનની વાત કરીએ તો પહેલું નામ એ.આર. રહેમાનનું છે. રહેમાન ફિરદૌસ-મહિલા ઓર્કેસ્ટ્રા માટે મ્યુઝિક આપવાના છે. એક્સ્પોના 6 મહિના દરમિયાન અભિનેત્રી સોનમ કપૂર અને શ્રદ્ધા કપૂર પણ પરફોર્મ કરશે.
- ✓ **ભારતમાં રોકાણની અપાર તકો:** અનિલ અગ્રવાલ ભારતીય પેવેલિયનનું ઉદઘાટન કરશે.
- ✓ વેદાંતાના સંસ્થાપક અનિલ અગ્રવાલ કહે છે કે દુનિયાને અમારો સંદેશ હશો કે ભારતમાં રોકાણની અપાર તકો છે. આગામી 25 વર્ષ ભારત ગ્લોબલ ઈકોનોમીનું એન્જિન હશે. જબરદસ્ત માનવ સંસાધન આપણી તાકાત છે.

**8. ટ્યુનિશિયા : નજલા બાઉડેન રોમધન ટ્યુનિશિયાના પ્રથમ મહિલા PM બનશે**

- ✓ રાજધાની : ટ્યુનિશ

**9. ધ નેચર કન્ઝર્વેન્સી સ્પર્ધા-2021 : પ્રથમ વિજેતા : ભારતીય મૂળના કેનેડિયન ફોટોગ્રાફર શ્રી અનુપ શાહ**



- ✓ **વિજેતા તસવીર :** ઇન્ડોનેશિયાના જંગલોમાં પતંગિયા સાથે ઉરાંગઉટાંગની તસવીર બદલ પ્રથમ પ્રાઈઝ

**સ્પર્ધા વિશે :**

- ✓ યુ.કે.માં નેચર ફોટોગ્રાફીને પ્રોત્સાહન આપવા યોજાતી આ સ્પર્ધામાં 158 દેશના ફોટોગ્રાફરોએ 1,00,190 તસવીરો મોકલી.
- ✓ જજીસે સેન્ટ્રલ આફ્રિકા રિપબ્લિક નામના દેશમાં ક્લિક કરાયેલી ગોરિલા-ઉરાંગઉટાંગની તસવીરને એકમત થઈને ફર્સ્ટ પ્રાઈઝ જાહેર કર્યું.
- ✓ આ મહાકાય ગોરીલાની આસપાસ પતંગિયા ઊડી રહ્યા હતા. તે દૃશ્ય ભારતીય મૂળના ફોટોગ્રાફર અનુપ શાહે કેમેરામાં ઝડપી લીધું હતું.
- ✓ ભારતીય મૂળના કેનેડિયન ફોટોગ્રાફર થોમસ વિજયને ઈન્ડોનેશિયાના જંગલોમાં એક એવા ઉરાંગઉટાંગને કેમેરામાં કેદ કર્યું હતું, જેણે સૂવા માટે ડાળી-ડાળખામાંથી સુંદર પથારી કરી હતી,
- ✓ **વૉટર કેટેગરીમાં** હોંગકોંગના ફોટોગ્રાફર માન વાઈએ આઈસલેન્ડની ઠંડી રજૂ કરવા ક્લિક કરેલા ધોધની તસવીરને ફર્સ્ટ પ્રાઈઝ, તો આ જ કેટેગરીમાં મેક્સિકોના ફોટોગ્રાફર જોરામ મેનેસે સેનોટ્સની દરિયાઈ ગુફામાં અન્ડરવોટર સ્વિમિંગની મજા માણી રહેલા તરવૈયાઓની તસવીરને સેકન્ડ પ્રાઈઝ જાહેર કરાયું હતું.
- ✓ **વાઈલ્ડલાઈફ કેટેગરીમાં** ઝેક ફોટોગ્રાફર વિક્ટર વબોસ્કીએ એક માછલીનો બીજી માછલી શિકાર કરતી હોય એ તસવીરને પ્રાઈઝ અપાયું.
- ✓ **લેન્ડસ્કેપ કેટેગરીમાં** ઓસ્ટ્રેલિયન ફોટોગ્રાફર સ્કોટ પોર્ટલીએ ક્વિન્સલેન્ડમાં મેદ્યૂલ્સના મૂળિયા, બ્રાઝિલના પાકોનમાં દુકાળ પડ્યો ત્યારે સૂકીભઠ જમીન પર દેખાતું મગરમચ્છના હાડપિંજરની તસવીરે પદ્મ જજીસનું દિલ જીતી લીધું હતું.

**10. દિન વિશેષ : 28 સપ્ટેમ્બર**

**વિશ્વ રેબીઝ ડે : હડકવા અંગ્રે જાગૃતિ દિવસ**

✓ થીમ-2021 : **"Rabies: Facts, not Fear"**

**11. દિન વિશેષ : 29 સપ્ટેમ્બર : વિશ્વ હૃદય દિવસ**




✓ **થીમ 2021 : 'use heart to connect'**

વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (29-09-2021)

**1.** તાજેતરમાં ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ થયેલા કેગના અહેવાલ મુજબ વર્ષ 2020ની સ્થિતિએ ગુજરાતમાં વસ્તી અંગે નીચેના પૈકી ક્યા તથ્ય/તથ્યો યોગ્ય છે

1. ગુજરાતની વસ્તી છેલ્લા 9 વર્ષમાં 13 ટકા વધીને 6.94 કરોડ થઇ
2. વર્ષ 2011માં છેલ્લી વસ્તી ગણતરી મુજબ 6.10 કરોડ હતી
3. ભારતમાં આ સમયગાળા દરમ્યાન 11.09 ટકાના દરે વસતી વધી

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે
(C) માત્ર 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**2.** તાજેતરમાં ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ થયેલા કેગના અહેવાલ મુજબ વર્ષ 2020ની સ્થિતિએ ભારત-ગુજરાતમાં વસ્તીગીચતા, ગરીબી રેખા, સાક્ષરતા, બાળમરણ અને અપેક્ષિત આયુષ્ય અંગે નીચેના પૈકી કઇ બાબત/ બાબતો યોગ્ય છે

1. પ્રતિ ચોરસ કિલોમીટર પ્રમાણે વ્યક્તિની સંખ્યા ભારતમાં 382 છે જ્યારે ગુજરાતમાં 208
2. ગુજરાતમાં સાક્ષરતાનો દર વધીને 78.0 થયો
3. બાળમરણનો દર 1000 સામે 30.0
4. જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય ભારતમાં 69.4 વર્ષ છે જ્યારે રાજ્યમાં 69.9 જોવા મળ્યું
5. રાજ્યમાં ગરીબી રેખાની નીચે જીવતી વસતી 16.6 ટકા

(A) માત્ર 1 અને 3 યોગ્ય છે (B) માત્ર 1 અને 5 યોગ્ય છે
(C) માત્ર 2 અને 4 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**3.** તા. 29 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટમાં મંજૂરી અપાયેલ નવી PM પોષણ યોજનામાં કઇ બાબત/બાબતો યોગ્ય છે

1. દેશભરમાં 11.2 લાખથી વધારે સરકારી અને સરકારની સહાયતા પ્રાપ્ત શાળાઓમાં ગરમ મધ્યાહ્ન ભોજન મળી રહેશે
2. પીએમ પોષણ યોજના પાંચ વર્ષ સુધી ચાલશે
3. પીએમ પોષણ યોજનામાં કુલ રૂ. 1.31 લાખ કરોડમાંથી 54,000 કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર ખર્ચશે અને લગભગ 32 હજાર કરોડ રૂપિયા રાજ્ય સરકારો ખર્ચ કરશે
4. નવી યોજના હાલમાં અમલી મધ્યાહ્ન ભોજન યોજનાને રિપ્લેસ કરશે

(A) માત્ર 2 અને 4 યોગ્ય છે (B) માત્ર 1 અને 3 યોગ્ય છે
(C) માત્ર 1 2 અને 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**4.** તા. 29 સપ્ટેમ્બર 2021ના રોજ કેન્દ્રીય કેબિનેટમાં રેલવેની લાઇનને ડબલિંગ કરવાની અને પ્રથમ બુલેટ ટ્રેનને મંજૂરી અંગે ક્યુ વિધાન/વિધાનો યોગ્ય છે

1. રૂ.1096 કરોડના ખર્ચે મધ્યપ્રદેશના નીમચથી રતલામનો ટ્રેક
2. રૂ. 1080 કરોડના ખર્ચે ગુજરાતના રાજકોટથી કાનાલુસ લાલપુર (જામનગર)ની લાઇન પરનો ટ્રેક
3. દેશમાં પહેલી બુલેટ ટ્રેન સુરતથી બિલિમોરા વચ્ચે વર્ષ 2026માં દોડાવવામાં આવશે

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે
(C) માત્ર 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ યોગ્ય છે**

**5.** સપ્ટેમ્બર 2021માં યોજાયેલી ધ નેચર કન્ઝર્વેન્સી સ્પર્ધા-2021માં નીચેના પૈકી કઇ બાબતોનો સમાવેશ થાય છે

1. પ્રથમ વિજેતા : ભારતીય મૂળના કેનેડિયન ફોટોગ્રાફર શ્રી અનુપ શાહ
2. વિજેતા તસવીર : ઇન્ડોનેશિયાના જંગલોમાં પતંગિયા સાથે ઉરાંગઉટાંગની તસવીર
3. યજમાન દેશ – UK
4. સામાન્ય, વોટર, વાઇલ્ડલાઇફ અને લેન્ડસ્કેપ એમ કુલ ચાર કેટેગરી

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 4 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ**

**6.** તાજેતરમાં ગુજરાત વિધાનસભાના બે દિવસીય ચોમાસુ સત્રમાં કઇ એક નવી યુનિવર્સિટીનું વિધેયક સર્વાનુમતે પસાર કરાયું

(A) ડૉ. વિક્રમ સારાભાઇ યુનિવર્સિટી
**(B) 'કૌશલ્યા'- ધ સ્કીલ યુનિવર્સિટી**
(C) નરેન્દ્ર મોદી યુનિવર્સિટી
(D) મહાત્મા ગાંધી યુનિવર્સિટી

**7.** 13 એકરમાં તૈયાર થનાર 'કૌશલ્યા'- ધ સ્કીલ યુનિવર્સિટીનું મુખ્ય મથક ક્યાં રહેશે

**(A) શિલજ, અમદાવાદ** (B) કાંકરિયા, અમદાવાદ
(C) બોપલ, અમદાવાદ (D) કઠવાડા, અમદાવાદ

**8.** 29 સપ્ટેમ્બર 2021માં સૌપ્રથમ સ્વીટ ક્રાંતિના ભાગરૂપે ભારતમાં કઇ સહકારી સંસ્થાએ મધની બ્રાન્ડ લોન્ચ કરી

(A) બનાસ (B) દૂધસાગર (C) સુમુલ **(D) અમૂલ**

**9.** સપ્ટેમ્બર 2021માં ભારતીય નૌસેનાએ કયા દેશની રોયલ નેવી સાથે સમજૂતી કરી

(A) ઇંગ્લેન્ડ **(B) ઓમાન** (C) ફ્રાંસ (D) US

**10.** પૃથ્વી પરના સૌથી મોટા-લાંબા દુબઇ એક્સ્પો 2021-22નો સમયગાળો જણાવો

(A) તા. 30 સપ્ટેમ્બરથી 1 માસ (B) તા. 30 સપ્ટેમ્બરથી 3 માસ
(C) તા. 30 સપ્ટેમ્બરથી 4 માસ **(D) તા. 30 સપ્ટેમ્બરથી 6 માસ**

**11.** ગુજરાતમાં તા. 2 ઓક્ટોબર તા.31 ઓક્ટોબર 2021 સુધી ગાંધીજયંતી નિમિત્તે ખાદીમાં કેટલા ટકા વળતર અપાશે

(A) 05 (B) 10 (C) 15 **(D) 20**

**12.** વિશ્વ રેબીઝ ડે: હડકવા અંગ્રે જાગૃતિ દિવસ ક્યારે ઉજવવામાં આવે છે

(A) 25 સપ્ટેમ્બર (B) 26 સપ્ટેમ્બર **(C) 28 સપ્ટેમ્બર** (D) 30 સપ્ટેમ્બર

**13.** વિશ્વ રેબીઝ ડે-2021ની થીમ જણાવો

**(A)"Rabies: Facts, not Fear"**
(B)"Rabies: final, not Fear"
(C) "Rabies: Facts, as well Fear"
(D) "Rabies: Facts and Fear"

**14.** વિશ્વ હૃદય દિવસ કયારે મનાવવામાં આવે છે

(A) 21 સપ્ટેમ્બર (B) 24 સપ્ટેમ્બર (C) 25 સપ્ટેમ્બર **(D) 29 સપ્ટેમ્બર**

**15.** વિશ્વ હૃદય દિવસ 2021ની થીમ જણાવો

(A) 'connect to use heart'

| **(B) 'use heart to connect'** | (D)'use heart to connect mind' |
|---|---|
| (C)'use heart to connect body' | |

**DATE : 30-09-2021**

## 1. વડાપ્રધાન શ્રી મોદી દ્વારા રાજસ્થાનમાં ચાર નવી મેડિકલ કોલેજનો ઈ-શિલાન્યાસ




**નવી મેડિકલ કોલેજ : બાસવાડા, શિરોહી, હનુમાનગઢ, દૌસા**

**અન્ય વિગતો :**

- ✓ વર્ષ 2014 પછી રાજસ્થાનમાં 23 નવી મેડિકલ કોલેજને મંજૂરી આપવામાં આવી હતી. તે પૈકી 7 મેડિકલ કોલેજ કાર્યાન્વિત થઇ ચૂકી છે તો ચારનો શિલાન્યાસ થયો છે.
- ✓ ચારેય જિલ્લામાં રૂપિયા 1,300 કરોડને ખર્ચે નવી હોસ્પિટલ ઊભી થશે.
- ✓ ભારતમાં છેલ્લા 6 વર્ષમાં 170 કોલેજની સ્થાપના

## 2. ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ દિલ્હી-મુંબઈ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ વે (DME)




- ✓ DME પાંચ રાજ્યોને જોડશે : દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર

**DME એટ અ ગ્લાન્સ :**

- ✓ 1,380 કિલોમીટર લાંબો એક્સપ્રેસ-વે
- ✓ અંદાજિત રૂ. 98 હજાર કરોડનો ખર્ચ
- ✓ ગુજરાતમાં રૂ. 35 હજાર કરોડથી વધુનો ખર્ચ
- ✓ ગુજરાતમાં સૌથી વધુ 423 કિમીના એક્સપ્રેસ-વેનું નિર્માણ
- ✓ ગુજરાતમાં 60 મોટા પુલ, 17 ઇન્ટરચેન્જ, 17 ફ્લાયઓવર, 8 ROB
- ✓ નર્મદા નદી પર એક્સપ્રેસ વે પર બનતાં આઇકોનિક બ્રિજ ભારતનો પ્રથમ આઠ લેન પુલ
- ✓ ગુજરાતમાં 33 રોડસાઇડ સુવિધાનું આયોજન
- ✓ દિલ્હી અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય 24 કલાકથી ઘટીને 12 કલાક થવાની ધારણા
- ✓ એક્સપ્રેસ-વે નિર્માણમાં 1.2 મિલિયન ટનથી વધુ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવશે
- ✓ એક્સપ્રેસ-વેમાં બે આઇકોનિક 8 લેન ટનલનો પણ સમાવેશ થશે. પ્રથમ મુકુન્દા અભયારણ્ય દ્વારા 4 કિ.મી.ના વિસ્તારમાં અને બીજી માથેરાન ઇકો સેન્સિટિવ એરિયા (MET)માં 4 કિ.મી. 8 લેન-ટનલમાંથી પસાર થશે.
- ✓ આ એક્સપ્રેસ-વેના નિર્માણમાં 1.2 મિલિયન ટનથી વધુ સ્ટીલનો વપરાશ થશે, જે કોલકાતાના જાણીતા હાવરા બ્રિજ જેવા 50 પુલોના નિર્માણ સમાન છે.



- ✓ આ પુલોના નિર્માણ દરમિયાન 40 મિલિયન ટ્રક ભરાય તેટલી એટલે કે આશરે 350 મિલિયન ક્યુબિક મીટર માટી ખસેડાશે. પ્રોજેક્ટમાં 8 મિલિયન ટન સિમેન્ટનો વપરાશ થશે.
- ✓ **એજન્સી:** નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ભારત સરકાર

## 3. કેન્દ્ર સરકાર : નવા દ્વિમાસિક PF, નાની બચત યોજના પરના તમામ વ્યાજદર યથાવત્ : સમયગાળો 31 ડિસેમ્બર 2021 સુધી

**નાની બચત યોજનાઓ અને વ્યાજ દર**

| બચત ડિપોઝિટ | ૪ ટકા |
|---|---|
| ૧,૨,૩ વર્ષની ડિપોઝિટ | ૫.૫ ટકા |
| ૫ વર્ષની મુદતની ડિપોઝિટ | ૬.૭ ટકા |
| ૫ વર્ષની રિકરિંગ ડિપોઝિટ | ૫.૮ ટકા |
| ૫ વર્ષની સિનિયર સિટિઝન સ્કીમ | ૭.૪ ટકા |
| ૫ વર્ષનું માસિક આવક ખાતું | ૬.૬ ટકા |
| ૫ વર્ષના NSC | ૬.૮ ટકા |
| પબ્લિક પ્રોવિડન્ટ ફંડ | ૭.૧ ટકા |
| કિસાન વિકાસ પત્ર | ૬.૯ ટકા |
| સુકન્યા સમૃદ્ધિ યોજના | ૭.૬ ટકા |

## 4. ભારતીય વાયુ સેના : IAFના નવા 27માં વડા તરીકે શ્રી વી.આર.ચૌધરીએ પદભાર સંભાળ્યો



- ✓ પદ : એર ચીફ માર્શલ - અગાઉ : રાકેશસિંહ ભદોરિયા -મુખ્ય મથક : નવી દિલ્હી

## 5. વન-ઓફ રેસિડેન્સી વિઝા 2021 : ન્યૂઝીલેન્ડ સરકાર

**ન્યૂઝીલેન્ડમાં વસેલા 1.65 લાખથી વધારે માઈગ્રેન્ટસને વન-ઓફ રેસિડેન્સી વિઝા આપવાનો નિર્ણય**

**નિર્ણય વિશે :**

- ✓ સૌથી વધુ લાભ ભારતીય મૂળના લોકોને મળશે
- ✓ ન્યૂઝીલેન્ડના ઇમિગ્રેશન વિભાગે પ્રવાસી વિઝા સિસ્ટમમાં મોટા ફારફારો કરીને ઇમિગ્રન્ટસને મોટી રાહત આપતાં રેસિડેન્સી વિઝા 2021ની જાહેરાત કરી છે જેને પરિણામે ન્યૂઝીલેન્ડમાં વસેલાં 1,65,000થી વધારે ઇમિગ્રન્ટસને કાયમી નિવાસી બનવાનો માર્ગ મોકળો થયો છે.

**કારણ :** કુશળ કારીગરો દ્વારા દેશમાંથી પલાયન થવાનો ભય ઊભો થતાં તંત્રે 1,65,000 ઇમિગ્રન્ટસને વન-ઓફ રેસિડેન્સી વિઝા આપવાનો નિર્ણય કર્યો છે.

## 6. દિન વિશેષ : 30 સપ્ટેમ્બર : ગઝલકાર ચીનુ મોદી

**જન્મ : 30 સપ્ટેમ્બર 1939 : અવસાન : 19 માર્ચ 2017**




**પરિચય અને કારકિર્દી :**

- ✓ ગઝલકાર, નાટ્યકાર, વિવેચક, કવિ અને લેખક ચિનુ મોદીનો શિક્ષણ વિજાપુર, ધોળકા, અમદાવાદ વગેરે જગ્યાએ થયું હતું. ખંડકાવ્યો પર ગૂજરાત વિદ્યાપીઠમાંથી પીએચડી કર્યું હતું.
- ✓ અમદાવાદ અને ગુજરાતની વિવિધ કોલેજોમાં અધ્યાપક, ઇસરોમાં સ્ક્રિપ્ટ રાઈટર અને ગુજરાત યુનિવર્સિટીમાં રીડર અને પત્રકારત્વના ડીન રહ્યા હતા.
- ✓ ગઝલ જેમનો પહેલો પ્રેમ હતો એવા ચિનુ મોદી ગુજરાતના ખ્યાતિપ્રાપ્ત સાહિત્યકાર હતા. તેમની રચનાઓનું અંગ્રેજી, હિંદી તેમ જ ભારતની બીજી ભાષાઓમાં ભાષાંતર થયું હતું.

**સાહિત્ય સર્જન :**

- ✓ ખંડકાવ્યો, ગીતો, સોનેટ, મુક્તકો તેમણે રચ્યા હતા. બાહુક, અશ્વમેઘ, અ અલિફનો અ, જલસા અવતાર, ગતિભાષ, હેંગ ઓવર, ખારાં ઝરણ, કાલાખ્યાન, છલાંગ, બદલાતા સરનામા, સૂત્રધાર વગેરે લોકપ્રિય કૃતિઓની રચના કરી હતી.

**વિવિધ એવોર્ડ :** સાહિત્ય એકેડેમીનો ગુજરાતી ભાષાનો એવોર્ડ અને વલી ગુજરાતી તથા નરસિંહ મહેતા એવોર્ડ

## વિધાનવાળા પ્રશ્નો અને તેના ઉત્તરો (30-09-2021)

**1.** સપ્ટેમ્બર 2021માં PM શ્રી મોદી દ્વારા રાજસ્થાનમાં નવી મેડિકલ કોલેજના ઈ-શિલાન્યાસ કરાયો તે અંગે ક્યા વિધાનો સાચા છે

1. ચાર નવી મેડિકલ કોલેજનો ઈ-શિલાન્યાસ
2. બાસવાડા, શિરોહી, હનુમાનગઢ અને દૌસામાં નવી મેડિકલ સ્થપાશે
3. ચારેય જિલ્લામાં રૂપિયા 1,300 કરોડને ખર્ચે નવી હોસ્પિટલ ઊભી થશે
4. ભારતમાં છેલ્લા 6 વર્ષમાં 170 કોલેજની સ્થાપના

(A) માત્ર 2 અને 3 સાચા છે (B) માત્ર 1 સાચુ છે
(C) માત્ર 3 સાચુ છે **(D) આપેલ પૈકી તમામ સાચા છે**

**2.** ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ નિર્માણાધિન દિલ્હી-મુંબઇ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ વે (DME) અંગે કઇ બાબત/બાબતો ખરી છે

1. પાંચ રાજ્યો દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર DME પસાર થશે
2. 1,380 કિલોમીટરની કુલ લંબાઇ પૈકી ગુજરાતમાં સૌથી વધુ 423 કિમીના એક્સપ્રેસ-વેનું નિર્માણ
3. પ્રથમ મુકુન્દા અભયારણ્ય દ્વારા 4 કિ.મી.ના વિસ્તારમાં અને બીજી માથેરાન ઇકો સેન્સિટિવ એરિયા (MET)માં 4 કિ.મી. 8 લેન-ટનલમાંથી પસાર થશે
4. એજન્સી : નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા, ભારત સરકાર

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3
(C) માત્ર 4 **(D) આપેલ પૈકી તમામ સાચા છે**

**3.** ગુજરાતી ગઝલકાર ચીનુ મોદીને મળેલા એવોર્ડ અંગે કઇ બાબત/બાબતો યોગ્ય છે

1. સાહિત્ય એકેડેમીનો ગુજરાતી ભાષાનો એવોર્ડ
2. વલી ગુજરાતી એવોર્ડ 3. નરસિંહ મહેતા એવોર્ડ

(A) માત્ર 1 યોગ્ય છે (B) માત્ર 2 યોગ્ય છે
(C) માત્ર 3 યોગ્ય છે **(D) આપેલ પૈકી તમામ સાચા છે**

**4.** સપ્ટેમ્બર 2021ની સ્થિતિએ નવા દ્વિમાસિક PF, નાની બચત યોજના પરના તમામ વ્યાજદરો કઇ તારીખ સુધી યથાવત્ રખાયા

(A) તા. 1 ડિસેમ્બર 2021 સુધી **(B) તા. 31 ડિસેમ્બર 2021 સુધી**
(C) તા.1 જાન્યુઆરી 2021 સુધી (D)તા.31 જાન્યુઆરી 2021 સુધી

**5.** ભારતીય એરફોર્સના નવા કેટલામાં વડા તરીકે શ્રી વી.આર.ચૌધરીએ પદભાર સંભાળ્યો

(A) 23 (B) 25 **(C) 27** (D) 29

**6.** તાજેતરમાં વન-ઓફ રેસિડેન્સી વિઝા 2021 ક્યાં દેશમાં લાગુ કરાયો જેનો સૌથી વધુ લાભ ભારતીય મૂળના લોકોને મળશે

(A) અમેરિકા **(B) ન્યૂઝીલેન્ડ** (C) બ્રિટન (D) કેનેડા

**7.** વન-ઓફ રેસિડેન્સી વિઝા 2021 અંતર્ગત ન્યૂઝીલેન્ડમાં અંદાજે કેટલા ઇમિગ્રન્ટસને કાયમી નિવાસી બનવાનો લાભ મળશે

(A) 1.25 લાખથી વધારે (B) 1.50 લાખથી વધારે
**(C) 1.65 લાખથી વધારે** (D) 1.85 લાખથી વધારે

**8.** ગઝલકાર, નાટ્યકાર, વિવેચક, કવિ અને લેખક ચિનુ મોદીનો જન્મ ક્યારે થયો હતો

**(A) તા. 30 સપ્ટેમ્બર 1939** (B) તા. 30 સપ્ટેમ્બર 1940
(C) તા. 30 સપ્ટેમ્બર 1942 (D) તા. 30 સપ્ટેમ્બર 1944


વિવેકાનંદ એકેડમી, ગાંધીનગર.
સંસ્થાની વિશેષતા :
નિષ્ણાંત અને અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન
ગણિત અને અંગ્રેજી વિષય માટે ખાસ આયોજન
દરરોજ ટેસ્ટ દ્વારા મૂલ્યાંકન
OMR દ્વારા દર અઠવાડિયે ૧૦૦ ગુણની ટેસ્ટ
દર મહિને ૧૦૦ ગુણની ટેસ્ટ
અઠવાડિયામાં ત્રણ વાર સબ્જેક્ટ વાઇઝ ટેસ્ટ
લાયબ્રેરીની સુવિધા
ગુણવત્તાસભર મટિરિયલ્સ
દરેક વિદ્યાર્થી ઉપર પર્સનલ ધ્યાન આપવામાં આવશે.
GPSC (1/2)
Dy.S.O. / નાયબ મામલતદાર
PSI / ASI / Constable
TET / TAT / HTAT
ક્લાર્ક / તલાટી
જનરલ નોલેજ-1
જનરલ નોલેજ-2
જનરલ નોલેજ-3
ગુજરાતી વ્યાકરણ
ગુજરાતી સાહિત્ય
ગુજરાતની ભૂગોળ
રીઝનીંગ (તાર્કિક બુદ્ધિ કસોટીઓ)
॥ સુગણિતમ્ ॥
અંગ્રેજી વ્યાકરણ
ભારતનું સંવિધાન
ભારતનો ઇતિહાસ
ગુજરાતનો ઈતિહાસ
વિવેકાનંદ એકેડમી
700, મુખ્ય શોપીંગ સેન્ટર, ઇન્ક્વાયરી ઓફિસ સામે, સેક્ટર-22, ગાંધીનગર.
M:9925698721 | 8490927713
ખાસ નોંધ : સંસ્થાની એપ્લિકેશન "Vivekanand Academy" પર રોજેરોજનું કરન્ટ મુકવામાં આવે છે.જેની વિઝીટ કરવા વિનંતી